પ્રકાશક :

રાવજીભાઈ છગનભાઈ દેસાઈ
વ્યવસ્થાપક, પરમશ્રુત પ્રભાવક મંડળ
શ્રીમદ્ રાજચન્દ્ર જૈન શાસ્ત્રમાળા,
શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ અગાસ, વાયા આણંદ.

પ્રથમાવૃત્તિ : પ્રત ૨૦૦૦

સને	વીર સંવત	વિ. સં.
૧૯૭૪	૨૫૦૦	૨૦૩૦

શ્રીમદ્ રાજચન્દ્ર સંસ્થાપિત
પરમશ્રુત પ્રભાવક મંડળના
આ પ્રકાશનનું પ્રાપ્તિસ્થાન :
પરમશ્રુત પ્રભાવક મંડળ,
ચોકસી ચેમ્બર, ખારાકુવા,
ઝવેરી બજાર, મુંબઈ ૨
તથા
શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ, સ્ટેશન અગાસ
પોસ્ટ બોરીઆ, વાયા આણંદ. W. Rly,

મુદ્રક :

કાન્તિલાલ એમ. દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી,
મિરઝાપુર રોડ, અમદાવાદ

આમુખ

વીતરાગમાર્ગ પ્રદ્યોતક, અધ્યાત્મયુગ પ્રવર્તક, પરમ કૃપાળુ, પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચન્દ્રે 'આત્માનુશાસન' ગ્રન્થ યોગ્ય આત્માઓને વાંચવા, વિચારવા, પ્રસંગોપાત્ત સ્થળે સ્થળે ભલામણ કરી છે

"તથારૂપ અસંગ નિર્ગ્રંથપદનો અભ્યાસ સતત વર્ધમાન કરજો. 'પ્રશ્નવ્યાકરણ', 'દશવૈકાલિક,' 'આત્માનુશાસન', હાલ સંપૂર્ણ લક્ષ રાખીને વિચારશો. એક શાસ્ત્ર પૂરું વાંચ્યા પછી બીજું વિચારશો."—પત્રાંક ૮૪૬

"આત્માનુશાસન ગ્રન્થ વાંચવા માટે પ્રવૃત્તિ કરતાં આજ્ઞાનો અતિક્રમ (ઉલંઘન) નથી. તમારે તથા તેમણે વારંવાર તે ગ્રન્થ હાલ વાંચવા તથા વિચારવા યોગ્ય છે."—પત્રાંક ૮૫૪

"આત્માનુશાસન હાલ મનન કરવા યોગ્ય છે"—પત્રાંક ૮૮૭

"પદ્મનંદી, ગોમ્મટસાર, આત્માનુશાસન, સમયસારમૂલ એ આદિ પરમ શાંત શ્રુતનું અધ્યયન થતું હશે."—પત્રાંક ૯૪૦

આવા ગ્રન્થો અધ્યાત્મ અમૃતરસ પિપાસુઓને તેમની તે પિપાસા પરિતૃપ્ત કરવા અત્યંત ઉપયોગી થઈ પડે છે. એનું મહત્ત્વ તેવા જિજ્ઞાસુઓને વિશેષ હોય છે તેઓ તેના પઠનપાઠન, અનુશીલનથી આત્મોન્નતિ સાધવા ભાગ્યશાળી બને છે.

સંસારમાં જ્યાં જુઓ ત્યાં સર્વત્ર આધિ, વ્યાધિ, ઉપાધિની આગ સળગી ઊઠેલી છે. જન્મ, જરા, મરણ, રોગ, શોક, ભય આદિ દુઃખની જ્વાળાઓમાં ચોરાસી લાખ યોનિઓમાં નિરંતર બળી રહેલા સંસારી જીવોનાં દુઃખનો પાર ક્યાંય જણાતો નથી. ત્રણે લોક માયારૂપ અગ્નિથી પ્રજ્વલિત છે. તેથી પ્રાયે સર્વ જીવો સંતપ્ત થઈ રહ્યા છે આમ સર્વત્ર દુઃખ દુઃખ અને દુઃખ જ દૃષ્ટિગોચર થાય છે.

સંસારમાં સર્વોત્કૃષ્ટ ગણાતાં સુખનાં ધામ એવાં ષટ્ખંડાધિપતિ ચક્રવર્તીઓ કે સુરલોકના અધિપતિ સુરેન્દ્રોનાં ઐશ્વર્યસુખ પણ નાશવંત, આકુળતા સહિત અને પરાધીન હોવાથી તે સુખ પણ વાસ્તવિક સુખ નથી ભીષણ અને ભયંકર એવા આ સંસારમાં જો કોઈ સુખી, શાંત, શીતળ હોય તો તે આત્મજ્ઞાની આત્મસમાધિનિમગ્ન મહાપુરુષો જ છે. તેવા અધ્યાત્મમૂર્તિ મહાપુરુષો જ્ઞાનદશાના કારણે સત્ સુખ શાંતિ અને આનંદમાં સદાય મગ્ન હોય છે. તે સિવાય જગતમાં કોઈ વાસ્તવિક સુખી નથી. તેથી તેવા જ્ઞાનીઓ જ કહી શક્યા કે :

कल्पेशनागेशनरेशसंभवं चित्ते सुखं मे सततं तृणायते ।
कुस्त्रीरमास्थानकदेहदेहजात् सदेति चित्रं मनुतेऽल्पधीः सुखम् ॥

કલ્પવાસી દેવોના ઇન્દ્રો, નાગકુમાર દેવોના ઇન્દ્રો, મનુષ્યોના ઇન્દ્રો ચક્રવર્તીઓ, એ બધાને જે સુખ પ્રાપ્ત છે તે મારા ચિત્તમાં સદાય તૃણવત્ તુચ્છ લાગ્યા કરે છે. આશ્ચર્ય છે કે અલ્પબુદ્ધિવાળા મનુષ્યો સદાય પૃથ્વી, સ્ત્રી, લક્ષ્મી, મકાન, શરીર અને પુત્ર-પુત્રીથી પ્રાપ્ત થતા સુખને સુખ માને છે."

—તત્ત્વજ્ઞાન તરંગિણી.

આમ આત્મમગ્ન શાંત મહાત્માઓ જ્ઞાનદશાના બળે કહી શકે છે. તેવા મહાત્માઓ નિષ્કારણ કરુણા કરીને સંસારતાપથી સંતપ્ત જીવોને વાસ્તવિક સુખનો માર્ગ દર્શાવી શકે છે. આત્માને

આજ કાળ પોતાને ભૂલી ગયો છે. અને દેહાદિ પર પદાર્થોને આત્મીયપણે પોતાના માની તેમાં મમતા, મોહ કરી, સંસારમાં અનાદિ સંકલ્પવિકલ્પોની હારમાળામાં જ રાચી રહ્યો છે. તે સાચી સમજણ પામે, પોતાનાં વાસ્તવિક અનંત ઐશ્વર્ય, સુખ અને શાંતિને આવરણ કરનાર કર્મોનો ક્ષય કરી, પોતાનું શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ પ્રગટાવી, અનંત સુખમય મોક્ષપદ પામી અનંત કાળ માટે પરમાત્મપદમાં બિરાજિત થાય તે માટે તત્ત્વોના બોધનું શ્રવણ અને **સુવિચારણાની** જાગૃતિ આવશ્યક છે, એમ સ્થળે સ્થળે કહ્યું છે.

કોઈ પણ બોધ સાંભળીને તે ઉપર વિચાર, મનન, ચિંતવન કરવામાં આવે તો તે સાર્થક થાય. ઘણું સાંભળ સાંભળ કરવામાં આવે પરંતુ તેના ઉપર વિચાર, ચિંતવન કરવાનો વખત જ ન હોય તો વિચારશક્તિ મંદ થઈ જાય અને શ્રવણ નિષ્ફળ જાય.

આ આત્મસિદ્ધિશાસ્ત્ર ગ્રંથમાં, જ્ઞાનીઓનો બોધ શ્રવણ થાય તેવી વિચારણા જાગે અથવા તેવી વિચારણામાં મદદ મળે, અથવા તેમાં સહાયક અને પ્રેરક થઈ ઉપકારક થાય તેવી અમૂલ્ય શિક્ષા સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે.

આત્મા પરમાત્મા સમાન હોવા છતાં કર્મોથી તે પરાધીન થયો છે. કર્મોનું શાસન તેના ઉપર પ્રવર્તે છે. અર્થાત્ તે કર્મોને વશ હોવાથી સંસારરૂપમાં પરિભ્રમણ અવસ્થામાં આવી પડ્યો છે. તે કર્મો અનંત પ્રકારનાં છે. તેમાં મુખ્ય આઠ છે. અને તેમાં પણ મુખ્ય મોહનીય કર્મ છે, જેના નાશથી બધાં જ કર્મો સહેજે નાશ થાય છે. તે મોહનીયના દર્શનમોહ અને ચારિત્રમોહ એમ બે ભેદ છે. દર્શનમોહ એટલે જે સ્વરૂપ પોતે નથી અથવા જે પોતાનાં નથી તેમાં દેહ ગેહ આદિરૂપ પોતાને, કે પોતાનાં માનવાં એટલે વિપરીત માન્યતા તે દર્શનમોહ. સમજણ વિપરીત થવાથી માન્યતા વિપરીત થઈ, તે કારણે રાગદ્વેષરૂપ વિપરીત વર્તન તે ચારિત્રમોહ. હવે જો સમજણ યથાર્થ થાય તો માન્યતા યથાર્થ થાય. માન્યતા યથાર્થ થતાં રાગદ્વેષરૂપ વર્તન વિપરીત છે તે મટી વીતરાગ વર્તના થાય. તેથી દર્શનમોહને હણવાનો ઉપાય બોધ અને ચારિત્રમોહને હણવાનો ઉપાય વીતરાગતા, સમતા, ઉદાસીનતા કહ્યો છે. આ પ્રમાણે જીવ જો સાચી સમજણ, બોધ પામે અને તેથી સાચી શ્રદ્ધા અને સાચું વર્તન પામે અર્થાત્ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય પામે તો તે તેના બળે સર્વ કર્મોનો ક્ષય કરે, કર્મનાં બંધનો છેદી નાખે, કર્મના શાસનનો અંત લાવે; અને પોતે પોતાના ઉપર શાસન ચલાવે અર્થાત્ સ્વરાજ્ય પામે, મુક્ત થાય અને અનંત કાળ મુક્ત દશામાં આત્મિક અનંત ઐશ્વર્ય [illegible]

કેટલા હાનિ કર્તા થાય છે, ઇત્યાદિ બાબતો ઘણી જ સૂક્ષ્મતાથી સમજાવી તે સર્વથી નિવર્તવા અને આત્મસન્મુખ થવા હૃદયસ્પર્શી અમૂલ્ય બોધ આપ્યો છે.

આ આત્માનુશાસન ગ્રન્થ મૂળમાં ૨૭૦ શ્લોકમાં શ્રી ગુણભદ્રસ્વામીએ રચ્યો છે. તે વિવિધ મનોહર છંદોમાં હૃદયંગમ શૈલીથી ઉત્તમ સચોટ અસરકારક ઉપદેશરૂપે આત્માના વાસ્તવિકસ્વરૂપને બોધતો, મોક્ષમાર્ગને સ્પષ્ટ દર્શાવતો, અને મોક્ષાર્થીને મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત કારણોથી વિરક્ત થવા અપૂર્વ જાગૃતિ આપતો અમૂલ્ય શિક્ષા ગ્રંથ છે.

શ્રી ગુણભદ્રસ્વામી કાવ્ય અને સાહિત્યના ઉત્તમ વિદ્વાન તો હતા જ પણ તે સાથે સિદ્ધાંત-જ્ઞાન અને આત્મતત્ત્વના અભ્યાસી સમર્થ પુરુષ હતા. તેમના ગુરુ શ્રી જિનસેનસ્વામીએ શરૂ કરેલ મહાપુરાણ પૂરું થતા પહેલાં ગુરુનો સ્વર્ગવાસ થતાં તે મહાપુરાણનું અધૂરું કાર્ય તેમણે પૂરું કર્યું છે.

મહાપુરાણના આદિપુરાણ તથા ઉત્તરપુરાણ એમ બે ભાગ છે. આદિપુરાણમાં મુખ્યતઃ પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ તથા પ્રથમ ચક્રવર્તી શ્રી ભરત મહારાજાનું ચરિત્ર છે. અને ઉત્તર-પુરાણમાં બાકીના ત્રેવીશ તીર્થંકરો તથા ચક્રવર્તીઓ, નારાયણ આદિ શલાકા પુરુષોનું ચરિત્ર છે. એટલે કે મહાપુરાણમાં ચોવીશ તીર્થંકરો, બાર ચક્રવર્તીઓ, નવ નારાયણ (વાસુદેવ), નવ પ્રતિનારાયણ (પ્રતિવાસુદેવ) તથા નવ બલભદ્ર એ ત્રેસઠ શલાકા પુરુષોનું વર્ણન છે.

મહાપુરાણની શ્લોક સંખ્યા વીસ હજાર છે; જેમાંથી બાર હજાર શ્લોકોમાં આદિપુરાણ પૂર્ણતા પામ્યું છે, અને બાકીના આઠ હજાર શ્લોકોમાં ઉત્તરપુરાણની સમાપ્તિ થઈ છે. આદિ પુરાણમાં ૪૭ પર્વ છે જેમાંથી ૪૨ પર્વો તથા ૪૩મા પર્વના ત્રણ શ્લોકોની રચના શ્રી જિનસેન સ્વામીએ કરી છે. બાકીના ૫ પર્વ (૧૬૨૦ શ્લોક) પણ શ્રી ગુણભદ્રાચાર્યે રચ્યાં છે. શેષ ઉત્તર-પુરાણની સંપૂર્ણ રચના તો ૮૦૦૦ શ્લોકોમાં શ્રી ગુણભદ્ર સ્વામીએ જ કરી છે. સંસ્કૃતમાં સુંદર છંદમયી ભાષામાં અદ્‌ભુત કાવ્યકળામાં આ રચના તેમણે કરી છે.

આ ઉપરાંત જિનદત્ત ચરિત્રની પણ તેઓએ રચના કરી છે. તેમની આ પ્રશંસનીય કૃતિઓ તેમજ આત્માનુશાસનની રચનામાં તેમના સિદ્ધાંતજ્ઞાન તથા કાવ્યકળા આદિ અનેક સદ્‌ગુણો જોતાં તેઓ સમર્થ મહાપુરુષ હતા એમ પ્રતીત થવા યોગ્ય છે. તેઓનો સમય વિક્રમની નવમી શતાબ્દી નિશ્ચિત થાય છે, કેમ કે તેઓએ ઉત્તરપુરાણની સમાપ્તિ શક સં. ૮૨૦માં કરી છે.

તેમના આ આત્માનુશાસન મૂળ ગ્રન્થ ઉપર પં. ટોડરમલજીએ (ઢુંઢારી) જૂની હિન્દી ભાષામાં ટીકા લખી છે. તે ઉપરાંત સ્વ. પં. વંશીધરજી શાસ્ત્રીકૃત નવીન હિન્દી ભાષામાં વિસ્તૃત વિવેચન સહિત બીજી ટીકા લખાઈ છે, જે જૈન ગ્રન્થ રત્નાકર કાર્યાલય, મુંબઈ તરફથી વિ. સં. ૧૯૮૬માં પ્રકાશિત થઈ છે. તે ઉપરાંત ત્રીજી ટીકા શ્રી જીવરાજ જૈન ગ્રંથમાળા, સોલાપુર તરફથી સં. ૨૦૧૮ માં પ્રગટ થઈ છે. તેમાં શ્રી પ્રભાચંદ્રાચાર્યકૃત સંસ્કૃત ટીકા આપવામાં આવી છે, જેમાં માત્ર શબ્દાર્થ છે. [illegible] તે સાથે આપવામાં આવેલી હિન્દી ટીકા વિશેષાર્થ સહિત છે, તે વધારે સ્પષ્ટતા કરે છે. આનું સંપાદન ડૉ. એ. એન. ઉપાધ્યાય, M. A. D. Litt; પ્રોફેસર એચ. એલ. જૈન, M. A. LL. B. D. Litt, અને પં. બાલચન્દ્ર સિદ્ધાંતશાસ્ત્રી એ ત્રણ પ્રસિદ્ધ વિદ્વાન સંપાદકો દ્વારા થયું છે. તે વિસ્તૃત [illegible] પ્રસ્તાવના તથા પરિશિષ્ટો સહિત વિદ્વદ્‌ભોગ્ય બનેલી છે.

[illegible] સ્વ. શ્રી [illegible] અમથાલાલ શાહ દ્વારા પં. ટોડરમલજીની ઢુંઢારી [illegible] અનુવાદ [illegible] વિ. સં. [illegible]માં પ્રસિદ્ધ થયેલી છે. પ્રૂફ સંશોધનના અભાવે તેમાં ભૂલો

ઘણી રહી ગયેલી. તે પણ હાલ ઉપલબ્ધ નથી.

મુમુક્ષુઓને આત્માર્થ સાધનામાં ઉપયોગી જાણી તેમજ તેની માગણી ચાલુ રહેતી હોવા છતાં ઉપલબ્ધ નહિ હોવાથી ઉપરની બધી ટીકાઓ લક્ષમાં રાખીને આ પ્રકાશન સ્વતંત્ર ટીકારૂપે ગૂર્જર ભાષામાં ગદ્યપદ્ય અવતરણ કરીને આત્માર્થી આત્મબંધુઓના કરકમળમાં મૂકતાં અમને હર્ષ થાય છે.

જ્ઞાન પ્રભાવનાની અને આત્મશ્રેય સાધવાની પારમાર્થિક પ્રવૃત્તિમાં અતિ ઉત્સાહી એવાં આશ્રમનિવાસી નડિયાદનાં આત્માર્થી શ્રી કાશીબેન મણીભાઈ પટેલે, આશ્રમના શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ દ્વારા સંચાલિત શ્રીમદ્ રાજચંદ્ર જૈન શાસ્ત્રમાળામાંથી આ પ્રકાશનની બે હજાર પ્રત છપાવી પ્રસિદ્ધ કરવામાં જે ખર્ચ થાય તે બધો જ પોતાના તરફથી આપીને સદ્ગત સદ્ધર્મપરાયણ શ્રી મણીભાઈ ગોવિંદભાઈ પટેલ તથા તેમના બે સુપુત્રો આત્માર્થની સાધનામાં જ આશ્રમમાં રહી આજીવન બ્રહ્મચર્યવ્રત પાળી, આત્માર્થે જીવન વ્યતીત કરવાની ઉલ્લાસિત ભાવનાવાળા છતાં, નાની ઉંમરમાં આશ્રમમાં જ સ્વર્ગસ્થ થયેલા એવા સદ્ગત શ્રી રામચંદ્ર મણીભાઈ પટેલ તથા સદ્ગત શ્રી સુરેન્દ્ર મણીભાઈ પટેલના આત્માર્થે તથા સુસ્મરણાર્થે આ પ્રકાશનનું શ્રેય તેમને પ્રાપ્ત થાય તેવી સહજ સ્વપર શ્રેયસ્કર ભાવના દર્શાવી છે તે પ્રશંસનીય છે.

મુમુક્ષુઓને સદ્ધર્મ સાધનામાં પ્રબળ ઉપકારક તથા આત્મસન્મુખ થવામાં પ્રેરણાત્મક બની આત્મજાગૃતિ કે આત્મદશાથી વિભૂષિત કરવામાં સહાયક બને એવી પરમાર્થ ભાવનાથી આ ગ્રન્થની ૨૦૦૦ પ્રતની પ્રસિદ્ધિમાં થયેલો ખર્ચ તેમણે આપવાની દર્શાવેલી આર્થિક સહાયની ઉદારવૃત્તિ એ પરમ શ્રુત પ્રત્યેનો તેમનો પ્રેમ, આદર, ભક્તિભાવ તેમજ આશ્રમ પ્રત્યેનો તેમનો સદ્ભાવ તેમના આત્માને આત્મઉજ્જ્વળતાના પંથે પ્રગતિ કરાવે છે તે અનુમોદનીય છે, ધન્યવાદને પાત્ર છે.

આ આશ્રમ સંચાલિત શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળની શ્રીમદ્ રાજચન્દ્ર જૈન શાસ્ત્રમાળામાંથી આ આશ્રમ દ્વારા આજ સુધીમાં નીચેના ગ્રન્થો છપાઈને બહાર પડ્યા છે :

(૧) ગોમ્મટસાર જીવકાંડ, (૨) સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા, (૩) પરમાત્મપ્રકાશ, (૪) જ્ઞાનાર્ણવ, (૫) પ્રવચનસાર, (૬) બૃહદ્ દ્રવ્યસંગ્રહ, (૭) પુરુષાર્થસિદ્ધિ ઉપાય, (૮) અધ્યાત્મ રાજચન્દ્ર, (૯) પંચાસ્તિકાય, (૧૦) અષ્ટ પ્રાભૃત, (૧૧) ગોમ્મટસાર કર્મકાંડ, (૧૨) સ્યાદ્વાદ મંજરી, (૧૩) ઇષ્ટોપદેશ (૧૪) સમયસાર (૧૫) 'શ્રીમદ્ રાજચન્દ્ર' હિન્દી અનુવાદ, (૧૬) આત્માનુશાસન આદિ ઉત્તમ સત્શ્રુતના અમૂલ્ય આ ગ્રન્થો પ્રગટ થયા છે.

લબ્ધિસાર આદિ છપાઈ રહ્યા છે. જ્ઞાનાર્ણવનું પુનર્મુદ્રણ પણ ચાલુ છે. દ્રવ્યાનુયોગતર્કણા તથા સપ્તભંગીતરંગિણી નવીન સમ્પાદનમાં છે, જે યથાસમયે પ્રગટ થશે.

આ આશ્રમના ટ્રસ્ટી મંડળે આત્માર્થી સાધકોને ઉપયોગી એવો આ ગ્રંથ વિના મૂલ્યે વાર્ષિક સભ્યોને ભેટ આપવા ઠરાવ્યું છે, તે પ્રશસ્ય છે, સ્તુત્ય છે, અનુમોદનીય છે.

મોક્ષાભિલાષી આત્મબંધુઓને આ ગ્રન્થ આત્મોન્નતિ સાધવામાં ઉપકારક થાઓ એ જ અભ્યર્થના !

શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ
શ્રીમદ્ રાજચન્દ્ર જૈન શાસ્ત્રમાળા
શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ, અગાસ.
આશ્વિન વદ ૧, તા. ૧-૧૧-૭૪

લિ.
સંત ચરણોપાસક
રાવજીભાઈ છગનભાઈ દેસાઈ

વિષયાનુક્રમ

*

શ્લોકાનુક્રમણિકા

શુદ્ધિપત્રક

પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૨	दुःन्यादिभिरपि	दुःखादिभिरपि	૪૨	૯	નિર્મત્વ	નિર્મમત્વ
૨૪	ઉપકારાંગ	ઉપકારાંગે	૪૬	૨૬	गन्तुमुच्छवास	गन्तुमुच्छ्वास
૬	नव सप्ततत्त्व...	नवसप्ततत्त्व...	૪૬	૨૪	સમાધિરૂપ	સમાધિરૂપ"
૧	दृष्टिः	सृष्टिः		૨૮	શ્વાસોચ્છવાસથી	શ્વાસોચ્છ્વાસથી
૧૬	सम्यकत्व	सम्यक्त्व	૪૭	૧	ઉચ્છવાસ	ઉચ્છ્વાસ
૧૯	સૌને છે.	સૌને છે. ૧૮		૨	શ્વાસોચ્છવાસની	શ્વાસોચ્છ્વાસની
૨૦	જ્યાંને છે. ૧૮	જ્યાંને છે.	૫૩	૨૩	ગાળવો	ગાળવું
૨૨	॥ ६८ ॥	॥ ६९ ॥	૫૪	૭	બંધુ	બંધુ.
૭	मामूर्विनीत	मा भूर्विनीत		૧૨	તેવા	તેવાં
૨૧	વિભાવ	વિભવ	૫૯	૨૧	સાગે	સાથે
૪	૨૨	૨૧	૬૩	૪	પત્રાંક	પત્રાંક
૧૫	દેય છે.	દેય છે. ૨૨	૬૫	૧૦	તેનાં	તેમાં
૨૬	तत्न	तत्न्		૧૨	સારું	સાચું
૨૯	૨	૩	૬૬	૨૨	પાડે	પીડે
૧૮મી લીટી પછી ઉમેરવાની એક લીટી			૬૯	૨૪	फत्यत्यक्तुं	फत्त्यक्तुं
		ધર્મ વિના જ્ઞાન નહીં	૭૦	૨૪	तद्विवलक्षणम्	तद्विलक्षणम्
		વચન તમામનું.	૭૧	૧૨	સર્વદા	સર્વથા
૨૮	જરી.	જરી. ૩૦	૭૨	૨૨	દયાદમ	દયા દમ
૨૬	સૌનક	સૈનિક	૭૪	૨૨	મહા પુરુષોને	મહાપુરુષોનો ૧૦૯
૨૮	આરજાળથી	અરિજાળથી	૭૬	૯	બનાવરૂપ	બનવારૂપ
૧૦-૧૧	આ બે લીટી અહીંથી લઈ		૭૬	૧૬	છત	છતાં
		ઉપરનો શ્લોક ૪૧ શરૂ		૧૭	પરિભ્રમણાનવૃત્ત	પરિભ્રમણ નિવૃત્તિ
		થાય તે પહેલાં મૂકવાની છે.	૭૭	૧૨	सम्यक्	सम्यक्
૧૬	यंशजां	यंशजां	૮૧	૭	विलसितमलक्ष्यं	विलसितमलक्ष्यं
૧૧	श्रेणिभिः	श्रेणिभिः		૧૪	આજીવક	આજીવિક
૨	થાય	ન થાય	૮૩	૨	૧૧૨	૧૨૨
૮	बुद्ध्या	बुद्ध्या	૮૪	૨૨	यद्धक्रुधः	यद्धक्रुधः
૬	તેં	તે		૨૩	स्त्रारूपेण	स्त्रीरूपेण
૧૦	વસ્તુએ	વસ્તુઓ	૮૫	૧૬	તેને ને	તેને તે
૨	उच्चैरहो	उच्चैरहो	૮૬	૧૬	એવા મહાન	મહાન એવા
૧૨	मर्माण्यभिनन्न	मर्माण्यभिदन्न	૮૮	૧૩	થયને	થઈને
૧૦	यथापि	तथापि	૮૮	૨૮	સાંબાળ્યાં"	સાંભળ્યાં
૧૪	बधन्वो	बन्धवो	૮૯	૧૮	૮૫૪	૪૫૪

શુદ્ધ	પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
मात्वी	૧૧૯	૯	ભતિ	ભ્રાંતિ
[illegible]	૧૨૦	૬	એટલો	એટલે
[illegible]	૧૨૬	૪	रासार्दुरात्मा	रासीर्दुरात्मा
[illegible]	૧૩૧	૭	અરનુાગ	અનુરાગ
[illegible]	૧૩૪	૧૦	धिग्	धिग्
[illegible]		૨૦	रसादिरा गो	रसादिरागो
[illegible]	૧૩૫	૬	પૌદ્ગલિક	પોદ્ગલિક
[illegible]	૧૩૬	૭,	૨૧૩,	૨૧૩
[illegible]		૧૮	ગો	એ
[illegible]	૧૩૭	૪	जुर्जगं	दुर्जगं
[illegible]	૧૪૦	૧૦	६श	६ंश
[illegible]	૧૪૩	૧૧	હાગોને	હોગોને
[illegible]	[illegible]	૧૪	द्विगिना	द्विगिनाम्
[illegible]	[illegible]	૨૮	प	द्रुग:



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ – વવાણીઆ
સંવત ૧૯૨૪ કારતક સુદ ૧૫

દેહોત્સર્ગ – રાજકોટ
સંવત ૧૯૫૭ ચૈત્ર વદ ૫

જે લક્ષ્મીનું નિવાસધામ છે અને પાપ જેનાં નાશ પામી ગયાં છે, એવા વીર પરમાત્માને હૃદયમાં ધારણ કરીને ભવ્ય જીવોને મોક્ષનું કારણ માત્ર એવો આત્મસ્વરૂપનો ઉપદેશ આપનાર આ આત્માનુશાસન ગ્રન્થ હું કહીશ.

આ ગ્રન્થના કર્તા શ્રી ગુણભદ્રસ્વામી કહે છે કે અનંત જ્ઞાનાદિ આત્મસ્વભાવરૂપ અંતરંગ અપૂર્વ લક્ષ્મીના ધારક તથા સમવસરણ આદિ બાહ્ય અનુપમ મહિમાના ધારક શ્રી મહાવીર સ્વામી અંતિમ તીર્થંકરને અથવા કર્મ શત્રુઓનો નાશ કરનાર વીર એટલે પરાક્રમી સર્વ અરિહંત આદિ પંચ પરમેષ્ઠીને, અથવા સહજ આત્મસ્વરૂપને પામેલા પરમ ગુરુઓને અર્થાત્ સર્વ જ્ઞાનીઓને હૃદયમાં ધારણ કરીને આત્માનુશાસન ગ્રન્થ કહું છું. આ ગ્રન્થનું શ્રવણ, મનન, પઠન કરી ભવ્ય જીવ પ્રતિબોધ પામીને સંસારનાં દુઃખોનો પાર પામશે, કારણ કે આમાં આત્માના હિતનો ઉપદેશ કહેવામાં આવશે. શ્રી વીર કહેતાં અનંત જ્ઞાનાદિ અંતરંગ આત્મઐશ્વર્યથી અને બાહ્ય સમવસરણાદિ અપૂર્વ વિભૂતિથી શોભતા અંતિમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામી કહેતાં તેમની સાથે તેમના જેવા જ પૂર્વના સર્વ તીર્થંકરો પણ ગ્રહણ થાય છે. તેથી પૂર્વના સર્વ તીર્થંકરો તથા આત્મલક્ષ્મીને પામનાર સર્વ જ્ઞાની-ઓને હૃદયમાં ધારણ કરીને આ ગ્રન્થ રચવાનું પ્રયોજન પ્રગટ કરે છે.

વીર એટલે (વિ+ઈ+ર) विशिष्टां ईं राति इति वीरः વિશિષ્ટ એટલે પટ્ ખંડાધિપતિ એવા ચક્રવર્તીઓ કે દેવોના સ્વામી ઇન્દ્રાદિ એ સર્વ અન્યમાં ન મળે તેવી અંતરંગ અને બાહ્ય ईं એટલે લક્ષ્મી, ઐશ્વર્ય, राति એટલે દે છે તે, દેનાવાળા, विलीनविलयं=જેનાં વિલય એટલે પાપ નાશ થઈ ગયાં છે, તેથી વીર એટલે શૂર. સર્વ જ્ઞાનીઓ આ પ્રમાણે કર્મ શત્રુને જીતનાર હોવાથી તથા આત્મલક્ષ્મીથી યુક્ત હોવાથી વીર કહેતાં સર્વ જ્ઞાની-ઓનો પણ આમાં સમાવેશ થાય છે.

આ પ્રમાણે મંગળાચરણમાં સર્વ જ્ઞાનીઓને હૃદયમાં સ્મરીને આ ગ્રન્થની રચના કરતાં, પ્રયોજન પ્રગટ કરે છે કે આ ગ્રન્થ દ્વારા હું એ આત્મતત્ત્વનો ઉપદેશ આપીશ કે જેથી દુઃખથી ડરતા અને સુખને ઇચ્છતા ભવ્ય જીવો જન્મમરણનાં ભયંકર દુઃખોથી છૂટે અને શાશ્વત અવ્યાબાધ અનંત આત્મસુખ પામી મુક્તિમાં, સહજાત્મસ્વરૂપમાં વિરાજમાન થઈ કૃતાર્થ થઈ જાય.

અહીં 'લક્ષ્મીનિવાસનિલય' અને 'વિલીનવિલય' એવાં બે વિશેષણો વીર પ્રભુને માટે છે. તે દેવગુરુશાસ્ત્રમાંથી પ્રત્યેકને પણ લાગી શકે છે. કારણ કે સત્શ્રુતથી, જ્ઞાની પુરુષનાં વચનરૂપ શાસ્ત્રથી પણ વિશિષ્ટ બાહ્ય અભ્યંતર લક્ષ્મીની પ્રાપ્તિ તેમજ પાપનો નાશ થઈ શકે છે. એટલે આ નમસ્કારમાં દેવગુરુ શાસ્ત્રને પણ નમસ્કાર આવી જાય છે. તેથી બીજા સર્વ દેવાદિકથી અધિક સત્દેવ, સદ્ધર્મ, સદ્ગુરુ ઉત્કૃષ્ટ છે એમ પણ સૂચિત થાય છે.

આ ગ્રન્થનું પ્રયોજન આત્માર્થી જીવોને સંસારનાં જન્મમરણાદિનાં ભયંકર પરિણામનાં દુઃખથી મુક્ત કરી અનંત આત્મિક સુખ પ્રાપ્ત કરાવવાનું છે. તેથી સિદ્ધ થાય છે કે ગ્રન્થકર્તાને પોતાની મહત્તા, માન, પૂજા, ખ્યાતિ, લોભ કે લાભ મેળવવા માટે કે પોતાના જ્ઞાનનો આડંબર દર્શાવવા માટે કંઈ પણ આ પ્રવૃત્તિ નથી જ. કેવળ સ્વપર શ્રેયાર્થે જ આ પ્રવૃત્તિ છે. જો લોભાદિથી આવી પ્રવૃત્તિ થતી હોય તો ત્યાં અસત્ય અને અહિતકારી ઉપદેશ પણ કદાચિત્ થઈ જવાનો સંભવ છે. આ ગ્રન્થનો હેતુ તેવો નથી. પરંતુ જીવોને સાચા સુખનો માર્ગ અહીં બતાવ્યો છે તેથી પરમ હિતકારી તથા ગ્રહણ કરવા યોગ્ય છે એમ સિદ્ધ થાય છે. ૧

સર્વ જીવો સુખને ઇચ્છે છે. દુઃખ સૌને અપ્રિય છે. તેથી આમાં તને જે ગમે છે તે જ સુખ-પ્રાપ્તિ અને દુઃખક્ષયનો ઉપાય ઉપદેશીએ છીએ, એમ કહી આ ગ્રન્થમાં રુચિ ઉત્પન્ન કરાવી તેના શ્રવણ મનનમાં પ્રેરણા કરે છે:

> दुःखाद्बिभेषि नितरामभिवाञ्छसि सुखमतोऽहमप्यात्मन् ।
> दुःखापहारि सुखकरमनुशास्मि तवानुमतमेव ॥२॥

> આત્મન! ડરે દુઃખથી અતિ, સુખને ચહે જો તું સદા,
> દુઃખહારી તુજ વાંછિત સુખકર માર્ગ ઉપદેશું મુદા. ૨

હે આત્મન, તું દુઃખથી અત્યંત ડરે છે, અને સુખને ચાહે છે તે માટે હું પણ દુઃખનાશક અને સુખકારક, તને ગમે છે તેવો, તને અનુકૂળ જ ઉપદેશ કહું છું.

કોઈ એમ સમજે કે જ્ઞાની પુરુષ તો સંસારનાં સુખ છોડાવીને ધર્મ કરવાનું કહે છે. ત્યાં અનેક પ્રકારનાં તપ, ત્યાગ આદિ કષ્ટ ઉપદેશે છે. તેથી તેમનો ઉપદેશ સાંભળવો નિરર્થક છે. તો જ્ઞાની કહે છે કે ભાઈ, દુઃખ તો તને ગમતાં જ નથી. અને સંસારમાં જન્મ, જરા, મરણ આદિ દુઃખ દુઃખ ને દુઃખ જ જ્યાં ત્યાં ભરેલાં છે. ત્યાં સુખ તો છે જ નહિ. તો તે સર્વ દુઃખનો અંત આવે અને તું વાંછે છે તે સુખ સદાને માટે પ્રાપ્ત થાય એવો જ ઉપદેશ અમે આપીએ છીએ, તો તું ધ્યાન દઈને તે પ્રત્યે આદરવંત થઈ, શ્રવણ મનન કરી સુખી થા. ૨

હવે કહે છે કે અમારો ઉપદેશ પ્રથમ તો તને જરા કડવો લાગશે પરંતુ તું તેનાથી ડરતો નહિ. પરિણામમાં તે મધુર ઉત્તમ ફળ આપનાર થશે.

> यद्यपि कदाचिदस्मिन् विपाकमधुरं तदात्वकटु किंचित् ।
> त्वं तस्मान्मा भैषीर्यथातुरो भेषजादुग्रात् ॥३॥

> અહીં પ્રથમ કડવું પણ મધુર પરિણામમાં જો કથન છે,
> તો ભય તજીને રોગીવત્ આરાધજે એ વચનને. ૩

[illegible] ઔષધિ પીતી વખતે તો કડવી લાગે છે પરંતુ તેના પરિણામે રોગરહિત [illegible] પ્રાપ્ત થતાં તે ઔષધ મધુર ફળ આપનાર છે એમ તે જાણે છે, તેથી [illegible] તે કડવી દવા પણ ઉમંગથી પીવે છે. તેમ સંસારમાં જન્મ મરણાદિ અનંત દુઃખદ [illegible] નિરંતર ત્રાસ પામેલા સંસારી જીવને તે સંસારરોગ મટાડવા જ્ઞાનીપુરુષો જે [illegible] ઉપદેશ કરે છે તે શરૂઆતમાં જરા કડુ, કષ્ટકારી લાગે છે, પરંતુ પરિણામે તેના [illegible] અનંત [illegible] પ્રાપ્ત થાય છે, એ વિચારે, હે ભાઈ! અત્યારે તું ભય નહિ [illegible] તે ઉપદેશ-વચનને આદરથી આરાધ, અને અનંત કાળનાં અનંત દુઃખનો [illegible]

[illegible] દુઃખ અનંત કાળથી આ જીવ ભોગવતો આવ્યો છે તેના નાશ માટે [illegible] આવે છે તેમાં જો દુઃખ કે કષ્ટ જેવું જણાય તો તે જણાતું [illegible] નહિ જેવું જ છે અને તેથી પ્રાપ્ત થતાં સુખ તો [illegible] બુદ્ધિમાનો તો આ બાબતમાં પુરુષાર્થશીલ થાય [illegible]

મહાત્મા ગણાવવાની અભિલાષાવાળા અભિમાની વાચાળ મનુષ્યો અને ઘટાટોપ વાદળ ફેલાવતો પણ ખાલી ગર્જના કરતો મેઘ તો ઠામ ઠામ છે. પરંતુ જેનું હૃદય દયાથી આર્દ્ર છે તથા અન્ય સંસારી જીવોને સંસાર દુઃખથી મુક્ત કરવાની નિઃસ્પૃહપણે સાચી અંતરંગ જિજ્ઞાસા છે એવા ઉત્તમ પરોપકારી મનુષ્યો અને વર્ષા કરવાવાળા મેઘ એ બે જગતમાં ઘણા દુર્લભ છે.

પોતાની પૂજા, મહત્તા, ખ્યાતિ વધારવા માટે, મહાત્મા કહેવરાવવા માટે વ્યર્થ અનુચિત ઘણું બોલનારા ઉપદેશકો, શુષ્ક જ્ઞાનીઓ તો જગતમાં જ્યાં ત્યાં ઘણા જ જોવામાં આવે છે. જેમ ચારે તરફથી એકઠાં મળેલાં વાદળો ખાલી ગર્જના કરતાં તો ઘણાં જોવામાં આવે છે. પણ ગાજતા નહિ છતાં, વૃષ્ટિથી જગતને ઉપકાર કરનાર મેઘની માફક પોતે ધર્મને પ્રગટ કરી, આચરણમાં ધર્મને ઉતારી, અંતરંગમાં નિષ્કારણ કરુણાથી જગત્ જીવોનો ઉદ્ધાર કરવાની સાચી જિજ્ઞાસાથી નિઃસ્પૃહપણે સાચો ધર્મમાર્ગ ઉપદેશનાર જ્ઞાની મહાત્મા તો સર્વદા દુર્લભ જ છે.

જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે:

दृश्यन्ते भुवि किं न तेऽल्पमतयः संख्याव्यतीताश्चिरम्
ये लीलां परमेष्ठिनः प्रतिदिनं तन्वन्ति वाग्भिः परम् ।
तं साक्षादनुभूय नित्य परमानन्दाम्बुराशिं पुन-
र्ये जन्मभ्रममुत्सृजन्ति सहसा धन्यास्तु ते दुर्लभाः ।।

જે પ્રતિદિન વાણીના વિલાસથી પરમાત્માના ગુણગ્રામરૂપ ઉપદેશો—વ્યાખ્યાનોના ચિરકાળ મોટા મોટા વિસ્તારથી જનમન રંજન કરે છે તેવા કથન જ્ઞાનીઓ, શુષ્ક ઉપદેશકો તો જગતમાં સંખ્યાતીત શું જોવામાં નથી આવતા? અર્થાત્ ઠામ ઠામ દેખાય છે. પરંતુ તે તો અલ્પમતિ અર્થાત્ બુદ્ધિહીન જ છે. તે પરમાત્મા કે જે નિત્ય પરમાનન્દના અમ્બુ-રાશિ એટલે અગાધ સમુદ્ર છે, તેનો સાક્ષાત્ અનુભવ કરીને જે પોતાની અનાદિ ભ્રાન્તિનો અને સંસારનાં પરિભ્રમણનો નાશ કરે છે તેવા સાચા જ્ઞાનીઓ ધન્ય છે અને તેવા દુર્લભ છે. તેવા ઉપદેશકો પોતાનું અને પરનું હિત કરી શકે છે. તેમની વાણી સ્વપર ઉપકારાર્થે નિઃસ્પૃહતાથી અને કરુણાશીલતાથી પ્રવર્તતી હોવાથી પરમ પ્રેમે ઉપાસવા યોગ્ય છે.

સાચા ઉપદેશક અથવા વક્તા કેવા હોવા જોઈએ તે હવે બે શ્લોકમાં જણાવે છે

प्राज्ञः प्राप्तसमस्तशास्त्रहृदयः प्रव्यक्तलोकस्थितिः
प्रास्ताशः प्रतिभापरः प्रशमवान् प्रागेव दृष्टोत्तरः ।
प्रायः प्रश्नसहः प्रभुः परमनोहारी परानिन्दया
ब्रूयाद्धर्मकथां गणी गुणनिधिः प्रस्पष्टमिष्टाक्षरः ।।५।।

જે પ્રાજ્ઞ, શાસ્ત્ર-રહસ્યજ્ઞાતા, સુજ્ઞ જન વ્યવહારના,
નિઃસ્પૃહી, શાંત, પ્રભાવશાળી, પ્રશ્ન ઉત્તર જાણતા,
પ્રશ્નો સહે, પર મન હરે, નિંદા તજે પરની, પ્રભુ,
વચ સ્પષ્ટ મિષ્ટ ગુણોદધિ ઉપદેશદાતા એ વિભુ. ૫

વક્તા કે ઉપદેશક કેવા હોવા જોઈએ તે કહે છે કે: જેની પ્રજ્ઞા વિશાળ હોય, સમસ્ત શાસ્ત્રોના રહસ્યને જાણનાર હોય, લોક-મર્યાદા, લૌકિક-વ્યવહારને સમજતા હોય, આશારહિત નિઃસ્પૃહ હોય, પ્રતિભાયુક્ત એટલે કાંતિમાન અથવા નવીન નવીન વિચાર સંભળાવે તેવા અથવા પ્રશ્ન થાય તેનો તરત જ ઉત્તર આપે તેવા હોય, ક્રોધરહિત શાંત હોય, પ્રશ્ન ઊઠે તે પહેલાં જ તે પ્રશ્નનો ઉત્તર જાણે તેવા હોય, ઘણા પ્રશ્નો સાંભળીને પણ ક્ષોભ ઉત્પન્ન ન થાય તેવા હોય, શ્રોતાઓ ઉપર પ્રભાવ પડે તેવા હોય, શ્રોતાઓના મનને આકર્ષક અથવા મનોગત ભાવને જાણવાવાળા હોય તથા ઉત્તમોત્તમ અનેક ગુણોના નિધાન હોય, બીજાની નિન્દા ન કરનાર હોય. આવા જ્ઞાની ગુરુ સ્પષ્ટ અને મધુર શબ્દોમાં ઉપદેશ દેવાના અધિકારી છે.

જો પ્રજ્ઞા એટલે બુદ્ધિની તીવ્રતા ન હોય તો તે વક્તા શી રીતે થઈ શકે? જે અનેક શાસ્ત્રોનો મર્મ ન જાણે તે ઉપદેશ શી રીતે આપી શકે? જે લૌકિક-વ્યવહાર જાણતા ન હોય તે લોકવ્યવહારને અવિરુદ્ધ ઉપદેશ શી રીતે આપી શકે? અને લોકવ્યવહારથી વિરુદ્ધ જો ઉપદેશ આપે તો તેવો પ્રતિકૂળ ધર્મનો વ્યવહાર ચાલી પણ કેમ શકે? શ્રોતાઓને ધર્મનો ઉપદેશ સંભળાવીને તેમની પાસેથી ધન, યશ, પૂજા આદિની સ્પૃહા રાખે તો શ્રોતાઓને ગમે તેવો જ ઉપદેશ આપવો પડે, પણ યથાર્થ ઉપદેશ આપી શકે નહિ. વિપરીત પ્રરૂપણા પણ થઈ જાય. જો પ્રતિભાશાળી ન હોય તો પ્રસંગાનુસાર નવા નવા વિચારો દર્શાવી યથાર્થ ઉપદેશથી શ્રોતાઓ ઉપર પ્રભાવ પાડી શકે નહિ અથવા કાંતિ, તેજ ન હોય તો પણ પ્રભાવ પાડી શકે નહિ. જો શાંત સ્વભાવી ન હોય અને ક્રોધી હોય તો શ્રોતા પ્રશ્ન પૂછવાને ઉત્સુક કેમ થાય? અથવા ક્રોધીનો ઉપદેશ શ્રોતા ઉપર અસર કરી શકે નહિ. સભામાં પ્રશ્ન થાય તે પહેલાં જ તેનો ઉત્તર ન જાણતા હોય તે પ્રશ્નોનું સમાધાન કેમ કરી શકે? ગમે તેટલા પ્રશ્ન કોઈ પૂછે પણ પ્રશ્નથી જો ગભરાઈ જાય કે ખીજાઈ જાય તો પ્રશ્ન કોણ પૂછે? અને ન પૂછે તો શ્રોતાઓનો સંદેહ કેમ દૂર થાય? જો પ્રભુ એટલે પ્રભાવશાળી ન હોય તો સભામાં તેનાં વચનો કોણ માન્ય કરે? જે પરમનોહારી એટલે બીજાનાં મનને આકર્ષક ન હોય તો તેનાં વચનો તરફ શ્રોતાનું ધ્યાન કેમ રહે? જે પરની નિન્દા કરનાર હોય તે ગમે તેવા વક્તા હોય પણ બધા તેની તરફ ઘૃણાની દૃષ્ટિથી જોશે. તેથી તેનો ઉપદેશ રુચિપૂર્વક કોઈ શ્રવણ કરશે નહિ અથવા જો પોતે નિન્દ્ય હોય તો પણ શ્રોતાઓ તેનાં વચનોને આદરપૂર્વક ધારણ નહિ કરે. જે અનેક ગુણના

ધારક ન હોય તેમનાં વચનો શ્રોતા ઉપર શું અસર કરી શકશે? જે વક્તા સ્પષ્ટ અક્ષરો ન બોલે તેનો અભિપ્રાય પૂરો સમજમાં આવી શકતો નથી તથા જે શિષ્ટ, મધુર વચનો ન બોલે તેનો ઉપદેશ સાંભળવાની શ્રોતાઓને રુચિ થતી નથી. તેથી ઉપરોક્ત ગુણોના ધારક વક્તા જ ઉપદેશક થવાને યોગ્ય છે. ૫

श्रुतमविकलं शुद्धा वृत्तिः परप्रतिबोधने
परिणतिरुरुद्योगो मार्गप्रवर्तनसद्विधौ ।
बुधनुतिरनुत्सेको लोकज्ञता मृदुताऽस्पृहा
यतिपतिगुणा यस्मिन्नन्ये च सोऽस्तु गुरुः सताम् ॥६॥

શ્રુતજ્ઞાન વિસ્તૃત શાંત મન વશ હોય, રત પર બોધવા,
સન્માર્ગની સુપ્રવર્તના-વિધિમાં સદા પુરુષાર્થતા;
બુધજનનુતિ, નિઃગર્વતા, લોકજ્ઞતા મૃદુતા તણા,
સદ્‌ગુણ નિઃસ્પૃહતાદિ એવા જ્ઞાની ગુરુ હો સંતના. ૬

ઉપદેશક ગુરુ કેવા હોવા જોઈએ તે આ શ્લોકમાં પણ જણાવે છે. તેમાં આગળના શ્લોક ૫ માં કહેવાયલા કેટલાક ગુણો ફરીથી જણાવ્યા છે તે, વક્તાઓમાં તે ગુણોની ખાસ આવશ્યકતા હોવી જોઈએ એમ સૂચવે છે.

જેને શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન હોય, જેની મન, વચન, કાયાની પ્રવૃત્તિ શુદ્ધ અનિંદિત હોય, બીજાઓનો ઉદ્ધાર કરવામાં પોતાનું કર્તવ્ય સમજી, ઉપદેશ દેવામાં સદાય તત્પર હોય, સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષનો સન્માર્ગ પ્રવર્તાવવામાં જે મહાન ઉદ્યમવંત, કટિબદ્ધ રહેતા હોય, જ્ઞાની જનોને પોતે વંદન કરે તેવા વિનયયુક્ત હોય, તેમજ વિદ્વાનો, જ્ઞાનીઓ, જેમને વંદન કરતા હોય તેવા પોતે આત્મજ્ઞાનદશા સંયુક્ત હોય, ઉદ્ધત ન હોય, લોકરીતિના જાણનાર હોય, કોમળ પરિણામવાળા હોય, પોતે નિઃસ્પૃહ હોય, આવા અન્ય પણ આચાર્યપદને યોગ્ય અનેક શ્રેષ્ઠ ગુણો જેનામાં હોય તે સત્પુરુષોના ઉપદેશક ગુરુ થવા યોગ્ય છે. તેથી સત્ પુરુષો આવા ગુરુને પામો! અર્થાત્ આત્માર્થી સત્પુરુષોને આવા ગુણવાન ગુરુ હો!

આમ અમુક અમુક ગુણ બીજીવાર કહેવાથી તે તે ગુણોની આવશ્યકતા અધિક છે એમ બતાવ્યું છે. ૬

भव्यः किं कुशलं ममेति विमृशन् दुःखाद् भृशं भीतिमान्
सौख्यैषी श्रवणादिबुद्धिविभवः श्रुत्वा विचार्य स्फुटम् ।
धर्मं शर्मकरं दयागुणमयं युक्त्यागमाभ्यां स्थितं
गृह्णन् धर्मकथां श्रुतावधिकृतः शास्यो निरस्ताग्रहः ॥७॥

सर्वः प्रेप्सति सत्सुखाप्तिमचिरात् सा सर्वकर्मक्षयात्
सद्वृत्तात् स च तच्च बोधनियतं सोऽप्यागमात् स श्रुतेः ।
सा चाप्तात् स च सर्वदोषरहितो रागादयस्तेऽप्यतः
तं युक्त्या सुविचार्य सर्वसुखदं सन्तः श्रयन्तु श्रियै ॥९॥

સત્સુખ પ્રાપ્તિ સર્વ ઇચ્છે, કર્મક્ષયથી તે મળે,
તે કર્મક્ષય ચારિત્રથી. ચારિત્ર બોધવણે ફળે;
તે બોધ આગમથી મળે, આગમ શ્રવણ અવધાર્ય રે,
નહિ આપ્ત વિણ આગમ, અને નિર્દોષ આપ્ત ખરા ઠરે;
તે દોષ અષ્ટાદશ કહ્યા. રાગાદિ બાધકરૂપ સદા,
તે સર્વ ક્ષય જેના થયા, એ આપ્ત મુક્તિ સૌખ્યદા;
માટે સુયુક્તિથી વિચારી સ્વાત્મથી સંભાવ્ય એ,
શ્રી સંત નિજશ્રી પ્રગટ કરવા. નિત્ય સેવો આપ્ત એ. ૯

સુખને સૌ કોઈ ઇચ્છે છે અને તે જેટલું જલદી મળે તેટલું જલદી ચાહે છે. પણ તે સુખ કર્મના આવરણથી પ્રગટતું નથી. તેથી સર્વ કર્મોનો ક્ષય થાય તો સંપૂર્ણ શાશ્વત અવિનાશી અનંત આત્મિક સુખ પ્રગટ થાય. તે કર્મક્ષયનો ઉપાય સમ્યક્ ચારિત્ર છે. તે ચારિત્ર જ્ઞાન વિના પમાતું નથી. કારણ કે સાચા ખોટા પ્રવર્તનની સમજ જ્ઞાન વિના કેમ કરીને આવે? સાચું જ્ઞાન આગમના આધારથી થાય છે. તે આગમ દ્વાદશાંગરૂપ શ્રુતિ વિના પ્રાપ્ત થાય તેમ નથી. તે શ્રુતિનો પ્રાદુર્ભાવ યથાર્થ ઉપદેષ્ટા એવા જ્ઞાની આપ્ત પુરુષથી થાય છે.* રાગદ્વેષાદિ અઢાર દોષ જેણે ક્ષય કર્યા છે તે આપ્ત નિર્દોષ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા છે તે સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી સંપૂર્ણ સત્ય અને હિતકારી માર્ગ ઉપદેશવા સમર્થ છે. રાગી, દ્વેષી મનુષ્ય રાગદ્વેષને વશ હોવાથી સર્વથા સત્ય ભાષણ કદી કરી શકશે નહિ, તેમજ તેને સંપૂર્ણ કેવળજ્ઞાન પણ પ્રગટી શકશે નહિ. આ પ્રમાણે અનુક્રમથી જોતાં પ્રતીત થશે કે નિર્દોષ સર્વજ્ઞ આપ્ત ભગવાન જ સર્વ સુખની ઉત્પત્તિમાં મૂળ કારણ છે. માટે જો સુખની ઇચ્છા હોય તો આવા આપ્તની શોધ કરી, તેની પરીક્ષા કરી, તેના સાચા આપ્તનાં વચન સ્વીકાર કરો. ૯

"તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું."

—અમૂલ્ય તત્ત્વવિચાર—શ્રીમદ્ રાજચન્દ્ર

*ક્ષુધા, તૃષા, રાગ, દ્વેષ, જન્મ, જરા, મરણ, રોગ, શોક, ભય, વિસ્મય, નિદ્રા, ખેદ, સ્વેદ, મદ, મોહ, અરતિ, ચિન્તા એ અઢાર દોષ રહિત આપ્ત હોય છે.

જ્ઞાનીઓએ સર્વજ્ઞ વીતરાગને સાચા આપ્ત કહ્યા છે. તે સર્વજ્ઞ વીતરાગોએ ચાર આરાધનાથી જીવનું કલ્યાણ કરવાનો ઉપદેશ કર્યો છે.

તેમાંથી પ્રથમ સમ્યગ્દર્શન આરાધના બતાવે છે :

श्रद्धानं द्विविधं त्रिधा दशविधं मौढ्याद्यपोढं सदा
संवेगादि विवर्धितं भवहरं त्र्यज्ञानशुद्धिप्रदम् ।
निश्चिन्वन् नव सप्ततत्त्वमचलप्रासादमारोहतां
सोपानं प्रथमं विनेयविदुषामाद्येयमाराधना ॥१०॥

રે! મુક્તિ મહેલ ચઢી જવા સોપાન સૌથી પ્રથમ જે.
આત્માર્થી શિષ્ય સમૂહને આરાધના અગ્રિમ જે;
સમકિત, શ્રદ્ધા, દ્વિવિધ, ત્રેધા, દશવિધિ, ગતમૂઢતા,
સંવેગવર્ધિત ભવવિનાશી, જ્ઞાન ત્રણ શુદ્ધિપ્રદા;
એ સાત તત્ત્વ, પદાર્થ નવ, નિશ્ચય સહિત શ્રદ્ધા કરે,
આરાધના સમકિતની, શ્રેયાર્થી સેવી શિવ વરે. ૧૦

આ સમ્યગ્દર્શન આરાધના મુક્તિના મહેલ ઉપર ચઢી જવા પ્રથમ સોપાન, સૌથી પ્રથમ પગથિયારૂપ છે. આત્માનું વાસ્તવિક જેવું સ્વરૂપ છે તેવું, શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન સિદ્ધ-પરમાત્મા જેવું સહજ આત્મસ્વરૂપ શ્રદ્ધામાં આવે તે સાચી તત્ત્વશ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે.

"આત્મા જે પદાર્થને તીર્થંકરે કહ્યો છે, તે જ પદાર્થની તે જ સ્વરૂપે પ્રતીતિ થાય, તે જ પરિણામે આત્મા સાક્ષાત્ ભાસે ત્યારે તેને પરમાર્થ સમ્યક્ત્વ છે; એવો શ્રી તીર્થંકરનો અભિપ્રાય છે."

—શ્રીમદ્ રાજચન્દ્ર

આ સમ્યગ્દર્શન અવિનાશી મોક્ષરૂપ મહેલ ઉપર ચઢવા માટે બુદ્ધિમાન કલ્યાણના ઇચ્છક જીવોને માટે સૌથી પહેલી અગ્રિમ સીડી છે. માટે તેને ધારણ કરવું એ પહેલી આરાધના છે.

સમ્યક્ત્વ બે પ્રકારનું છે : નિસર્ગજ અને અધિગમજ. બાહ્ય ઉપદેશ આદિ કારણો સાક્ષાત્ ન મળે છતાં પહેલાંના સંસ્કારની મુખ્યતાથી જે પ્રગટે છે તે નિસર્ગજ સમ્યગ્દર્શન છે અને સદ્ગુરુના સાક્ષાત્ ઉપદેશ, કેવળીનાં દર્શન આદિ બાહ્ય કારણ પામીને જે ઉત્પન્ન થાય છે તે અધિગમજ સમ્યગ્દર્શન કહેવાય છે.

આ સમ્યગ્દર્શનનો ઘાત કરનાર દર્શન મોહ કર્મના ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમથી થતું હોવાથી તે ત્રણ પ્રકારે ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક સમ્યગ્દર્શન કહેવાય છે.

આ સમ્યગ્દર્શનના દશ ભેદ પણ છે જે આગળ ૧૧મા શ્લોકમાં કહેવાશે.

આ સમ્યગ્દર્શનના લોકમૂઢતા આદિ ૨૫ દોષ[1] કહ્યા છે, તે દોષ રહિત તે હોવું જોઈએ. સદા સંવેગ આદિ ચારિત્રનાં અંગ વૃદ્ધિ કરનાર આ સમ્યગ્દર્શન માનવામાં આવે છે. તથા સંવેગ આદિથી સમ્યગ્દર્શનની વૃદ્ધિ થાય છે અથવા ઉત્પત્તિ પણ થાય છે. આ સમ્યગ્દર્શન પ્રગટવાથી ક્રમે ક્રમે સંસાર દુઃખનો નાશ થાય છે. કુમતિ, કુશ્રુત, કુઅવધિ એ ત્રણ મિથ્યાજ્ઞાન, સમ્યગ્દર્શન પ્રગટવાથી નિર્મળ સમ્યક્જ્ઞાન થઈ જાય છે. પુણ્ય, પાપ જુદા માનવાથી નવ પદાર્થ, અને જુદા ન માનવાથી સાત તત્ત્વ (જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ) કહ્યાં છે, તેની યથાર્થ નિશ્ચય સહિત સાચી શ્રદ્ધા કરાવનાર આ સમ્યગ્દર્શન છે, આ પ્રમાણે મોક્ષનું પ્રધાન કારણ સમ્યગ્દર્શન હોવાથી આત્માર્થીઓએ તે ઇચ્છવા યોગ્ય, પ્રગટાવવા યોગ્ય છે. ૧૦

હવે સમકિતના દશ ભેદ જણાવે છે:

आज्ञामार्गसमुद्भवमुपदेशात्सूत्रबीजसंक्षेपात् ।
विस्तारार्थाभ्यां भवमवपरमावादिगाढं च ॥११॥

સમકિત દશધા જાણવું, સૌ પ્રથમ આજ્ઞાથી થતું,
પછી માર્ગ કે ઉપદેશ કે પછી સૂત્ર બીજ થકી થતું;
સંક્ષેપ કે વિસ્તારથી કે અર્થથી ઉદ્ભવ થતું,
અવગાઢ ને પરમાવગાઢ પ્રકાર એ દશ જાણ તું. ૧૧

આજ્ઞા, માર્ગ, ઉપદેશ, સૂત્ર, બીજ, સંક્ષેપ, વિસ્તાર, અર્થ, અવગાઢ અને પરમાવગાઢ એમ સમ્યક્ત્વના દશ ભેદ પણ છે.

હેય ઉપાદેય તત્ત્વનો વિવેક કરતાં વિપરીત શ્રદ્ધા રહિત થવું એ પવિત્ર સમ્યગ્દર્શન વાસ્તવિક તો એક જ છે પરંતુ એમાં કેટલાકનો આજ્ઞા આદિ સમ્યક્ત્વની ઉત્પત્તિના કારણોની અપેક્ષાથી વિચાર કરતાં તથા કોઈકના સ્વરૂપમાં હીનાધિકતા હોવાથી આ દશ ભેદ કહ્યા છે. તેને વિશેષતાથી નીચેના શ્લોકમાં સમજાવે છે. ૧૧

आज्ञासम्यक्त्वमुक्तं यदुत विरुचितं वीतरागाज्ञयैव
त्यक्तग्रन्थप्रपञ्चं शिवममृतपथं श्रद्दधन्मोहशान्तेः ।
मार्गश्रद्धानमाहुः पुरुपवरपुराणोपदेशोपजाता
या संज्ञानागमाब्धिप्रसृतिभिरुपदेशादिरादेशि दृष्टिः ॥१२॥

---

૧. આ પચીસ દોષ અષ્ટપ્રાભૃત, સમાધિસોપાન આદિ ગ્રન્થોથી જાણી લેવા યોગ્ય છે.

ઉપશમે દર્શન મોહ ત્યાં વિણ શાસ્ત્ર અભ્યાસેય જે,
વીતરાગની આજ્ઞા ઉપાસ્યે, તત્ત્વ શ્રદ્ધા સંપજે;
આજ્ઞા રુચિ સમકિત કહ્યું, નિર્ગ્રંથ, સુખ શાશ્વત પ્રદા,
શિવમાર્ગની શ્રદ્ધા પ્રતીતિ માર્ગ સમકિત શ્રેયદા,
સત્પુરુષના ઉપદેશથી, જે તત્ત્વશ્રદ્ધા થાય છે,
ઉપદેશ સમકિત તેહને, ગણધર પ્રમુખ સૌ ગાય છે. ૧૨

દર્શનમોહ ઉપશાંત થવાથી શાસ્ત્ર શ્રવણ વિના પણ વીતરાગ દેવની આજ્ઞાના અવધારણથી જે તત્ત્વ શ્રદ્ધાનરૂપ અથવા તે આપ્ત પુરુષની આજ્ઞાના અવધારણરૂપ જીવની દશા વિશેષતારૂપ પરિણતિ તે આજ્ઞા સમ્યક્ત્વ છે. દર્શનમોહ ઉપશાંત થવાથી ગ્રન્થોના વિસ્તારપૂર્વક શ્રવણ વિના માત્ર બાહ્યાંતર પરિગ્રહ–રહિત કલ્યાણકારી મોક્ષમાર્ગ તેનું અનાદિ દુઃખરૂપ એવા પ્રબળ મોહકર્મની ઉપશાંતિ માટે શ્રદ્ધાન થવું તે માર્ગ સમ્યક્ત્વ અથવા પ્રત્યક્ષ બોધસ્વરૂપ પુરુષ પ્રત્યે ભક્તિયુક્ત આસ્તિક્ય પરિણતિ થવી એ પણ માર્ગ સમ્યક્ત્વ છે. શ્રી તીર્થંકરાદિ ઉત્કૃષ્ટ પુરુષોના ઉપદેશથી દૃષ્ટિની વિશુદ્ધતા થવી તે ઉપદેશ સમ્યક્ત્વ છે. અથવા તે આપ્ત ભગવાન પ્રણીત શ્રુત પ્રત્યે અત્યંત ભક્તિયુક્ત આસ્થારૂપ જીવની દશા તે પણ ઉપદેશ સમ્યક્ત્વ છે. ૧૨

आकर्ण्याचारसूत्रं मुनिचरणविधेः सूचनं श्रद्दधानः
सूक्तासौ सूत्रदृष्टिर्दुरधिगमगतेरर्थसार्थस्य बीजैः ।
कैश्चिज्जातोपलब्धेरसमशमवशाद् बीजदृष्टिः पदार्थान्
संक्षेपेणैव बुद्ध्वा रुचिमुपगतवान् साधु संक्षेपदृष्टिः ॥१३॥

જ્ઞાની–મુનિ–આચારવિધિને સૂત્રથી સુણીને લહ્યું,
જે તત્ત્વનું શ્રદ્ધાન તેને સૂત્ર સમકિત વર્ણવ્યું;
જે તત્ત્વ શ્રદ્ધા બીજ જ્ઞાને, બીજ સમકિત તે કહ્યું,
સંક્ષેપથી જે તત્ત્વ રુચિ, સંક્ષેપ સમકિત તે ગણ્યું. ૧૩

મુનિઓના આચારાદિ વિધાનોને સૂચવનાર આચારસૂત્રોને સાંભળીને વીતરાગ ભગવાન પ્રણીત નિર્ગ્રંથ માર્ગ પ્રત્યે મહત્ત્વપૂર્ણ દૃષ્ટિપૂર્વક જે આસ્તિક્ય પરિણતિ થવી તે સૂત્ર સમ્યક્ત્વ છે. ગણિતજ્ઞાન માટે જે નિયમો (બીજ) કરવામાં આવ્યા છે તેમાંથી કોઈક નિયમો જાણવાથી તથા મોહનીય કર્મનો અતિશય ઉપશમ થવાથી કરણાનુયોગના ગહન પદાર્થો પણ સમજીને જેને તત્ત્વશ્રદ્ધા થઈ છે તે સમ્યગ્દર્શનને બીજ સમ્યક્ત્વ કહ્યું છે. પદાર્થોનું સંક્ષિપ્ત જ્ઞાન થવાથી જે તત્ત્વોમાં યથાર્થ રુચિ ઉત્પન્ન કરનાર છે તે સંક્ષેપ સમ્યક્ત્વ છે. ૧૩

यः श्रुत्वा द्वादशांगीं कृतरुचिरथ तं विद्धि विस्तारदृष्टिं
संजातार्थात्कुतश्चित्प्रवचनवचनान्यन्तरेणार्थदृष्टिः ।

दृष्टिः साङ्गाङ्गबाह्यप्रवचनमवगाह्योत्थिता यावगाढा ।
कैवल्यालोकितार्थे रुचिरिह परमावादिगाढेति रूढा ॥१४॥

જે દ્વાદશાંગી વાણી સુણીને દૃષ્ટિ તે વિસ્તાર છે,
તે અર્થદૃષ્ટિ અર્થ કોઈક જાણી દૃષ્ટિ જાગી જે,
શ્રુત કેવલીની દૃષ્ટિ જે અવગાઢ સમકિત તે કહ્યું,
સમકિત પરમ અવગાઢ તે ભગવાન કેવલીનું ગણ્યું. ૧૪

દ્વાદશાંગી વાણી સાંભળીને ઉત્પન્ન થયેલી નિર્મળ તત્ત્વશ્રદ્ધારૂપ દશા તે વિસ્તાર સમ્યક્ત્વ છે. નિર્ગ્રંથ વીતરાગ પ્રવચન સાંભળવાથી તેમાંના કોઈક વચન અર્થના નિમિત્તથી ઉત્પન્ન થયેલી જે તત્ત્વાર્થશ્રદ્ધારૂપ દશા તે અર્થ સમ્યક્ત્વ છે. અંગ અને અંગબાહ્ય જે વીતરાગ પ્રણીત શાસ્ત્રો છે તેને અવગાહન કરવાથી શ્રુતકેવલીને ઉત્પન્ન થયેલી જે તત્ત્વ-શ્રદ્ધા તે અવગાઢ સમ્યક્ત્વ છે. કેવળ જ્ઞાનીને કેવળજ્ઞાન વડે અવલોકિત જે તત્ત્વશ્રદ્ધા છે તે પરમાવગાઢ સમ્યક્ત્વ છે.

એમ એક સમ્યગ્દર્શન પરિણતિને ઉત્પન્ન થવાના ઉપરોક્ત દશ નિમિત્તોના યોગે સમ્યક્ત્વના દશ ભેદ કહ્યા છે ૧૪

शमबोधवृत्ततपसां पाषाणस्येव गौरवं पुंसः ।
पूज्यं महामणेरिव तदेव सम्यक्त्वसंयुक्तम् ॥१५॥

શમ બોધ વૃત્ત તપાદિ ગણુ પાષાણ-ભાર-સમા વૃથા,
પણ તેજ જો સમ્યક્ત્વયુત તો પૂજ્ય ઉત્તમ મણિ યથા. ૧૫

આત્મામાં કષાયો મંદ થવાથી જે ઉદ્વેગ મંદ થઈ જાય છે તે શમ છે. પદાર્થોનું જ્ઞાન તે બોધ છે. પાપમય નિંદ્ય આચરણનો ત્યાગ તે વૃત્ત છે. ઉપવાસ તથા કાયક્લેશાદિ તે તપ છે. આ ચારેય ગુણ જો સમ્યક્ત્વ નથી તો પથ્થરના ભાર જેવા છે. તેનું કંઈ માહાત્મ્ય કે મૂલ્ય નથી. પરંતુ તે જ ગુણો જો સમ્યક્ત્વ સહિત છે તો અમૂલ્ય રત્નસમાન શોભાને અને ઉત્કૃષ્ટતાને પામે છે. એ ચારે ગુણ છે છતાં સમકિત નથી તો તે મનુષ્ય આદરણીય થતો નથી. પણ સમકિત પ્રગટે તો તે જ ગુણોથી એ લોકપૂજ્ય બની જાય છે. એ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય આવું હોવાથી ચાર આરાધનામાં સમ્યગ્દર્શન આરાધનાને સૌથી પ્રથમ ગણી છે. માટે સમ્યક્ત્વ સર્વ ગુણો કરતાં અધિક આદરણીય છે. ૧૫

मिथ्यात्वातङ्कवतो हिताहितप्राप्त्यनाप्तिमुग्धस्य ।
बालस्येव तवेयं सुकुमारैव क्रिया क्रियते ॥१६॥

મિથ્યાત્વ રોગ સહિત તું; હિત અહિત ના જાણે કદા,
બાળક સમાન તને પ્રથમ, ઉપચાર સુગમ બતાવતા. ૧૬

મિથ્યાત્વરૂપી જીવલેણ રોગથી તું ગ્રહાયેલો છે. હિતની પ્રાપ્તિ અને અહિતના ત્યાગને જાણવામાં તું બાળક સમાન મુગ્ધ છે. તેથી તારે માટે આ સમ્યક્ત્વ આરાધનારૂપ સરળ ચિકિત્સા કરીએ છીએ; તેથી સંસાર–રોગ–વૃદ્ધિનું કારણ એવો તારો મિથ્યાત્વરોગ ટળી જશે અને તું હિતાહિતનો વિવેક સમજવા યોગ્ય નીરોગી બનીશ.

જેમ બાળક કઠિન રોગથી ગ્રસ્ત થતાં પોતાના હિત–અહિતને નહિ સમજતો હોવાથી ને રોગને મટાડવાની કોઈ તીક્ષ્ણ દવા પીવા માગતો નથી, ત્યારે ચતુર વૈદ્ય સહેલાઈથી [illegible] તેવી દવાથી બાળકની ચિકિત્સા કરે છે, તેમ અહીં મિથ્યાત્વરૂપ રોગથી ગ્રસ્ત [illegible] અવિવેકને કારણે પોતાના હિત અહિતને જાણતો નહિ હોવાથી દુર્ધર તપશ્ચરણ આદિ કઠિન [illegible]માં પ્રવર્તી શકે એમ નથી તે જાણીને નિષ્કારણ કરુણાશીલ જ્ઞાની પુરુષો [illegible] પ્રથમ આવશ્યક એવા સમ્યગ્દર્શનની આરાધનારૂપ સહેલા ઉપાયની યોજના [illegible] આરાધના [illegible] છે અને આગળની આરાધનાઓ સંયમ, તપ આદિનું [illegible] સંસારનાં દુઃખને વધારનાર મૂળરૂપ મિથ્યાત્વ રોગને નષ્ટ કરે છે. ૧૬

[illegible]मोहज्वरजनिततीव्रतृष्णस्य ।
[illegible] पथ्यानुपक्रमः श्रेयान् ॥१७॥

[illegible] જ્વર મોહ સહ તૃષ્ણા તને,
[illegible] પેયાદિ પ્રથમ હિતકર બને. ૧૭

[illegible] મોહરૂપ જ્વરથી તને તીવ્ર તૃષ્ણા- [illegible] થઈ રહ્યો છે. તો તને પથ્યકારી પીવા [illegible] તારે સેવન કરવાં હિતકારી થશે.

[illegible] માત્રાથી અધિક ભોજન કરવાથી જ્વર [illegible] વ્યાકુળ થાય એવી અવસ્થામાં ચતુર વૈદ્ય [illegible] દવાની સાથે પીવા યોગ્ય ફળોનો રસ [illegible] ભોજનની વ્યવસ્થા કરે છે. કારણ કે [illegible] અધિક થતી જાય છે. [illegible] પ્રમાણે [illegible] ગુણમાં [illegible] છે અને [illegible] સ્વાભાવિક [illegible] આદિ પાળવાનું [illegible] દશામાં [illegible]

કરવાનો ઉપદેશ આપવામાં આવે, અને તે ગ્રહણ કરે, તો આત્મશક્તિ ન હોવાથી તે પરિપાલન ન કરી શકે અને તેથી હિત કરતાં અહિત અધિક થઈ જાય, માટે એવા સમયે અણુવ્રતનો ઉપદેશ વધારે કલ્યાણકારી થાય છે. ૧૭

सुखितस्य दुःखितस्य च संसारे धर्म एव तव कार्यः ।
सुखितस्य तदभिवृद्धय दुःखभुजस्तदुपघाताय ॥१८॥

સુખી હો યદિ દુ:ખી તું ભવે, કર્તવ્ય ધર્મ જ એક એ,
સુખવૃદ્ધિ માટે સુખવિષે, દુ:ખ ટાળવા દુ:ખમાંય એ. ૧૮

હે ભવ્ય ! આ સંસારમાં તું નિરંતર સુખ, દુ:ખને જ વેદે છે. માટે એ બન્ને સ્થિતિમાં તારે ધર્મ જ કર્તવ્ય છે. સુખમાં તે સુખની વૃદ્ધિ અર્થે અને અને દુ:ખમાં તેના નાશના અર્થે, એમ બન્ને સ્થિતિમાં એક ધર્મ જ હિતકારી છે.

જીવ સુખી હો કે દુ:ખી હો પરંતુ બન્ને અવસ્થામાં તેણે ધર્મ જ ધારણ કરવો એ આવશ્યક છે.

જેમ જેની પાસે ઘણું ધન છે, તે ધન કમાય છે તો તેના ધનમાં, સંપત્તિમાં વધારો થાય છે. અને ધનહીન દેવાદાર માણસ ધન કમાય છે તો તે દેવાથી મુક્ત થાય છે; એમ બન્ને અવસ્થામાં ધન કમાવું એ કોઈને માટે અનિષ્ટ તો નથી. તેમ સુખી જીવ ધર્મ કરે તો તેના પૂર્વસંચિત પુણ્યના રસમાં વૃદ્ધિ થતાં વર્તમાન સુખમાં વૃદ્ધિ થઈ શકે છે, તથા નવીન પુણ્યબંધ થવાથી આગળ પણ સુખની પ્રાપ્તિ થવાનો સંભવ છે. તેમ દુ:ખની અવસ્થામાં જો જીવ ધર્મ સેવન કરે તો તેના દુ:ખનો ક્રમે ક્રમે નાશ થઈ શકે છે. માટે ધર્મની આવશ્યકતા સુખીને કે દુ:ખીને સૌને છે.

હવે ઇન્દ્રિય સુખ પામવાં હોય તો પણ ધર્મની આવશ્યકતા છે એમ જણાવે છે. ૧૮

धर्मारामतरूणां फलानि सर्वेन्द्रियार्थसौख्यानि ।
संरक्ष्य तांस्ततस्तान्युच्चिनु यैस्तैरुपायैस्त्वम् ॥१८॥

ઇન્દ્રિય સુખ સર્વે ફળો છે ધર્મ ઉપવન તરુતણાં,
તો ધર્મ ઉપવન તરુતણી રક્ષા કરી ફળ લ્યો ઘણાં. ૧૯

ઇન્દ્રિયવિષયોના સેવનથી જે સુખ ઉત્પન્ન થાય છે તે બધાં સુખ ધર્મરૂપી બાગનાં સમ્યક્ત્વાદિ વૃક્ષોનાં ફળ છે. તે માટે હે ભવ્ય ! તું ગમે તે પ્રકારે તે ધર્મરૂપ બાગમાંનાં વૃક્ષોનું સારી રીતે રક્ષણ કરીને તેમાંથી ઇન્દ્રિયવિષયજન્ય સુખરૂપ ફળોનો સંચય કર.

બુદ્ધિમાન મનુષ્ય જેમ શ્રેષ્ઠ ફળ આપનાર વૃક્ષોને મૂળમાંથી ઉખેડી નાખીને તેનાં

ફળ ખાતા નથી, પરંતુ તે વૃક્ષોને કાયમ રાખીને તેનાં ફળ લે છે, તેમ વિષયરૂપ ફળોની ઉત્પત્તિ પણ ધર્મરૂપ વૃક્ષોથી થાય છે. માટે તે ધર્મની અનેક પ્રકારે રક્ષા કરીને વિષયો ભોગવવા જોઈએ, પણ ધર્મનું મૂળ કાપીને તો નહિ જ.

જે, જીવોને દુઃખ દૂર કરીને સુખમાં ધારણ કરે, તેને ધર્મ કહેવાય છે. માટે સુખને આપનાર ધર્મ જ સુખની ઇચ્છાવાળા જીવોએ આદરવા યોગ્ય છે. ૧૯

धर्मः सुखस्य हेतुर्हेतुर्न विराधकः स्वकार्यस्य ।
तस्मात् सुखभङ्गभिया माभूर्धर्मस्य विमुखस्त्वम् ॥२०॥

સુખહેતુ ધર્મ, ન તે વિરાધક કદી નિજ કારજ તણો;
તેથી સુખહાનિ-ભયે કદી વિમુખ ધર્મથી ના બનો. ૨૦

ધર્મ સુખનું કારણ છે. અને કારણ પોતાના કાર્યનું વિરોધી હોય નહિ, માટે તું [illegible] ભયથી ધર્મથી વિમુખ ન થા. ધર્મના આચરણમાં વિષયસુખનો નાશ થાય છે [illegible] આશંકાનું નિરાકરણ કરે છે કે જ્યારે ધર્મ સુખનું કારણ છે ત્યારે તે સુખનું [illegible] થઈ શકે નહિ. જો કારણ જ પોતાના કાર્યનું વિરોધી બની જાય તો પછી કારણ [illegible] નિયમ [illegible] પણ કેવી રીતે રહે? ન જ રહે. અને એમ થાય તો સર્વ [illegible] જ [illegible] થઈ જાય. માટે ધર્મથી સુખનો વિનાશ થાય છે એવી કલ્પના [illegible]

[illegible] धर्मं प्रतिपाल्य भोगमनुभवतु ।
[illegible] कृषीवलमाप्य बीजमिव ॥२१॥

[illegible] ધર્મથી ને ધર્મ રક્ષી ભોગવો,
[illegible] ધાન્ય ભોગવતા જુવો. ૨૧

[illegible] પ્રાપ્ત થયો છે તે ધર્મદ્વારા પ્રાપ્ત થયો છે. [illegible] ભોગ ભોગવવા જોઈએ. પણ ધર્મનો ધ્વંસ [illegible] છે તે બી વાવવાથી ઊગે છે, તે માટે એ [illegible] બાકીના ધાન્યનો ઉપભોગ કરે છે. તેમ [illegible] થઈ છે તે ધર્મના નિમિત્તથી થઈ છે માટે તે [illegible] બાકીની સુખસંપત્તિનો ઉપભોગ કર. ૨૧

[illegible] સુખસંપત્તિ ચક્રવર્તિઓનાં, [illegible] પ્રાપ્ત થાય છે. [illegible] અનંત અધિક શાશ્વત સિદ્ધિ [illegible]

મોક્ષપદનાં સુખનું કારણ પણ ધર્મ જ છે. એ આત્મિક અતીન્દ્રિય અચિન્ત્ય અકલ્પ્ય વચન અને મનથી અતીત સહજ સ્વાભાવિક સુખ પામીને જીવ સદાને માટે શાંતિ અને આનંદનું ધામ એવા નિજ સહજાત્મસ્વરૂપરૂપ મોક્ષમંદિરમાં વિરાજમાન થઈ ધન્યરૂપ, કૃતાર્થ બને છે. આપણું નિરંતર એ જ ધ્યેય હો! ૨૨

संकल्प्यं कल्पवृक्षस्य चिन्त्यं चिन्तामणेरपि ।
असंकल्प्यमसंचिन्त्यं फलं धर्मादवाप्यते ॥२२॥

કલ્પિત કલ્પતરુ દીએ, ચિંતિત ચિંતામણિ છતાં—
ઉત્તમ અકલ્પ્ય અચિંત્ય ફળ સંપ્રાપ્ત ધર્મ થકી થતાં. ૨૨

કલ્પવૃક્ષથી જે ફળની પ્રાપ્તિ થાય છે, તે પ્રાર્થના (સંકલ્પ) કરવાથી થાય છે, તે પણ જેટલી શબ્દ દ્વારા કહી શકાય તેટલી જ થાય છે. ચિન્તામણિ રત્નદ્વારા જે ફળ પમાય છે તે ચિંતિત એટલે મનદ્વારા ચિન્તન કરવાથી પમાય છે. તે પણ મનના વિચારથી અધિક નહિ, પરંતુ ધર્મદ્વારા યાચના, પ્રાર્થના, (સંકલ્પ) કર્યા વિના તથા ચિંતન કર્યા વિના જ પ્રાપ્ત થાય છે અને તે પણ એવું કે તેનું પ્રમાણ વચનથી કે ચિંતવનથી અગોચર છે. અર્થાત્ એ ફળ એવું મહાન હોય છે કે જ્યાં મન કે વચનની ગતિ નથી. તે અકલ્પ્ય અને અચિંત્ય હોય છે.

परिणाममेव कारणमाहुः खलु पुण्यपापयोः प्राज्ञाः ।
तस्मात् पापापचयः पुण्योपचयश्च सुविधेयः ॥२३॥

પ્રાજ્ઞો કહે પરિણામ કારણ પાપપુણ્યતણું ખરે;
તો પાપક્ષય ને પુણ્યસંચય કાર્ય ભવિનું એ ઠરે. ૨૩

પ્રજ્ઞાવંત જ્ઞાની પુરુષો પુણ્ય અને પાપનું કારણ આત્માનાં પરિણામને માને છે. તો પુણ્ય કે પાપનો સંચય કરવો કે નહિ તે આપણા પોતાના પરિણામને આધીન હોવાથી આપણને પોતાને જ આધીન છે. એમ છે તો પછી આપણે પુણ્યનો સંચય અને પાપનો ક્ષય, પુણ્યની વૃદ્ધિ અને પાપનો નાશ અવશ્ય કરવો જોઈએ. કારણ કે આપણે આધીન હોવાથી એમ કરવું ઘણું સુગમ છે. ૨૩

कृत्वा धर्मविघातं विषयसुखान्यनुभवन्ति ये मोहात् ।
आच्छिद्य तरून् मूलात् फलानि गृह्णन्ति ते पापाः ॥२४॥

કરી ધર્મનો જે ઘાત મોહે વિષયસુખને ભોગવે,
તે પાપીઓ તરુ મૂળથી ઉચ્છેદી ફળ શું મેળવે? ૨૪

જે પ્રાણી અજ્ઞાનતાથી ધર્મનો નાશ કરી વિષયસુખને ભોગવે છે તે પાપી વૃક્ષોના મૂળને ઉખાડીને ફળોને ગ્રહણ કરવા ચાહે છે.

જેમ ઉત્તમ ફળની ઇચ્છાવાળા મનુષ્ય તે ફળોને ઉત્પન્ન કરનાર વૃક્ષને જ જડમૂળથી ઉખાડી નાખે તો તે ઇચ્છિત ફળોને કદી પામી શકતા નથી, તેવી જ રીતે વિષયસુખની અભિલાષા કરનાર જીવ પણ તે સુખના કારણરૂપ એવા ધર્મને નષ્ટ કરીને કદી તે વિષય-સુખોને પામી શકશે નહિ. માટે જો વિષયસુખની ઇચ્છા હોય તો તેના કારણરૂપ ધર્મની રક્ષા અવશ્ય કરવી જોઈએ. ૨૪

कर्तृत्वहेतुकर्तृत्वानुमतैः स्मरणचरणवचनेषु ।
यः सर्वथाभिगम्यः स कथं धर्मो न संग्राह्यः ॥२५॥

તન મન વચનથી કૃત કારિત અનુમોદન પ્રાપ્ય જે,
તે ધર્મ સુખકારણ અહો ! તો કેમ ના સંગ્રાહ્ય એ ? ૨૫

જે ધર્મ, મન વડે ચિંતવન કરવાથી, શારીરિક ચર્યા વડે, અને વચન દ્વારા સ્વયં કરવાથી, બીજા પાસે કરાવવાથી, કરનારને અનુમોદન કરવાથી સર્વ પ્રકારે સંચિત થાય તેવો છે તો તેવા ધર્મને કેમ સંગ્રહવો ન જોઈએ ? અર્થાત્ અવશ્ય સંગ્રહવો જોઈએ.

મન, વચન અને કાયાથી, કૃત, કારિત, અનુમોદિત એમ નવ પ્રકારે ધર્મ થઈ શકે છે. આવો સ્વાધીન તથા સર્વદા સંચિત થઈ શકે તેવો ધર્મ કયો બુદ્ધિમાન સંચિત કરવા નહિ ચાહે ? જો પરિણામમાં સાવધાની રાખે તો જીવ ભોગના ઉદયમાં પણ યોગમાં ચિત્ત રાખી વિષયસુખ ભોગવતાં પણ ધર્મનું રક્ષણ તથા ઉપાર્જન કરી શકે છે. ૨૫

धर्मो वसेन्मनसि यावदलं स ताव-
द्धन्ता न हन्तुरपि पश्य गतेऽथ तस्मिन् ।
दृष्टा परस्परहतिर्जनकात्मजानां
रक्षा ततोऽस्य जगतः खलु धर्म एव ॥२६॥

જ્યાં સુધી ધર્મ વસે ઉરે, હણનારને પણ ના હણે,
પણ ધર્મ જત ઉરથી ખસ્યો, તો પરસ્પર ચઢતા રણે;
નિજ પિતા પુત્ર હણે જુઓ ! હિંસા અહિંસા ના ગણે,
આ વિશ્વની રક્ષા ખરેખર ધર્મ એકજથી બને. ૨૬

જુઓ ! જ્યાં સુધી ધર્મ મનમાં દૃઢ વસે છે ત્યાં સુધી જીવ પોતાને મારનારનો પણ ઘાત કરતો નથી. અને જ્યારે તે ધર્મ મનમાંથી નીકળી જાય છે ત્યારે પિતા-પુત્રનો પણ પરસ્પર ઘાત જોવામાં આવે છે. માટે આ વિશ્વની રક્ષા ધર્મ હોય તો જ થઈ શકે છે. વિશ્વનું રક્ષણ કરનાર કોઈ પણ હોય તો તે ધર્મ જ છે.

ધર્મના જ પ્રસાદ વડે કરી આ ત્રૈલોક્ય ચરાચર સ્થિર થયેલું રહ્યું છે. ધર્મ જ આ લોક તથા પરલોક વિષે પ્રાણીઓનું હિત કરનાર છે. ધર્મથી જીવો સર્વ કાર્યો સિદ્ધ કરી લે છે, ધર્મ આ જગતમાં કલ્પવૃક્ષ છે.

એ ધર્મરૂપી કલ્પવૃક્ષને મારા નમસ્કાર હો, કે જે ધર્મથી સમસ્ત જગત પવિત્ર કરાય છે, સર્વ જગતનો ઉદ્ધાર કરાય છે તથા જે દયાથી આર્દ્ર છે.

લક્ષ્મી સહિત ચિન્તામણિ, દિવ્ય નવ નિધિ, કામધેનુ અને કલ્પવૃક્ષ એ સર્વ ધર્મના ચિરકાળથી કિંકર, સેવક છે. ધર્મ જીવોને ચક્રવર્તી, ધરણેન્દ્ર તથા દેવેન્દ્રો દ્વારા વાંછિત તેમ જ ત્રૈલોક્યપૂજ્ય તીર્થંકર લક્ષ્મીને આપે છે.

ધર્મ કષ્ટ સમયે સમસ્ત જગતના ત્રસ સ્થાવર જીવોની રક્ષા કરે છે. અને સુખરૂપી અમૃતના પ્રવાહોથી સમસ્ત જગતને તૃપ્ત કરે છે.

આ ત્રણ લોકમાં ભોગ કે મોક્ષનું એવું કોઈ કારણ નથી કે જેને ધર્માત્મા પુરુષ ધર્મના સામર્થ્યથી પામી ન શકે. અર્થાત્ ધર્મના સામર્થ્યથી સમસ્ત મનોવાંછિત પદને પામે છે.

જેના ચિત્તમાં ધર્મ જ એક શરણભૂત છે તેનાં ચરણકમળની પંક્તિમાં ઇન્દ્રગણ પણ નમ્રીભૂત મસ્તક વડે નમસ્કાર કરે છે.

ધર્મ ગુરુ છે, મિત્ર છે, સ્વામી છે, બાંધવ છે, હિત છે અને ધર્મ જ નિષ્કારણ અનાથોની પ્રીતિપૂર્વક રક્ષા કરનાર છે. આ પ્રાણીને ધર્મ વિના બીજું કોઈ શરણ નથી.

આ ધર્મ નરક સ્થાનોની નીચે જે નિગોદસ્થાન છે તેમાં પડતા ત્રણ જગતને ધારણ કરે છે, અવલંબન આપીને બચાવે છે તથા જીવોને અતીન્દ્રિય સુખ પણ આપે છે.

ધર્મનું સમસ્ત સામર્થ્ય સારી રીતે કહેવાને સહસ્ર મુખવાળા નાગેન્દ્ર પણ આ ભૂતળમાં સમર્થ નથી.

તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવ 'ધર્મ ધર્મ' એમ તો કહે છે, પરંતુ વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણ્યા વિના, વસ્તુ પરીક્ષામાં અસમર્થ હોવાથી નામ માત્રથી 'ધર્મ ધર્મ' કહે છે. એ પરીક્ષા પરમાગમથી થઈ શકે છે.

રત્નત્રયરૂપ ધર્મનું મૂળ સમ્યક્ત્વ છે. આ સમ્યક્ત્વ સર્વ રત્નોમાં મહાન રત્ન છે. સર્વ યોગોમાં ઉત્તમ યોગ છે. સર્વ ઋદ્ધિઓમાં મહા ઋદ્ધિ છે. અધિક શું કહેવું? સમ્યક્ત્વ સર્વ સિદ્ધિઓને દેનાર છે. સમ્યક્ત્વથી વિભૂષિત જીવ ઇન્દ્રો તથા નરેન્દ્રોથી વન્દ્ય બને છે.

શરણ થાય છે એવાં એ જુગાર, માંસ, દારૂ, ચોરી, વેશ્યાસંગ, શિકાર, પરસ્ત્રીગમન આદિ દુઃખનાં કારણોમાં તને સુખની કલ્પના છે તે માત્ર ભ્રમ છે. વિવેકી જનો ઇન્દ્રિયસુખને ઇચ્છ્યા વિના જે ધર્મયુક્ત આચરણ કરે છે તે બન્ને લોકમાં કલ્યાણ કરનાર, સુખ આપનાર. ધર્મમય આચરણમાં તું સુખનો સંકલ્પ કેમ કરતો નથી? અર્થાત્ તેમાં જ તારે સુખની માન્યતા કરવી જોઈએ. જેનાથી દુઃખનો ઉદ્ભવ નથી અને આ લોક પરલોકમાં જે માત્ર સુખ જ આપનાર છે એ ધર્મ જ પરમ આદરથી બહુમાનપણે આચરવા યોગ્ય છે. ૨૮

धीतमूर्तीगिनत्राणा निर्दोषा देहचित्तकाः ।
दन्तन्यन्तृणा सन्ति मुनीस्त्येषु का कथा ॥२९॥

છોડીને તેના પ્રતિપક્ષી સત્ય, અચૌર્ય આદિ વ્રતો કે જે આ લોક પરલોકમાં હિતકારક છે તેને ધારણ કર, કારણ કે એ સૌ ધર્મ, ધન, કીર્તિ, અને સુખનાં કારણ છે. ૩૦

पुण्यं कुरुष्व कृतपुण्यमनीदृशोऽपि
नोपद्रवोऽभिभवति प्रभवेच्च भूत्यै ।
संतापयञ्जगदशेषमशीतरश्मिः
पद्मेषु पश्य विदधाति विकाशलक्ष्मीम् ॥३१॥

કર પુણ્ય, તેથી પ્રબળ ઉપદ્રવ પણ ન દુઃખદાયી થશે,
ઉપદ્રવ કદાપિ સંભવે સંપત્તિ તો તે આપશે;
સંતાપહેતુ સકળ જગને, ઉષ્ણરશ્મિ જો થતો;
તે પણ જુઓ ! કમલો વિષે સુવિકાસ લક્ષ્મી અર્પતો. ૩૧

હે ભવ્ય ! તું પુણ્ય કાર્યોને કર, કારણ કે પુણ્યવાન પ્રાણી ઉપર અસાધારણ ઉપદ્રવ પણ કાંઈ પ્રભાવ પાડી શકતો નથી. એટલું નહિ પણ તે ઉપદ્રવ તેને માટે સંપત્તિનું સાધન બની જાય છે. જુઓ ! સમસ્ત સંસારને સંતપ્ત કરનાર પણ સૂર્ય કમલોમાં વિકાસરૂપ લક્ષ્મીનો કરનાર થાય છે.

જેવી રીતે સૂર્ય બીજાઓને સંતાપકારક ભલે થતો હોય પણ કમલોને તો પ્રકાશિત જ કરે છે, તે પ્રકારે જે ઉપદ્રવ અન્ય પ્રાણીઓને કષ્ટદાયક થતો હોય તે જ પુણ્યાત્મા જીવોને સુખનું સાધન બની જાય છે.

જુઓ અગ્નિ પ્રાણઘાતક છે એમ સૌને અનુભવ છે, છતાં એ પ્રજ્વલિત ભયાનક અગ્નિ પણ સીતા મહાસતી માટે જલરૂપ પરિણત થઈ ગયો હતો. એ સર્વ પુણ્યનો જ પ્રભાવ છે. માટે સુખની અભિલાષા કરવાવાળા ભવ્ય જીવોએ પાપ કાર્ય છોડીને સદા પુણ્ય કાર્યોમાં પ્રવૃત્ત થવું જોઈએ. ૩૧

नेता यत्र बृहस्पतिः प्रहरणं वज्रं सुराः सैनिकाः
स्वर्गो दुर्गमनुग्रहः खलु हरेरैरावणो वारणः ।
इत्याश्चर्यबलान्वितोऽपि बलभिद्भग्नः परैः सङ्गरे
तद्व्यक्तं ननु दैवमेव शरणं धिग्धिग्वृथा पौरुषम् ॥३२॥

મંત્રી બૃહસ્પતિ, વજ્ર આયુધ, દેવ સૈનિક ઇન્દ્રના,
વળી સ્વર્ગ દુર્ગ, કૃપા હરિની, હાથી ઐરાવત છતાં,
આશ્ચર્યકારક બળ ! રણે હાર્યો, અરિબળથી યથા,
છે દૈવ એક જ શરણ તો પૌરુષ ધિગ્ધિગ્ તે વૃથા. ૩૨

[illegible] પરંતુ જેને તે પુરુષ જ હોય [illegible] પોતાને [illegible] કરતા છતાં પણ [illegible] માટે [illegible] ઉત્તમ પુરુષો આવી રીતે વિચારીને [illegible] કરતા નથી, પરંતુ અનંત [illegible] આત્માની ભાવને સુધારવા નિરંતર પ્રીતિપૂર્વક [illegible] ૩૭

कः स्वादो विषयेष्वसौ कटुविषप्रख्येष्वलं दुःखिना
यानन्वेष्टुमिव त्वयाशुचिकृतं येनाभिमानामृतम् ।
आज्ञातं करणैर्मनःप्रणिधिभिः पित्तज्वराविष्टवत्
कष्टं रागरसैः सुधीस्त्वमपि सन् व्यत्यासितास्वादनः ॥३८॥

કટુ વિષ જેવા વિષયો વિષે શો સ્વાદ કે દુઃખિત થયો?
જે શોધમાં નિજ આત્મા-અમૃતરૂપ અશુચિ કર્યો;
હા કષ્ટ! રાગી મન અને ઇન્દ્રિયથી, મતિમાન તું,
રે! પિત્તજ્વર આવિષ્ટવત્ વિપરીતસ્વાદુ બન્યો શું? ૩૮

કડવા વિષ સમાન પ્રતાપ કરનાર એ વિષયોમાં એવો શો સ્વાદ, આનંદ છે કે જેના કારણથી તે વિષયો શોધવામાં દુઃખી થઈને તું પોતાના (આત્મીય) સ્વાભિમાન-રૂપ અમૃતને મલિન કરી રહ્યો છું; અરે! અમે નિશ્ચય થઈ ચૂક્યા છીએ કે તું વિદ્વાન હોવા છતાં પિત્તજ્વરથી પીડિત મનુષ્યની માફક [illegible] એવી વિષયોમાં આનંદ માનનારી ઇન્દ્રિયોએ તને વિપરીત સ્વાદવાળો બનાવી દીધો છે. ૩૮

अनिवृत्तेर्जगत्सर्वं मुखादवशिनष्टि यत् ।
तत्तस्याशक्तितो भोक्तुं वितनोर्भानुसोमवत् ॥३९॥

નિવૃત્તિ વણ પણ જગત સઘળું બચતું તુજ મુખથી દીસે,
તુજ તે અશક્તિ ભોગની જયમ રાહુ સોમ રવિ ગ્રસે. ૩૯

તૃષ્ણાની નિવૃત્તિ-રહિત અર્થાત્ અધિક તૃષ્ણાથી યુક્ત હોવા છતાં પણ તારા મુખમાંથી આખું જગત ભોગવાયા વિના બચ્યું છે, બાકી રહ્યું છે, તે તારી ભોગવવાની અશક્તિને લીધે બચ્યું છે, અનુક્રમે જેમ સૂર્ય ચન્દ્ર રાહુના મુખમાંથી બચેલા જણાય છે તે રાહુની સંપૂર્ણ ગળી જવાની અશક્તિને લીધે બને છે.

જેમ રાહુ સૂર્ય ચન્દ્રને પૂર્ણ ગળી જવા ચાહે છે છતાં તે પૂર્ણ ગળાતા નથી, શેષ બાકી રહી જવા પામે છે, તે તેની અશક્તિને કારણે છે. તેમ અનેક પ્રાણીની તૃષ્ણા એટલી અધિક હોય છે કે તે આખા જગતને સ્વાધીન કરવા ચાહે છે પરંતુ જગત તેને સ્વાધીન થતું નથી તેનું કારણ તેની અશક્તિ છે, નહિ કે વિષય-તૃષ્ણાની ન્યૂનતા. ૩૯

साम्राज्यं कथमप्यवाप्य सुचिरात्संसारसारं पुनः
तत्त्यक्त्वैव यदि क्षितीश्वरवराः प्राप्ताः श्रियं शाश्वतीम् ।
त्वं प्रागेव परिग्रहान् परिहर त्याज्यान् गृहीत्वापि ते
मा भूर्भौतिकमोदकव्यतिकरं संपाद्य हास्यास्पदम् ॥४०॥

કેમે કરી સામ્રાજ્ય ચક્રીનું લહી ચિર ભોગવ્યું,
સંસારસાર છતાંય ત્યાગી, સિદ્ધપદ શાશ્વત લહ્યું;
તો ત્યાજ્ય પરિગ્રહ ત્યાગી દે, તું પ્રથમથી ગ્રહતો નહીં,
ભૌતિક મોદકવત્ કદી તો હાસ્યસ્થાન બને નહીં. ૪૦

સંસારમાં સારરૂપ મનાતું છ ખંડનું સામ્રાજ્ય મહા કષ્ટે કરીને પૂર્વે કરેલાં તપના ફળરૂપે પામીને, તેને ચિરકાળ ભોગવ્યા છતાં પણ તેને છોડયા પછી જ ચક્રવર્તીઓ શાશ્વત મોક્ષલક્ષ્મીને પામ્યા. તેથી તું તે પરિગ્રહને ધારણ કર્યા વિના પ્રથમથી જ છોડી દે કે જેથી ભૌતિક મોદકવત્ હાસ્યાસ્પદ ન બને.

સંસારમાં સર્વોપરી સુખ ચક્રવર્તીનું છ ખંડનું સામ્રાજ્ય પ્રાપ્ત થવું તે મનાય છે. તેવું શ્રેષ્ઠ સુખ પૂર્વમાં ઘણાં કષ્ટે કરેલા તપનું ફળ હોય છે. તેવાં શ્રેષ્ઠ સુખને પણ છોડીને ચક્રવર્તીઓ શાશ્વત મોક્ષસુખ માટે યત્ન કરે છે અને મોક્ષસુખ પામે છે ત્યારે જ પોતાને કૃતકૃત્ય માને છે. સર્વથી અધિક શ્રેષ્ઠ પુણ્યશાળી તીર્થંકરો પણ રાજ્યલક્ષ્મીને છોડયા પછી જ આર્હન્ત્ય લક્ષ્મી અને અન્તે મોક્ષલક્ષ્મીને પામે છે. આમ જ્યારે સર્વ વિષયો છોડવા અનિવાર્ય છે ત્યારે સૌથી ઉત્તમ તો એ છે કે મમત્વબુદ્ધિને છોડીને તેને ગ્રહણ જ ન કરવા. જો ગ્રહણ કર્યા પછી છોડવા પડે તો તે સાધુની માફક નિંદાપાત્ર બનવાનો પ્રસંગ આવે. કોઈ સાધુ (પરિવ્રાજક) ભિક્ષામાં મળેલો લાડુ વિષ્ઠામાં પડી જાય છતાં તેને લઈ લે પણ તે લેતાં તેને કોઈ જોઈ જાય અને પૂછે કે આવો લાડુ લઈને તમે શું કરશો? ત્યારે તે કહે કે એને લઈ જઈ ધોઈને પછી ફેંકી દઈશ આમ કહેવાથી તે સૌને હાંસીનું કારણ બને છે.

અથવા માટી વગેરેનો કૃત્રિમ લાડુ દૂરથી દેખીને તેને સાચો માની કોઈ લેવા જાય તો જોનાર સૌ કોઈ તેની હાંસી કરે છે ત્યારે તે ફેંકી દે છે.

કોઈ રીતે મળેલા વિષયો અસત્ય છે. જોતજોતામાં, વિજળીના ચમકારાની માફક જતા રહેવાના છે. પાપ કર્મનો ઉદય આવે તો મરણ પહેલાં પણ તે ચાલ્યા જાય તેવા છે; અને તું તેને ચાહતો હતો છતાં તે જતા રહેવાથી લોકોની હાંસીને પાત્ર બને છે. માટે તારે શા માટે તું ભૌતિક પાસે તારી હાંસી શા માટે કરાવે છે? જ્યાં સુધી એ વિષયો નથી મળ્યા ત્યાં સુધી તને એ સારરૂપ લાગે છે તેથી તેને તું ચાહે છે. પરંતુ તે પ્રાપ્ત થતાં તને તે નિઃસાર સમજાશે તથા પછી તેને છોડવાનું ઇચ્છા કરીશ, ત્યારે લોક તારી હાંસી કરશે.

માટે પહેલેથી જ છોડી દે કે જેથી લોકની હાંસીને પાત્ર બનવાનો પ્રસંગ જ ન આવે. જે પ્રાણી તેને યોગ્ય એવાં ધર્મનાં આચરણ કર્યા વિના મોહવશ થઈ વિષયો પ્રાપ્ત કરવા નિષ્ફળ પ્રયત્ન કરે છે તે લોકોની હાંસીને પાત્ર થાય છે.

માટે વાસ્તવિક સુખનું કારણ જે ધર્મ તેનું જ પાલન કરવું યોગ્ય છે, તેથી આ લોક અને પરલોક સંબંધી સુખોની પ્રાપ્તિ સહજે થશે. ૪૦

सर्वं धर्ममयं क्वचित्क्वचिदपि प्रायेण पापात्मकं
क्वाप्येतद् द्वयवत्करोति चरितं प्रज्ञाधनानामपि ।
तस्मादेष तदन्धरज्जुवलनं स्नानं गजस्याथवा
मत्तोन्मत्तविचेष्टितं न हि हितो गेहाश्रमः सर्वथा ॥४१॥

કોઈ કહે કે વિષયો છોડવાની શી જરૂર છે? ગૃહાશ્રમમાં રહીને પણ ધર્મ થઈ શકે છે. તેને કહે છે.

કદી ધર્મમય પ્રવૃત્તિ, પ્રાયે પાપમય વર્તન કદી,
કદી ઉભયમય વર્તન ગૃહસ્થી પ્રાજ્ઞતણું પણ જો યદિ;
જયમ અંધનું વણવું નિરર્થક સ્નાન ગજનું છે વૃથા,
ઉન્મત્ત વર્તન ત્યાં ગૃહાશ્રમ શ્રેયકર નહિ સર્વથા. ૪૧

પ્રજ્ઞારૂપી ધનવાળા બુદ્ધિમાન ગૃહસ્થોનું પણ પ્રવર્તન કવચિત્ સામાયિક, ભક્તિ, સત્સંગ, સ્વાધ્યાય આદિ શુભ કાર્યમાં પૂર્ણ ધર્મરૂપ હોય છે, કવચિત્ ભોગાદિમાં વર્તવારૂપ પૂર્ણ પાપરૂપ હોય છે, તથા કવચિત્ મંદિર, દેરાસર, આદિ કરાવવારૂપ કાર્યમાં ઉભય (પાપ-પુણ્ય) રૂપ હોય છે. એટલા માટે આ ગૃહાશ્રમ આંધળો વણે અને વાછડો ચાવી જાય, અથવા હાથી સ્નાન કરે અને પોતાની સૂંઢવડે પોતાના શરીર ઉપર પુષ્કળ ધૂળ નાખી તે સ્નાન વ્યર્થ કરે; એમ બન્નેની ક્રિયા વ્યર્થ છે, તેમ ગૃહાશ્રમનું પ્રવર્તન પણ હિતકારક નથી. અર્થાત્ ગૃહાશ્રમમાં રહી કેવળ ધર્મરૂપ પ્રવર્તન સુલભ નથી. માટે જ જ્ઞાની પુરુષોએ સર્વત્યાગનો ઉપદેશ કર્યો છે. આત્માનું સાચું કલ્યાણ નિર્ગ્રંથ માર્ગથી જ થવું સંભવે છે. ૪૧

હવે ગૃહાશ્રમમાં ખેતી વગેરે ક્લેશ અને કષ્ટદાયક પ્રવૃત્તિથી સાચું સુખ મળવું શક્ય નથી તે દર્શાવે છે:

कृष्ट्वोप्त्वा नृपतीन्निषेव्य बहुशो भ्रान्त्वा वनेऽम्भोनिधौ
किं क्लिश्नासि सुखार्थमत्र सुचिरं हा कष्टमज्ञानतः ।

तैलं त्वं सिकतास्वयं मृगयसे वाञ्छेर्विपाज्जीवितुं
नन्वाशाग्रहनिग्रहात्तव सुखं न ज्ञातमेतत्त्वया ॥४२॥

કૃષિ કરી નરપતિ સેવી, બહુવન જળધિ ભમતો નષ્ટ હા !
સુખકાજ કાં અજ્ઞાનથી, ચિર કલેશ સહતો કષ્ટ હા !
તું તેલ શોધે રેતીમાં, વિષ ખાઈ જીવન ઈચ્છતો ?
આશારૂપી ગ્રહવશ થતાં, સુખ સત્ય એ નથી જાણતો. ૪૨

ગૃહાશ્રમમાં તું સુખ પ્રાપ્ત કરવા માટે આશા–તૃષ્ણાથી જમીનને ખેડી, બી વાવી ખેતી કરીને, અથવા રાજાદિની સેવા કરીને, અર્થાત્ નોકરી ચાકરી, દાસત્વ કરીને, અથવા બહુ વાર જંગલોમાં, સમુદ્રમાં પરિભ્રમણ કરીને વ્યાપાર કરીને, દીર્ઘ કાળથી શા માટે કષ્ટ સહન કરી રહ્યો છે ? અજ્ઞાનતાથી તું આ જે કષ્ટ સહન કરી રહ્યો છે તેથી તો એમ જણાય છે કે તું રેતીમાંથી તેલ નીકળશે એમ ધારી રેતી પીલી રહ્યો છે, અથવા વિષ ખાઈને જીવન ટકાવવા ઇચ્છી રહ્યો છે. રેતીમાંથી તેલ નીકળવું જેમ અશક્ય છે અથવા વિષપાન કરનારને જીવન ટકાવવું અસંભવિત છે, તેમ ઉપરોક્ત ખેતી, વ્યાપાર આદિ દ્વારા યથાર્થ સુખ પામવું તે અસંભવિત છે. હે ભવ્ય ! તને શું ખબર નથી કે અભીષ્ટ સુખ તો આશાનો નાશ થાય અને સંતોષ પ્રાપ્ત થાય ત્યારે જ મળી શકે છે. ૪૨

आशाहुताशनग्रस्तवस्तूच्चैर्वंशजां जनाः ।
हा किलैत्य सुखच्छायां दुःखघर्मापनोदिनः ॥४३॥

આશાગ્નિથી સંતપ્ત ઊંચા વાંસની છાયા ચહે ?
સુખ અલ્પ વસ્તુભોગમાં, સંતાપ તો અધિકો દહે. ૪૩

હા ! ખેદ છે કે અજ્ઞાની પ્રાણી આશારૂપ અગ્નિથી વ્યાપ્ત ભોગોપભોગ પદાર્થોરૂપ ઊંચા વાંસથી ઉત્પન્ન થયેલી સુખરૂપ (સુખાભાસરૂપ) છાયાને પામીને સંતાપને દૂર કરવા માગે છે.

જે અજ્ઞાની પ્રાણી વિષયતૃષ્ણાને વશ થઈ અભીષ્ટ ભોગોપભોગ વસ્તુઓ મેળવીને યથાર્થ સુખ પ્રાપ્ત થશે એમ જાણે છે તેનો તે પ્રયાસ કેવો છે ? જેમ સૂર્યના તાપથી તપેલો કોઈ મનુષ્ય તે તાપ દૂર કરવા માટે, અને શાંતિ લેવા માટે અગ્નિથી બળતા એવા ઊંચા વાંસની છાયામાં બેસી તે તાપ દૂર કરવા ઇચ્છે તેના જેવો તે પ્રયાસ છે.

અર્થાત્ ઊંચા વાંસની કંઈ ઉપયોગમાં આવે એવી છાયા પડતી નથી. વળી તે અગ્નિથી બળતો હોવાથી એવા વાંસની છાયાનો આશ્રય કરવાથી કોઈનો પણ સંતાપ જેમ દૂર થતો નથી, પણ અધિક વધે છે, તેમ વિષયતૃષ્ણારૂપ તાપને શાન્ત કરવાની ઇચ્છાવાળા જીવ

ઈષ્ટ સામગ્રીના સંગમ માટે પ્રવૃત્ત થાય છે ત્યાં તેની તે તૃષ્ણા ઉત્તરોત્તર વધતી જ જાય છે, પરંતુ ઓછી કે નાશ તો થતી જ નથી.

વિષયતૃષ્ણારૂપ અગ્નિની જ્વાળાઓ પ્રાણીને બધી બાજુથી બાળે છે. તેની શાંતિ ઇન્દ્રિયવિષયોની વૃદ્ધિથી થતી નથી. પરંતુ તેથી તો તે અધિક વધી જાય છે. આ તૃષ્ણાનો સ્વભાવ જ છે. પ્રાપ્ત થયેલા ઇન્દ્રિયવિષયો માત્ર થોડા વખત માટે જ શરીરના સંતાપને દૂર કરી શકે છે. આ પ્રકારે વિચાર કરીને જ પૂર્વના મહાપુરુષો, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ આદિ, પોતે તીર્થંકરો તેમજ ચક્રવર્તીઓ હોવા છતાં તે સુખોને ત્યાગી આત્મસુખ પામી-ને જ કૃતાર્થ થયા. ૪૩

> खातेऽभ्यासजलाशयाऽजनि शिला प्रारब्धनिर्वाहिणा
> भूयोऽभेदि रसातलावधि ततः कृच्छ्रात्सुतुच्छं किल ।
> क्षारं वार्युदगात्तदप्युपहतं पूतिकृमिश्रेणिभिः
> शुष्कं तच्च पिपासितोऽस्य सहसा कष्टं विधेश्चेष्टितम् ॥४४॥

> જળ નિકટ ધારી કૂપ ખોદે, ત્યાં શિલા નીકળે તળે,
> તે ભેદતાં કષ્ટે રસાતળ પહોંચતાં જળ તો મળે,
> તે અલ્પ, ખારું, કોટિ કૃમિયુત, ખૂબ દુર્ગંધિ ભર્યું,
> તે પણ પીવા જતાં, સુકાયે, હા ! વિધિ બળિયું હર્યું. ૪૪

હવે દૈવયોગે કદાચ કાંઈ અલ્પ સુખ વિષયોથી પ્રાપ્ત થાય છે તો પણ તે જોત-જોતામાં જતું રહે છે, અર્થાત્ સ્થિર નથી રહેતું તે દર્શાવે છે.

થોડું ખોદતાં જ પાણી નીકળશે એવી આશાથી કોઈ તૃષાતુર મનુષ્યે કૂવો ખોદવા માંડ્યો, ત્યાં વચમાં શિલા આવી. શરૂ કરેલું કાર્ય પૂરું કરવા તેણે મહા કષ્ટે શિલાને ખોદી પાતાળ સુધી ઊંડું ખોદ્યું. ત્યાં ઘણા કષ્ટે કંઈક થોડું પાણી નીકળ્યું, તે પણ અત્યંત ખારું, દુર્ગંધવાળું, અને કીડાઓથી ખદબદતું. તેવું પાણી પણ જ્યાં તે પીવા જાય છે, ત્યાં તો જોતજોતામાં તે સુકાઈ ગયું ! આવી દૈવની પ્રબળતા છે.

જો પાપનો ઉદય હોય તો પ્રાણી ઇષ્ટ વિષય સામગ્રીને મેળવવા ગમે તેવા પ્રબળ પ્રયત્નો કરે તો પણ કંઈ પ્રાપ્ત થાય નહિ. જો કદા કોઈ પ્રકારે કંઈ થોડી મળે તો તેની તૃષ્ણા, અગ્નિમાં ઘી હોમતાં જેમ અગ્નિ વધી જાય તેમ, અત્યંત વધી જાય છે. જેથી તેને શાંતિ મળવાને બદલે અશાંતિ અધિક પ્રાપ્ત થાય છે. માટે સુખી રહેવાનો સરળ ઉપાય પૂર્વ પુણ્યથી મળેલી સામગ્રીમાં સંતોષ રાખી ભવિષ્યને માટે ધર્મમય આચરણ કરે. કારણ કે સુખનું સાચું કારણ ધર્મ જ છે. ૪૪

તેવી જ રીતે સંપૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન તે સાચું જ્ઞાન છે. તે ધનાદિથી નહિ પણ તેના ત્યાગથી પમાય છે. તેમ જ જ્યાંથી પુનરાગમન થાય તે મોક્ષગતિ, એ જ સાચી ગતિ છે કે જ્યાં ગયા પછી ફરી જન્મ-મરણના ચક્રમાં આવવું પડતું નથી પણ અનંત અવ્યાબાધ સુખમાં સદાને માટે વિરાજમાન થઈ જીવ કૃતાર્થ થાય છે. તે પણ ધનાદિથી નહિ પણ તેના ત્યાગથી જ પ્રાપ્ત થાય છે. ૪૬

वार्तादिभिर्विषयलोल विचारशून्यः
क्लिश्नासि यन्मुहुरिहार्थपरिग्रहार्थम् ।
तच्चेष्टितं यदि सकृत्परलोकबुद्धया
न प्राप्यते ननु पुनर्जननादि दुःखम् ॥४७॥

રે! વિષય લંપટ! ધન પરિગ્રહ કાજ કષ્ટ અતિ સહે,
રે! રે! વિચાર રહિત! ફરી ફરી ક્લેશકારી પથ ચહે;
એ કષ્ટમય પ્રવૃત્તિ એક જ વાર પરભવ હિત ચહી,
જો થાય તો જન્માદિ દુઃખની પ્રાપ્તિ કદી થાયે નહીં. ૪૭

વિષયસુખની અપેક્ષાએ મોક્ષસુખને પામવું સુલભ છે તે દર્શાવે છે.

હે વિષયલમ્પટ! તું અહીં વિષયોમાં મુગ્ધ થઈને, વિવેકરહિત થયેલો જે ખેતી, પશુપાલન, વ્યાપાર આદિ દ્વારા ધન કમાવા માટે વારંવાર કષ્ટ સહન કરે છે તેવી કષ્ટમય પ્રવૃત્તિ (તપશ્ચરણાદિ) પરલોક માટે, અર્થાત્ આગામી ભવને સુખમય બનાવવા માટે એકવાર પણ કરે તો નિશ્ચયથી ફરી વારંવાર જન્મ-મરણનાં દુઃખને ન જ પામે. ૪૭

संकल्प्येदमनिष्टमिष्टमिदमित्यज्ञातयाथात्म्यको
बाह्ये वस्तुनि किं वृथैव गमयस्यासज्य कालं मुहुः ।
अन्तः शान्तिमुपैहि यावदद्यप्राप्तान्तकप्रस्फुर-
ज्ज्वालाभीषणजाठरानलमुखे भस्मीभवेन्नो भवान् ॥४८॥

વસ્તુ સ્વરૂપ યથાર્થ જાણ્યા વિણ કરી સુખકલ્પના,
આસક્તિ ઇષ્ટાનિષ્ટથી, શી વ્યર્થ કાળની ક્ષેપના?
જ્યાં સુધી જ્વાળાભીષણ, નિર્દય કાળ જઠરાગ્નિ તને
બાળી કરે ના ભસ્મ ત્યાં લગી શાંતિ અંતર સાધ ને. ૪૮

હે ભવ્ય! તું પદાર્થના યથાર્થ સ્વરૂપને જાણ્યા વગર આ ઇષ્ટ છે, આ અનિષ્ટ છે

आस्वाद्याद्य यदुज्झितं विषयिभिर्व्यावृत्तकौतूहलै-
स्तद्भूयोऽप्यविकुत्सयन्नभिलषस्यप्राप्तपूर्वं यथा ।
जन्तो किं तव शान्तिरस्ति न भवान् यावद् दुराशामिमा-
मंहःसंहतिवीरवैरिपृतनाश्रीवैजयन्तीं हरेत् ।।५०।।

વિષયી જને જે ભોગવી, ત્યાગ્યા વિષય વિરતિ ધરી,
તે એંઠ ચાહે, ગ્લાનિ વિણ તું ગણી અપૂર્વ, સ્પૃહા કરી;
હે જીવ! શાંતિ ના તને, જ્યાં લગી દુરાશા એ ખરે,
અઘસમૂહ વીર અરિચમૂ જયધ્વજા એ જો ના હરે. ૫૦

જે સ્ત્રી આદિ વિષય ભોગોને વિષયી જનોએ ભોગવીને, તેથી વિરક્ત થઈ તજી દીધા છે, તે એંઠને તું ઘૃણા રહિત થઈ, જાણે અપૂર્વ હોય એમ ગણી, ભોગવવા ઇચ્છે છે! હે જીવ! જ્યાં સુધી પાપસમૂહરૂપી વીર શત્રુની સેનાની ફરકી રહેલી ધ્વજા સમાન એ દુષ્ટ વિષયતૃષ્ણાને તું નષ્ટ નહિ કરી દે ત્યાં સુધી શું તને કદી શાંતિ થવાની છે? અર્થાત્ કદી થવાની નથી. માટે વિવેકને પ્રાપ્ત કરી દુષ્ટ વિષયવાસનાને તું નષ્ટ કરી દે કે જેથી અનુપમ શાંતિ પ્રાપ્ત થાય. એ નિશ્ચિત છે કે સુખનું કારણ અભીષ્ટ વિષયોની પ્રાપ્તિ નથી પણ તેનો પરિત્યાગ જ છે. ૫૦

भङ्क्त्वा भाविभवांश्च भोगिविषमान् भोगान् बुभुक्षुर्भृशं
मृत्वापि स्वयमस्तभीतिकरुणः सर्वाञ्जिघांसुर्मुधा ।
यद्यत्साधुविगर्हितं हतमतिस्तस्यैव धिक् कामुकः
कामक्रोधमहाग्रहाहितमनः किं किं न कुर्याज्जनः ।।५१।।

રે! ભાવિભવનાં સુખ ગુમાવી, સર્પ સમ ભોગો ચહ્યા!
પોતે મરીને પણ બધાં હણવા તજી ભય ને દયા,
રે! સાધુનિન્દિત સર્વ કરવા હતમતિ ધિક્ કામના!
જે કામ ક્રોધ મહાગ્રહે અતિ ગ્રસ્ત શું ન કરે જના? ૫૧

સ્વર્ગાદિ આગામી ભવનાં સુખ ભોગી(ઇન્દ્રિયલંપટ)જનોને મળવાં દુર્લભ છે, અર્થાત્ વિષયી જનોને કદી પ્રાપ્ત થતાં નથી. તેવાં સુખને નષ્ટ કરીને અર્થાત્ તેવાં સુખ પ્રાપ્ત કરવાનાં મૂકીને અજ્ઞાની પ્રાણી સર્પ સમાન ભયંકર તે ભોગો ભોગવવાની અતિશય ઇચ્છા કરે છે. તે ભય અને દયાથી રહિત થઈને પોતે મરીને પણ વ્યર્થ બીજાઓને મારવા ઇચ્છે છે. જે જે નીચ કાર્યો કરવાનાં મહા પુરુષોએ નિંદ્યાં છે તે તે સર્વ, ધિક્કાર છે કે આ દુર્બુદ્ધિ જીવ કરવા ચાહે છે. કામ ક્રોધ આદિ દુષ્ટ પિશાચ સમાન છે, તેનાથી પીડિત પ્રાણી હેયાદેયનો વિચાર નહિ કરતાં ગમે તેવાં પાપ પણ કરી બેસે છે. ૫૧

श्वो यस्याजनि यः स एव दिवसो ह्यस्तस्य संपद्यते
स्थैर्यं नाम न कस्यचिज्जगदिदं कालानिलोन्मूलितम्
भ्रातर्भ्रान्तिमपास्य पश्यसितरां प्रत्यक्षमक्ष्णोर्न किं
येनात्रैव मुहुर्मुहुर्बहुतरं बद्धस्पृहो भ्राम्यसि ॥५२॥

જે દિવસ આવતી કાલ છે ગઈ કાલ તેહિ જ દિન બને,
સ્થિર વસ્તુ જગમાં કો નહીં, સૌ કાળ વાયુ નિકંદને,
ભ્રાતા! તજીને ભ્રાન્તિ તું કયમ નયન ખોલી ના જુવે?
કે જેથી ભોગેચ્છા વડે બંધાઈ ભમતો ભવભવે. ૫૨

જે વસ્તુને માટે જે દિવસ આવતી કાલ કહેવાતો તે જ વસ્તુને માટે તે જ દિવસ ગઈ કાલ થઈ જાય છે. અહીં કોઈ વસ્તુ સ્થિર નથી. આ આખા જગતની બધી વસ્તુએ કાલરૂપ વાયુ વડે મૂળમાંથી ઉખેડી નંખાય છે. હે ભાઈ! શું તું ભ્રમ તજીને આંખોથી પ્રત્યક્ષ નથી જોતો કે જેથી આ નશ્વર બાહ્ય વસ્તુઓના વિષયમાં વારંવાર તેની જ ઇચ્છા કરીને દીર્ઘ કાલથી પરિભ્રમણ કર્યા કરે છે? ૫૨

संसारे नरकादिषु स्मृतिपथेऽप्युद्वेगकारिण्यलं
दुःखानि प्रतिसेवितानि भवता तान्येवमेवासताम् ।
तत्तावत्स्मर सस्मरस्मितशितापाङ्गैरनङ्गायुधै-
र्वामानां हिमदग्धमुग्धतरुवद्यत्प्राप्तवान्निर्धनः ॥५३॥

દુઃખો સહ્યાં સંસારમાં નરકાદિનાં જે ફરી ફરી,
તેની સ્મૃતિ પણ ત્રાસ દે. તેથી અધિક સ્મર તું જરી;
નિર્ધન સ્થિતિમાં યુવતી જનનાં કામબાણ કટાક્ષથી,
હિમદગ્ધ મુગ્ધ તરુવત બળી દુઃખ તેં સહ્યાં પ્રત્યક્ષથી. ૫૩

[illegible] સ્મરણ પણ અત્યંત સંતાપ ઉત્પન્ન કરનાર છે. તેની અંદર [illegible] તેં જે અનંત દુઃખો સહન કર્યાં છે તેની વાત તો જવા દો, [illegible] છે, પરંતુ હે ભવ્ય! ધનથી રહિત એવા તેં [illegible] મંદ હાસ્ય યુક્ત તીક્ષ્ણ, કટાક્ષોથી વીંધાઈને [illegible] દુઃખ પ્રાપ્ત કર્યાં છે તેનું તો જરા સ્મરણ કર. વિષ[illegible] દુઃખ અને તેના ફળરૂપ પરલોકમાં અધોગતિનાં દુઃખનો [illegible] બન્ને બાબતમાં સુખી થા. ૫૩

उत्पन्नोऽस्यसि दोषधातुमलवद्देहोऽसि कोपादिवान्
साधिव्याधिरसि प्रहीणचरितोऽस्यस्यात्मनो वञ्चकः ।
मृत्युव्यात्तमुखान्तरोऽसि जरसा ग्रास्योऽसि जन्मिन् वृथा
किं मत्तोऽस्यसि किं हितारिरहिते किं वासि बद्धस्पृहः ॥५४॥

ઉત્પન્ન છું, તન મલિન તું, છું ક્રોધ રાગાદિરતો;
દુશ્ચરિત્રી તું, આધિ વ્યાધિ સહિત આતમ વંચતો;
તું મરણ મુખમાં, જરા ગ્રાસે, જન્મ ભવ ભવ ધારતો,
તું મત્ત શું ? નિજ હિત અરિ શું ? કે ન તૃષ્ણા ત્યાગતો ? ૫૪

વારંવાર જન્મને ધારણ કરનાર હે જન્મિન્ (પ્રાણી) ! તું ઉત્પન્ન થયો છું, વાત પિત્તાદિ દોષ, રસ રુધિરાદિ સાત ધાતુ, તથા મળ મૂત્રાદિ યુક્ત શરીરને ધારણ કરનારો છું, ક્રોધાદિ કષાયો સહિત છું, મનનાં માનસિક દુઃખ તે આધિ અને શરીરમાં રોગાદિ તે વ્યાધિથી પીડિત છું, દુષ્ટ આચરણવાળો છું, મૃત્યુએ ફાડેલા મુખની વચમાં અર્થાત્ મરણોન્મુખ છું, તથા જરા, વૃદ્ધાવસ્થાનો ગ્રાસ બનનાર છું, તો પણ હે અજ્ઞાની પ્રાણી ! સમજમાં નથી આવતું કે શું તું તારા જ હિતનો શત્રુ છે ? કે ઉન્મત્ત થઈને તું તે અહિતકારક વિષયોની અભિલાષા કેમ કરે છે ? ૫૪

उग्रग्रीष्मकठोरघर्मकिरणस्फूर्जद्गभस्तिप्रभैः
संतप्तः सकलेन्द्रियैरयमहो संवृद्धतृष्णो जनः ।
अप्राप्याभिमतं विवेकविमुखः पापप्रयासाकुल-
स्तोयोपान्तदुरन्तकर्दमगतक्षीणोक्षवत् क्लिश्यते ॥५५॥

રે ! ગ્રીષ્મકાળ કઠોર રવિનાં કિરણવત્ સંતાપતી,
તૃષ્ણા વિષય સુખની વધીને ચિત્ત જનનાં બાળતી,
ઇચ્છિત જો પામે નહીં, વિવેક વિણ પાપો કરે,
કાદવ વિષે ખૂંચેલ તો તે બળદવત્ ક્લેશે મરે. ૫૫

વિષય સુખની તૃષ્ણા વધીને મનુષ્યોનાં મનને ઉનાળામાં, ગ્રીષ્મમાં તપેલા કઠોર રવિનાં તપેલાં કિરણોના પ્રચંડ તાપ સમાન બાળે છે. આ તૃષ્ણાથી સંતપ્ત પ્રાણી વિવેકને નષ્ટ કરી ઇચ્છિત વિષયોને મેળવવા માટે પાપાચારમાં વર્તી વ્યાકુલ થાય છે. અને જ્યારે ઇચ્છિત વિષયો નથી મળતા ત્યારે તે, તરસથી પીડાઈને પાણીની નિકટ અગાધ કાદવમાં ફસી ગયેલા નિર્બળ બળદની માફક, ક્લેશને પામે છે. ૫૫

જ તેની નિદ્રાનો નાશ થઈ તે જાગી ઊઠે છે. ઊંઘેલા માણસ પાસે વાજાં વાગે તો તે તરત જ ઊંઘને તજી જાગૃત થઈ જાય છે. પરંતુ આ મોહનિદ્રા તો એવી પ્રબળ છે કે અનેક પાપકર્મરૂપી મધમાખીઓના સતત દંશથી ડસાતા છતાં, અનેક દુઃખરૂપી અગ્નિની જ્વાળાઓથી દઝાતાં છતાં, અનેક મૃતકોની આગળ યમનાં વાજાંના ગંભીર શબ્દો વારંવાર સંભળાતા છતાં, આ જીવની એ દુઃખદ મોહનિદ્રા ટળતી નથી અને આત્મજાગૃતિ પમાતી નથી, એ આશ્ચર્ય છે! ૫૭

तादात्म्यं तनुभिः सदानुभवनं पाकस्य दुष्कर्मणो
व्यापारः समयं प्रति प्रकृतिभिर्गाढं स्वयं बन्धनम् ।
निद्रा विश्रमणं मृतेः प्रतिभयं शश्वन्मृतिश्च ध्रुवं
जन्मिन् जन्मनि ते यथापि रमसे तत्रैव चित्रं महत् ।।५८।।

ભવભવે તનતાદાત્મ્યતા, દુઃખ કર્મફળ વેદે અતિ,
પ્રતિ સમય જ્ઞાનાવરણ આદિ કર્મબંધ ક્રિયાતતિ;[1]
વિશ્રામ નિદ્રા, મરણભીતિ, તે અવશ્યે આવતું,
તો પણ રમે તું ત્યાં જ એ આશ્ચર્ય ઉર રેલાવતું. ૫૮

આ શરીર સાથે તારો અનાદિકાળથી નિયત સંબંધ છે, શરીર દુઃખનું મૂળ છે. એક છૂટે છે ત્યાં બીજું પ્રાપ્ત થાય છે. બીજું છૂટે છે ત્યાં ત્રીજું મળે છે. તેથી આજ સુધી તારો છૂટકારો થયો નથી. આમ શરીરની પરંપરા ચાલી આવી છે અને તેમાં તારો મોહ (મમતા) પણ ચાલુ રહ્યા કર્યો છે. તે શરીર રહેવાથી પાપકર્મનો પરિપાક, દુઃખ તારે સદા ભોગવવું પડે છે. શરીર જ ન હોય તો સુખ–દુઃખનો અનુભવ કરવો જ ન પડે. અમૂર્ત આત્માને આ શરીર વિના કોઈ દુઃખ હોય જ નહિ. શરીર હોવાથી જીવને નિરંતર કર્મનો બંધ થયા કરે છે. જ્ઞાનાવરણાદિ આઠેય કર્મની પરંપરા ચાલુ બંધાયા કરે છે. આ પ્રવૃત્તિ ચાલુ રહ્યા કરે છે. તેમાં નિદ્રા એ વિસામો છે. પરિશ્રમથી થાક લાગતાં વિસામો લેવા જીવ નિદ્રામાં અચેત મૃતક સમાન પડી રહે છે. મરણનો સદા ભય રહ્યા કરે છે. તો પણ મરણ તો અવશ્ય આવે છે જ. હે વારંવાર જન્મ–મરણ કરી રહેલા જન્મિન્! તારા જીવનમાં આવાં દુઃખો લાગી રહ્યાં છે, છતાં તું હજુ તે શરીરાદિમાં જ પ્રેમ, પ્રીતિ, મમતા કરી રહ્યો છે! વિષયોને સુખનાં સાધક સમજીને તેમાં જ નિઃશંક રમ્યા કરે છે, તેને દુઃખનાં કારણ સમજતા છતાં પણ તેમાં જ લીન રહે છે! આ અત્યંત આશ્ચર્ય છે! ૫૮

अस्थिस्थूलतुलाकलापघटितं नद्धं शिरास्नायुभि-
श्चर्माच्छादितमस्रसान्द्रपिशितैर्लिप्तं सुगुप्तं खलैः ।

---

૧. પરંપરા.

तत्कृत्यं किमिहेन्धनैरिव धनैराशाग्निसंधुक्षणैः
संबन्धेन किमङ्ग शश्वदशुभैः संबन्धिभिर्बन्धुभिः ।
किं मोहाहिमहाबिलेन सदृशा देहेन गेहेन वा
देहिन् याहि सुखाय ते समसमं मा गाः प्रमादं मुधा ॥६१॥

જીવ ! ધન અને ઇંધન સમું આશાગ્નિને ઉત્તેજવા,
વળી બંધુ સંબંધીથી શું ? તે દુર્ગતિપ્રદ જાણવા;
દર મોહસર્પનું દેહ આ વળી ગેહ તેમજ દુઃખદ એ,
સુખકાજ આશા શી શમાવી તજ સમસ્ત પ્રમાદને. ૬૧

હે દેહિન્, શરીરધારી પ્રાણી! ઇન્ધનની માફક તૃષ્ણારૂપ અગ્નિને ઉત્તેજિત કરનાર ધનનું તારે શું કામ છે? અર્થાત્ કાંઈ નહિ. પાપનાં કારણ એવાં સ્વજનાદિ સંબંધીઓ સાથે સંબંધ રાખવાથી તને શો લાભ છે? અર્થાત્ કાંઈજ નહિ. મોહરૂપ સર્પના મોટા દર જેવું આ શરીર તથા ઘરથી પણ તને શું પ્રયોજન છે? કાંઈ જ નહિ; આવા વિચારે હે જીવ! તું સુખનું કારણ એવી જે તૃષ્ણાની શાંતિ પ્રાપ્ત કર. તેમાં વ્યર્થ પ્રમાદ ન કર. ૬૧

आदावेव महाबलैरविचलं पट्टेन बद्धा स्वयं
रक्षाध्यक्षभुजासिपञ्जरवृता सामन्तसंरक्षिता ।
लक्ष्मीर्दीपशिखोपमा क्षितिमतां हा पश्यतां नश्यति
प्रायः पातितचामरानिलहतेवान्यत्र काशा नृणाम् ॥६२॥

નૃપલક્ષ્મીની રક્ષા કરે બળવાન મંત્રી પ્રથમ તો,
સામન્ત રક્ષાધ્યક્ષથી રક્ષાય તો પણ ચપળ જો;
ચામરપવનથી દીપશિખાવત્ જોતજોતાં નષ્ટ એ,
તો અન્ય સ્થાને સ્થિરતાની આશ શી? હા કષ્ટ એ! ૬૨

જે રાજાઓની લક્ષ્મી સર્વ પ્રથમ બળવાન મંત્રી અથવા સેનાપતિ દ્વારા પટ્ટબંધરૂપે નિશ્ચળતાથી બાંધવામાં આવે છે, જેની પાછળ હાથમાં તરવાર આદિ શસ્ત્રસહિત રક્ષાધિકારી પુરુષો રક્ષા માટે રાખવામાં આવે છે, તથા જે અનેક સૈનિકો દ્વારા રક્ષિત રહે છે, તે અસ્થિર રાજલક્ષ્મી પણ ઢોળવામાં આવતાં ચામરોના પવનથી દીપકની જ્વાળાની જેમ જ્યાં જોતજોતામાં નષ્ટ થઈ જાય છે, ત્યાં ભલા, બીજા સામાન્ય માણસની લક્ષ્મીની શી આશા રાખી શકાય? અર્થાત્ લક્ષ્મી કોઈની પણ પાસે સ્થિર રહેનાર નથી, માટે અવિનાશી સુખની પ્રાપ્તિ માટે વિનશ્વર લક્ષ્મીની અભિલાષા તજીને સંતોષનો જ આશ્રય કર્તવ્ય છે. ૬૨

ધનપ્રાપ્તિ વિણ નિર્ધન દુઃખી, તૃપ્તિ વિના ધનિકો દુઃખી;
એ ખેદખિન્ન સમસ્ત ત્યાં! મુનિરાજ સંતોષે સુખી. ૬૫

નિર્ધન મનુષ્યને ધન નહિ હોવાથી તે દુઃખી થાય છે, અને ધનવાન મનુષ્યોને સંતોષ નહિ રહેવાથી તે દુઃખી થાય છે, આ પ્રકારે ખેદ છે કે નિર્ધન કે ધનવાન સર્વ દુઃખ જ અનુભવે છે. જો કોઈ સુખી હોય તો એક 'સુખી' એટલે તૃષ્ણાથી રહિત, સંતોષવાળા મુનિ જ સુખી છે. તેથી ધન કાંઈ સુખનું કારણ નથી, તેમ નિર્ધનતા દુઃખનું કારણ નથી, પરંતુ તૃષ્ણા દુઃખનું કારણ છે. સંતોષ જ સુખનું કારણ છે. માટે તેને જ પ્રાપ્ત કરો. ૬૫

पराधीनात् सुखाद् दुःखं स्वायत्तं केवलं वरम् ।
अन्यथा सुखिनामानः कथमासंस्तपस्विनः ॥६६॥

જે અન્યવશ સુખ, દુઃખ તો તે, સ્વવશ ઉત્તમ સુખ ગણ્યું,
નહિ તો 'સુખી' એ નામ ક્યાંથી સંભવે મુનિઓ તણું? ૬૬

જે પરાધીન સુખ છે તે કરતાં તો સ્વાધીન દુઃખ પણ સારાં છે. કારણ કે

'સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહિયે,
એ દૃષ્ટે આતમ ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહિયે રે? ભવિકા૦'

ધનવાનોને જે સુખ છે તે પરાધીન છે. તે પરાધીન સુખ કરતાં પોતાની ઇચ્છાનુસાર અનશન આદિ તપ કરનાર તપસ્વીઓને દેખાતાં કષ્ટ કે દુઃખ તે સારાં છે. કારણ કે એમ ન હોય તો તપસ્વીઓને 'સુખી' કેમ કહેવાય? અથવા જ્ઞાનીઓ 'સુખી' નામથી કેમ ઓળખાય?

જે વિષયજન્ય સુખો છે તે પરાધીન છે. તે સુખ પ્રાપ્ત કરવા તેને યોગ્ય પુણ્ય કે ધન આદિની અપેક્ષા રાખે છે. એવાં પુણ્યાદિ પ્રાપ્ત થાય ત્યારે જીવને તેવાં સુખ મળે છે. વળી તે સુખ પરાધીન હોવાથી દીર્ઘકાળ ટકનાર પણ નથી, અલ્પકાળ જ ટકી રહેનાર છે. તેથી જ્યાં પરાધીનતા નથી ત્યાં જ વાસ્તવિક સુખ છે. તે પરાધીન સુખની અપેક્ષાએ સ્વતંત્રતાથી આચરેલાં અનશનાદિ તપથી ઉત્પન્ન થનાર દુઃખ ઉત્તમ છે કારણ કે તેથી ભવિષ્યમાં સ્વાધીન સુખ પ્રાપ્ત થનાર છે. જ્યારે તે પરાધીન સુખ તો ઉત્તરોત્તર દુઃખનું કારણ બનતું હોવાથી વાસ્તવિકતાએ દુઃખ જ છે. ૬૬

જેની સર્વ પ્રવૃત્તિ સ્વાધીન જ છે તેવા જ્ઞાનીઓને જ સત્ સુખ હોય છે. તેવા જ્ઞાનીઓના સુખની પ્રશંસા હવેના બે શ્લોકમાં દર્શાવે છે:

यदेतत्स्वच्छन्दं विहरणमकार्पण्यमशनं
सहार्यैः संवासः श्रुतमुपशमैकश्रमफलम् ।
मनो मन्दस्पन्दं बहिरपि चिरायाति विमृशन्
न जाने कस्येयं परिणतिरुदारस्य तपसः ॥६७॥

નિજવશ વિહાર, અદીનતા આહારમાં, જ્ઞાનીતણાં,
નિજવાસ આર્યો સાથ, શ્રુત અભ્યાસ શમ શ્રમફળ ગણ્યાં;
મન મન્દવૃત્તિ બાહ્યગમને દીર્ઘકાળ વિચારતાં,
પરિણામ આવાં શ્રેષ્ઠ ના જાણું કયા તપનાં થતાં? ૬૭

ત્યાગી જ્ઞાનીઓનો વિહાર, ગમનાગમન, સ્વતન્ત્રતાપૂર્વક હોય છે, ભોજન દીનતા રહિત હોય છે, આર્ય ઉત્તમ ગુણીજનોનો સંગ હોય છે, શાસ્ત્રાભ્યાસરૂપ પરિશ્રમના ફળમાં રાગાદિના ઉપશમરૂપ શાન્તિ હોય છે, તથા બાહ્ય પર પદાર્થોમાં મન્દ પ્રવૃત્તિવાળું મન હોય છે, આ બધા ગુણો કયા મહાન તપનું પરિણામ છે તે ઘણા કાળથી અતિશય વિચાર કરતાં છતાં મને ખબર પડતી નથી.

અજ્ઞાની ગૃહસ્થીઓ આનાથી વિપરીત પરાધીન હોવાથી તેમનાં ગમનાગમન પણ પરાધીન છે. તેથી તેમને સુખ નથી. તેમને ભોજનમાં આસક્તિ, ગૃદ્ધિ હોવાથી, ત્યાં પણ દુઃખ છે. તેમને સ્વાર્થી જે તે જનોનો સંગ છે તેથી ગુણી જનો કે ઉત્તમજનોનો સહવાસ નહિ હોવાથી ત્યાં પણ દુઃખ છે. જ્ઞાનીઓ પોતાનો સમય શ્રુતજ્ઞાનના પઠન પાઠનમાં વીતાવી સ્વપરનું શ્રેય સાધે છે અને સુખને આસ્વાદે છે જ્યારે અજ્ઞાની ગૃહસ્થીઓ પોતાનો કાળ જે તે રાગદ્વેષનાં કાર્યોમાં જ વીતાવી કર્મબંધન કરી ભાવિનાં દુઃખ જ ઉપાર્જન કરે છે. તેમનાં મન બાહ્ય પદાર્થોમાં જ નિરંતર પ્રવૃત્ત રહે છે, જ્યારે જ્ઞાનીઓનાં મન બાહ્ય પદાર્થોની મહત્તા નહિ લાગવાથી, 'આત્માથી સૌ હીન' એ નિર્ધાર થવાથી આત્માભિમુખ, અંતર્મુખ થયાં છે. તેથી તેમને દુર્લભ આત્મશાંતિ પ્રાપ્ત થાય છે. આમ જ્ઞાનીઓના ગુણો ઘણા તપનાં ફળરૂપે જ પ્રાપ્ત થાય છે. તેથી તે સર્વને પ્રાપ્ત થવા ઘણા દુર્લભ છે. એટલા માટે સ્વતંત્રતામાં જે સુખ છે તે પરાધીનતામાં કદી પ્રાપ્ત થાય તેમ નથી એ સુનિશ્ચિત છે. ૬૭

विरतिरतुला शास्त्रे चिन्ता तथा करुणा परा
मतिरपि सदैकान्तध्वान्तप्रपञ्चविभेदिनी ।
अनशनतपश्चर्या चान्ते यथोक्तविधानतो
भवति महतां नाल्पस्येदं फलं तपसो विधेः ॥६८॥

વિરતિ અનુપમ, શાસ્ત્રચિંતન, શ્રેષ્ઠ કરુણા અંતરે,
બુદ્ધિ મહા એકાન્ત-તમ-વિસ્તાર નાશ સદા કરે;

વિધિયુક્ત અનશન તપશ્ચર્યા અંતકાળે ભય હરે,
પ્રવૃત્તિ મહા પુરુષો તણી નહિ અલ્પ તપનું ફળ ખરે ! ૬૮

તે ઉપરાંત વિષયોનો અનુપમ ત્યાગ, શ્રુતનો અભ્યાસ, ઉત્કૃષ્ટ દયા, નિરંતર એકાંતવાદરૂપ અંધકારના વિસ્તારને નષ્ટ કરવાવાળી સ્યાદ્વાદરૂપ બુદ્ધિ તથા અંતમાં આગમોક્ત વિધિપૂર્વક અનશન તપનું આચરણ અર્થાત્ આહારત્યાગપૂર્વક સમાધિમરણ આ સર્વ મહાત્માઓની પ્રવૃત્તિ કોઈ થોડા તપને આચરવાનું ફળ નથી જ પરંતુ મહાન તપનું જ ફળ છે. ૬૮

उपायकोटिदूरक्षे स्वतस्तत इतोऽन्यतः
सर्वतः पतनप्राये काये कोऽयं तवाग्रहः ॥६९॥

કોટિ ઉપાયે પણ નહીં રક્ષાય નિજ પરથી કદા,
તન નાશશીલ અવશ્ય, તેનો વ્યર્થ આગ્રહ શો સદા ! ૬૯

ધર્મનું સાધન શરીર છે માટે તેને યત્નથી રાખવું જોઈએ એમ કોઈ કહે તો તેને કહે છે કે:

હે ભાઈ ! આ શરીર કોટિ ઉપાયો કરવા છતાં સ્વયં તેનું રક્ષણ થઈ શકે તેમ નથી, તેમ કોઈથી તેની રક્ષા કરાવી શકાય તેમ નથી; પરંતુ જે સર્વ પ્રકારે નષ્ટ જ થવાનું છે, તેવા શરીરની રક્ષા કરવામાં આ તારો કેવો આગ્રહ છે કે હું તેની 'રક્ષા કરું', 'રક્ષા કરું'. અર્થાત્ તેની રક્ષા જ્યારે કોઈ પ્રકારે થઈ શકે એમ જ નથી ત્યારે સર્વ પ્રકારે તેની રક્ષા કરવાના પ્રયત્ન નિરર્થક છે, એમ જાણી જન્મ મરણાદિનાં પરિભ્રમણમાં પડતા આત્માનો ઉદ્ધાર કરી ઉત્તમ ગતિમાં, મોક્ષમાં ધારનાર, સ્થાપન કરનાર ધર્મની સાધના કરી આત્માને અજરામર પદની પ્રાપ્તિ થાય તેમ કરી લેવા યોગ્ય છે. ૬૯

अवश्यं नश्वरैरेभिरायुःकायादिभिर्यदि ।
शाश्वतं पदमायाति मुधायातमवैहि ते ॥७०॥

આ આયુ કાયા આદિ નશ્વર નિશ્ચયે, તોયે યદિ,
જો તેથી શાશ્વત મોક્ષપ્રાપ્તિ, જાણ તો ફોગટ થતી. ૭૦

માટે અવશ્ય નષ્ટ થઈ જનાર આ આયુ અને શરીર આદિ દ્વારા જો તને અવિનાશી શાશ્વત મોક્ષપદ પ્રાપ્ત થાય છે તો તે મોક્ષપદ તને સહેજે વિના પ્રયાસે મફતમાં જ પ્રાપ્ત થાય છે એમ સમજ. તું ખરો બુદ્ધિમાન તો ત્યારે જ ગણાય કે આ આયુ શરીર આદિ અવશ્ય નાશ પામવાનાં જ છે એમ જાણી તે નાશ ન પામે ત્યાં સુધીમાં તું તેનાથી મોહ,

कदा कथं कुतः कस्मिन्नित्यतर्क्यः खलोऽन्तकः ।
प्राप्नोत्येव किमित्याध्वं यतध्वं श्रेयसे बुधाः ॥७८॥

યમ પ્રાપ્ત ક્યારે ક્યાંથી ક્યાં કે કઈ રીતે નહિ જ્ઞાત એ,
નિશ્ચિંત તો કાં? સુજ્ઞ, સત્વર શ્રેય સાધો ભ્રાત હે! ૭૮

એ દુષ્ટ કાલ ક્યારે કેવી રીતે આવે છે? ક્યાંથી આવે છે? અને ક્યાં આવે છે? એ આગળથી જાણી ન શકાય તેવી અતર્ક્ય બાબત છે. છતાં એટલું નિશ્ચિત છે કે તે અવશ્ય આવે છે. માટે હે વિદ્વાનો! તમે નિશ્ચિંત થઈને શા માટે બેઠા છો? આત્માના કલ્યાણને માટે પુરુષાર્થ કરો. અભિપ્રાય એ છે કે પ્રાણીના મરણનો કોઈ સમય નિયત નથી, તેમ સ્થાન પણ નિયત નથી. માટે વિવેકી જનોએ સદા સાવધાન રહીને આત્મહિતમાં લાગેલા રહેવું જોઈએ. ૭૮

असामवायिकं मृत्योरेकमालोक्य कंचन ।
देशं कालं विधिं हेतुं निश्चिन्ताः सन्तु जन्तवः ॥७९॥

કોઈ એક એવો દેશ, હેતુ, કાળ, વિધિ યમગમ્ય ના,
શોધી, પછી નિશ્ચિંત થાઓ! મુક્તિ સાધો અન્યથા. ૭૯

એવો કોઈ દેશ, કે જે દેશમાં મૃત્યુનો કાંઈ પણ સંબંધ ન હોય, એવો કોઈ કાળ કે જેમાં મૃત્યુ આવી ન શકે, એવી કોઈ વિધિ, રીત, કે જે પ્રમાણે વર્તવાથી મૃત્યુને ટાળી શકાય, એવું કોઈ કારણ કે જે પામીને મૃત્યુથી દૂર જ રહી શકાય, તે હોય તો શોધી કાઢો. એવા દેશ, કાળ, વિધિ અને કારણને પામીને પછી હે જીવો! તમે નિશ્ચિન્ત થઈ જાઓ! પરંતુ ધ્યાન રાખો કે મરણ સુધી શોધ કરશો તો પણ તમને કોઈ એવો દેશ, કાળ, વિધિ કે કારણ નહિ જ મળે કે જેથી તમે નિશ્ચિન્ત થઈ શકો. એવાં દેશાદિક તમને ત્યારે મળશે કે જ્યારે તમે દેહાદિથી મોહ મમત્વ હઠાવી વીતરાગ ભાવને પામી આત્મચિંતનમાં મગ્ન થશો. સંસારમાં તો એવી નિશ્ચિન્તતા આપે એવું કંઈ જ નથી, માટે શરીરરક્ષાના પ્રયત્નમાં લાગી રહેવાથી તમે મૃત્યુથી છૂટો એમ નથી જ, પણ દેહાધ્યાસ તજી આત્મ કલ્યાણને સાધવામાં તત્પર થઈ ચિદાનંદમય આત્મમગ્ન દશા પ્રાપ્ત કરશો તો જ તમે ખરેખર નિર્ભય અને નિશ્ચિન્ત થશો. માટે મુક્તદશા પામવા માટે જ પુરુષાર્થમાં આ મળેલો દુર્લભ યોગ સફળ થાય તેમ અવશ્ય જાગૃત થઈ જવા યોગ્ય છે. ૭૯

अपिहितमहाघोरद्वारं न किं नरकापदा-
मुपकृतवतो भूयः किं तेन चेदमपाकरोत् ।

આ મનુષ્ય પર્યાય શેલડીના સડેલા કાણા સાંઠા જેવો અસાર કહ્યો છે; સડેલા સાંઠાની વચ્ચે ગાંઠો છે તેમાં તો રસ નથી. અંતમાં તે નીરસ ફીકો છે. તેનું મૂળ પણ રસ વગરનું છે. વચ્ચે વચ્ચે ઘુણથી કાણાં પડેલાં છે. તેમાં પણ રસ નથી એવો શેલડીનો સાંઠો દેખવામાં માત્ર રૂડો ભાસે છે પણ વાસ્તવિક રીતે તે સર્વ પ્રકારે અસાર છે. ભોગવવા યોગ્ય નથી, છતાં એવા કાણા સાંઠાને પણ ભાવિ બીજ માટે વાવે તો તેથી મીઠા સાંઠા નીપજે.

તેમ આ મનુષ્ય પર્યાયમાં પણ વચ્ચે વચ્ચે અનેક આપદાઓ આવે છે. અંતમાં વૃદ્ધાવસ્થા વિકરાળરૂપ પાટી છે. ત્યાં પણ સુખનો સ્વાદ નથી. મૂળમાં બાળાવસ્થા પણ સુખથી રહિત છે. મધ્યમ અવસ્થા ક્ષુધા, તૃષા, પીડા, ચિંતા, રોગ, ઉપાધિ આદિ દુઃખ-કારક ઉપદ્રવોરૂપ છિદ્રોથી છિદ્રિત હોવાથી દુઃખકારક છે. આમ આ મનુષ્ય પર્યાય કેવળ દુઃખરૂપ છતાં અજ્ઞાનથી નામમાત્ર સુખરૂપ ભાસે છે. બાકી તે સર્વ પ્રકારે અસાર છે.

આમ છતાં પણ તે મનુષ્યપણું વિષયાદિ તુચ્છ સુખો છોડી સદ્ધર્મસાધન કરી પર-લોકના બીજરૂપે ગાળે તો તેનાથી સ્વર્ગ મોક્ષાદિ ઘણાં મીઠાં ફળ નીપજે. માટે આ દુર્લભ માનવભવ ધર્મસાધનાથી જ સફળ કરવો ઉચિત છે. ૮૧

प्रसुप्तो मरणाशङ्कां प्रबुद्धो जीवितोत्सवम् ।
प्रत्यहं जनयन्नेष तिष्ठेत् काये कियच्चिरम् ॥८२॥

સૂતો તહીં શંકા મરણની કરે ઉત્સવ જાગતો,
રે! આમ કાયામાં સદા ત્યાં દીર્ઘ શી સ્થિતિ ધારતો? ૮૨

જ્યારે જીવ સૂવે છે ત્યારે મડદા જેવો બનીને મરેલો હોય એવી આશંકા ઉત્પન્ન કરે છે, જ્યારે જાગે છે ત્યારે જીવવાની ચેષ્ટાથી ઉત્સવ કરે છે. આમ દરરોજ ચેષ્ટા કરનાર આ જીવ કેટલો કાળ આ શરીરમાં રહી શકશે? અર્થાત્ બહુ થોડો કાળ આ શરીરમાં રહીને અંતે તે શરીર તેને છોડવું જ પડશે. આવી તેની અસ્થિર દશા છે ત્યાં તેને તે શરીરમાં અધિક કાળ રહેવાનો વિશ્વાસ શો? માટે તેણે તે શરીરને પોતાનું સ્વકાર્ય કરી લેવામાં જ ગાળવો જોઈએ. જેથી પછી તે દેહ છોડતાં તેને કંઈ દુઃખ કે શોક થાય જ નહિ. ૮૨

सत्यं वदात्र यदि जन्मनि बन्धुकृत्य-
माप्तं त्वया किमपि बन्धुजनाद्धितार्थम् ।
एतावदेव परमस्ति मृतस्य पश्चात्
संभूय कायमहितं तव भस्मयन्ति ॥८३॥

આ જન્મમાં બન્ધુ જનોએ બંધુકાર્ય કયું કર્યું ?
હિતકારી જે તુજ આત્મને તે સત્ય કહેજે, કંઈ કર્યું ?
હા, કાર્ય મોટું એટલું સાથે મળીને સૌ કરે,
કે મરણ પછી તુજ તન-અરિની ભસ્મ બાળીને કરે. ૮૩

હે ભાઈ! તું સાચું કહે કે આ સંસારમાં તારા બંધુજનોએ તને આજ સુધીમાં કોઈ બંધુકૃત્ય તારા પ્રત્યે કર્યું છે? અથવા તેમણે તારું હિત કંઈ કર્યું છે? દુઃખરૂપ બંધનોમાંથી છોડાવે તે બંધુ તારા બંધુઓએ સંસારનાં દુઃખમાંથી છોડાવવા તને કંઈ પણ ઉપકાર કર્યો છે? હા, તેઓ એટલું કરે છે કે તારા મરણ પછી તારો શત્રુ જે શરીર તેને બધા એકઠા મળીને બાળી ભસ્મીભૂત કરે છે.

બન્ધુ એટલે હિતૈષી. જે કુટુંબીજનોને તું બંધુ માને છે તે તારું વાસ્તવિક હિત શું કરે છે? ઊલટા તેથી વિપરીત તે સૌ રાગદ્વેષનાં કારણ બનીને ચાર ગતિમાં ચોરાસી લાખ યોનિમાં ફરી ફરી પરિભ્રમણનાં દુઃખમાં ડૂબવું પડે તેવા અહિતકારી કાર્યો કરાવે છે. માટે જેમ શરીર ઉપરથી, સ્ત્રી ઉપરથી રાગ હઠાવવા યોગ્ય છે તેમ બન્ધુજનો ઉપરથી પણ રાગ હઠાવી આત્મહિત સન્મુખ થા. ૮૩

जन्मसंतानसंपादिविवाहादिविधायिनः ।
स्वाः परेऽस्य सकृत्प्राणहारिणो न परे परे ॥८४॥

સંસાર સંતતિ હેતુ એવા વિવાહાદિ કરાવતા,
તે સ્વજન અરિ, પણ નહિ બીજા જે મરણ-હેતુ જો થતા. ૮૪

આશા અનલમાં ધનરૂપી ઇન્ધન સમૂહને નાખતો,
બળતો અનલ ઉદ્દીપ્તમાં, પણ શાન્ત માને ભ્રાન્ત તો. ૮૫

વિષય–તૃષ્ણામાં અથવા આશારૂપ અગ્નિમાં ધનરૂપ ઈન્ધનના સમૂહને નાખીને, ઉમેરીને સળગી ઉઠેલી તૃષ્ણા–અગ્નિમાં પોતે બળતો છતાં ભ્રાન્તિથી આ જીવ પોતાને શાન્ત માને છે.

જેમ અગ્નિમાં ઇન્ધન ઉમેરતાં અગ્નિ ઉત્તરોત્તર વધતી જાય છે તેમ અધિક અધિક ધન સંચયથી આ વિષય–તૃષ્ણારૂપ અગ્નિ પણ ઉત્તરોત્તર વધતી જાય છે પણ ઓછી તો થતી જ નથી. વધતી અગ્નિ જોતાં મૂર્ખ પણ પોતાને શાંત માનતો નથી. પરંતુ આશ્ચર્ય છે કે વિષયસામગ્રીરૂપ ઇંધનને પામીને, એ તૃષ્ણારૂપ અગ્નિ સળગી ઊઠેલી જોતાં છતાં તથા પોતે તેનાથી બળતો છતાં ભ્રાન્તિથી પોતાને શાંત સુખી માને છે. આ એની મોટી અજ્ઞાનતા છે. આવી ભયંકર તૃષ્ણામાં જીવને સ્વવિચારનો કે સાચી શાંતિ આપનાર રત્નત્રયાત્મક ધર્મનો અવકાશ જ રહેતો નથી એ ખેદ છે. ૮૫

पलितच्छलेन देहान्निर्गच्छति शुद्धिरेव तव बुद्धेः ।
कथमिव परलोकार्थं जरी वराकस्तदा स्मरति ॥८६॥

પળિયાં મિષે તુજ બુદ્ધિ શુદ્ધિ બહાર નીકળવા કરે;
શી રીત બિચારો વૃદ્ધ ત્યાં પરલોક અર્થે કંઈ સ્મરે! ૮૬

હે ભવ્ય! સફેદ વાળને બ્હાને તારી બુદ્ધિની શુદ્ધતા શરીરમાંથી બહાર નીકળી રહી છે, એવી વૃદ્ધાવસ્થામાં શક્તિહીન થયેલો તું પરલોકને અર્થે કે પોતાસંબંધીનો કાંઈ પણ વિચાર શું કરી શકીશ?

તું એમ સમજે છે કે યૌવન અવસ્થામાં ધન, સ્ત્રી આદિ સામગ્રી મેળવી પ્રથમ આ લોકનું સુખ ભોગવું. પછી વૃદ્ધાવસ્થામાં ધર્મસેવન કરી પરલોકને અર્થે યત્ન કરીશ. પણ ભાઈ! વૃદ્ધાવસ્થામાં તો ધવલ કેશને બહાને તારી બુદ્ધિની શુદ્ધતા ચાલી જશે. અને બુદ્ધિની શુદ્ધતા વિના, વિચારશક્તિ ચાલી જતાં આ લોક સંબંધી કાર્યોનો પણ વિચાર યથાર્થપણે થવો મુશ્કેલ છે તો પછી પરલોકને માટે વિચાર કે પુરુષાર્થ ક્યાંથી થશે? વૃદ્ધાવસ્થામાં તો જીવ અર્ધું બળેલું મડદું જ જાણો. વૃદ્ધાવસ્થામાં ઇન્દ્રિયો શિથિલ અને બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. ત્યાં ધર્મસાધનાનું સામર્થ્ય રહેતું નથી. માટે અત્યારે યુવાવસ્થામાં જ ધર્મસાધનામાં પ્રમાદ ન કરતાં જાગૃત થા, જાગૃત થા. ૮૬

इष्टार्थोद्यदनाशितं भवसुखक्षाराम्भसि प्रस्फुरन्-
नानामानसदुःखवाडवशिखासंदीपिताभ्यन्तरे ।

मृत्यूत्पत्तिजरातरङ्गचपले संसारघोरार्णवे
मोहग्राहविदारितास्यविवराद्दूरे चरा दुर्लभाः ॥८७॥

જગ. દૃશ્ય વસ્તુજનિત સુખ, અતૃપ્તિકર ખારું અરે!
અહુ દુઃખ માનસ વ્યાપ્ત વડવાનળ સમાં જ્યાં અંતરે;
જ્યાં જન્મ મૃત્યુ જરા મોજા ચપળ ઘોર ભવાર્ણવે,
ત્યાં મોહમગરાદિ મુખે પડતા ન. તે દુર્લભ, ભવે. ૮૭

અવિચ્છિન્નપણે, અખંડપણે સુખના સંપૂર્ણ સાધનોથી લાલન-પાલન કરાયેલું મનોહર અંગયુક્ત, સ્ત્રીઓના રમ્ય નેત્રકમળોથી નિરંતર સન્માનિત થયેલું તારું આ શરીર આત્મબોધ, સમ્યગ્જ્ઞાનથી યુક્ત બોધિ એટલે રત્નત્રયના પ્રકાશથી યૌવન અવસ્થામાં જ જંગલમાં બળી ગયેલી સ્થળકમળિનીની શંકાથી હરણાદિ ચપળ દૃષ્ટિવાળાં પ્રાણીઓથી દેખ્યું જશે તો તને ધન્ય છે, તો તું ખરેખર પ્રશંસાપાત્ર છે.

જેણે નિરંતર સુખસામગ્રી પામીને વિષયસુખનો અનુભવ કર્યો છે, તથા યુવાવસ્થામાં જેને અનેક સુંદર સ્ત્રીઓ ચાહતી હતી, તેવા પુરુષો જ્યારે વિવેકજ્ઞાનને પામીને રત્નત્રય-રૂપ બોધિને પ્રગટાવી, વનમાં સ્થિર થઈ દુર્ધર તપમાં રત હોય છે ત્યારે તપથી કૃશ તેમનું સુકુમાર શરીર દેખીને હરણો આગમાં બળેલ સ્થળકમલિની માનીને તે જોવામાં સ્થિર થાય છે, પણ ભયથી ભાગી જતાં નથી. એવા ધ્યાનમગ્ન એ મહાપુરુષોને ધન્ય છે, એ મહાભાગ્ય છે. એ પ્રશંસવા યોગ્ય, સ્તુતિ કરવા યોગ્ય, આત્મહિતાર્થે અવલંબવા યોગ્ય અર્થાત્ આરાધના યોગ્ય છે. ૮૮

> बाल्ये वेत्सि न किंचिदप्यपरिपूर्णाङ्गो हितं वाहितं
> कामान्धः खलु कामिनीद्रुमघने भ्राम्यन् वने यौवने ।
> मध्ये वृद्धतृषार्जितुं वसु पशुः क्लिश्नासि कृष्यादिभि-
> र्वार्द्धिक्येऽर्धमृतः क्व जन्म फलि ते धर्मो भवेन्निर्मलः ॥८९॥

> તું બાળકાળે વિકલ અંગે હિતાહિત ન જાણતો,
> ત્યમ યૌવને કામાંધ કામિની તરુવનમાં રઝળતો;
> વય મધ્યમાં ધનની તૃષાથી ખિન્ન પશુ! કૃષ્યાદિથી,
> વૃદ્ધત્વમાં તું અર્ધમૃત! ક્યાં ભવસફળતા ધર્મથી? ૮૯

આ જીવ બાલ્યાવસ્થામાં શરીર પરિપુષ્ટ નહિ હોવાથી હિત અહિતને જાણતો નથી. યુવાવસ્થામાં કામથી અંધ બનીને સ્ત્રીઓરૂપ વૃક્ષથી સઘન યૌવનરૂપ વનમાં વિષયસામગ્રીની ખોજમાં વિચરે છે. તેથી તેમાં પણ હિતાહિતને જાણતો નથી. મધ્યમ વયમાં પશુ સમાન અજ્ઞાની થઈને તૃષ્ણાના પૂરમાં તણાઈને ખેતી, વેપાર આદિ દ્વારા ધન કમાવામાં તત્પર રહી ખેદખિન્ન થયા કરે છે. તેથી આ અવસ્થામાં પણ હિતાહિતને જાણતો નથી. વૃદ્ધા-વસ્થામાં અર્ધો મરેલા જેવો શરીરથી શિથિલ થઈ જાય છે. તેથી તેમાં પણ હિતાહિતનો વિવેક રહેતો નથી. આવી દશામાં હે ભવ્ય! કઈ અવસ્થામાં તું ધર્મનું આચરણ કરીને આ જન્મ સફળ કરી શકીશ? તે મહાપુરુષોને ધન્ય છે કે જેમણે યુવાવસ્થામાં જ ભુક્ત-ભોગી થઈને અથવા પ્રથમથી જ પ્રાપ્ત ભોગોને ત્યાગીને, મોહની જાળને તોડીને આત્માને

સ્વતંત્ર મુક્ત સહજાત્મપદે સ્થાપન કરવા દુર્ધર પુરુષાર્થ કરી આત્મદશા પ્રગટાવી, અંતમાં મુક્તિપુરી પહોંચવા ભાગ્યશાળી બન્યા, સહજાત્મસ્વરૂપમાં મગ્ન થઈ કૃતાર્થ થયા. નમન હો તે પરમપુરુષોને! ૮૯

बाल्येऽस्मिन् यदनेन ते विरचितं स्मर्तुं च तन्नोचितं
मध्ये चापि धनार्जनव्यतिकरैस्तन्नास्ति यन्नापितः ।
वार्द्धक्येऽप्यभिभूय दन्तदलनाद्याचेष्टितं निष्ठु
पश्याद्यापि विधेर्वशेन चलितुं वाञ्छस्यहो दुर्मते ॥९०॥

રે! બાળકાળે અહિત વિધિકૃત સ્મરણને પણ યોગ્ય નહીં,
ધનકાજ દુઃખો મધ્ય વયમાં વિધિથી શાં પામ્યો નહીં?
વૃદ્ધત્વમાં દંતાદિ તોડી પરાભવ કરતું અતિ,
એ અહિત વિધિવશ ચાલવા ઇચ્છે હજુ શું દુર્મતિ? ૯૦

હે દુર્મતિ! આ વિધિ કે કર્મ, જેને વશ તું વર્તે છે તેણે તારું શું શું અહિત [illegible] છે, તો જો. કોઈને એ કર્મનાં બંધનો તોડી નાખી સ્વવશ થવાનો આ અવસર [illegible] છે. માટે ચેતી જા.

પરકૃત નિન્દા સુણી ન શકતાં કાન નષ્ટ થયા ખરે!
દુર્દશા નિજની ન જોઈ શકતાં ચક્ષુ અંધ થયાં અરે!
યમ નિકટ જોતાં ભયથી કંપે શરીર તારું જો અતિ,
નિષ્કંપ તું ત્યાં! જરા જર્જરિ ઘર બળે! કર હિત રતિ. ૯૧

હે વૃદ્ધ! તારા કાન બીજાઓનાં નિન્દાવાક્યો સાંભળવાની અનિચ્છાથી તિરસ્કૃત અર્થાત્ નષ્ટ થઈ ગયા છે, બહેરા થઈ ગયા છે, નેત્રો તારી દયાજનક અવસ્થા દેખવામાં અસમર્થ હોવાથી અન્ધપણાને પામ્યાં છે, આ શરીર પણ તારી સન્મુખ આવતા યમ (મૃત્યુ)થી જાણે કે ભયભીત થઈને અતિશય કંપવા લાગ્યું છે, છતાં આશ્ચર્ય છે કે તું ભડકે બળતા ઘર જેવી વૃદ્ધાવસ્થાથી શિથિલ થયેલા આ શરીરમાં નિશ્ચળપણે નિશ્ચિંત થઈને બેસી રહ્યો છે! પરંતુ તું તે દેહના મોહને તજતો નથી અને પરભવના સુખ માટે કંઈ પ્રયત્ન કરતો નથી. ૯૧

अतिपरिचितेष्ववज्ञा नवे भवेत् प्रीतिरिति हि जनवादः ।
त्वं किमिति मृषा कुरुषे दोषासक्तो गुणेष्वरतः ॥९२॥

અતિ પરિચિતમાં અનાદર, રતિ નવીનમાં સૌની બને,
કયમ કથન મિથ્યા એ કરે, રહી દોષરત, ગુણ અવગણે. ૯૨

જેનો અતિશય પરિચય થાય તે પ્રત્યે જીવને અનાદર, અભાવ થાય છે અને નવીનમાં પ્રેમ થાય છે, એવી લોકોક્તિ છે. આ પ્રસિદ્ધ લોકોક્તિને પણ તું દોષોમાં અનુરાગ અને ગુણોમાં અનુરાગ રહિત થઈને મૃષા કેમ કરે છે?

લોકોમાં પ્રચલિત છે કે જે વસ્તુ વારંવાર પરિચયમાં આવે છે તેમાં અનુરાગ નથી રહેતો અને જે પરિચયમાં નથી આવી એવી નવી વસ્તુઓમાં જીવને અનુરાગ વિશેષ થયા કરે છે. પરંતુ આ જીવની દશા તેનાથી વિપરીત છે. રાગદ્વેષ મોહ આદિ દોષો જીવની સાથે અનાદિથી ચાલ્યા આવે છે. તેની સાથે જ જીવ વસ્તુ અનુરાગ કર્યા કરે છે. તે હાનિકારક સમજી તેથી ઉદાસીન-વિરક્ત ભાવ આવવો જોઈએ તે આવતો નથી, અને સમ્યક્દર્શન આદિ અપૂર્વ ગુણો જે આત્માના પોતાના છે, જે અનંત સુખના કારણરૂપ છે, જે બધાં દુઃખને નાશ કરનાર અમોઘ ઉપાય છે, તેના પ્રત્યે જીવને અનુરાગ, આદર, પ્રેમ, ભક્તિ ભાવ જાગતા નથી. એ આશ્ચર્ય છે! ૯૨

हंसैर्न भुक्तमतिकर्कशमम्भसापि
नो संगतं दिनविकासि सरोजमित्थम् ।
नालोकितं मधुकरेण मृतं वृथैव
प्रायः कुतो व्यसनिनां स्वहिते विवेकः ॥९३॥

ના હંસ સેવે કમળને જળથી અલિપ્ત કઠોર એ,
ના ભ્રમર એ જોતો, અરે, ન વિવેક વ્યસનીને ઉરે. ૯૩

કમલને હંસ ખાતો નથી. વળી કમળ જલમાં ઉત્પન્ન થાય છે છતાં તે જળમાં એક-મેક ન થતાં સદાય અલિપ્ત રહે છે, એવું એ કમળ કઠોર છે. તથા તે દીવસે ખીલે છે અને રાત્રે બીડાઈ જાય છે તેથી તેમાં રહેલો જીવ પણ રાત્રે બીડાઈ જતાં મરણ પામે છે. આ બધી વાતનો ભ્રમર વિચાર કરતો નથી. તે તો કમળની સુગંધમાં આસક્ત થઈને તેમાંથી રાત્રે કમળ બીડાઈ જાય છતાં નીકળી જતો નથી અને કમળની અંદર પૂરાઈ જવાથી વ્યર્થ મરણ પામે છે. આ પ્રમાણે વ્યસનીઓને પોતાના હિતાહિતનો વિવેક ક્યાંથી હોય ?

વિષયોમાં આસક્ત જીવો એમ નથી વિચારતા કે મહાત્માઓએ વિષયોને વિષ સમાન ગણી તેને તજ્યા છે પણ કદી તે ભોગવવામાં આસક્ત થયા નથી. તે વિષયો જોત જોતામાં નષ્ટ થઈ જવાના છે, સદાય રહેવાના નથી. તેમજ આત્મસ્વભાવથી વિપરીત હોવાથી પ્રાણીને નરકાદિ દુર્ગતિયોમાં લઈ જનાર છે. તેમાં આસક્તિથી જન્મ મરણાદિ અનંત દુઃખ સહવાં પડે છે. આમ હિતાહિતનો વિવેક વ્યસનીજનોને હોતો નથી એ આશ્ચર્ય છે. ૯૩

प्रज्ञैव दुर्लभा सुष्ठु दुर्लभा सान्यजन्मने ।
तां प्राप्य ये प्रमाद्यन्ते ते शोच्याः खलु धीमताम् ॥९४॥

પ્રજ્ઞા જ દુર્લભ, અધિક દુર્લભ પરભવાર્થે ઊપને,
તે પામી પણ જે હિતપ્રમાદી શોચ્ય તે જ્ઞાની ગણે. ૯૪

પ્રથમ તો હિતાહિતનો વિચાર કરે તેવી પ્રજ્ઞા, બુદ્ધિ મળવી દુર્લભ છે. વળી પર-ભવના હિતનો વિચાર જગાવે, એવી વિવેકબુદ્ધિ હોવી તે તેથી અધિક દુર્લભ છે. આવી વિવેકબુદ્ધિને પામીને પણ જીવ સ્વહિત આચરવામાં પ્રમાદ કરે છે તેને જ્ઞાનીઓ અત્યંત શોચનીય ગણે છે.

પૂર્વ પુણ્યના સંચયથી વિવેકબુદ્ધિ જાગે તેવો જોગ જીવને મળે છે. તે મળ્યા છતાં જીવ સ્વહિતમાં પ્રમાદ કરે તો મળેલી સામગ્રી ચાલી જતાં ફરી કયા ભવમાં મળવી સંભવ છે? એમ વિચારે બુદ્ધિમાનોને ખેદ થાય છે. માટે જ વિચક્ષણજનો પ્રમાદ તજીને સ્વહિતમાં સતત તત્પર રહે છે. ૯૪

लोकाधिपाः क्षितिभुजो भुवि येन जाताः
तस्मिन् विधौ सति हि सर्वजनप्रसिद्धे ।

शोच्यं तदेव यदमी स्पृहणीयवीर्या-
स्तेषां बुधाश्च वत किंकरतां प्रयान्ति ॥९५॥

રે! જનપ્રસિદ્ધ જુઓ, નરેન્દ્રો પુણ્યથી લક્ષ્મી લહે,
તો પણ ધનાર્થે, વીર બુધ હા શોચ્ય! નૃપ સેવા ચહે. ૯૫

પૃથ્વીપતિ રાજાઓ જે લોકના અધિપતિ થયા તે સૌ વિધિ, એટલે પુણ્યથી થયા છે; આ વાત સર્વ જનોમાં પ્રસિદ્ધ છે. છતાં એ ખેદની વાત છે કે વિશિષ્ટ પરાક્રમી અથવા વિદ્વાનો પણ એ રાજાઓની સેવા કરે છે, પણ પુણ્ય કે જે વડે તેઓ રાજલક્ષ્મીને પામ્યા છે તે ઉપાર્જન કરવા ઉદ્યત થતા નથી.

જગતમાં સૌ જાણે છે કે રાજા, મહારાજા, ચક્રવર્તી તથા તીર્થંકર આદિ જે મહાપુરુષો થાય છે તે સૌ પૂર્વોપાર્જિત પુણ્યના પ્રભાવથી થાય છે. અનેક પરાક્રમી અથવા બુદ્ધિમાન વિદ્વાનો તે પુણ્ય ઉપર વિશ્વાસ રાખી તેને ઉપાર્જન કરવા મથે તો તે રાજ્ય લક્ષ્મી અવશ્ય પામે પણ તેમને એવો વિશ્વાસ નહિ હોવાથી પુણ્ય ઉપાર્જન કરવાને બદલે તેઓ રાજા આદિની સેવા કરવા ઉદ્યત થાય છે. પરંતુ જો પુણ્ય નહિ હોય તો ગમે તેવા રાજાદિની ગમે તેટલી સેવા કરે છતાં કંઈ યથેષ્ટ લક્ષ્મી પ્રાપ્ત થવાની નથી. ૯૫

यस्मिन्नस्ति स भूभृतो धृतमहावंशाः प्रदेशः परः
प्रज्ञापारमिता धृतोन्नतिधनाः मूर्ध्ना ध्रियन्ते श्रियै ।
भूयांस्तस्य भुजङ्गदुर्गमतमो मार्गो निराशस्ततो
व्यक्तं वक्तुमयुक्तमार्यमहतां सर्वार्थसाक्षात्कृतः ॥९६॥
તે ધર્મ ઉત્તમ જેથી ઉત્તમ વંશમાં નૃપપદ વરે,
પ્રજ્ઞા અમિત ત્યાં, ધનોન્નતિ, જન ધનાકાંક્ષી શિર ધરે;
વિષયી જનોને માર્ગ દુર્લભ, અસ્ત આશસમસ્ત એ,
સર્વજ્ઞ દર્શિત, આર્ય વચને પણ વદાય ન વ્યક્ત એ. ૯૬

શ્લેષ અલંકારયુક્ત આ શ્લોકના બે અર્થ થઈ શકે છે.

કોઈ રાજાનો સર્વાર્થ નામનો મંત્રી હતો. તેણે કોઈ કૃષ્ણ નામના રાજાનો ખજાનો જે અતિ દુર્ગમ્ય સ્થાનમાં હતો તે અતિ પુરુષાર્થ કરીને પ્રગટ કર્યો. તે સ્થાન કે જ્યાં મોટા મોટા ગગનસ્પર્શી પર્વતો છે, જ્યાં મોટાં વાંસાદિનાં જંગલ છે, તીવ્ર બુદ્ધિમાનને જ જે સ્થાન ગમ્ય થાય તેવું છે, જેનાં અડોળ અને અતિ ઉંચાં શિખરો જાણે આકાશને માપી રહ્યાં હોય એવા વિસ્તીર્ણ પર્વતો યુક્ત પ્રદેશમાં માર્ગ પણ અતિ વિષમ અને અતિ લંબાઈવાળો છે, જ્યાં મોટા મોટા નગરાજ (ભયંકર સર્પો) ઠામ ઠામ વિચરે છે,

પૂર્વ પશ્ચિમ દિશાઓની પણ જે પ્રદેશમાં સૂધ રહેવી અતિ મુશ્કેલ છે, આવો પ્રદેશ સર્વ સાધારણ જનોને ગમ્ય થાય એમ કહેવું પણ અયુક્ત છે, એવા પ્રદેશને એ સર્વાર્થનામના મંત્રીએ પ્રગટ કર્યો અર્થાત્ ત્યાં જઈને તે કૃષ્ણ રાજાનો મહાનિધિ જે ઘણા કાળથી અપ્રગટ અને અગોચર હતો તે સાક્ષાત્ પ્રાપ્ત કર્યો અને આનંદયુક્ત થયો. એમ આ પ્રથમ અર્થમાં સર્વાર્થ મંત્રીની પ્રશંસા કરી.

છે. એવી વૃત્તિનો નિરોધ અને આસ્રવ ગ્રહણ કરી તે જ વૃત્તિનું બળ રાખવું, અને મંદ વૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું. તે અદ્ભુત ચરિત્ર પર દૃષ્ટિ પ્રેરીને વૃત્તિને અપ્રમત્ત કરવી, એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારકારક તથા કલ્યાણસ્વરૂપ છે. નિર્વિકલ્પ."

—શ્રીમદ્ રાજચન્દ્ર–પત્રાંક ૮૪૩

शरीरेऽस्मिन् सर्वाशुचिनि बहुदुःखेऽपि निवसन्
व्यरंसीन्नो नैव प्रथयति जनः प्रीतिमधिकाम् ।
इदं दृष्ट्वाप्यस्मादविरमयितुमेनं च यतते
यतिर्याताख्यानैः परहितरतिं पश्य महतः ॥९७॥

જ્યાં દુઃખ ઘણાં તે અશુચિ તનમાં આશ વસતા ત્યાં અરે!
વૈરાગ્ય પામે નહિ જરાપણ પ્રીતિ અધિકી ત્યાં કરે!
આ દેખતાં પણ ત્યાંથી પ્રીતિ દૂર કરવા મુનિ મથે,
ઉત્કૃષ્ટ ઉપદેશ કરી, તે સંત પરહિત રતિ કથે. ૯૭

આ શરીર સર્વ પ્રકારે અપવિત્ર અને ઘણાં દુઃખની ખાણ છતાં તેમાં વસતાં આ જીવ તેમાંથી વિરક્ત થતો નથી; તેમાંથી અનુરાગ તજતો નથી, એટલું જ નહિ પણ તેમાં અધિક અધિક પ્રીતિ કરે છે. તેને હિતૈષી જ્ઞાની શ્રેષ્ઠ ઉપદેશ દ્વારા એ અપવિત્ર શરીરથી વિરક્ત કરવા પ્રયત્ન કરે છે આવો મહાપુરુષોનો બીજાઓ પ્રત્યે હિતવિષયી અનુરાગ, પરોપકાર ભાવના, જોવા યોગ્ય છે, પ્રશંસવા યોગ્ય છે. બીજા જીવોના કલ્યાણમાં નિરત રહેવું એ કૃપાળુ મહાપુરુષોનો સ્વભાવ હોવાથી કોઈ રીતે અસાર, અપવિત્ર અને બધાં દુઃખનું મૂળ એવા શરીર પ્રત્યેનો જીવનો અનુરાગ, મમત્વ છોડાવવા તે મહાપુરુષો નિષ્કામ કરુણાથી ઉપદેશે છે. આવા કરુણાસાગર જ્ઞાનીઓનાં દર્શન–સમાગમ–ઉપદેશ પ્રાપ્ત થવાં દુર્લભ છે. અહો! સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા, અને સત્સમાગમ! ૯૭

इत्थं तथेति बहुना किमुदीरितेन
भूयस्त्वयैव ननु जन्मनि भुक्तमुक्तम् ।
एतावदेव कथितं तव संकलय्य
सर्वापदां पदमिदं जननं जनानाम् ॥९८॥

તન આમ કે તન તેમ એવું બહુ કહ્યાથી શું હવે!
તેં સ્વયં તેને ભોગવ્યું ને છોડ્યું છે હા! ભવભવે;
આ સાર અત્ર સમસ્ત સંક્ષેપે કહ્યો સંગ્રહ કરી,
આ દેહ સૌ આપત્તિનું છે ધામ જીવને, જો. જરી! ૯૮

સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો;
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?

—શ્રીમદ્ રાજચન્દ્ર

हा कष्टमिष्टवनिताभिरकाण्ड एव
चण्डो विखण्डयति पण्डितमानिनोऽपि ।
पश्याद्भुतं तदपि धीरतया सहन्ते
दग्धुं तपोऽग्निभिरमुं न समुत्सहन्ते ॥१०१॥

હા કામ! પંડિતમાનિને પણ અકાળે, ક્રોધે કરી,
ખંડિત કરે વ્રતખંડનાથી સ્ત્રી વિષે મોહિત કરી;
આશ્ચર્ય આ દેખો! પરાભવ ધીરતાથી તે સહે!
પણ તપરૂપી અગ્નિવડે એ કામ દહવા ના ચહે! ૧૦૧

હા! ઘણા ખેદની વાત છે કે જેઓ પોતાને પંડિત માને છે, તેવાઓને પણ એ પ્રચંડકામે ઈષ્ટ વનિતાના નિમિત્તે જ્ઞાનીપણાથી ખંડ ખંડ કરી મહા દુઃખી દુઃખી કરી નાખ્યા છે. છતાં એ જ પંડિતો, જ્ઞાનીઓ એ કામને ધીરજથી સહન કરી રહ્યા છે પણ તેને તપરૂપ પ્રચંડ અગ્નિથી ભસ્મ કરવામાં જરાય ઉત્સાહવંત થતા નથી એ પરમ આશ્ચર્ય છે!

એ કામ, દેવ આદિ સૌને પીડા પમાડી રહ્યો છે. એ પિશાચ જેને વળગ્યો તેનો કેડો ન મૂકે એવો દુષ્ટ છે. જેઓ પોતાને જ્ઞાની માને છે તેમને પણ એ કામ સ્ત્રીઓના નિમિત્તે ખંડ કરી અત્યંત દુઃખી કરે છે. કોઈ બુદ્ધિમાન પુરુષને બાણથી કોઈ છેદે ત્યારે તે બાણની પીડાને તો તે સહન કરે પણ બાણ મારનારને મિત્ર ગણી તેને મારવાનો ઉપાય ન કરે, ઉલટો તેની પુષ્ટતા કરે, તેના ઉપર અનુરાગ કરે, એ ખરેખર હાસ્યજનક છે, તેમ કોઈ પોતાને જ્ઞાની માને પરંતુ કામ જ્યારે સ્ત્રીરૂપ બાણોથી તેને પાડે ત્યારે તે પીડાને સહન કરે પણ અભિપ્રાયમાં કામને અહિતકારી ન જાણે અને તેને (ઇચ્છાનિરોધરૂપ) તપ આદિ [illegible]થી ભસ્મ કરવાનો ઉપાય ન કરે, ઉલટી તેની પુષ્ટતા કર્યા કરે એ પરમ આશ્ચર્ય છે! ૧૦૧

[illegible] કરતાં મૂર્ખાપણું અહીંને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. [illegible] વિશેષ વિચાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું [illegible] છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની [illegible] પુરુષનાં ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને

શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે, ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે, અને તેથી જ અંતે જય પામ્યા છે.

આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે."

શ્રીમદ્ રાજચન્દ્ર—પત્રાંક ૮૧૯

કામ પિશાચને બાળી ભસ્મ કરવા ઉત્સાહવંત પુરુષો શું કરે છે તે હવે કહે છે:

अर्थिभ्यस्तृणवद्विचिन्त्य विषयान् कश्चिच्छ्रियं दत्तवान्
पापां तामवितर्पिणीं विगणयन्नादात् परस्त्यक्तवान् ।
प्रागेवाकुशलां विमृश्य सुभगोऽप्यन्यो न पर्यग्रहीत्
एते ते विदितोत्तरोत्तरवराः सर्वोत्तमास्त्यागिनः ॥१०२॥

વિષયો ગણી તૃણવત્ તજે સંપત્તિ અર્થીને દઈ,
ગણી પાપરૂપ અતૃપ્તિકર, દીધા વિના જ તજે કંઈ;
જાણી અહિતકર પ્રથમથી વિવેકી તો ગ્રહતા નથી;
આ ઉત્તરોત્તર ત્યાગીની વર ત્યાગીમાં ગણના થતી. ૧૦૨

કોઈ બુદ્ધિમાન મનુષ્ય વિષયોને તૃણ સમાન તુચ્છ સમજીને લક્ષ્મી, ધન, સમ્પત્તિ, યાચકોને આપી દે છે. બીજા કોઈ વિવેકી આત્મા લક્ષ્મીને પાપનું કારણ અને તૃષ્ણાને વધારનાર જાણીને કોઈ પણ બીજાને આપ્યા વિના એમને એમ ત્યાગ કરી ચાલ્યા જાય છે. ત્રીજા કોઈ મહાવિવેકી પુરુષ લક્ષ્મી આદિ અહિતકારી છે એમ પ્રથમથી જ જાણીને તેને એકઠી જ નથી કરતા. આ પ્રમાણે એક એકથી ચઢિયાતા આ ત્રણ પ્રકારના ત્યાગીઓ ઉત્કૃષ્ટ છે.

પ્રથમ પ્રકારના ત્યાગીને કોઈ અંશે રાગ ભાવ છે જેથી કોઈને આપવાના ભાવ થાય છે. બીજા પ્રકારના ત્યાગીને વિરક્તતા એવી છે કે કોઈ ગ્રહો વા ન ગ્રહો તેની સાથે તેને કંઈ પ્રયોજન નથી. ત્રીજા પ્રકારના ત્યાગીમાં એવો ઉત્કૃષ્ટ ત્યાગભાવ વર્તે છે કે પ્રથમથી જ તેને મેળવવા કે ભોગવવાના ભાવ થતા જ નથી, એમ એક એકથી ઉત્કૃષ્ટ વૈરાગ્ય-પરિણામ યુક્ત આ ત્રણે ત્યાગીઓને ધન્ય છે. ૧૦૨

विरज्य संपदः सन्तस्त्यजन्ति किमिहाद्भुतम् ।
मा वमीत् किं जुगुप्सावान् सुभुक्तमपि भोजनम् ॥१०३॥

વિષયથી જેની ઇન્દ્રિયો આર્ત્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે?

પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઇચ્છું છું.

અમારે પરિગ્રહને શું કરવો છે?

કશું પ્રયોજન નથી.

'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'.

હે આર્યજનો! આ પરમ વાક્યનો આત્માપણે તમે અનુભવ કરો."

—શ્રીમદ્ રાજચન્દ્ર, પત્રાંક ૮૩૨

अभुक्त्वापि परित्यागात् स्वोच्छिष्टं विश्वमासितम् ।
येन चित्रं नमस्तस्मै कौमार-ब्रह्मचारिणे ॥१०९॥

વણ ભોગવ્યે નૃપલક્ષ્મી તૃણવત્ ત્યાગી તે ગણી એંઠ જો;
ઉત્કૃષ્ટ ત્યાગી કુમાર એ બ્રહ્મચારીને વંદન હજો. ૧૦૯

આશ્ચર્ય છે કે પોતે ભોગને ભોગવ્યા વિના જ તે પ્રત્યેના અનાસક્ત ભાવથી, ત્યાગ પરિણામથી, પોતાની અનંત વારની એંઠ સમાન ગણીને, તે ભોગને ત્યાગી દીધા અને તેનો વિશ્વને ઉપભોગ કરાવ્યો! આવા ત્યાગી બાળબ્રહ્મચારીને નમસ્કાર હો!

જેનું પ્રથમ કુમારી કન્યાઓ સાથે સગપણ (વેવિશાળ) થયું હોય છે, છતાં તે પછી તે કન્યાઓ સાથે લગ્ન નહિ કરતાં તેમને ત્યાગી બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કરે છે, તેને કુમાર બ્રહ્મચારી કહેવાય છે. આવા બાળબ્રહ્મચારી ઉત્કૃષ્ટ બ્રહ્મચારી ગણાય છે. આવા ઉત્કૃષ્ટ ત્યાગીને નમસ્કાર કર્યા છે. આવા ત્યાગ માટે બળવાન વિવેકજ્ઞાન અને વૈરાગ્ય ભાવ પ્રથમ જોઈએ છે. તે જ્ઞાની પુરુષના ચરણકમળની ઉપાસનાથી પામવા ભાગ્યશાળી બનાય છે. ધન્ય છે આવા ત્યાગી નેમિકુમાર, જંબુકુમારાદિ મહાપુરુષોને!

अकिंचनोऽहमित्यास्स्व त्रैलोक्याधिपतिर्भवेः ।
योगिगम्यं तव प्रोक्तं रहस्यं परमात्मनः ॥११०॥

'હું છું અકિંચન' ભાવ એ, તું થશે ત્રણ જગ સ્વામી તો,
પરમાત્મપ્રાપ્તિનું કહ્યું આ, યોગિગમ્ય રહસ્ય જો. ૧૧૦

હું અકિંચન છું. મારા આત્મા સિવાય અન્ય કંઈપણ મારું નથી. હે આત્મન્!

અનાદિની અન્યમાં પોતાપણાની માન્યતાને તજી દઈને સ્વને વિષે સ્વપણાની બુદ્ધિરૂપ અસંગભાવને, અકિંચન ભાવને, આત્મભાવને ગ્રહણ કર. એ આત્મભાવનામાં તું નિરંતર નિમગ્ન રહે, કારણ કે એજ ભાવનાના સતત ચિંતવનથી—એજ સ્વાનુભવ અમૃત સરોવરમાં નિમગ્ન રહેવાથી—તું પરમ શાંત શીતળ સ્વાત્મસ્થ ત્રૈલોક્યનો સ્વામી પરમાત્મા થઈશ. પરમાત્મપદ પ્રાપ્તિનું આ રહસ્ય યોગિયોને જ ગમ્ય છે. તે તને સંક્ષેપમાં કહ્યું છે.

मोक्षेण योजनात् योगः મોક્ષ સાથે જોડાણ તે યોગ. આત્માની વૃત્તિ આત્મામાં, શુદ્ધ આત્મ સ્વભાવમાં જોડાય તે યોગ. તે જોડનાર આત્માર્થીઓ તે યોગિયો, તે પરમાત્મપદ જાણવાનું ગુપ્ત રહસ્ય જાણે છે કે પરમાં અહંભાવ મમતા ત્યાં સંસાર અને સ્વમાં અહંભાવ, આત્મભાવ ત્યાં મોક્ષ. તે માટે પરમાં અહંતા મમતા તજીને પોતાના અસંગ સહજાત્મસ્વરૂપમાં જ ભાવ, પ્રેમ, પ્રીતિ, એકાગ્રતા, નિમગ્નતા પ્રાપ્ત કરવા માટે જ આત્માર્થી યોગીઓ નિરંતર પ્રવર્તે છે. અને પરમાત્મપદ પામી ત્રૈલોક્યના અધિપતિ બની કૃતાર્થ થઈ જાય છે. ૧૧૦

"સર્વ અન્ય ભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે 'મુક્ત' છે.

બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું, અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે મુક્ત છે.

અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે. તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.

જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઇ પણ સંબંધ નહોતો એવી અસંગ દશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે."

—શ્રીમદ્ રાજચન્દ્ર, પત્રાંક ૭૭૯

'હું અકિંચન છું,' આત્મા સિવાય મારું કંઈ નથી, એમ આત્મભાવમાં, અસંગભાવમાં આત્મા ક્યારે આવે? તેને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અર્થાત્ સમજણ આવે ત્યારે જ તે પરમાંથી નિવર્તી સ્વરૂપમાં શમાય. 'સમજ્યા તે શમાયા.'

"જેમ છે તેમ આત્મસ્વરૂપ જાણ્યું તેનું નામ સમજવું છે. તેથી ઉપયોગ અન્ય વિકલ્પ રહિત થયો તેનું નામ શમાવું છે. વસ્તુતાએ બન્ને એક જ છે.

જેમ છે તેમ સમજવાથી ઉપયોગ સ્વરૂપમાં શમાયો, અને આત્મા સ્વભાવમય થઇ રહ્યો એ પ્રથમ વાક્ય 'સમજીને શમાઇ રહ્યા' તેનો અર્થ છે.

અન્ય પદાર્થના સંયોગમાં જે અધ્યાસ હતો, અને તે અધ્યાસમાં આત્માપણું માન્યું

એ બન્ને વાક્ય લોકભાષામાં વપરાયાં છે, તે [illegible]' આવ્યાં છે. જે પ્રકારે કહ્યા તે પ્રકારે ન શમાયા તે સમજ્યા નથી એમ એ [illegible] આવે છે. જેટલે અંશે શમાયા તેટલે અંશે સમજ્યા, અને જે પ્રકારે શમાયા તે પ્રકારે સમજ્યા, એટલો વિભાગાર્થ થઈ શકવા યોગ્ય છે, તથાપિ મુખ્યાર્થમાં ઉપયોગ વર્તાવવો ઘટે છે.

અનંતકાળથી યમ, નિયમ, શાસ્ત્રાવલોકનાદિ કાર્ય કર્યા છતાં સમજવું અને શમાવું એ પ્રકાર આત્મામાં આવ્યો નહિ, અને તેથી પરિભ્રમણની નિવૃત્તિ ન થઈ.

સમજવા અને શમાવાનું જે કોઈ ઐક્ય કરે, તે સ્વાનુભવપદમાં વર્તે; તેનું પરિભ્રમણ નિવૃત્ત થાય. સદ્ગુરુની આજ્ઞા વિચાર્યા વિના જીવે તે પરમાર્થ જાણ્યો નહીં, જાણવાને પ્રતિબંધક અસત્સંગ, સ્વચ્છંદ અને અવિચાર તેનો રોધ કર્યો નહીં જેથી સમજવું અને શમાવું તથા બેયનું ઐક્ય ન બન્યું એ નિશ્ચય પ્રસિદ્ધ છે.

અત્રેથી આરંભી ઉપર ઉપરની ભૂમિકા ઉપાસે તો જીવ સમજીને શમાય, એ નિઃસંદેહ છે.

અનંત જ્ઞાની પુરુષોએ અનુભવ કરેલો એવો આ શાશ્વત સુગમ મોક્ષમાર્ગ જીવને લક્ષમાં નથી આવતો, એથી ઉત્પન્ન થયેલું ખેદ સહિત આશ્ચર્ય તે પણ અત્રે શમાવીએ છીએ. સત્સંગ, સદ્વિચારથી શમાવા સુધીનાં સર્વ પદ અત્યંત સાચાં છે, સુગમ છે, સુગોચર છે, સહજ છે, અને નિઃસંદેહ છે. ૐ ૐ ૐ ૐ

શ્રીમદ્ રાજચન્દ્ર, પત્રાંક ૬૫૧

दुर्लभमशुद्धमपसुखमविदितमृतिसमयमल्पपरमायुः ।
मानुष्यमिहैव तपो मुक्तिस्तपसैव तत्तपः कार्यम् ॥१११॥

દુઃખપૂર્ણ, દુર્લભ, અશુચિ નરતન, અલ્પ આયુ, મૃતિ ખરે,
તપ અહીં બને, તપથી જ મુક્તિ, તેથી તપ કર્તવ્ય રે! ૧૧૧

આ મનુષ્ય પર્યાય દુર્લભ છે, અશુચિ છે, મૃત્યુથી સહિત છે, મરણ ક્યારે આવશે તેની ખબર નથી, તે જ્યારે ત્યારે આવી અચાનક કોળીઓ કરી જશે. દેવો અને નારકીઓનાં દીર્ઘકાળનાં આયુષ્ય જોતાં મનુષ્યનાં આયુષ્ય ઘણાં અલ્પ છે. પરંતુ એવા પણ આ મનુષ્ય પર્યાયમાં બીજા કોઈ ભવમાં ન બની શકે તેવી ધર્મની, તપની, રત્નત્રયની ઉપાસના થઈ શકે છે અને મુક્તિ પ્રાપ્ત કરી શકાય છે તેથી મનુષ્ય ભવની પ્રાપ્તિ અમૂલ્ય, દુર્લભ ગણી તેનાથી ધર્મ સાધનામાં તત્પર થઈ આત્મહિત કરી લેવા યોગ્ય છે. ૧૧૧

आराध्यो भगवान् जगत्त्रयगुरुर्वृत्तिः सतां संमता
क्लेशस्तच्चरणस्मृतिः क्षतिरपि प्रप्रक्षयः कर्मणाम् ।
साध्यं सिद्धिसुखं कियान् परिमितः कालो मनः साधनं
सम्यक् चेतसि चिन्तयन्तु विधुरं किं वा समाधौ बुधाः ॥११२॥

ભગવાન ત્રિભુવન ગુરુ સમાધિમાં અહો! આરાધ્ય જ્યાં,
પ્રવૃત્તિ સંમત સંતને, સ્મૃતિ ચરણની બસ ક્લેશ ત્યાં;
ક્ષય કર્મનો તે હાનિ જ્યાં, સુખસિદ્ધિનાં તો સાધ્ય જ્યાં;
અંતર્મુહૂર્ત કાળ પરિમિત, મન જ સાધન માત્ર ત્યાં;
સર્વોપરી તપ ધ્યાન આવું સાધતા વિદ્વજ્જનો!
લો તે યથાર્થ વિચારી હાનિ શી સમાધિમાં ગણો? ૧૧૨.

મનુષ્ય ભવમાં તપથી મુક્તિ પ્રાપ્ત કરી શકાય છે. માટે તે મનુષ્ય ભવને તપમાં ગાળી મુક્તિ પ્રાપ્ત કરી લેવી એમ ઉપદેશે છે. ત્યાં "તપમાં તો કષ્ટ ઘણું છે અને અમારાથી તે તપનાં કષ્ટ સહન થઈ શકે નહિ," એમ કોઈ કહે તેને કહે છે કે બાર પ્રકારનાં તપમાં શુદ્ધ આત્માનું ધ્યાન એ ઉત્કૃષ્ટ પણ સરળ તપ છે, તેમાં શું કષ્ટ છે તે હે ભાઈ! તું વિચાર કર.

જો કોઈ નીચની સેવા કરવાની હોય તો જીવને લજ્જાદિ ક્લેશ થવો સંભવે છે. પણ આ ધ્યાનમાં તો ત્રણલોકના નાથ ભગવાનની આરાધના કરવાની છે. તેથી એ ઉજ્જ્વળ શુદ્ધ પરમાત્માનું ધ્યાન કરવામાં કંઈ ખેદ નથી. વળી જે પ્રવૃત્તિ સંત મહાત્માઓએ પ્રશંસી છે તેવી ઉત્તમ આ પ્રવૃત્તિ છે. તેમાં શ્રમ તો ભગવાનનાં ચરણોનું સ્મરણ કરવાનું છે તેટલો જ છે, તેમાં કર્મ પ્રકૃતિઓનો નાશ કરવા જેટલો ખર્ચ કરવાનો છે. સાધનાનું ફળ સાધ્ય એવા મોક્ષની સિદ્ધિ, પ્રાપ્તિરૂપ અનંત શાશ્વત સુખમય મુક્ત દશા પામવી તે છે, તેમાં જે સાધન કરવાનું છે તે માત્ર થોડા પરિમિત કાળ સુધી મનને રોકવારૂપ

એકાગ્રતા છે તે છે, તો હે જ્ઞાની! તું અંતઃકરણથી જરા યથાર્થ વિચારીને જો કે આવા ધ્યાનમાં, સમાધિમાં દુઃખ શું છે?

ધનાદિ વિનાશી વસ્તુઓની પાછળ મોહવશ પરાધીન બનેલો જીવ કેટલું કષ્ટ, અપમાન, પરાધીનતા, ત્રાસ, ક્લેશ, દુઃખ ભવોભવ અનુભવે છે તેનો ખ્યાલ કરો! અને આ ધ્યાનથી, સહજાત્મ પ્રભુના ચિંતનથી, સ્મરણથી, સેવનથી, જે અતીંદ્રિય પરમાનંદસ્વરૂપ સ્વાધીન શાશ્વત સુખમય સિદ્ધપદ પમાય છે, તે તેને માટે કરવામાં આવતા શ્રમનું કેવું અચિંત્ય અનુપમ અમૂલ્ય અલભ્ય ફળ છે? તેનો વિચાર કરો! બુદ્ધિમાનો તેનો યથાર્થ વિચાર કરી મોક્ષસુખ માટે જ સર્વથા પ્રવર્તે છે. અને પ્રાપ્ત દુર્લભ જોગ સફળ કરવામાં જ નિરંતર પુરુષાર્થશીલ રહે છે. ૧૧૨

द्रविणपवनप्राध्मातानां सुखं किमिहेक्ष्यते
किमपि किमयं कामव्याधः खलीकुरुते खलः ।
चरणमपि किं स्प्रष्टुं शक्ताः पराभवपांसवः
वदत तपसोऽप्यन्यन्मान्यं समीहितसाधनम् ॥११३॥

શું વિત્તતૃષ્ણાતપ્તને સુખ કાંઈ કદી પણ શક્ય છે?
તપ રક્તને ખલ કામથી તપહાનિ કંઈ સંભાવ્ય છે?
વળી શું તપસ્વીના ચરણને પરાભવ સ્પર્શે કદી?
તપથી અધિક તો ઈષ્ટ સુખ સાધન કહો કોઈ યદિ. ૧૧૩

ધનરૂપ ધમણના વાયુની તૃષ્ણાથી ધમાયેલા, સંતપ્ત થયેલા જીવોને કયું સુખ હોઈ શકે? તેમને કોઈ સુખ હોવું સંભવિત નથી જ. અર્થાત્ ઈચ્છા નિરોધરૂપ તપથી જે સુખ મળે છે તેવું સુખ ધનાદિ પરિગ્રહની ઇચ્છાવાળાને કદી મળી શકતું નથી. જેને તે તપ છે તેવાને કામરૂપ દુષ્ટ વ્યાધ, ભીલ, કોઈ પ્રકારનો ઉપદ્રવ કરી શકતો નથી. તે સિવાય તપસ્વીઓના ચરણને તિરસ્કારરૂપ ધૂળ કદી સ્પર્શી શકે છે? કદી નહિ. માટે હે ભવ્યો! તપથી અધિક કોઈ અભીષ્ટ સુખનું સાધન હોય તો બતાવો! અર્થાત્ જીવોના મનોરથને સિદ્ધ કરનાર કોઈ પણ હોય તો તે ઇચ્છાનિરોધરૂપ તપ જ છે. ૧૧૩.

इहैव सहजान् रिपून् विजयते प्रकोपादिकान्
गुणाः परिणमन्ति यानसुभिरप्ययं वाञ्छति ।
पुरश्च पुरुषार्थसिद्धिरचिरात्स्वयं यायिनी
नरो न रमते कथं तपसि तापसंहारिणि ॥११४॥

અરિ સહજ ક્રોધાદિ છતાયે, તપ વિષે સ્થિરતા થતાં,
વળી પ્રાણથી પણ અધિક સર્વે ઇષ્ટ સદ્‌ગુણ પ્રગટતા;
પરલોકમાં પુરુષાર્થ સિદ્ધિ મુક્તિરૂપ સત્વર થતી,
સંતાપહારી તપ વિષે નર રમણતા કાં ના થતી? ૧૧૪

જે તપના પ્રભાવથી જીવ આ લોકમાં ક્રોધાદિક કષાયોરૂપ સ્વાભાવિક શત્રુઓ ઉપર વિજય મેળવે છે, તથા જે ગુણોને તે પોતાના પ્રાણથી પણ અધિક ચાહે છે તે ગુણોને તે પ્રાપ્ત કરે છે, તે ઉપરાંત તે તપના પ્રભાવથી તેને પરલોકમાં મોક્ષરૂપ પુરુષાર્થની સિદ્ધિ સ્વયં શીઘ્રતાથી પ્રાપ્ત થાય છે, એવું એ તપ જીવોના સંતાપને દૂર કરે છે, તો તેવા તપમાં મનુષ્ય કેમ રમણતા કરતો નથી? અર્થાત્ તેમાં અવશ્ય રમણતા કરવી જોઈએ. ૧૧૪

तपोवल्यां देहः समुपचितपुण्योर्जितफलः
शलाट्वग्रे यस्य प्रसव इव कालेन गलितः
व्यशुष्यच्चायुष्यं सलिलमिव संरक्षितपयः
स धन्यः संन्यासाहुतभुजि समाधानचरमम् ॥११५॥

તપરૂપ વેલી ઉપરે મહાપુણ્ય ફળ દઈ તન યથા,
ક્ષય થાય કાળે પુષ્પ જેમ ખરી જાય ફળ ઉત્પન્ન થતાં,
જળ સ્વયં બળતાં દૂધ રક્ષે જ્ઞાની ત્યમ આયુષ્યને,
સદ્‌ધ્યાન અગ્નિમાં દહે, સાધે સમાધિ ધન્ય તે! ૧૧૫

તે પુરુષ ધન્યરૂપ છે, પ્રશંસનીય છે કે જેનું શરીર તપરૂપ વેલી ઉપર પુણ્યરૂપ મહાન ફળ ઉપાર્જન કરીને સમયાનુસાર એવી રીતે નષ્ટ થઈ જાય છે કે જેવી રીતે કાચા ફળના અગ્રભાગેથી ફૂલ નષ્ટ થઈ જાય; તથા જેનું આયુષ્ય સંન્યાસરૂપ, સમાધિમરણરૂપ—અગ્નિમાં દૂધની રક્ષા કરનાર જળની માફક ધર્મ અને શુક્લ ધ્યાનરૂપ સમાધિની રક્ષા કરીને નષ્ટ થઈ જાય. અગ્નિ ઉપર દૂધ ગરમ થાય છે ત્યાં દૂધમાં રહેલું પાણી બળે છે અને દૂધની રક્ષા થાય છે, તેમ જે મહાપુરુષનું આયુષ્ય ધ્યાનરૂપ અગ્નિમાં સ્વયં નષ્ટ થઈ જાય છે; પરંતુ ધર્મ અને શુક્લધ્યાનની રક્ષા થાય છે, એવા મહાત્મા વંદનીય છે, તેમનો જન્મ સફળ છે. ૧૧૫

अमी प्ररूढवैराग्यास्तनुमप्यनुपाल्य यत् ।
तपस्यन्ति चिरं तद्धि ज्ञातं ज्ञानस्य वैभवम् ॥११६॥

રે! રક્ષીને પણ તે તનુ, અતિ અતિ વિરક્તિ જે વિષે,
ચિરકાળ તપ તપતા પ્રગટ, એ જ્ઞાનનો વૈભવ દિસે. ૧૧૬

જેના હૃદયમાં વિરક્તિ ઉત્પન્ન થઇ છે, તે શરીરની રક્ષા કરીને પણ દીર્ઘ કાળ સુધી તપશ્ચરણ કરે છે, તે નિશ્ચયથી જ્ઞાનનો જ પ્રભાવ છે, એમ નિશ્ચયે પ્રતીત થાય છે. જગતમાં જીવને જેના પ્રત્યે ઉદાસીનતા, વિરક્તિ આવે છે તેનું તે પાલન કે રક્ષણ કરતો નથી. પણ જ્ઞાની પુરુષો શરીર પ્રત્યે ઉદાસીન, વિરક્ત થવા છતાં તેનાથી મોક્ષરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરવી છે એ હેતુથી તેનું પાલન કરીને પણ તેને મોક્ષ આરાધનામાં પ્રવર્તાવી ઇષ્ટની સિદ્ધિ માટે તેને ગાળે છે. પરંતુ તેમાંથી મોહ નિવૃત્ત થયો હોવાથી કદાચ વહેલો દેહ છોડવાનો પ્રસંગ આવે તો તે ત્યાગ કરતાં તેમને ક્ષોભ થતો નથી. પણ સમાધિ ભાવથી તેનો ત્યાગ કરે છે. ૧૧૬

क्षणार्धमपि देहेन साहचर्यं सहेत कः ।
यदि प्रकोष्ठमादाय न स्याद्बोधो निरोधकः ॥११७॥

એ દેહ સહ ક્ષણ અર્ધ પણ રે! કોણ રહેવું કદી ચહે?
જો જ્ઞાન કાંડું ગ્રહી ન રોકે, સિદ્ધિ સાધન, તો ચહે. ૧૧૭

જો જ્ઞાન કાંડું પકડીને રોકનાર ન હોય તો એવો વિવેકી પુરુષ કોણ હોય કે જે આવા શરીરમાં અર્ધાક્ષણ પણ રહેવાનું સહન કરે? જીવ સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે તે કેવળ શરીરના સંબંધને લીધે છે. એટલા માટે કોઇ પણ વિવેકી જીવ એવા શરીર સાથે એક ક્ષણ પણ રહેવા ઇચ્છે નહિ; પણ જ્ઞાન અર્થાત્ વિચાર એમ કહે છે કે આ શરીરથી મોક્ષરૂપ ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી લેવી છે. તેથી તે પ્રયોજન અર્થે જ તે તે શરીરમાં રહે છે. ૧૧૭.

समस्तं साम्राज्यं तृणमिव परित्यज्य भगवान्
तपस्यन् निर्माणः क्षुधित इव दीनः परगृहान् ।
किलाटद्भिक्षार्थी स्वयमलभमानोऽपि सुचिरं
न सोढव्यं किं वा परमिह परैः कार्यवशतः ॥११८॥

તૃણવત્ તજી ભગવાન સઘળી રાજ્ય લક્ષ્મી તપ કરે,
તજી માન પોતે દીન સમ ભિક્ષાર્થ ઘરઘર જો ફરે;
ચિરકાળ ભિક્ષા ના મળે, તો સ્વયં પરિષહ તે સહે,
સહવું શું અન્યે તો ન સઘળું, કાર્યસિદ્ધિ યદિ ચહે? ૧૧૮.

જે ઋષભદેવ ભગવાને સમસ્ત રાજ્ય વૈભવને તૃણ સમાન તુચ્છ ગણીને તેને છોડીને તપશ્ચરણનો સ્વીકાર કર્યો હતો તે પણ નિરભિમાનપણે ક્ષુધાથી પીડિત દરિદ્રસમાન ભિક્ષા માટે પોતે બીજાઓને ઘેર ભમ્યા છતાં તેમને નિરન્તરાય આહાર ન મળ્યો. આ પ્રમાણે

તેમને આહાર માટે છ છ માસ ભમવું પડ્યું. તો પછી અન્ય સાધારણ જનો કે મહાપુરુષોએ પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે પરિષહ આદિ શું શું ન સહવું જોઈએ ? અર્થાત્ તે સિદ્ધિ માટે સર્વ કાંઈ સહન કરવું જોઇએ. ૧૧૮.

पुरा गर्भादिन्द्रो मुकुलितकरः किंकर इव
स्वयं स्रष्टा सृष्टेः पतिरथ निधीनां निजसुतः ।
क्षुधित्वा षण्मासान् स किल पुरुरप्याट जगती-
महो केनाप्यस्मिन् विलसितमलङ्घ्यं हतविधेः ॥११९॥

જે ગર્ભ પહેલાંથીય સેવે ઇન્દ્ર કર જોડી વિભુ,
વળી સ્વયં સૃષ્ટા સૃષ્ટિના નિજ પુત્ર નવનિધિના પ્રભુ;
સહતા ક્ષુધા ભૂતલ ભમ્યા છો માસ આપ પ્રભુ છતાં,
રે ! લંઘવા વિધિકાર્યને નહિ કોઇનીય સમર્થતા. ૧૧૯.

જે આદિનાથ જિનેન્દ્ર ગર્ભમાં આવ્યા ત્યાર પહેલાં છ મહિનાથી ઇન્દ્ર દાસ સમાન હાથ જોડીને સેવામાં તત્પર રહ્યો, જે પોતે સૃષ્ટિની રચના કરનાર આદિ બ્રહ્મા હતા, અર્થાત્ જેમણે કર્મભૂમિની શરૂઆતમાં આજીવિકાનાં સાધનોથી અપરિચિત પ્રજાને આજીવિકા સંબંધી શિક્ષા આપી હતી, તથા જેમનો પુત્ર ભરત ચક્રવર્તી નવનિધિઓનો સ્વામી હતો તે ઇન્દ્રાદિકથી સેવિત આદિનાથ તીર્થંકર જેવા મહાપુરુષ પણ દીક્ષિત થઇને વિચરતા ક્ષુધાતુર થઇને છ માસ સુધી પૃથ્વી ઉપર આહાર માટે ફર્યા. આ આશ્ચર્યની વાત છે! આ સંસારમાં કોઇપણ જીવ દુષ્ટ દૈવના વિધાનને ઉલ્લંઘવા સમર્થ નથી! ૧૧૯

प्राक् प्रकाशप्रधानः स्यात् प्रदीप इव संयमी
पश्चात्तापप्रकाशाभ्यां भास्वानिव हि भासताम् ॥१२०॥

જે પ્રથમ જ્ઞાનપ્રકાશથી સંયમી દીપ સમા ઝગે,
તે પછી તાપ પ્રકાશ બન્નેથી રવિવત્ ઝગમગે. ૧૨૦

જ્ઞાની સંયમી પુરુષો પ્રથમ દીપકની સમાન પ્રકાશપ્રધાન હોય છે. ત્યાર પછી તે સૂર્ય સમાન તાપ અને પ્રકાશ બન્નેથી શોભાયમાન હોય છે.

જેમ દીપક કેવળ પ્રકાશ સંયુક્ત હોઈ ઘટ–પટ આદિ પદાર્થોને પ્રકાશે છે. તેવી જ રીતે જ્ઞાની પણ પ્રારંભમાં જ્ઞાનરૂપ પ્રકાશયુક્ત બનીને સ્વ અને પરના સ્વરૂપને પ્રકાશિત કરે છે, તે સમયે તેમને તપનું કાંઇક તેજ અવશ્ય હોય છે પણ તે વખતે તેની પ્રધાનતા

अशुभाच्छुभमायातः शुद्धः स्यादयमागमात् ।
रवेरप्राप्तसंध्यस्य तमसो न समुद्गमः ॥१२२॥

આગમ થકી શુભ અશુભમાંથી પામી શુદ્ધ થવાય છે;
પામ્યા વિના ઉષા રવિથી તમસ નષ્ટ ન થાય છે. ૧૨૨

આ આરાધક ભવ્ય આગમ જ્ઞાનના પ્રભાવથી અશુભ સ્વરૂપ અસંયમ અવસ્થામાંથી શુભરૂપ સંયમ અવસ્થાને પામીને સર્વ કર્મમલ રહિત થઈ શુદ્ધ થઈ જાય છે. જેમ સૂર્ય જ્યાં સુધી પ્રભાતકાળરૂપ સંધ્યાને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અંધકારને નષ્ટ કરતો નથી. સૂર્ય રાત્રિના અંધકારમાંથી નીકળી પહેલાં તો પ્રભાતકાળરૂપ સંધ્યાને પામે છે. પછી તે સંપૂર્ણ અંધકારથી રહિત થાય છે, તેમ આરાધક પણ પહેલાં રાત્રિગત અંધકાર સમાન અશુભમાંથી નીકળી પ્રભાત સમાન શુભ (સરાગ સંયમ)ને પામે છે. ત્યાર પછી તે કર્મકલંકરૂપ અંધકારથી રહિત થાય છે. અર્થાત્ જીવનાં આચરણ પૂર્વમાં પ્રાયે અસંયમ-પ્રધાન રહે છે, પછી યથાશક્તિ અસંયમમય પ્રવૃત્તિને છોડી સંયમમાર્ગમાં પ્રવૃત્ત થાય છે. આમ અશુભમાંથી શુભમાં આવે છે. કર્મબંધની અપેક્ષાએ આ બન્ને અવસ્થામાં કંઈ ભેદ નથી. અશુભમાં પાપ બંધ થાય છે, શુભમાં પુણ્ય બંધ થાય છે. છતાં શુભમાં આવ્યાથી હવે શુદ્ધ થવાની સાધન સામગ્રી મળવા લાગે છે, જે પાપબંધમાં મળવી અસંભવિત હતી. જેમ પ્રભાત કાળમાં જો કે રાત્રિગત અંધકારની સઘનતા નથી, પણ ત્યાં પણ કોઈ અંશે અંધકાર તો રહેતો હોય છે, પૂર્ણ અંધકારનો વિનાશ તો દિવસમાં જ થાય છે.

એ પ્રકારે તે પ્રગાઢ કાળમાં સ્થિત રહી અંતમાં પોતાના શુદ્ધ અનંતાક્ષરસ્વરૂપને પ્રાપ્ત કરી લે છે. ૧૨૨.

विधूततमसो रागस्तपःश्रुतनिबन्धनः ।
संध्याराग इवार्कस्य जन्तोरभ्युदयाय सः ॥१२३॥

જેમ રાગ તપ કે શ્રુત તણો જે નષ્ટ કરતો તમસને:
રવિ-લાલી સમ સૂર્યોદયે ઉન્નતિકારક જીવને. ૧૨૩

અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર જીવને જે તપ કે શાસ્ત્ર સંબંધી અનુરાગ હોય છે તે સૂર્યની પ્રભાતકાળની લાલિમા સમાન તેના અભ્યુદય, અભિવૃદ્ધિને માટે થાય છે. જેમ પ્રભાતકાળમાં ઉદય થતા સૂર્યની લાલિમા તેની અભિવૃદ્ધિનું કારણ બને છે તેવી રીતે અજ્ઞાનથી રહિત થયેલા જીવના તપ તથા શ્રુત સંબંધી અનુરાગ તેની અભિવૃદ્ધિ, સ્વર્ગ મોક્ષની પ્રાપ્તિનું કારણ બને છે. જે અનુરાગ હાનિ, દુર્ગતિનું કારણ થાય છે તે અજ્ઞાનીને હોય છે અને તે પણ વિષયભોગ સંબંધી હોય છે. વિવેકી સમ્યગ્દૃષ્ટિ જીવનો તે ધર્મ સંબંધી અનુરાગ કદી હાનિનું કારણ થઈ શકતો નથી. ૧૨૩.

विहाय व्याप्तमालोकं पुरस्कृत्य पुनस्तमः ।
रविवद्रागमागच्छन् पातालतलमृच्छति ॥१२४॥

અજ્ઞાનીનો જે રાગ—આગળ તમસને કરી—થાય છે,
રવિ—લાલી સંધ્યાની સમા પાતાળતળ લઈ જાય છે. ૧૨૪

જેમ સૂર્ય વિસ્તાર પામતા પ્રકાશને છોડીને અંધકારને આગળ કરીને અસ્ત સમયે જ્યારે રાગરૂપ લાલિમાને પામે છે ત્યારે પાતાળને પામે છે, અસ્ત થઈ જાય છે, તેવી જ રીતે જે જીવ વસ્તુસ્વરૂપને પ્રકાશિત કરનાર જ્ઞાનરૂપ પ્રકાશને છોડીને અજ્ઞાનનો સ્વીકાર કરતો રાગ, વિષયવાંછાને પ્રાપ્ત થાય છે ત્યારે તે પાતાળતળ—નરકાદિ દુર્ગતિમાં જઈ પડે છે.

સૂર્ય પ્રભાત સમયે જેમ લાલાશને ધારણ કરે છે તેવી જ રીતે અસ્ત સમયે પણ લાલિમાને ધારણ કરે છે; પરંતુ પ્રભાતકાળની લાલિમા તેના અભ્યુદય માટે થાય છે ત્યારે સાંજની લાલિમા તેના અધઃપતન માટે થાય છે. તે જ પ્રકારે જે જીવ અજ્ઞાનને છોડીને તપ તથા શ્રુત આદિ વિષયમાં રાગ કરે છે તે રાગ તેને અભ્યુદય એટલે સ્વર્ગ મોક્ષનું કારણ થાય છે, પરંતુ જે જીવ વિવેકને નષ્ટ કરીને અજ્ઞાનભાવને પામીને વિષયાનુરાગ ધારણ કરે છે તે અનુરાગ તેને અધઃપતન અર્થાત્ નરક નિગોદાદિની પ્રાપ્તિનું કારણ થાય છે. આ પ્રમાણે ધર્મમાં અનુરાગ અને વિષયમાં અનુરાગ બન્નેમાં અનુરાગરૂપે સમાનતા

હોવા છતાં પણ મહાન અંતર છે—એક ઊર્ધ્વ ગમનનું કારણ છે, બીજો અધોગતિનું કારણ છે. ૧૨૪.

ज्ञानं यत्र पुरःसरं सहचरी लज्जा तपः संबलं
चारित्रं शिविका निवेशनभुवः स्वर्गा गुणा रक्षकाः ।
पन्थाश्च प्रगुणः शमाम्बुबहुलश्छाया दयाभावना
यानं तं मुनिमापयेदभिमतं स्थानं विना विप्लवैः ॥१२५॥

જો જ્ઞાન અગ્રેસર, સખી લજ્જા, ભર્યું તપ ભાતું જ્યાં;
ચારિત્ર પાલખી, સ્વર્ગ વિશ્રાન્તિ, ગુણો રખવાળ જ્યાં;
સન્માર્ગ સીધો, શાંતિજળ બહુ અહિંસા છાયા ઘણી,
પ્રસ્થાન આવું શીઘ્ર વાંછિત સ્થાન દે વિઘ્નો હણી. ૧૨૫

જે યાત્રામાં જ્ઞાન માર્ગદર્શક છે, લજ્જા મિત્ર સમાન સાથે રહેવાવાળી છે, તપરૂપ ભાથું રસ્તામાં ભોજન માટે છે, ચારિત્રરૂપ પાલખી છે, રસ્તામાં વિસામો કરવાનાં સ્વર્ગ જેવાં નિવેશસ્થાનો છે, રક્ષા કરનાર વીતરાગતા આદિ ગુણો છે, માર્ગ મન વચન કાયાની કુટિલતા રહિત સરળ રત્નત્રય સ્વરૂપ છે, શાન્તિરૂપ જળ પરિપૂર્ણ છે, તથા દયાની ભાવનારૂપ શીતળ છાયા છે, તેવી યાત્રા તે આત્માર્થી સાધકને વિઘ્નોથી રહિતપણે અભીષ્ટ સ્થાને પહોંચાડે છે. અથવા આવી સામગ્રી પામેલા મોક્ષમાર્ગના પથિક આત્મસાધક વિના વિઘ્ને મુક્તિપુરીરૂપ અભીષ્ટ સ્થાને શીઘ્ર સુખરૂપે પહોંચી જાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન આદિ ચાર આરાધના તત્પર સાધક આરાધના કરીને નિઃસંદેહ શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ એવું નિજ સહજાત્મસ્વરૂપરૂપ મોક્ષપદ પામી કૃતાર્થ થઈ જાય છે. ૧૨૫

मिथ्या दृष्टिविषान् वदन्ति फणिनो दृष्टं तदा सुस्फुटं
यासामर्धविलोकनैरपि जगद्दन्दह्यते सर्वतः ।
तास्त्वय्येव विलोमवर्तिनि भृशं भ्राम्यन्ति बद्धक्रुधः
स्त्रीरूपेण विषं हि केवलमतस्तद्गोचरं मा स्म गाः ॥१२६॥

જન સર્પ દૃષ્ટિવિષ વદે, એ પ્રગટ મિથ્યા ભાસતું,
જેના કટાક્ષે સર્વતઃ સંતપ્ત જગ સૌ ભાળ તું,
સ્ત્રીરૂપ વિષે વિષ એ ખરું, પ્રતિકૂળ સ્ત્રીથી તું થતાં,
તે ક્રૂર તુજ પાછળ ભમે, તેની સમીપ ના જા કદા. ૧૨૬

આ મોક્ષમાર્ગમાં પ્રયાણ કરનાર, ચાર આરાધનામાં તત્પર સાધકને નિર્વિઘ્નપણે

મુક્તિપુરી પહોંચી જવામાં પ્રબળ વિઘ્નરૂપ કોણ થાય છે તે હવે પાંચ શ્લોકથી જણાવી તેથી સાવચેત રહેવા ઉપદેશે છે. અહીં સ્ત્રીને દોષરૂપ ન ગણતાં કામરૂપ વિષયવિકાર ભાવોને દોષરૂપ ગણી મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત કહ્યા છે; તે સ્ત્રીપુરુષ બન્નેને ઉદ્દેશીને ઉપદેશ છે. એમ ગણી સ્ત્રીપુરુષ બન્નેએ કામને જીતવા ઉદ્યમી થવા યોગ્ય છે.

લોકમાં કેટલાક સર્પોને દૃષ્ટિવિષ સર્પો કહેવાય છે, કે જેની દૃષ્ટિ જે કોઈના ઉપર પડે તે જીવ તરત જ વિષથી વ્યાપ્ત થઈ મરણને શરણ થાય છે. પરંતુ ખરી રીતે તે સર્પ દૃષ્ટિવિષ કહેવા યોગ્ય નથી. કારણ કે તે દૃષ્ટિવિષપણું તો ખરી રીતે સ્ત્રીઓમાં રહ્યું છે, કે જે સ્ત્રીઓના અર્ધવિલોકનરૂપ કટાક્ષથી સંસારી જીવ સર્વ પ્રકારે કામાગ્નિથી અતિશય બળી ઊઠે છે, સંતપ્ત થઈ જાય છે. હે સાધક! તું તેની વિરુદ્ધ વર્તન કરી રહ્યો છે તેથી તે તારા પ્રત્યે અતિશય ક્રોધયુક્ત થઈને અહીં તહીં ભમી રહી છે. તે સ્ત્રીના રૂપમાં કેવળ વિષ જ છે. તેથી તું તેની સમીપ ન જા. તેની દૃષ્ટિથી પણ સદાય દૂર રહે.

આત્મ સાધન કરનાર સાધકને માર્ગમાં અંતરાયરૂપ બાધા કરનાર સ્ત્રીને બળવાન વિઘ્નરૂપ જાણી અહીં ઉપદેશે છે કે સાધકે તેનાથી હંમેશાં વિમુખ રહેવા યોગ્ય છે. કારણ કે દૃષ્ટિવિષ સર્પ તો તેની જેના ઉપર દૃષ્ટિ પડે તેને સંતપ્ત કરે છે પણ આ સ્ત્રીરૂપ દૃષ્ટિવિષની તો કેવળ અર્ધદૃષ્ટિ—કટાક્ષ માત્રથી જીવ વિપર્યાસ, કામથી સંતપ્ત થઈ જાય છે. જે સાધક તેનાથી વિરક્ત રહેવા માગે છે તેને ને પોતાના તરફ આકર્ષવા અનેક પ્રકારના હાવભાવ તથા વિલાસાદિરૂપ ચેષ્ટાઓ કરે છે. માટે જે સાધક પોતાનું હિત ચાહે છે તેણે તેનાથી સદાય દૂર રહેવા યોગ્ય છે. ૧૨૬.

"નિરખીને નવ યૌવના લેશ ન વિષય નિદાન,
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન.
આ સઘળા સંસારની રમણી નાયકરૂપ;
એ ત્યાગી ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ.
એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર.
વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન.
જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વ વચન એ ભાઈ.
સુંદર શિયળ સુરતરુ, મન વાણી ને દેહ;
જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ.

હોવા છતાં પણ મહાન અંતર છે—એક ઊર્ધ્વ ગમનનું કારણ છે, બીજો અધોગતિનું કારણ છે. ૧૨૪.

ज्ञानं यत्र पुरःसरं सहचरी लज्जा तपः संबलं
चारित्रं शिविका निवेशनभुवः स्वर्गा गुणा रक्षकाः ।
पन्थाश्च प्रगुणः शमाम्बुबहुलश्छाया दयाभावना
यानं तं मुनिमापयेदभिमतं स्थानं विना विप्लवैः ॥१२५॥

જો જ્ઞાન અગ્રેસર, સખી લજ્જા, ભર્યું તપ ભાતું જ્યાં,
ચારિત્ર પાલખી, સ્વર્ગ વિશ્રાન્તિ, ગુણો રખવાળ જ્યાં;
સન્માર્ગ સીધો, શાંતિજળ બહુ અહિંસા છાયા ઘણી,
પ્રસ્થાન આવું શીઘ્ર વાંછિત સ્થાન દે વિઘ્નો હણી. ૧૨૫

જે યાત્રામાં જ્ઞાન માર્ગદર્શક છે, લજ્જા મિત્ર સમાન સાથે રહેવાવાળી છે, તપરૂપ ભાથું રસ્તામાં ભોજન માટે છે, ચારિત્રરૂપ પાલખી છે, રસ્તામાં વિસામો કરવાનાં સ્વર્ગ જેવાં નિવેશસ્થાનો છે, રક્ષા કરનાર વીતરાગતા આદિ ગુણો છે, માર્ગ મન વચન કાયાની કુટિલતા રહિત સરળ રત્નત્રય સ્વરૂપ છે, શાન્તિરૂપ જળ પરિપૂર્ણ છે, તથા દયાની ભાવનારૂપ શીતળ છાયા છે, તેવી યાત્રા તે આત્માર્થી સાધકને વિઘ્નોથી રહિતપણે અભીષ્ટ સ્થાને પહોંચાડે છે. અથવા આવી સામગ્રી પામેલા મોક્ષમાર્ગના પથિક આત્મસાધક વિના વિઘ્ને મુક્તિપુરીરૂપ અભીષ્ટ સ્થાને શીઘ્ર સુખરૂપે પહોંચી જાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન આદિ ચાર આરાધના તત્પર સાધક આરાધના કરીને નિઃસંદેહ શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ એવું નિજ સહજાત્મસ્વરૂપરૂપ મોક્ષપદ પામી કૃતાર્થ થઈ જાય છે. ૧૨૫

मिथ्या दृष्टिविषान् वदन्ति फणिनो दृष्टं तदा सुस्फुटं
यासामर्धविलोकनैरपि जगद्दन्दह्यते सर्वतः ।
तास्त्वय्येव विलोमवर्तिनि भृशं भ्राम्यन्ति बद्धक्रुधः
स्त्रीरूपेण विषं हि केवलमतस्तद्गोचरं मा स्म गाः ॥१२६॥

જન સર્પ દષ્ટિવિષ વદે, એ પ્રગટ મિથ્યા ભાસતું,
જેના કટાક્ષે સર્વતઃ સંતપ્ત જગ સૌ ભાળ તું,
સ્ત્રીરૂપ વિષે વિષ એ ખરું, પ્રતિકૂળ સ્ત્રીથી તું થતાં,
તે ક્રૂર તુજ પાછળ ભમે, તેની સમીપ ના જા કદા. ૧૨૬

આ મોક્ષમાર્ગમાં પ્રયાણ કરનાર, ચાર આરાધનામાં તત્પર સાધકને નિર્વિઘ્નપણે

મુક્તિપુરી પહોંચી જવામાં પ્રબળ વિઘ્નરૂપ કોણ થાય છે તે હવે પાંચ શ્લોકથી જણાવી તેથી સાવચેત રહેવા ઉપદેશે છે. અહીં સ્ત્રીને દોષરૂપ ન ગણતાં કામરૂપ વિષયવિકાર ભાવોને દોષરૂપ ગણી મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત કહ્યા છે; તે સ્ત્રીપુરુષ બન્નેને ઉદ્દેશીને ઉપદેશ છે. એમ ગણી સ્ત્રીપુરુષ બન્નેએ કામને જીતવા ઉદ્યમી થવા યોગ્ય છે.

લોકમાં કેટલાક સર્પોને દૃષ્ટિવિષ સર્પો કહેવાય છે, કે જેની દૃષ્ટિ જે કોઈના ઉપર પડે તે જીવ તરત જ વિષથી વ્યાપ્ત થઈ મરણને શરણ થાય છે. પરંતુ ખરી રીતે તે સર્પ દૃષ્ટિવિષ કહેવા યોગ્ય નથી. કારણ કે તે દૃષ્ટિવિષપણું તો ખરી રીતે સ્ત્રીઓમાં રહ્યું છે, કે જે સ્ત્રીઓના અર્ધવિલોકનરૂપ કટાક્ષથી સંસારી જીવ સર્વ પ્રકારે કામાગ્નિથી અતિશય બળી ઊઠે છે, સંતપ્ત થઈ જાય છે. હે સાધક! તું તેની વિરુદ્ધ વર્તન કરી રહ્યો છે તેથી તે તારા પ્રત્યે અતિશય ક્રોધયુક્ત થઈને અહીં તહીં ભમી રહી છે. તે સ્ત્રીના રૂપમાં કેવળ વિષ જ છે. તેથી તું તેની સમીપ ન જા. તેની દૃષ્ટિથી પણ સદાય દૂર રહે.

આત્મ સાધન કરનાર સાધકને માર્ગમાં અંતરાયરૂપ બાધા કરનાર સ્ત્રીને બળવાન વિઘ્નરૂપ જાણી અહીં ઉપદેશે છે કે સાધકે તેનાથી હંમેશાં વિમુખ રહેવા યોગ્ય છે. કારણ કે દૃષ્ટિવિષ સર્પ તો તેની જેના ઉપર દૃષ્ટિ પડે તેને સંતપ્ત કરે છે પણ આ સ્ત્રીરૂપ દૃષ્ટિવિષની તો કેવળ અર્ધદૃષ્ટિ—કટાક્ષ માત્રથી જીવ વિષવ્યાપ્ત, કામથી સંતપ્ત થઈ જાય છે. જે સાધક તેનાથી વિરક્ત રહેવા માગે છે તેને ને પોતાના તરફ આકર્ષવા અનેક પ્રકારના હાવભાવ તથા વિલાસાદિરૂપ ચેષ્ટાઓ કરે છે. માટે જે સાધક પોતાનું હિત ચાહે છે તેણે તેનાથી સદાય દૂર રહેવા યોગ્ય છે. ૧૨૬.

" નિરખીને નવ યૌવના લેશ ન વિષય નિદાન,
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન.
આ સઘળા સંસારની રમણી નાયકરૂપ;
એ ત્યાગી ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ.
એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર.
વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન.
જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વ વચન એ ભાઈ.

તો કુલીન અકુલીન સૌને પ્રાપ્ત થઇ શકે છે, જ્યારે મુક્તિ સ્ત્રી તો કેવળ કુલીન જનોને જ પ્રાપ્ત થઇ શકે છે, નીચ અને દુરાચારી જનોને દુર્લભ છે. લૌકિક સ્ત્રી કેવળ કામી જનોને જ પ્યારી હોય છે, પરંતુ મુક્તિકાન્તા સમસ્ત વિશ્વને પ્યારી લાગે છે. લૌકિક સ્ત્રી કેવળ ધન સંપત્તિ આદિમાં અનુરાગ કરનારી છે, જ્યારે મુક્તિ સુંદરી કેવળ ઉત્તમોત્તમ ગુણોમાં અનુરાગ રાખે છે, લૌકિક સ્ત્રીથી ઐહિક ક્ષણિક સુખ પ્રાપ્ત થાય છે, જ્યારે મુક્તિ રમણીથી પારલૌકિક અવિનાશી સુખ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે એ બન્નેના સ્વભાવ સર્વથા ભિન્ન છે. તેથી જે લૌકિક સ્ત્રીને ચાહે છે તેને મુક્તિવલ્લભા દુર્લભ છે. જે મુક્તિવલ્લભાને ચાહે છે તેણે લૌકિક સ્ત્રીનો મોહ છોડવો પડે છે, કારણ કે તે વિના તે પ્રાપ્ત થઇ શકતી નથી. માટે જ એ વાત પ્રસિદ્ધ છે કે સ્ત્રીઓ પ્રાયે અત્યન્ત ઇર્ષ્યાયુક્ત હોય છે. આવી સ્થિતિમાં જે ભવ્ય મુક્તિ–રમાને ચાહે છે તેણે લૌકિક સ્ત્રીની ચાહ તો શું તેનું નામ પણ લેવા યોગ્ય નથી. આ ઉપરાંત લૌકિક સ્ત્રીને પ્રસન્ન કરવા સુવર્ણ રત્નાદિના અલંકારોથી તેને અલંકૃત કરવામાં આવે છે તેમ મુક્તિલલનાને પ્રસન્ન કરવા તેને સમ્યગ્દર્શનાદિ રત્નત્રયરૂપ આભૂષણોથી વિભૂષિત કરવી જોઇએ. ૧૨૮.

वचनसलिलैर्हासस्वच्छैस्तरङ्गसुखोदरैः
वदनकमलैर्बाह्ये रम्याः स्त्रियः सरसीसमाः ।
इह हि बहवः प्रास्तप्रज्ञास्तटेऽपि पिपासवो
विषयविषमग्राहग्रस्ताः पुनर्न समुद्गताः ॥१२९॥

વચનો વિમલ જળ, સુખ તરંગે, વદનકમળે, બાહ્ય જ્યાં,
સ્ત્રીરૂપ સરોવર રમ્ય બુદ્ધિહીન પિપાસુ જાય ત્યાં,
પણ વિષમ વિષયો મગર કાંઠે પકડી નીચે લઈ જતા,
ત્યાં કાલકવલિત થઈ જતાં, ફરી કદી ન ઉપર આવતા. ૧૨૯

સ્ત્રીઓ નાના તળાવ જેવી બહારથી રમણીય લાગે છે. સરોવર જેમ ચંચળ તરંગો સહિત સ્વચ્છ જળ અને કમળોથી સુશોભિત હોય છે તેમ એ સ્ત્રીઓ પણ તરંગો સમાન ચંચળ સુખને ઉત્પન્ન કરનારી હાસ્યયુક્ત મનોહર વચનોરૂપ જળથી તથા મુખરૂપ કમળોથી રમણીય હોય છે. જેવી રીતે ઘણા બુદ્ધિહીન મૂર્ખ જીવો તૃષાથી પીડિત થઈ સરોવર પાસે જાય છે, ત્યાં કિનારા ઉપર જ ભયાનક મગર મચ્છ આદિ હિંસક પ્રાણીના ગ્રાસ બની મરણ પામે છે, પણ પાછા ત્યાંથી નીકળવા પામતા નથી. તેવી જ રીતે ઘણા અજ્ઞાની જીવો પણ વિષયતૃષ્ણાથી વ્યાકુળ થઇ સ્ત્રીઓની પાસે જાય છે અને હિંસક જળજંતુ સમાન અતિશય ભયંકર વિષયોથી ગ્રસ્ત થઈ, તેમાં અતિ આસક્ત થઈ, ફરી નીકળવા પામતા નથી, અર્થાત્ નરકાદિ દુર્ગતિઓમાં જઈ પડે છે જ્યાંથી ફરી ઉત્તમ મનુષ્યભવ

પામી શકતા નથી. ૧૨૯

पापिष्ठैर्जगतीविधीतमभितः प्रज्वाल्य रागानलं
क्रुद्धैरिन्द्रियलुब्धकैर्भयपदैः संत्रासिताः सर्वतः ।
हन्तैते शरणैपिणो जनमृगाः स्त्रीछद्मना निर्मितं
घातस्थानमुपाश्रयन्ति मदनव्याधाधिपस्याकुलाः ॥१३०॥

અત્યંત પાપી ક્રૂર ઇન્દ્રિય વ્યાધ રાગાનલ વડે,
સર્વત્ર ત્રાસિત જન મૃગો હા ! સ્ત્રી શરણમાં જઈ પડે;
પણ કામ વ્યાધાધિપતિનું ઘાતસ્થાનક સ્ત્રી ખરે !
ત્યાં નષ્ટ થાયે, તેથી દૂર રહી, સુજ્ઞ દુર્ગતિ દુ:ખ હરે. ૧૩૦

આ અત્યંત ખેદની વાત છે કે અતિશય પાપી, ક્રૂર અને ભય ઉપજાવનાર ઇન્દ્રિયોરૂપ શિકારીઓ દ્વારા, મૃગ કે સિંહાદિને રહેવાનાં સ્થાનરૂપ આ સંસારમાં ચારે બાજુ રાગરૂપ અગ્નિ સળગાવીને સર્વ બાજુથી પીડા પમાડાયેલાં મનુષ્યરૂપ હરણો રક્ષાની ઇચ્છાથી વ્યાકુળ થયને, કામરૂપ શિકારીના સ્વામીએ બનાવેલાં સ્ત્રીરૂપ ઘાતસ્થાન તરફ દોડી જાય છે. દુષ્ટ શિકારીઓ મૃગાદિકના ઘાત માટે તેમનાં નિવાસ સ્થાનોની ચારે તરફ આગ લગાડે છે. તેથી ભયભીત થઈને રક્ષણ મેળવવા તે મૃગો એવા સ્થાને દોડી જાય છે કે જ્યાં તેમનો ઘાત કરવા માટે શિકારીઓએ ઘાત સ્થાન બનાવી રાખ્યાં છે. આ પ્રકારે તે ત્યાં જતાં તેમનો ઘાત થાય છે. એવી જ રીતે દુષ્ટ ઇન્દ્રિયો આ સંસારમાં જીવને વિષયાસક્ત બનાવવા માટે તે વિષયો પ્રત્યે રાગ ઉત્પન્ન કરે છે. વ્યાકુળ થઈ જીવ તે મૃગોની માફક શાન્તિ મેળવવા સ્ત્રીરૂપ ઘાતસ્થાને જાય છે. જે ખરી રીતે તેને નષ્ટ ભ્રષ્ટ કરવા માટે જ [illegible] બનાવેલું સ્થાન છે. આમ જેમ હરણો અજ્ઞાનતાથી પોતાના વધ માટે [illegible] વધસ્થાનમાં જઈ ફસાય છે તેમ અવિવેકી જીવ પણ વિષયતૃષ્ણાને [illegible] તેની શાંતિની ઇચ્છાથી સ્ત્રીનો આશ્રય લે છે. પરંતુ જે વિષયતૃષ્ણા શાન્ત કરવા [illegible] તે તો સ્ત્રીની પાસે જતાં, અધિકાધિક વધી જાય છે. પરિણામે વિષયમૂઢ [illegible] જાય છે, અને પાપ કરીને દુર્ગતિમાં પડી અનેક દુ:ખો ભોગવે છે. ૧૩૦

[illegible] પુરુષને મળ્યા પછી, તેમનાં દર્શન, સમાગમ અને બોધને પામીને મુમુક્ષુઓ [illegible] વિરક્ત થવામાં પ્રમાદ કરતા નથી, પણ ચિંતવે છે કે:

"[illegible] પ્રતીતિથી કરવાની ઇચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન [illegible] નથી. અથવા જ્ઞાની પુરુષનાં દર્શન પણ તેણે કર્યાં નથી, એમ તીર્થંકર કહે છે.

[illegible] થયો છે. તેનું પ્રાયે બધું બળ પરિક્ષીણપણાને ભજે છે. જેને

જ્ઞાનીપુરુષનાં વચનરૂપ લાકડીનો પ્રહાર થયો છે તે પુરુષને વિષે તે પ્રકારે સંસાર સંબંધી બળ હોય છે, એમ તીર્થંકર કહે છે.

જ્ઞાનીપુરુષને જોયા પછી સ્ત્રીને જોઈ જો રાગ ઉત્પન્ન થતો હોય તો જ્ઞાની પુરુષને જોયા નથી, એમ તમે જાણો.

જ્ઞાની પુરુષનાં વચનને સાંભળ્યા પછી સ્ત્રીનું સજીવન શરીર અજીવનપણે ભાસ્યા વિના રહે નહીં.

ખરેખર પૃથ્વીનો વિકાર ધનાદિ સંપત્તિ ભાસ્યા વિના રહે નહીં.

જ્ઞાની પુરુષ સિવાય તેનો આત્મા બીજે ક્યાંય ક્ષણવાર સ્થાયિ થવાને વિષે ઇચ્છે નહીં.

એ આદિ વચનો તે પૂર્વે જ્ઞાની પુરુષો માર્ગાનુસારી પુરુષને બોધતા હતા. જે જાણીને, સાંભળીને તે સરળ જીવો આત્માને વિષે અવધારતા હતા. પ્રાણત્યાગ જેવા પ્રસંગને વિષે પણ તે વચનોને અપ્રધાન ન કરવા યોગ્ય જાણતા હતા, વર્તતા હતા.

સર્વથી સ્મરણ જોગ વાત તો ઘણી છે, તથાપિ સંસારમાં સાવ ઉદાસીનતા, પરના અલ્પ ગુણમાં પણ પ્રીતિ, પોતાના અલ્પ દોષને વિષે પણ અત્યંત ક્લેશ, દોષના વિલયમાં અત્યંત વીર્યનું સ્ફુરવું, એ વાતો સત્સંગમાં અખંડ એક શરણાગતપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. જેમ બને તેમ નિવૃત્તિકાળ, નિવૃત્તિક્ષેત્ર, નિવૃત્તિદ્રવ્ય અને નિવૃત્તિભાવને ભજજો. તીર્થંકર ગૌતમ જેવા જ્ઞાની પુરુષને પણ સંબોધતા હતા કે સમયમાત્ર પણ પ્રમાદ યોગ્ય નથી."

—શ્રીમદ્ રાજચન્દ્ર. પત્રાંક ૮૫૪

अपत्रप तपोऽग्निना भयजुगुप्सयोरास्पदं
शरीरमिदमर्धदग्धशववन्न किं पश्यसि ।
वृथा व्रजसि किं रतिं ननु न भीषयस्यातुरो
निसर्गतरलाः स्त्रियस्त्वदिह ताः स्फुटं बिभ्यति ॥१३१॥

નિર્લજ્જ હે! તપ અગ્નિથી ભય ગ્લાનિનું તો સ્થાન આ,
જોતો નથી તન તારું શબવત્ અર્ધદગ્ધ સમાન આ;
રતિ વ્યર્થ કરતો વિષય વ્યાકુળ શું તું ભય ન પમાડતો?
ચંચલ સ્વભાવે નારી, ગણ, ભયભીત તુજથી સ્પષ્ટ તો. ૧૩૧

હે નિર્લજ્જ! આ તારું શરીર તપરૂપ અગ્નિથી અર્ધા બળેલા મડદા જેવું ભય અને ઘૃણાનું સ્થાન બની રહ્યું છે તે શું તું નથી દેખતો? તો પછી તું વ્યર્થ સ્ત્રીઓ પ્રત્યે અનુરાગ શા માટે કરે છે? આવા શરીરને ધારણ કરતો તું તે સ્ત્રીઓને ભય નથી

[illegible] સંસારમાં ઉત્પન્ન કરાવતો [illegible] નથી [illegible] તેમને [illegible] ભયાનક લાગે છે જ. [illegible] સ્ત્રીઓ સ્વભાવથી જ બીકણ [illegible] છે. તે [illegible] ભયાનક શરીરને [illegible] થાય છે. તું જેમ તે સ્ત્રીઓને [illegible] છે તેમ તે [illegible] ભયાનક શરીરને [illegible] પોતાને તો નહિ પણ ડરીને દૂર ભાગી જશે. તો પછી તેમના [illegible] પોતાને દુર્ગતિમાં શા માટે નાખે છે? ૧૩૧

उत्तुङ्गसंगतकुचाचलदुर्गदूर-
माराद्वलित्रयसरिद्विषमानतारम् ।
रोमावलीकुसृतिमार्गमनङ्गमूढाः
कान्ताकटीविवरमेत्य न केऽत्र खिन्नाः ॥१३२॥

સ્તન ઉચ્ચ સંગત અદ્રિ દુર્ગ, રમણીયોનિ અગમ્ય એ,
ઉદરે વલીત્રય તટિની ઉતરી, પાર કરવી વિષમ એ;
રોમાવલી પથ વિઘ્નકારી, નારી-યોનિ પામીને,
કામાંધ કોણ ન ખિન્ન તનધનપ્રાણ સર્વ ગુમાવીને? ૧૩૨

જે સ્ત્રીની યોનિ ઉંચાં અને પરસ્પર મળેલાં સ્તનરૂપી પર્વતીય દુર્ગથી દુર્ગમ છે, પાસે ઉદરમાં સ્થિત ત્રિવલીરૂપ નદીઓથી જ્યાં પહોંચવું ભયપ્રદ છે, તથા જે રોમ પંક્તિ રૂપ અહીં તહીં ભટકાવનાર માર્ગથી યુક્ત છે, એવી એ સ્ત્રીની યોનિને પામીને કોઇ કામાન્ધ પ્રાણી ખેદખિન્ન નથી થતો? અર્થાત્ એ સર્વ દુઃખને પામ્યા છે.

જે સ્થાનનો માર્ગ ઉંચા પર્વતોથી દુર્ગમ હોય, જેની મધ્યમાં નદીઓ આવેલી હોય, તથા જે ભયાનક વનથી વ્યાપ્ત હોય એવા માર્ગે એ સ્થાને જનાર, પ્રાણી જેમ અતિશય ખેદ પામે છે, તેમ પર્વત જેવા ઉન્નત સ્તનો સહિત ત્રિવલીરૂપ નદીઓથી વેષ્ટિત રોમપંક્તિરૂપ વનરાજિથી વ્યાપ્ત યોનિસ્થાનને પામનાર કામી જન આ લોકમાં ખેદખિન્ન થઇ આકુળતાને પ્રાપ્ત થાય છે. તથા એવી રીતે પાપસંચય કરીને પરલોકમાં પણ દુઃખી થાય છે. ૧૩૨

वर्चोगृहं विषयिणां मदनायुधस्य नाडीव्रणं विषमनिर्वृतिपर्वतस्य ।
प्रच्छन्नपादुकमनङ्गमहाहिरन्ध्रमाहुर्बुधाः जघनरन्ध्रमदः सुदत्याः ॥१३३॥

એ કામીનું મળમૂત્રઘર ને ઘા મદનના શસ્ત્રનો,
દુર્ગમ્ય મુક્તિ અદ્રિ ચઢતાં, ગુપ્ત ખાડો પતનનો;
દર એ અનંગ મહાભુજંગમ કેરું ભવભય કારણે,
જ્ઞાની જનો બે જાંઘ વચ્ચે વિવર વનિતાનું ગણે. ૧૩૩

સુંદર કાંતવાળી સ્ત્રીના બે જંઘાની વચમાંના છિદ્રને વિદ્વાનો કામી પુરુષોના ગલ (શીર્ષ)નું પદ અથવા સંહાર, કામદેવના શસ્ત્રનો નાડીવ્રણ અર્થાત્ નસ ઉપરનો ઘા, દુર્ગમ મોક્ષરૂપ પર્વત પર ચઢનારને પતન કરાવે તેવો અન્ધકાર. ઢાંકેલો ખાડો, તથા કામરૂપ મહા-સર્પનું દર કહે છે. માટે જેમ પથિક સાવધાન થઈને તે ખાડામાં પડી ન જવાય તેવે માર્ગે સંભાળીને પર્વત ઉપર ચઢે છે તો અભીષ્ટ સ્થાને પહોંચે છે તેમ જે વિવેકી જીવ છે તે તે ખાડાથી બચીને વિષયભોગથી રહિત થઈને પોતાના અભીષ્ટ મોક્ષરૂપ પર્વત પર ચઢી જાય છે. ૧૩૩

अध्यास्यापि तपोवनं बत परे नारीकटीकोटरे
व्याकृष्टा विषयैः पतन्ति करिणः कूटावपाते यथा ।
प्रोचे प्रीतिरियं जनस्य जननी प्राग्जन्मभूमिश्च यो
व्यक्तं तस्य दुरात्मनो दुरुदितैर्मन्ये जगद्वञ्चितम् ॥१३४॥

તપ કાજ વન સેવે છતાં વ્યાકુળ વિષયોથી થતા,
નારી વિવર પડતા યથા ગજ ગુપ્ત ખાડે પડી જતા;
જ્યાંથી જનમ ને જનની, તો પણ પ્રીતિ ત્યાં કરવા કહે,
એ દુષ્ટ કવિઓ દુષ્ટ વચને જગ ઠગે, જન હિત દહે. ૧૩૪

મનુષ્ય તપશ્ચરણ માટે વનમાં જઈને પણ ઇન્દ્રિય વિષયોથી ખેંચાઈને સ્ત્રીયોનિ સ્થાનમાં એવી રીતે પતિત થાય છે કે જેમ હાથી ખેંચાઈને પોતાને પકડવા માટે બનાવેલા ઢાંકેલા ખાડામાં જઈને પડે છે. જે યોનિસ્થાન પ્રાણીની જન્મભૂમિ હોવાથી માતા સમાન છે તેને જે દુષ્ટ કવિ પ્રીતિનું કારણ કહે છે તે સ્પષ્ટ રીતે પોતાનાં દુર્ગતિનાં કારણરૂપ દુષ્ટ વચનોથી વિષને અમૃત કહીને જગતને ઠગે છે. ૧૩૪

कण्ठस्थः कालकूटोऽपि शम्भोः किमपि नाकरोत् ।
सोऽपि दंदह्यते स्त्रीभिः स्त्रियो हि विषमं विषम् ॥१३५॥

વિષ કાલકૂટ પણ શંભુકંઠે કાંઈ હાનિ ના કરે,
તે શંભુ પણ સંતપ્ત સ્ત્રીથી! સ્ત્રીજ વિષ વિષમ ખરે! ૧૩૫

મહાદેવના કંઠમાં રહીને પણ જે કાળકૂટ વિષ તેને કંઈ હાનિ ન કરી શક્યું તે મહાદેવ પણ સ્ત્રીઓ દ્વારા સંતાપ્ત કરવામાં આવ્યા. તેથી સ્ત્રીઓ ભયાનક વિષ છે. એમ કહેવાય છે કે સમુદ્ર મંથન વેળા નીકળેલું વિષ મહાદેવ પી ગયા હતા. તેમને તે વિષપાનની કોઈ વેદના થઈ નહોતી. તેજ મહાદેવ પાર્વતી આદિ સ્ત્રીઓ દ્વારા કામથી સંતપ્ત

તે દોષો દૂર કરીને આત્મકલ્યાણ કરી લે છે. ૧૪૧

विकाशयन्ति भव्यस्य मनोमुकुलमंशवः ।
रवेरिवारविन्दस्य कठोराश्च गुरूक्तयः ॥१४२॥

ગુરુવચન હોય કઠોર તો પણ, ભવ્યમન વિકસાવતાં,
જયમ કિરણ રવિનાં ચંડ તોયે કમળવન વિકસાવતાં. ૧૪૨

કઠોર પણ ગુરુનાં વચનો ભવ્ય જીવના મનને પ્રફુલ્લિત, આનંદિત કરે છે; જેમ સૂર્યનાં કઠોર કિરણો પણ કમળની કળિને પ્રફુલ્લિત કરી દે છે.

જે શિષ્ય આત્મહિતથી વિમુખ છે તેને જ ગુરુનાં હિતકારક વચન પણ કઠોર લાગે છે, પરંતુ જે શિષ્યને આત્મહિતની અભિલાષા છે તેને તો તે ક્ષણે કઠોર લાગતાં વચનો પરિણામમાં આનંદજનક લાગે છે તેથી તેને તેવાં કઠોર વચનથી કાંઈ પણ ખેદ કે ચિન્તા થતી નથી. ૧૪૨

लोकद्वयहितं वक्तुं श्रोतुं च सुलभाः पुरा ।
दुर्लभाः कर्तृमद्यत्वे वक्तुं श्रोतुं च दुर्लभाः ॥१४३॥

પૂર્વે સુલભ હિતવાણી વક્તા તેમ શ્રોતા જન ઘણા;
પણ વર્તને દુર્લભ, હવે વક્તા તથા શ્રોતા ય ના. ૧૪૩

પૂર્વ કાળમાં, જે ધર્મના આચરણથી આ લોક અને પરલોક બન્ને લોકમાં હિત થાય, તેવા ધર્મનું વ્યાખ્યાન કરનાર તથા સાંભળનારા ઘણા જનો સુલભતાથી મળતા હતા. પરંતુ તે પ્રમાણે વર્તનારા તો ત્યારે પણ દુર્લભ જ હતા. પરંતુ આ વર્તમાન કાળમાં તો તે ધર્મનું વ્યાખ્યાન કરનાર કે સાંભળનાર પણ દુર્લભ છે, તો પછી આચરણ કરનારની તો વાત જ શી? અર્થાત્ વક્તા શ્રોતા અને આચરનાર ત્રણેની આ કાળમાં અતિ દુર્લભતા છે. ૧૪૩

गुणागुणविवेकिभिर्विहितमप्यलं दूषणं
भवेत् सदुपदेशवन्मतिमतामति प्रीतये ।
कृतं किमपि धाष्ट्र्यतः स्तवनमप्यतीर्थोषितैः
न तोषयति तन्मनांसि खलु कष्टमज्ञानता ॥१४४॥

ગુણ દોષ-જાણ વિવેકીઓ કંઈ દોષ પણ અતિશય કહે,
મતિમાન તો ઉપદેશવત્ અતિ પ્રીતિ કારણ તે લહે;

શ્રુતજ્ઞાન વિણ અવિવેકીઓ સ્તુતિ ધૃષ્ટતાથી પણ કરે,
મન પ્રાજ્ઞનાં નહિ તુષ્ટ થાતાં, અજ્ઞતા કષ્ટ જ ખરે! ૧૪૪

જે ગુણ અને દોષનો વિચાર કરનારા સજ્જનો છે તે જો કદી કોઈ દોષને પણ અત્યંત પ્રગટ કરે તો તે બુદ્ધિમાન પુરુષો માટે ઉત્તમ ઉપદેશની માફક અત્યંત પ્રીતિનું કારણ થાય છે. પરંતુ જે આગમ જ્ઞાનથી રહિત છે એવા અવિવેકી જનો દ્વારા જો કોઇ ધૃષ્ટતાથી પ્રશંસા કરવામાં આવે તો તે બુદ્ધિમાન મનુષ્યોને સંતુષ્ટ કરતી નથી. નિશ્ચયથી તે અજ્ઞાનતા જ દુઃખદાયક છે. ૧૪૪

त्यक्तहेत्वन्तरापेक्षौ गुणदोषनिबन्धनौ ।
यस्यादानपरित्यागौ स एव विदुषां वरः ॥१४५॥

નહિ અન્ય હેતુ ઇચ્છતાં, ગુણ દોષ સત્ય પિછાણતા,
તે જ્ઞાનીવર ગુણ ગ્રહણ કરતા, દોષ દૂરે ત્યાગતા. ૧૪૫

જે અન્ય કારણોની અપેક્ષા ન કરતાં કેવળ ગુણને કારણે સમ્યગ્દર્શનાદિને ગ્રહણ કરે છે અને દોષને કારણે મિથ્યાત્વ આદિનો પરિત્યાગ કરે છે તેજ વિદ્વાનોમાં શ્રેષ્ઠ ગણાય છે. ૧૪૫

हितं हित्वाहिते स्थित्वा दुर्धीर्दुःखायसे भृशम् ।
विपर्यये तयोरेधि त्वं सुखायिष्यसे सुधीः ॥१४६॥

હિત ત્યાગી વર્તે અહિતમાં, દુર્ગતિ બહુ તું દુઃખ સહે,
વિપરીત થઇ તજ અહિત, હિતમાં વર્ત, સન્મતિ સુખ લહે. ૧૪૬

હે જીવ! હિતને છોડી તું અહિતમાં વર્તે છે. તું દુર્બુદ્ધિ અજ્ઞાની થઈને સમ્યગ્-દર્શનાદિ તારું હિત કરનાર છે તેને તજી દે છે, અને મિથ્યાદર્શનાદિ તારું અહિત કરનાર છે તેમાં સ્થિત થાય છે. આ પ્રકારે તું પોતાને દુઃખી કરે છે. વિવેકી થઇને તું એનાથી વિપરીત પ્રવૃત્તિ કર. અર્થાત્ અહિતકારક મિથ્યાદર્શનાદિને છોડીને હિતકારક સમ્યગ્દર્શનાદિ ગ્રહણ કર. એમ કરવાથી તું પોતાને સુખી કરીશ. ૧૪૬

इमे दोषास्तेषां प्रभवनममीभ्यो नियमतः
गुणाश्चैते तेषामपि भवनमेतेभ्य इति यः ।
त्यजंस्त्याज्यान् हेतून् झटिति हितहेतून् प्रतिभजन्
स विद्वान् सद्वृत्तः स हि स हि निधिः सौख्ययशसोः ॥१४७॥

આ દોષ, ઉદ્‌ભવ તેહનો છે નિયમથી આ હેતુથી,
સદ્‌ગુણો આ, તે ઉદ્‌ભવે છે, નિયમથી આ હેતુથી,
એ જાણીને ઝટ ત્યાજ્ય ત્યાગે, શ્રેયહેતુ અનુસરે,
વિદ્વાન તે, વ્રતવાન તે, સુખયશનિધિ પણ તે ખરે. ૧૪૭.

આ મિથ્યાદર્શનાદિ દોષ છે અને એની ઉત્પત્તિ નિયમથી દર્શનમોહ આદિથી છે, તથા આ સમ્યગ્દર્શનાદિ ગુણો છે. અને તેની ઉત્પત્તિ દર્શનમોહનીયના ઉપશમ, કે ક્ષયોપશમ આદિથી થાય છે, એમ નિશ્ચય કરીને જે છોડવા યોગ્ય કારણોને છો અને હિતનાં કારણોનો સ્વીકાર કરે છે, તે વિદ્વાન છે, તે સમ્યક્ ચારિત્રવાળો છે, ને સુખ અને યશનો નિધિ, ખજાનો પણ છે. ૧૪૭.

न्यायाप्तौ सकलजन्तुषु वृद्धिनाशौ
जन्मान्तरार्जितशुभाशुभकर्मयोगात् ।
धीमान् स यः सुगतिसाधनवृद्धिनाशः
तद्व्यत्ययाद्विगतधीरपरोऽभ्यधायि ॥१४८॥

પૂર્વે કરેલાં શુભ અશુભ કર્મોથી જે સંપ્રાપ્ત છે,
તે વૃદ્ધિનાશ બધાયને સામાન્યરૂપે પ્રાપ્ત છે;
તે વૃદ્ધિનાશ સુગતિ સાધન કરે બુદ્ધિમાન તે,
વિપરીત તેથી દુર્ગતિ જે સાધતા મતિહીન તે. ૧૪૮.

[illegible] પુણ્ય અને પાપના ઉદયથી આયુષ્ય, શરીર, ધનસંપત્તિ, [illegible] તે વૃદ્ધિનાશ તો સમસ્ત પ્રાણીઓને સાધારણ, એક [illegible] સુગતિ અર્થાત્ મોક્ષ સિદ્ધ કરવાવાળાં વૃદ્ધિ અને નાશને [illegible] છે અને જે તેથી વિપરીત દુર્ગતિનાં સાધનભૂત [illegible] બુદ્ધિહીન મૂર્ખ છે. આમાં ગૂઢ આશય છે. તેનાં કારણ [illegible] સિદ્ધ કરનાર મિથ્યાદર્શનાદિને જે નષ્ટ કરે છે [illegible] દુર્ગતિના કારણરૂપ મિથ્યાદર્શનાદિને વધારે છે [illegible] કરે છે તે વાસ્તવમાં મૂર્ખ છે. ૧૪૮.

[illegible] सुगतिर्गतेर्गुणानां
[illegible] ।
[illegible] सदुर्गतिस्ता:
[illegible] ॥१४९॥

તપવૃદ્ધિ કાજે દેહ અર્થે વિધિ સહિત ભિક્ષા ચહે,
ભક્તિ સહિત જન આપતા તો કંઇ કવચિત્ તદા ગ્રહે,
તે પણ ઘણી લજ્જાતણું કારણ મહાત્મા મન લહે,
તો દુષ્ટ ગ્રહ સમ પરિગ્રહને અન્ય કેમ કદી ગ્રહે? ૧૫૮

તપની વૃદ્ધિ કરનાર મહાત્મા શાસ્ત્રમાં કહેલી વિધિ અનુસાર શરીરસ્થિતિ માટે કોઈ કાળવિશેષમાં બીજા (ગૃહસ્થો) દ્વારા ભક્તિપૂર્વક દેવામાં આવે એવો કંઈક અલ્પ આહાર ગ્રહણ કરવાની ઈચ્છા કરે છે. તે પણ તે મહાત્માને ઘણી લજ્જાનું કારણ થાય છે. તો પછી આશ્ચર્ય છે કે તે મહાત્મા અન્ય પરિગ્રહરૂપ પિશાચોને કેવી રીતે ગ્રહણ કરી શકે? ન જ ગ્રહણ કરે. ૧૫૮

दातारो गृहचारिणः किल धनं देयं तदत्राशन
गृह्णन्तः स्वशरीरतोऽपि विरताः सर्वोपकारेच्छया ।
लज्जैषैव मनस्विनां ननु पुनः कृत्वा कथं तत्फलं
रागद्वेषवशीभवन्ति तदिदं चक्रेश्वरत्वं कलेः ॥१५९॥

દાતા ગૃહસ્થો દેય વળી આહારરૂપ ધન જે સદા,
તે સ્વપર ઉપકારાર્થ ગ્રહતા વિરત નિજ તનથી યદા;
લજ્જાય ત્યાં પણ જ્ઞાનીઓ, તે નિમિત્તે સાધુ અહો!
જે રાગદ્વેષવશે વહે, તે પ્રભુત્વ કળિનું કહો. ૧૫૯

દાતા તો ગૃહસ્થ છે. દેવા યોગ્ય સત્પાત્રને ભક્તિ પૂર્વક આહારદાન છે, એ આહારરૂપ દાનને ગ્રહણ કરનાર સૌ પ્રત્યે ઉપકારની ઈચ્છાવાળા એવા સાધુ છે કે જે પોતાના શરીરથી પણ વિરકત રહે છે, તે સ્વાભિમાનીઓને આહાર લેવાની ઈચ્છા પણ લજ્જાનું કારણ થાય છે. આમ છે તો પછી દાતા અને પાત્ર રાગદ્વેષને વશ કેમ થાય? પણ આ પંચમ કાળનો જ એ પ્રભાવ છે કે વર્તમાનમાં ઉત્તમ દાતા અને ઉત્તમ પાત્રના અભાવે પરસ્પર રાગદ્વેષરૂપ દુરવસ્થા થઈ ગઈ છે ૧૫૯

आमृष्टं सहजं तव त्रिजगतीबोधाधिपत्यं तथा
सौख्यं चात्मसमुद्भवं विनिहतं निर्मूलतः कर्मणा ।
दैन्यात्तद्विहितैस्त्वमिन्द्रियसुखैः संतृप्यसे निस्त्रपः
स त्वं यश्चिरयातनाकदशनैर्बद्धस्थितस्तुष्यसि ॥१६०॥

ત્રણલોક જ્ઞાયક જ્ઞાન-સ્વામી સહજ પ્રભુતા તે હરી,
સહજાત્મસુખ નિર્મૂળ કીધું કર્મ તો તારો અરિ;

નિર્લજ્જ દીન થઇ કર્મકૃત ઇન્દ્રિયસુખથી તૃપ્ત શું?
ફુઆન્નથી ચિર યાતનામાં બંધને સ્થિત તુષ્ટ તું? ૧૬૦

હે આત્મન્! ત્રણ લોકને જાણનાર કેવળજ્ઞાન કે જેના ઉપર તારું સ્વાભાવિક સ્વામીપણું હતું તેનો આ કર્મે લોપ કરી દીધો છે. તથા પરપદાર્થોની અપેક્ષા નહિ કરતાં કેવળ આત્માધીનજ ઉત્પન્ન એવા એ તારા સ્વાભાવિક સુખને પણ એ કર્મે નષ્ટ કરી દીધું છે. તું કે જે ચિરકાળથી ઉપવાસાદિનાં કષ્ટ પૂર્વક નીરસ આહારનાં બંધનોમાં સ્થિત રહ્યો છું તે પણ નિર્લજ્જ થઈને એ કર્મદ્વારા પ્રાપ્ત કરાયેલાં ઈન્દ્રિય સુખોથી દીનતા પૂર્વક સંતુષ્ટ થાય છે.

જે અવિવેકી છે તે કર્મશત્રુદ્વારા પોતાની સ્વાભાવિક શક્તિ અનંત જ્ઞાનાદિ હરાઈ ગઇ છે તેને પ્રાપ્ત કરવાનો ઉદ્યમ નથી કરતા, પરંતુ તે કર્મદ્વારા દેવામાં આવતાં તુચ્છ અને ક્ષણિક ઈન્દ્રિય સુખોમાં સંતુષ્ટ થાય છે. પરંતુ જે વિવેકી આત્મા છે તે તે કર્મ-શત્રુદ્વારા લુપ્ત કરાયેલી પોતાની અનંત જ્ઞાનાદિ સ્વાભાવિક સંપત્તિ પ્રાપ્ત કરવા નિરંતર પુરુષાર્થ કરે છે અને જ્યાં સુધી તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેની પ્રાપ્તિમાં સાધનરૂપ શરીર નિર્વાહવા માટે તે કર્મદ્વારા પ્રાપ્ત થતા ભોજનને ગ્રહણ કરે છે, તે પણ સ્વાભિમાન પૂર્વક, લજ્જા સહિત ગ્રહણ કરે છે, પણ નિર્લજ્જ અને દીન બનીને નહિ જ. એમ કરવાથી તે પોતાની અનંત ચતુષ્ટયરૂપ સ્વાભાવિક સંપત્તિ અવશ્ય પ્રાપ્ત કરી લે છે. ૧૬૦

तृष्णा भोगेषु चेद्भिक्षो सहस्वाल्पं स्वरेव ते ।
प्रतीक्ष्य पाकं किं पीत्वा पेयं भुक्तिं विनाशयेः ॥१६१॥

હે ભિક્ષુ! ભોગેચ્છા યદિ, સહ કષ્ટ, સુરપદ લે તદા,
ભોજન પ્રતીક્ષાથી અધીર પી પાણી નષ્ટ કરે ક્ષુધા? ૧૬૧

હે ભિક્ષુ! જો તને ભોગોની ઇચ્છા થતી હોય તો તું થોડા સમય માટે વ્રતાદિ આચરણોથી થતાં થોડાંક કષ્ટોને સહન કરી લે. તેમ કરવાથી તને સ્વર્ગ મળશે, ત્યાં તું ઇચ્છે છે તે ભોગો છે. ભોજન તૈયાર થતું જોઈને તું તેની પ્રતીક્ષા કરતો, રાહ જોતો, અધીરાઈથી પાણી આદિ પીને ક્ષુધાને નષ્ટ કરી ભોજનસ્વાદને શા માટે નષ્ટ કરે છે? જે વિષયતૃષ્ણાને વશ થઈ વ્રતાદિક આચરણો તજી દે છે તેને મોક્ષસુખ મળ-વાનાં તો દૂર રહ્યાં, પણ સ્વર્ગાદિની પ્રાપ્તિથી પ્રાપ્ત થવા યોગ્ય વિશિષ્ટ વિષયસુખ પણ પ્રાપ્ત થતાં નથી. ૧૬૧

निर्धनत्वं धनं येषाम् मृत्युरेव हि जिवितम् ।
किं करोति विधिस्तेषां सतां ज्ञानैकचक्षुषाम् ॥१६२॥

तत्त्वं प्रतिक्षणभवत्तदतत्स्वभाव-
माद्यन्तहीनमखिलं न तथा यथैकम् ॥१७३॥

નહિ દ્રવ્ય નિત્ય અનિત્ય કેવળ, જ્ઞાનમાત્ર જ પણ નહીં,
નહિ શૂન્ય પણ, કારણ અબાધિત પ્રતિભાસ તથા નહીં;
દ્રવ્યો પ્રતિક્ષણ તદ્ અતદ્ સ્વરૂપી સ્વભાવ સહિત છે,
જ્યમ એક તેમ બધાંય દ્રવ્યો આદિઅંત રહિત છે. ૧૭૩

જીવ અજીવ આદિ કોઈ પણ વસ્તુ સર્વથા સ્થિર રહેવાવાળી (નિત્ય) નથી, ક્ષણ-ક્ષણમાં નાશ પામનારી (અનિત્ય) પણ નથી. જ્ઞાનમાત્ર નથી, કે અભાવસ્વરૂપ પણ નથી. કારણ કે એવો નિર્બાધ પ્રતિભાસ થતો નથી, જેવો નિર્બાધ પ્રતિભાસ થાય છે તદનુસાર તે વસ્તુ પ્રતિક્ષણે ઉત્પન્ન થનાર તદ્ અતદ્ સ્વરૂપ અર્થાત્ નિત્ય-અનિત્યાદિ સ્વરૂપથી સંયુક્ત અને અનાદિનિધન છે. જેવી રીતે એક તત્ત્વ નિત્યાનિત્ય, એક-અનેક તથા ભેદાભેદ સ્વરૂપવાળું છે, તેવી જ રીતે સમસ્ત તત્ત્વોનું પણ સ્વરૂપ સમજવું જોઈએ.

(૧) સાંખ્ય દર્શન તત્ત્વસ્વરૂપને સર્વથા નિત્ય માને છે. (૨) બૌદ્ધ દર્શન તત્ત્વસ્વરૂપને કેવળ ક્ષણિક માને છે. (૩) જ્ઞાન અદ્વૈતવાદી વેદાંત, વસ્તુ વિજ્ઞાનમાત્ર છે એમ માને છે, બાહ્ય વસ્તુઓનું અસ્તિત્વ તેઓ માનતા જ નથી. તેઓ કહે છે કે જે કાંઈ દેખાય છે તે બધું માત્ર મનનું કલ્પનામાત્ર વિજ્ઞાન છે. વાસ્તવ્યમાં વિજ્ઞાન સિવાય બાહ્ય કોઈ વસ્તુ જ નથી. તેના પ્રમાણમાં તે કહે છે કે જ્યારે કોઈ એક વસ્તુ તરફ કોઈ જીવનો ઉપયોગ વર્તતો નથી ત્યારે તે વસ્તુની તેને કલ્પના સરખી પણ આવતી નથી. તેથી તે સમયે તે વસ્તુના અસ્તિત્વ માટે કોઈ પ્રમાણ જ નથી. (૪) ચોથો પક્ષ એવો છે કે તે બાહ્ય અને અભ્યંતર કોઈ વસ્તુના અસ્તિત્વનો સ્વીકાર જ કરતો નથી. તે કહે છે કે વસ્તુસ્વરૂપ પરસ્પર ન તો ભિન્ન છે, ન અભિન્ન છે. વસ્તુસ્વરૂપ ગમે તેવું નિર્ણીત કરશો પણ સર્વ નિર્ણય દોષયુક્ત જ સમજાય છે. એક પણ નિર્ણીત વસ્તુસ્વરૂપ અમને તો નિર્દોષ ભાસતું નથી. તેથી સત્ વસ્તુ નામનો કોઈ જગતમાં પદાર્થ જ નથી. આ ચોથો અભાવવાદી પક્ષ છે.

ઉપરોક્ત ચારેય પક્ષમાંથી એક પણ પક્ષનું કહેવું યથાર્થ નથી. કારણ કે તેમણે નિર્ણીત કરેલો વસ્તુસ્વરૂપ સંબંધી નિશ્ચય પ્રમાણભૂત કે અનુભવસિદ્ધ ઉચિત જણાતો નથી. પ્રત્યક્ષ સમજાય છે કે વસ્તુસ્વરૂપ સર્વથા એકરૂપ જણાતું નથી. ક્ષણે ક્ષણે અનેક પરિણામપણાને પામતું તે અસ્ખલિત વહ્યું જાય છે. ત્યાં તેને સર્વથા નિત્ય કહેવું એ માત્ર બુદ્ધિનો વિભ્રમ નહિ તો બીજું શું ?

વસ્તુ કેવળ નાશવાન પણ નથી, જો કેવળ નાશવાન હોય તો અર્થાત્ નવી નવી ઉત્પન્ન થાય અને પ્રથમની કેવળ નાશ પામી જાય એવી ક્ષણિક હોય તો, બીજ વિના

અંકુરની ઉત્પત્તિ થતી જ નથી. પણ એમ તો બનતું નથી. તેથી નિશ્ચિત છે કે વસ્તુ કેવળ નાશવાન નથી. પરિવર્તન ભલે તેટલું થાય પણ વસ્તુનું વસ્તુપણું કોઈ ને કોઈરૂપે તેમાં અવશ્ય બન્યું રહે છે. વસ્તુને કેવળ નાશવાન માનતાં સર્વ ધર્મ, કર્મ આદિ સદ્ અનુષ્ઠાન પણ વ્યર્થ છે. વસ્તુને કેવળ ક્ષણિક માનવી એ માત્ર બુદ્ધિનો વિપર્યાસ જ છે.

બાહ્ય વસ્તુઓનો સદ્ભાવ મનાવનાર અનેક યુક્તિ અને પોતાનો અનુભવ જ પ્રમાણ-રૂપ છે. જ્ઞાનમાત્ર જ વાસ્તવિક વસ્તુતત્ત્વ હોત તો તેમાં અનેક પ્રકારનાં રૂપાંતરો જે સ્પષ્ટ અનુભવગમ્ય થાય છે. તે રૂપાંતરો થાત જ નહિ. જેમ કારણ વિના કાર્યનું ઉદ્ભવવું અસંભવિત છે તેમ કારણોમાં ભેદ ન વર્તતો હોય તો કાર્યની ચિત્ર વિચિત્ર ભેદ-દશા હોત જ નહિ. વેદાંત ભેદ જમાવે એમ પણ કહે છે કે "નાભાવ ઉપલબ્ધેઃ" અર્થાત્ વસ્તુનો સર્વથા અભાવ માનવો એ ઉચિત નથી, કારણ બાહ્ય વસ્તુઓ સ્પષ્ટ જોવામાં આવે છે. જેમ વસ્તુઓનો સદ્ભાવ બાહ્યથી હોતાં તેનો અભાવ માનવો યોગ્ય નથી, તેમ વસ્તુ જ્યાં અને જેવી દેખાય છે તેવી અને ત્યાં જ તેમ માનવી એજ સર્વથા ઉચિત છે. અર્થાત્ બાહ્ય રહેલી વસ્તુઓને પણ યુક્તિ અને અનુભવથી માનવી જ પડે છે. તેથી જ્ઞાન સિવાય બાહ્ય પદાર્થો પણ જગતમાં છે, એ નિર્ણય નિશ્ચિત છે. અને તે ન્યાયસંગત છે.

જ્યારે બાહ્ય વસ્તુઓને માનવી ન્યાયસંગત ઠરે છે, ત્યારે વસ્તુમાત્રનો અભાવ કહેવો એ કેવળ અસત્ય અને ઉન્માદપૂર્ણ કથન સહેજે લાગે છે. અગર કદાચિત્ વસ્તુ-માત્રનો અભાવ હોય તો વસ્તુને અભાવરૂપ કહેનારનો પણ અભાવ ઠરે. અભાવ તત્ત્વ અભાવને સિદ્ધ કરે એ તો 'મારા મોઢામાં જીભ નથી," એવું વદતો વ્યાઘાત જેવું અધિક વચન કહેવાય. અભાવવડે અભાવને સ્થાપિત કરવું એ કેવળ અસંભવિત છે.

ઉપરોક્ત વસ્તુસ્વરૂપને પ્રતિપાદન કરનાર ચારે એકાંત પક્ષો સદોષ છે, અને એનું સ્થાપિત કરેલું વસ્તુસ્વરૂપ પણ સદોષ છે. તો વાસ્તવિક વસ્તુસ્વરૂપ કેવું છે? એનો ઉત્તર આ શ્લોકના પાછલા અર્ધા ચરણમાં જ આપ્યો છે. તત્ત્વસ્વરૂપ પ્રતિક્ષણ પરિણામી તથા સદા સ્થિર પણ છે. અથવા નિત્યાનિત્ય, એકાનેક, ભિન્નાભિન્ન, સત્અસત્ સ્વરૂપ અનેક પ્રકારે છે. સંસારના સર્વ પદાર્થોનું સ્વરૂપ એ જ પ્રકારે છે. વળી તે સ્વરૂપ નિરંતર બન્યું રહે એવું ધ્રૌવ્ય છે. ટૂંકામાં સમ્યગ્જ્ઞાને કરી જે પદાર્થ જેવો દૃષ્ટિગત થાય વા જેવો કહેવામાં આવે તે પદાર્થ તેવો તેવા પ્રકારનો માનવો એ જ યોગ્ય છે.

વસ્તુસ્વરૂપ ઉપરોક્ત પ્રકારે નિત્યાનિત્ય, ભિન્નાભિન્ન, આદિ ભિન્નભિન્ન પ્રકારે જોવામાં તથા સામાન્ય વિશેષ અપેક્ષા વિવક્ષિત કરવામાં આવે છે. તેથી તેને તે-રૂપે માનવું એ જ દૃષ્ટિ સમ્યક્ છે. ૧૭૩

હવે આગલા શ્લોકમાં શિષ્ય પ્રશ્ન [illegible] આત્માને [illegible] મુક્તિ કેમ થાય?

ज्ञानस्वभावः स्यादात्मा स्वभावावाप्तिरच्युतिः ।
तस्मादच्युतिमाकांक्षन् भावयेज्ज्ञानभावनाम् ॥१७४॥

રે! જ્ઞાન આત્મસ્વભાવ છે, તે પ્રાપ્તિને મુક્તિ કહી.
તો ભાવના નિજ જ્ઞાનની, ભાવો યદિ મુક્તિ ચહી. ૧૭૪

આત્મા જ્ઞાનસ્વભાવવાળો છે. તે અનંત જ્ઞાનાદિ સ્વભાવની જે પ્રાપ્તિ થવી તે જ આ આત્માની અચ્યુતિ અર્થાત્ મુક્તિ છે. એટલા માટે મુક્તિની અભિલાષા કરનાર ભવ્યાત્માએ એ જ્ઞાનની ભાવના કરવી જોઈએ.

ઉપર બતાવ્યું હતું કે જીવ અજીવ આદિ જેટલા પદાર્થો છે તે સર્વ વિવક્ષા ભેદથી નિત્ય અનિત્યાદિ સ્વભાવવાળા છે. આ ક્વચિત્ નિત્ય અનિત્ય આદિ સ્વભાવ સર્વ પદાર્થોનું સાધારણ સ્વરૂપ છે. સર્વ પદાર્થોનું સાધારણ સ્વરૂપ એ છે તો આત્માનું અસાધારણ સ્વરૂપ શું છે? કે જેનું ચિંતન કરવાથી આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થાય. તેના જવાબમાં એ જ બતાવ્યું છે કે આત્માનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન છે. આત્મા સિવાયના બીજા પદાર્થોમાં આ આત્માનો વિશેષ ગુણ જ્ઞાન તે નહિ હોવાથી આ જ્ઞાન ગુણનું ચિંતન આત્માના સ્વરૂપને પમાડે છે. આ જ્ઞાન અવિનાશી છે. જે કંઈ જે પદાર્થનું અસાધારણ સ્વરૂપ હોય તે સદા તેની સાથે રહે છે. જેમ અગ્નિનું ઉષ્ણત્વ સ્વરૂપ. આ પ્રકારે જો કે આત્માનું સ્વરૂપ જ્ઞાન છે અને તે અવિનાશી છે, તો પણ તે અનાદિ કાળથી જ્ઞાનાવરણ, મોહનીય આદિ કર્મોના નિમિત્તથી વિકૃત, રાગદ્વેષ બુદ્ધિસ્વરૂપ થઇ રહ્યું છે. જેમ અગ્નિના સંયોગથી જળનો શીતળ સ્વભાવ વિકૃત થઇ જાય છે, અગ્નિનો સંયોગ મટી જતાં જેમ તે જલ પોતાના સ્વભાવમાં સ્થિત થાય છે, તેમ જ્ઞાનાવરણાદિ કર્મો દૂર થતાં આત્મા પણ પોતાના સ્વાભાવિક અનન્તચતુષ્ટયમાં સ્થિત થઇ જાય છે. બસ આનું નામ મોક્ષ છે. માટે મુમુક્ષુ જનોને અહીં આ પ્રેરણા કરી છે કે જો તમે મોક્ષની અભિલાષા રાખતા હો તો આત્માનું સ્વરૂપ જે જ્ઞાન તેનું વારંવાર ચિંતવન કરો, કારણ કે માત્ર એક એ જ અવિનાશી સ્વભાવ ઉપાદેય છે. શેષ સર્વ વિનાશી પર પદાર્થ સ્ત્રી પુત્ર ધન સ્વજનાદિ હેય છે. આ પ્રકારની આતમભાવનાથી આત્માનો સ્વભાવ કેવળજ્ઞાન પામી જીવ મોક્ષને પામે છે. ૧૭૪

ज्ञानमेव फलं ज्ञाने ननु श्लाघ्यमनश्वरम् ।
अहो मोहस्य माहात्म्यमन्यदप्यत्र मृग्यते ॥१७५॥

એ જ્ઞાન ભાવ્યે સ્તુત્યફળ અવિનાશી જ્ઞાન પમાય છે,
પણ મોહનું હા! મહાત્મ્ય કે, રે! અન્ય તેથી ચહાય છે! ૧૭૫

જ્ઞાનસ્વભાવનું ચિંતવન કરતાં તેના ફળરૂપે પ્રાપ્ત થાય છે તે પણ તે જ્ઞાન છે કે જે પ્રશંસનીય અને અવિનાશી છે. પરંતુ આશ્ચર્ય છે કે અજ્ઞાની જનો તે જ્ઞાનભાવનાના ફળરૂપે ઋદ્ધિ આદિની પ્રાપ્તિ ઇચ્છે છે. એ તેના પ્રબળ મોહનો મહિમા છે.

શ્રુતજ્ઞાનનું ચિંતવન કરતાં તેના ફળરૂપે નિર્મળ અવિનાશી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેનું ફળ ઋદ્ધિ સિદ્ધિ મનાય છે તે અજ્ઞાનતાથી જ મનાય છે. જેમ ખેતીનું વાસ્તવિક ફળ તો અન્નનું ઉત્પાદન એ છે; તેની સાથે પ્રાપ્ત થતું ઘાસ તો આનુષંગિક ફળ છે. તે પ્રકારે શ્રુતજ્ઞાનનું વાસ્તવિક ફળ કેવળજ્ઞાન છે, તેના નિમિત્તે ઉત્પન્ન થનાર ઋદ્ધિસિદ્ધિઓ તો ઘાસ સમાન છે, તેનું આનુષંગિક ફળ છે. તેથી જેમ કોઇ ખેડૂત ઘાસપ્રાપ્તિ લક્ષે ખેતી કરતા નથી, પણ અનાજની પ્રાપ્તિના લક્ષે ખેતી કરે છે. તેવી જ રીતે વિવેકીજનોએ પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિની ભાવનાએ શ્રુતભાવનાનું ચિંતન કરવું જોઈએ, નહિ કે ઋદ્ધિ આદિની પ્રાપ્તિની ઇચ્છાએ. ૧૭૫

शास्त्राग्नौ मणिवद्भव्यो विशुद्धो भाति निर्वृतः ।
अङ्गारवत् खलो दीप्तो मली वा भस्म वा भवेत् ॥१७६॥

મણિવત્ પ્રકાશે ભવ્ય શાસ્ત્રાગ્નિથી શુદ્ધ, વિમુક્ત તો,
અંગારવત્ ત્યાં મલિન કે બળી ભસ્મ થાય અભવ્ય જો. ૧૭૬

શાસ્ત્રજ્ઞાન અર્થાત્ શ્રુતજ્ઞાનરૂપ અગ્નિમાં પ્રવિષ્ટ થયેલો ભવ્ય જીવ તો મણિની સમાન વિશુદ્ધ બનીને મુક્તિને પ્રાપ્ત કરી સ્વરૂપમાં પ્રકાશમાન વિરાજે છે, પરંતુ દુષ્ટ અભવ્ય જીવ તે શાસ્ત્રરૂપ અગ્નિમાં પ્રદીપ્ત થઈને મલિન અથવા ભસ્મસ્વરૂપ બની જાય છે.

અગ્નિ જેમ વસ્તુને પ્રકાશિત કરે છે અને ઇન્ધનને બાળી ભસ્મ કરે છે, તેવી રીતે શાસ્ત્ર પણ વસ્તુસ્વરૂપને પ્રકાશિત કરે છે અને કર્મરૂપ ઇન્ધનને બાળી દે છે. એમ પ્રકાશકપણું અને દાહકપણું એ બે સમાન ધર્મો જોઈને શાસ્ત્રમાં અગ્નિનો આરોપ કરવામાં આવ્યો છે. ૧૭૬.

मुहुः प्रसार्य संज्ञानं पश्यन् भावान् यथास्थितान् ।
प्रीत्यप्रीती निराकृत्य ध्यायेदध्यात्मविन्मुनिः ॥१७७

વિસ્તારી જ્ઞાન ફરી ફરી ભાવો યથાર્થ નિહાળતા,
તજી રાગદ્વેષ સ્વરૂપજ્ઞાની ધ્યાન ઉત્તમ ધ્યાવતા. ૧૭૭

આત્મતત્ત્વને જાણનાર મુનિએ વારંવાર સમ્યગ્જ્ઞાનને ફેલાવીને જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવારૂપે તે પદાર્થને જોતાં રાગદ્વેષને દૂર કરીને આત્માનું ધ્યાન કરવું જોઈએ.

બતાવીશ. બાકી ધર્મ મેં ઉપર કહ્યો તે જ છે અને તે જ ઉપયોગ રાખશો. ઉપયોગ એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરુષનાં ચરણ કમળ છે; તે પણ કહી જઉં છું.

આત્મભાવમાં સઘળું રાખજો; ધર્મ ધ્યાનમાં ઉપયોગ રાખજો; જગતના કોઈ પણ પદાર્થ, સગાં, કુટુંબી, મિત્રનો કંઈ હર્ષ-શોક કરવો યોગ્ય જ નથી. પરમ શાંતિ પદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મતધર્મ છે, અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે. માટે નિશ્ચિંત રહો. હું કોઈ ગચ્છમાં નથી; પણ આત્મામાં છું; એ ભૂલશો નહિ."

—શ્રીમદ્ રાજચન્દ્ર

मुच्यमानेन पाशेन भ्रान्तिर्बन्धश्च मन्थवत् ।
जन्तोस्तथासौ मोक्तव्यो येनाभ्रान्तिरबन्धनम् ॥ ॥ १७९ ॥

રસીબંધ છૂટે દંડમુક્તિ, ભ્રમણ બંધ સમસ્તથી,
ત્યમ મુક્ત કરવો આત્મને ભ્રમ કર્મબંધન સર્વથી. ૧૭૯

બેરણીનો રાંઢ એક બાજુથી છૂટે છે ત્યાં બીજી બાજુથી બંધાય છે. તેનું છૂટવું તે પણ બંધાવા માટે જ છે. તેમ રાગદ્વેષ આત્મામાં જ્યાં સુધી ચાલુ છે ત્યાં સુધી કર્મ બંધન છૂટવાના અવસરે પણ તે રાગદ્વેષવશીભૂત થઈને બંધાયા જ કરે છે. માટે તેને એવી રીતે મુક્ત કરવો જોઈએ કે તે ફરીથી બંધાય જ નહિ.

બાંધેલાં કર્મ સ્થિતિ પૂરી થયે ઉદયમાં આવી ખરી જાય છે. તે નિર્જરા છે. તે સમયે રાગદ્વેષ ન થાય અને સમતા રહે તો નવાં કર્મ ન બંધાય, ત્યારે તે નિર્જરા વાસ્તવિક કહેવાય. નહિ તો ગજસ્નાનવત્ કર્મ છૂટે તે કરતાં વધારે બંધાય. તે નિર્જરા અનંતવાર કર્યા છતાં જીવ વાસ્તવિક બંધનથી રહિત થઈ મોક્ષ પામ્યો નથી.

મોહી જીવ એક તરફથી યમ નિયમ સંયમ આદિ છૂટવા માટે કરે છે, ત્યારે રાગ-દ્વેષ ચાલુ હોવાથી બીજી તરફ બંધાતો જાય છે. મૂઢ અને અજ્ઞાની જીવનાં ગ્રહણ કે ત્યાગ બન્ને આમ બંધનરૂપ જ છે. તેનો ત્યાગ ગ્રહણ વ્યર્થ છે. માટે કર્મબંધનથી છૂટવાનો વાસ્તવિક ઉપાય રાગદ્વેષની સમ્યક્પ્રકારે નિવૃત્તિ એ જ છે. ૧૭૯

रागद्वेषकृताभ्यां जन्तोर्बन्धः प्रवृत्त्यवृत्तिभ्याम् ।
तत्त्वज्ञानकृताभ्याम् ताभ्यामेवेक्ष्यते मोक्षः ॥ १८० ॥

પ્રવૃત્તિ કે નિવૃત્તિ જીવને રાગ દ્વેષે, બંધ તો,
જો તત્ત્વજ્ઞાને તે પ્રવૃત્તિ કે નિવૃત્તિ, અબંધ તો. ૧૮૦

રાગદ્વેષ યુક્ત ભાવોથી કરેલી પ્રવૃત્તિ તેમ નિવૃત્તિ બન્ને બંધનનું કારણ થાય છે, જ્યારે તત્ત્વજ્ઞાનપૂર્વક કરેલી પ્રવૃત્તિ કે નિવૃત્તિ બન્ને નિર્જરા તથા મોક્ષનું કારણ થાય છે.

જ્યાં સુધી રાગદ્વેષ આત્મામાં પ્રવર્તે છે ત્યાં સુધી જીવની સઘળી પ્રવૃત્તિ તેમ નિવૃત્તિ સંસારપરિભ્રમણનું જ કારણ બને છે. ત્યાં સુધી નવીન કર્મબંધ પણ થયા કરે છે. તત્ત્વજ્ઞાનપૂર્વક કરેલી પ્રવૃત્તિ કે નિવૃત્તિ બન્ને આત્માને ઉપલક્ષીને થાય છે તેથી તે નવાં કર્મબંધનનું કારણ ન થતાં પૂર્વકર્મોના ક્ષયરૂપ વાસ્તવિક નિર્જરાનું કારણ બને છે. ૧૮૦

द्वेषानुरागबुद्धिर्गुणदोषकृता करोति खलु पापम् ।
तद्विपरीता पुण्यं तदुभयरहिता तयोर्मोक्षम् ॥ १८१ ॥

જો દ્વેષ ગુણમાં, રાગ દોષે, પાપ બંધન તે કરે,
વિપરીત તેથી પુણ્ય ને એ બે રહિત મુક્તિ વરે. ૧૮૧

ઉપરોક્ત વાતને ફરીથી સમર્થન કરે છે.

સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રત્યે દ્વેષબુદ્ધિ, અભાવબુદ્ધિ, અને મિથ્યાદર્શનાદિ દોષો પ્રત્યે અનુરાગબુદ્ધિ, ગ્રહણબુદ્ધિ, નિયમથી પાપબંધનું કારણ થાય છે. એથી ઊલટું સદ્ગુણો કે ગુણી પ્રત્યે પ્રીતિ, પ્રેમ અને દોષો કે દોષયુક્ત જીવો પ્રત્યે દ્વેષ, અણગમો તે પુણ્યબંધનું કારણ છે. તે બન્નેમાં મધ્યસ્થભાવ, સમભાવ, રાગદ્વેષ રહિત વીતરાગભાવ એ મોક્ષનું કારણ છે. અર્થાત્ વીતરાગ ભાવ જે જીવને વર્તે છે તેને અનાદિ સંસારપરિભ્રમણનો અંત આવે છે. તે જ સંસારથી સર્વથા મુક્ત થઈ અનંત સુખને પામી કૃતાર્થ થાય છે. ૧૮૧

मोहबीजाद्रतिद्वेषौ बीजान्मूलाङ्कुराविव ।
तस्माज्ज्ञानाग्निना दाह्यं तदेतौ निर्दिधिक्षुणा ॥ १८२ ॥

છે મોહ બી રતિદ્વેષનું એ બીથી મૂળ અંકુર વધે,
રતિદ્વેષ દહવા જો ચહે, જ્ઞાનાગ્નિથી બી બાળી દે. ૧૮૨

જેવી રીતે બીજમાંથી જડ અને અંકુર ઉત્પન્ન થાય છે તેવી રીતે મોહરૂપ બીજથી રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. માટે જે એ બન્નેને બાળીને ભસ્મ કરવા ચાહે છે તેણે જ્ઞાનરૂપ અગ્નિ વડે તે મોહરૂપ બીજને બાળી ભસ્મ કરવું જોઈએ.

જેવી રીતે વૃક્ષના મૂળ અને અંકુરનું કારણ બીજ છે તેવી રીતે રાગ અને દ્વેષની ઉત્પત્તિનું કારણ મોહ છે. જે વૃક્ષને અંકુર કે મૂળ થવા દેવા ન ઇચ્છતા હોય તે જેમ

બીજને જ બાળી દે છે, તેમ આત્મસિદ્ધિની આત્માર્થી જનો એ રાગદ્વેષના મૂળ કારણરૂપ મોહને જ જ્ઞાની ગુરુના બોધરૂપ સમ્યગ્જ્ઞાન અગ્નિથી બાળી ભસ્મ કરી દે છે, કે જેથી રાગદ્વેષ ફરી ઉત્પન્ન જ ન થાય. ૧૮૨

"'સત્' એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે, અને એ જ જીવનો મોહ છે.

'સત્' જે કંઈ છે, તે 'સત્ જ' છે, સરળ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, પણ જેને ભ્રાંતિરૂપ આવરણતમ વર્તે છે તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય ? અંધકારના ગમે તેટલા પ્રકાર કરીએ, પણ તેમાં કોઈ એવો પ્રકાર નહિ આવે કે જે અજવાળા-રૂપ હોય; તેમજ આવરણતિમિર જેને છે એવાં પ્રાણીની કલ્પનામાંની કોઈ પણ કલ્પના 'સત્' જણાતી નથી, અને 'સત્'ની નજીક સંભવતી નથી. 'સત્' છે તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવળ વ્યતિરિક્ત (જુદું) છે; કલ્પનાથી 'પર' (આઘે) છે; માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.

આ જે વચનો લખ્યાં છે, તે સર્વ મુમુક્ષુને પરમ બાંધવરૂપ છે, પરમ રક્ષકરૂપ છે; અને એને સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમપદને આપે એવાં છે; એમાં નિર્ગ્રન્થ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષટ્ દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીનાં બોધનું બીજ સંક્ષેપે કહ્યું છે; માટે ફરી ફરીને તેને સંભારજો, વિચારજો; સમજજો; સમજવા પ્રયત્ન કરજો; એને બાધ કરે એવા બીજા પ્રકારોમાં ઉદાસીન રહેજો; એમાં જ વૃત્તિનો લય કરજો. એ તમને અને કોઈ પણ મુમુક્ષુને ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે; એમાં 'સત્' જ કહ્યું છે, એ સમજવા માટે ઘણો જ વખત ગાળજો."

શ્રીમદ્ રાજચન્દ્ર—પત્રાંક ૨૧૧

"રાગદ્વેષ અજ્ઞાન એ મુખ્ય કર્મની ગ્રન્થ,
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પન્થ.
આત્મા સત્ ચૈતન્યમય સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામીએ મોક્ષપંથ તે રીત.
કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.
કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ,
હણે બોધ વીતરાગતા અચૂક ઉપાય આમ."

શ્રીમદ્ રાજચન્દ્ર—આત્મસિદ્ધિ

જે જડબુદ્ધિ જીવ, પોતાથી અન્ય એવાં સ્ત્રી, પુત્ર, મિત્ર, આદિનાં ન નિવારી શકાય તેવાં મરણ જોઈ તે પ્રસંગે, પોતાનાં સમજીને મમતાભાવથી અતિશય વિલાપ કરે છે, તે જડબુદ્ધિને, નિર્ભયતાપૂર્વક સમાધિમરણ પામવાથી જે મહાન કીર્તિ અને પરલોકની સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે તે કેવી રીતે થઈ શકે ? ન જ થઈ શકે. માટે બુદ્ધિમાન મનુષ્યે મરણ પ્રાપ્ત થતાં કોઈ પ્રકારનો શોક નહિ કરવો જોઈએ.

જે જે જન્મ્યા છે તે તે અવશ્ય મરણ પામશે જ. તેના મરણને કોઈ રોકી શકનાર નથી જ. આમ જ્યાં સિદ્ધાંત છે, ત્યાં પછી સ્ત્રી, પુત્ર, મિત્ર પ્રત્યક્ષ આપણાથી ભિન્ન છે— પોતાનાં નથી— તેને પોતાનાં માનીને આ જીવ તેનાં મરણ થતાં કેમ રડે છે, કે શોક કરે છે ? એ શોચનીય છે. એ જ પ્રકારે જ્યારે પોતાનું મરણ સન્મુખ આવે છે ત્યારે પણ વિલાપ કરે છે, તેથી તેની અપકીર્તિ થાય છે અને પરલોકમાં ગતિ પણ બગડે છે. તેથી તે જો નિર્ભયતા પૂર્વક મમતા ત્યાગીને સમાધિ મરણને સ્વીકારે છે તો તેની કીર્તિ પ્રસરે છે અને પરલોકમાં સ્વર્ગાદિ સદ્ગતિની સિદ્ધિ પણ અવશ્ય થાય છે. માટે વિવેકી આત્માર્થી મનુષ્યોનું કર્તવ્ય છે કે મરણ પોતાનું કે પરનું જ્યારે અનિવાર્ય છે ત્યારે તેવા પ્રસંગે તેનો શોક તજીને, મમતા તજીને, સમાધિમરણ સાધવા જ શૂરવીર થવું. ૧૮૫

"જે જે પ્રાણીઓ દેહ ધારણ કરે છે, તે તે પ્રાણીઓ તે દેહનો ત્યાગ કરે છે, એમ આપણને પ્રત્યક્ષ અનુભવસિદ્ધ દેખાય છે, તેમ છતાં આપણું ચિત્ત તે દેહનું અનિત્યપણું વિચારી નિત્ય પદાર્થના માર્ગને વિષે ચાલતું નથી, એ શોચનીય વાતનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે. મનને ધીરજ આપી ઉદાસી નિવૃત્ત કર્યે છૂટકો છે. દિલગીરી ન કરતાં તે દુઃખ સહન કરવું એ જ આપણો ધર્મ છે.

આ દેહ પણ જ્યારે ત્યારે એમ જ ત્યાગવાનો છે, એ વાત સ્મરણમાં આવ્યા કરે છે, અને સંસાર પ્રતિ વૈરાગ્ય વિશેષ રહ્યા કરે છે. પૂર્વ કર્મને અનુસરી જે કંઈ પણ સુખ-દુઃખ પ્રાપ્ત થાય તે સમાન ભાવથી વેદવું એ જ્ઞાનીની શિખામણ સાંભરી આવી છે, તે લખી છે. માયાની રચના ગહન છે."

—શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૩૩૭

"એક વાર જો સમાધિમરણ થયું તો સર્વ કાળનાં અસમાધિમરણ ટળશે. તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય."

—શ્રીમદ્ રાજચન્દ્ર

हानेः शोकस्ततो दुःखं लाभाद्रागस्ततः सुखम् ।
तेन हानावशोकः सन् सुखी स्यात्सर्वदा सुधीः ॥ १८६ ॥

જ્યાં શોક ને દુઃખ હાનિમાં, ત્યમ રાગ ને સુખ લાભમાં,
તો સુજ્ઞ હાનિમાં અશોકે, સુખી સદા સમભાવમાં. ૧૮૬

ઇષ્ટ વસ્તુની હાનિથી શોક અને તેથી દુઃખ થાય છે, તથા તેના લાભથી રાગ અને તેથી સુખ થાય છે. માટે બુદ્ધિમાન મનુષ્યે ઇષ્ટની હાનિમાં શોકથી રહિત થઈને સદા સુખી રહેવું જોઈએ.

દુઃખનું કારણ શોક અને શોકનું કારણ ઇષ્ટ સામગ્રીનો અભાવ છે. તે જ પ્રકારે સુખનું કારણ રાગ અને તે રાગનું કારણ ઇષ્ટ સામગ્રીની પ્રાપ્તિ છે. પરંતુ યથાર્થમાં વિચારે તો કોઈ બાહ્ય પદાર્થ ન તો ઇષ્ટ છે કે ન તો અનિષ્ટ છે. તે તો પોતાની રુચિ અનુસાર જીવની કલ્પનામાત્ર છે. કહ્યું છે કે,

अनादौ सति संसारे कस्य केन न बन्धुता ।
सर्वथा शत्रुभावश्च सर्वमेतद्धि कल्पना ॥

અર્થાત્ સંસાર અનાદિ છે. તેમાં જે કોઈ વેળા બન્ધુ થાય છે તે વળી અન્ય વેળા શત્રુ [illegible] છે. તેથી એ નિશ્ચિત છે કે આ અનાદિ સંસારમાં ન તો વાસ્તવમાં કોઈ મિત્ર છે કે ન તો કોઈ શત્રુ છે. એ સર્વ જીવની કલ્પનામાત્ર છે. માટે વિવેકી જનોએ મમત [illegible] ઇષ્ટની હાનિમાં કદી શોક નહિ કરતાં સદા સુખમાં જ રહેવા [illegible] ૧૮૬

[illegible] दुःखी दुःखं समश्नुते ।
[illegible] दुःखं तस्य विपर्ययः ॥ १८७ ॥

[illegible] સુખી પરભવે, દુઃખી દુઃખ પરભવમાં લહે,
[illegible] અને દુઃખ આગ્રહથી જન સંગ્રહે. ૧૮૭

[illegible] છે તે પરલોકમાં પણ સુખ પ્રાપ્ત કરે છે. તથા જે આ [illegible] દુઃખ [illegible] છે. કારણ કે સમસ્ત ઇન્દ્રિયવિષયોથી [illegible] છે, અને તેમાં આસક્ત થવું તેનું નામ જ દુઃખ છે. [illegible] છે અને તેના અભાવનું નામ સુખ છે. જે જીવ વિષય [illegible] ઇચ્છા મુજબ તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે, તે [illegible] દુઃખને પામે છે, સહન કરે છે, તેથી જ [illegible] [illegible] સ્વીકાર કરે છે તે [illegible]

રહીને જેવી રીતે આ લોકમાં સુખનો અનુભવ કરે છે તેવી જ રીતે તે રાગદ્વેષથી રહિત થઈ જવાથી પાપકર્મથી રહિત થઈને પરલોક (સ્વર્ગાદિક)માં પણ સુખનો અનુભવ કરે છે. ૧૮૭

मृत्योर्मृत्यन्तरप्राप्तिरुत्पत्तिरिह देहिनाम् ।
तत्र प्रमुदितान् मन्ये पाश्चात्ये पक्षपातिनः ॥ १८८ ॥

મૃત્યુ પછી બીજા મરણની પ્રાપ્તિ જન્મ કહાય જ્યાં,
જે જન્મમાં હર્ષિત, મૃત્યુ-પક્ષપાતી ગણાય ત્યાં. ૧૮૮

આ સંસારમાં એક મરણથી બીજા મરણ પ્રત્યે જવું, ઉત્પન્ન થવું, તેને લોકો જન્મ કહે છે. માટે જે જીવ ઉત્પત્તિમાં, જન્મમાં હર્ષ માને છે તે પછીથી થનાર મૃત્યુનો પક્ષપાતી છે એમ હું સમજું છું.

લોકમાં પુત્રાદિકના જન્મને કુટુંબીજનો અતિશય હર્ષથી ઉત્સવ માને છે. અને જ્યારે ઇષ્ટનું મરણ થાય છે ત્યારે દુઃખી થઈ રુદન કરે છે. પણ તે વિચારતાં નથી કે આ જન્મ શું છે? આગરે આગળ થનાર મૃત્યુનું એ નિમંત્રણ છે. તો પછી એ પુત્રાદિના જન્મમાં ઉત્સવ મનાવે છે, તો એમ કેમ ન સમજવું કે તે આગળ થનાર તેના મરણનો જ ઉત્સવ કરે છે. કારણ કે તે જો ઉત્પન્ન થયો તો અવશ્ય તે મરવાનો પણ ખરો જ. કહ્યું છે કે :—

संयुक्तानां वियोगश्च भविता हि नियोगत: ।
किमन्यैरङ्गतोऽप्यङ्गी नि:संगो हि निवर्तते ॥

અર્થાત્ જેનો સંયોગ થયો છે તેનો વિયોગ અવશ્ય થવાનો જ છે. અન્યની તો વાત શી પરંતુ જીવ બધી જ વસ્તુઓ અહીં જ છોડીને શરીરમાંથી પણ એકલો જ નીકળીને જાય છે. જીવનું મરણ અને જન્મ એ બે પરસ્પર અવિનાભાવી છે. માટે વિવેકી જનોએ ન તો જન્મમાં હર્ષિત થવું જોઈએ કે ન મરણમાં દુઃખી થવું જોઈએ. નહિ તો તે આ ભવમાં તો દુઃખી છે જ. સાથમાં એવા પ્રકારનું અસાતાવેદનીય કર્મ બંધાય છે કે પર-ભવમાં પણ દુઃખી જ રહે. ૧૮૮

अधीत्य सकलं श्रुतं चिरमुपास्य घोरं तपो
यदीच्छसि फलं तयोरिह हि लाभपूजादिकम् ।
छिनत्सि सुतपस्तरोः प्रसवमेव शून्याशयः ।
कथं समुपलप्स्यसे सुरसमस्य पक्वं फलम् ॥ १८९ ॥

અભ્યાસ શ્રુતનો ચિર તથા તપ ઘોર આચરતો છતાં,
ફળ તેનું લાભપૂજા પ્રતિષ્ઠા આદિ લૌકિક ઇચ્છતાં,

પરંતુ આશ્ચર્ય છે કે જે વિદ્વાન આત્મહિતમાં તત્પર છે તથા જેણે એક ભવમાં પણ અનેક ભવોમાં વિષયોથી ઉત્પન્ન થતા દોષોનો પ્રત્યક્ષ અનુભવ પણ કર્યો છે, તે વિષસમાન એ વિષયોને તજતા નથી! ૧૯૨

आत्मन्नात्मविलोपनात्मचरितैरासार्दुरात्मा चिरं
स्वात्मा स्याः सकलात्मनीनचरितैरात्मीकृतैरात्मनः ।
आत्मेत्यां परमात्मतां प्रतिपतन् प्रत्यात्मविद्यात्मकः
स्वात्मोत्थात्मसुखो निषीदसि लसन्नध्यात्ममध्यात्मना ॥ १९३ ॥

ચિર તું સ્વરૂપને હાનિકર કરણીથી બહિરાત્મા રહ્યો,
નિજ આત્મને હિતકર ગ્રહણ કરી અંતરાત્મા થા અહો!
આત્માથી પ્રાપ્ય અનંતજ્ઞાને પૂર્ણ પરમાતમ બની,
અધ્યાત્મથી અધ્યાત્મમાં આત્મોત્થ સુખનો થા ધણી. ૧૯૩

હે આત્મન્! આત્મસ્વરૂપને નષ્ટ કરે તેવાં પોતાનાં આચરણો વડે તું ચિરકાલથી દુરાત્મા અર્થાત્ બહિરાત્મા રહ્યો છું. હવે તું આત્માને હિત કરે તેવાં પોતાનાં સમસ્ત આચરણોથી ઉત્તમાત્મા અર્થાત્ અંતરાત્મા થઈ જા, તેથી તું પોતાને પોતાદ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય પરમાત્મઅવસ્થાને પામી કેવળજ્ઞાન સ્વરૂપથી યુક્ત, વિષયાદિની અપેક્ષા નહિ કરતાં કેવળ પોતાના આત્માને આશ્રીને ઉત્પન્ન થતાં આત્મિક સુખનો અનુભવ કરનાર અને પોતાના આત્માદ્વારા પ્રાપ્ત કરેલા નિજ સહજાત્મસ્વરૂપથી સુશોભિત થઈ સુખી થઈ શકે.

અનાદિ કાળથી જીવ આત્મા અનાત્માના વિવેકથી રહિત રહ્યો છે. તેથી તે સમયે તે આત્મઘાતક સમસ્ત આચરણો વડે રાગદ્વેષથી પરિપૂર્ણ રહ્યો છે. જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે તેને આત્મા અને પરનો વિવેક ઉત્પન્ન થાય છે. ત્યારથી તે એવાં આચરણ કરે છે કે તે આત્માને હિતકારક હોય. જો કે ચારિત્રમોહના ઉદયમાં તે વિષયભોગમાં પ્રવર્તે છે છતાં તે તેને હેય, ત્યાજ્ય સમજે છે; ઉપાદેય, અંગીકાર કરવા યોગ્ય, આચરવા યોગ્ય સમજતા નથી. તેથી આસક્તિ સહિત તે વિષયોમાં પ્રવર્તતા નથી, ત્યારે તે અંતરાત્મા કહેવાય છે. આ અંતરાત્મા જ્યારે સંસારના કારણભૂત વિષયોથી સંપૂર્ણ વિરક્ત થઈ તપ-સંયમનો સ્વીકાર કરે છે ત્યારે તેથી તે સંવર અને નિર્જરા પામીને ચાર ઘાતિયાં કર્મનો ક્ષય કરી આર્હન્ત્ય અવસ્થાને પામે છે. ત્યારે તે સકલ, દેહધારી પરમાત્મા કહેવાય છે. પછી આયુષ્ય પૂરું થયે શેષ અઘાતી કર્મોનો ક્ષય કરી નિકલ પરમાત્મા (સિદ્ધ) થઈ જાય છે. ત્યારે તેમને આત્માદ્વારા આત્મામાં ઉત્પન્ન અનંત અવિનાશી આત્મિક સુખ હોય છે.

માટે અહીં ઉપદેશે છે કે હે આત્મન્! અનાદિથી તું બહિરાત્મા રહ્યો છું. હવે જ્ઞાની પુરુષના યોગને પામી અંતરાત્મા થઈ પરમાત્મદશા પામી લે, જેથી અનંત આત્મિક સુખને

પામી અંતે મોક્ષે સુખી થઈ જવાય. ૧૯૩

આત્મા ત્રણ પ્રકારે કહ્યો છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. ઇન્દ્રિય, શરીરાદિ પોતાના સ્વરૂપથી બાહ્ય, ભિન્ન પદાર્થોને ભ્રાન્તિથી, અજ્ઞાનથી જે પોતાનું સ્વરૂપ, આત્મા માને છે તે બહિરાત્મા. આ અજ્ઞાની બહિરાત્મા પોતાના સ્વરૂપને ભૂલી જાય તેવા જ રાગ-દ્વેષમાં પ્રવર્તી ચિરકાલ ભવ ભ્રમણમાં ભ્રમણ કરે છે. હે જીવ! તું પણ આમ જ બહિરાત્માપણે અનાદિ કાલથી દુઃખ ભોગવ્યા કરે છે. હવે તો આવા દુર્લભ યોગને પામી તે બહિરાત્મ-પણાનો ત્યાગ કર. અને અંતરાત્મા થઈ પરમાત્માનું ધ્યાન કરતાં પરમાત્મપદને પામી કૃતાર્થ થા!

શ્રી આનંદઘનજી કહે છે કે :-

ત્રિવિધ સકલ તનુધર ગત આતમા,
બહિરાતમ ધુરિ ભેદ, સુજ્ઞાની;
બીજો અંતર આતમ, તીસરો,
પરમાતમ અવિચ્છેદ, સુજ્ઞાની. સુમતિ૦

આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો
બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની;
કાયાદિકનો હો સાખીધર રહ્યો,
અંતર આતમરૂપ, સુજ્ઞાની. સુમતિ૦

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો,
વર્જિત સકલ ઉપાધિ, સુજ્ઞાની;
અતીંદ્રિય ગુણગણમણિ આગરૂ,
એમ પરમાતમ સાધ, સુજ્ઞાની. સુમતિ૦

બહિરાતમ તજી અંતર આતમા-
રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની;
પરમાતમનું હો આતમ ભાવવું,
આતમ અર્પણ દાવ, સુજ્ઞાની. સુમતિ૦

સર્વ દેહધારીઓમાં રહેલો આત્મા ત્રણ પ્રકારે છે. પહેલો પ્રકાર બહિરાત્મા, બીજો અંતરાત્મા, ત્રીજો પરમાત્મા. શરીરને આત્મબુદ્ધિએ, પોતાનાં માનનાર તે અઘરૂપ એટલે પાપયુક્ત એવો બહિરાત્મા છે.

શરીરાદિક પરને પોતાથી ભિન્ન માનનાર, આત્માના અનુભવરસનો આસ્વાદ લેનાર, આત્મજ્ઞાની પરભાવના સાક્ષી માત્ર રહે છે પણ કર્તા થતા નથી તે અંતરાત્મા છે.

જે જ્ઞાનાનંદથી પૂર્ણ પવિત્ર છે, સર્વ કર્મની ઉપાધિથી મુક્ત છે, અનંત જ્ઞાન, દર્શન, સુખ અને વીર્યાદિ અતીંદ્રિય આત્મિક ગુણના સમૂહરૂપ રત્નોના નિવાસસ્થાનરૂપ

છે, તે પરમાત્મા છે. તેને હે ભવ્ય! તમે સાધો અને અનાદિ કાળનાં કર્મબંધનોને નિજ શુદ્ધ સહજાત્મદશારૂપ અનંત ગુણમય મોક્ષપદને પામી કૃતાર્થ થાઓ!

अनेन सुचिरं पुरा त्वमिह दासवद्वाहित-
स्ततोऽनशनसामिभक्तरसवर्जनादिक्रमैः ।
क्रमेण विलयावधि स्थिरतपोविशेषैरिदं
कदर्थय शरीरकं रिपुमिवाद्य हस्तागतम् ॥ १९४ ॥

ચિરકાળ તુજને છે ભમાવ્યો, દાસવત્ શરીરે યદા,
અરિ હાથ આવેલો ન પામે નાશ ત્યાં સુધી તો તદા;
અનશન ઉણોદરી આદિ ક્રમથી રત રહી તપમાં સદા,
દઈ કષ્ટ કૃપ કર તેહ, લે અંતે સમાધિસંપદા. ૧૯૪

પૂર્વ કાળમાં આ શરીરે તને સંસારમાં ચાર ગતિમાં ચોરાસીલાખ યોનિમાં અનંતથી અનંત વાર પરિભ્રમણ કરાવી ઘણા કાળ સુધી દાસની સમાન રખડાવ્યો છે. માટે આજે હવે એ ઘૃણાયોગ્ય શરીરને હાથમાં આવેલા શત્રુની માફક, જ્યાં સુધી તે નાશ ન પામે ત્યાં સુધીમાં અનશન, ઉણોદરી, રસ પરિત્યાગ, આદિ તપો દ્વારા ક્રમથી કૃપ કર.

શત્રુ તો કોઈક જ વાર કષ્ટ આપે છે. આ શરીરરૂપ શત્રુએ સતત ઘણા કાળ સુધી કષ્ટ આપ્યા કર્યું છે. માટે એને શત્રુથી પણ અધિક ભયાનક સમજીને તેનો સંબંધ રહે ત્યાં સુધીમાં તેનાથી મોહ ઘટાડીને, આત્મા ઉપર પ્રેમ, ભાવ, વધારી નિર્મોહી થઈ વીતરાગતાને પામી સિદ્ધિને સાધી લઇ કૃતાર્થ થઈ જા. ૧૯૪

आदौ तनोर्जननमत्र हतेन्द्रियाणि
काङ्क्षन्ति तानि विषयान् विषयाश्च मान-
हानिप्रयासभयपापकुयोनिदाः स्यु
र्मूलं ततस्तनुरनर्थपरंपराणाम् ॥ १९५ ॥

ઉત્પત્તિ તનની પ્રથમ, પછીથી દુષ્ટ ઇન્દ્રિયો તણી,
એ ઇન્દ્રિયો નિજ વિષય વાંછે તેથી હાનિ માનની;
પરિશ્રમ અતિ ભય પાપને દુર્ગતિદાયક દેહ જો,
તેથી અનર્થ પરંપરાનું મૂળ કારણ તેહ તો. ૧૯૫

પ્રારંભમાં શરીર ઉત્પન્ન થાય છે, એ શરીરમાં દુષ્ટ ઇન્દ્રિયો હોય છે, તે પોતપોતાના વિષયોને ચાહે છે. તે વિષયો માનહાનિ, અપમાન, પરિશ્રમ, ભય, પાપ અને દુર્ગતિ આપનાર થાય છે. આ પ્રમાણે સમસ્ત અનર્થોની પરંપરાનું મૂળ કારણ આ શરીર થાય છે. ૧૯૫

माता जातिः पिता मृत्युराधिव्याधी सहोद्गतौ ।
प्रान्ते जन्तोर्जरा मित्रं तथाप्याशा शरीरके ॥२०१॥

છે જન્મ માતા તાત મૃત્યુ આધિ વ્યાધિ ભ્રાત જો,
અન્તે જરા છે મિત્ર તોયે આશ તનમાં ખ્યાત તો. ૨૦૧

આ શરીરની ઉત્પત્તિ તો માતા છે, મરણ પિતા છે, માનસિક દુઃખરૂપ આધિ અને શારીરિક દુઃખરૂપ વ્યાધિ એ સહોદર, ભાઈ છે. તથા અંતમાં પ્રાપ્ત થનાર વૃદ્ધાવસ્થા પાસમાં રહેનાર મિત્ર છે. છતાં આ નિન્દ્ય શરીરમાં જીવ આશા રાખીને ત્યાં અનુરાગ કરે છે.

જો કોઈ કુટુંબમાં માતા, પિતા, ભાઈ, મિત્ર આદિ સર્વ પ્રતિકૂળ સ્વભાવવાળાં હોય છે તો એવા કુટુંબ સાથે સંબંધ રાખનાર તે વ્યક્તિનો કોઇના ઉપર પણ અનુરાગ રહેતો નથી. પરંતુ આશ્ચર્યની વાત છે કે આ અજ્ઞાની જીવ આવા પ્રતિકૂળ કુટુંબની વચમાં રહેનાર શરીર પાસે કંઇક આશા રાખીને તેના ઉપર અનુરાગ કરે છે. જે શરીર સાથે જીવને નિરંતર જન્મ-મરણ, રોગ, ચિન્તા, અને વૃદ્ધાવસ્થા આદિનાં અસહ્ય દુઃખો સહવાં પડે છે તેના ઉપર અનુરાગ નહિ રાખતાં, તેને સદાને માટે તજી દેવાનો, મુક્ત થવાનો પ્રયત્ન કરવો જોઇએ. ૨૦૧

"દેહાદિ સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધમોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખભોગ."

— શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર — શ્રીમદ્ રાજચન્દ્ર

शुद्धोऽप्यशेषविषयावगमोऽप्यमूर्तो-
ऽप्यात्मन् त्वमप्यतितरामशुचीकृतोऽसि
मूर्तं सदाशुचि विचेतनमन्यदत्र
किं वा न दूषयति धिग्धिगिदं शरीरम् ॥२०२॥

તું શુદ્ધ સહેજે, જાણનારો સર્વ વિષયસમૂહનો;
અરૂપી છતાં, આત્મન્ તને અપવિત્ર અતિ દેહે કર્યો;
એ રૂપી પોતે, અશુચિ અતિશય ચેતનાગુણ રહિત એ;
એ મલિન કરતો અન્ય સહુને તેથી ધિગ્ ધિગ્ દેહ એ! ૨૦૨

હે આત્મન્! તું સ્વભાવથી શુદ્ધ, સમસ્ત વિષયોનો જ્ઞાતા અને રૂપ, રસ આદિથી રહિત, અરૂપી થઇને પણ તે શરીર વડે અતિશય અપવિત્ર કરાયો છે. એ રૂપી, સદા અપવિત્ર અને જડ એવું શરીર કઇ કઈ વસ્તુને મલિન નથી કરતું? અર્થાત્ ગન્ધ,

माता जातिः पिता मृत्युराधिव्याधी सहोद्गतौ ।
प्रान्ते जन्तोर्जरा मित्रं तथाप्याशा शरीरके ॥२०१॥

છે જન્મ માતા તાત મૃત્યુ આધિ વ્યાધિ ભ્રાત જો,
અન્તે જરા છે મિત્ર તોયે આશ તનમાં ખ્યાત તો. ૨૦૧

આ શરીરની ઉત્પત્તિ તો માતા છે, મરણ પિતા છે, માનસિક દુઃખરૂપ આધિ અને શારીરિક દુઃખરૂપ વ્યાધિ એ સહોદર, ભાઈ છે. તથા અંતમાં પ્રાપ્ત થનાર વૃદ્ધાવસ્થા પાસમાં રહેનાર મિત્ર છે. છતાં આ નિન્દ્ય શરીરમાં જીવ આશા રાખીને ત્યાં અનુરાગ કરે છે.

જો કોઈ કુટુંબમાં માતા, પિતા, ભાઈ, મિત્ર આદિ સર્વ પ્રતિકૂળ સ્વભાવવાળાં હોય છે તો એવા કુટુંબ સાથે સંબંધ રાખનાર તે વ્યક્તિનો કોઇના ઉપર પણ અનુરાગ રહેતો નથી. પરંતુ આશ્ચર્યની વાત છે કે આ અજ્ઞાની જીવ આવા પ્રતિકૂળ કુટુંબની વચમાં રહેનાર શરીર પાસે કંઇક આશા રાખીને તેના ઉપર અનુરાગ કરે છે. જે શરીર સાથે જીવને નિરંતર જન્મ-મરણ, રોગ, ચિન્તા, અને વૃદ્ધાવસ્થા આદિનાં અસહ્ય દુઃખો સહવાં પડે છે તેના ઉપર અનુરાગ નહિ રાખતાં, તેને સદાને માટે તજી દેવાનો, મુક્ત થવાનો પ્રયત્ન કરવો જોઇએ. ૨૦૧

"દેહાદિ સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધમોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખભોગ."

— શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર — શ્રીમદ્ રાજચન્દ્ર

शुद्धोऽप्यशेषविषयावगमोऽप्यमूर्तोऽ
प्यात्मन् त्वमप्यतितरामशुचीकृतोऽसि
मूर्तं सदाशुचि विचेतनमन्यदत्र
किं वा न दूषयति धिग्धिगिदं शरीरम् ॥२०२॥

તું શુદ્ધ સહેજે, જાણનારો સર્વ વિષયસમૂહનો;
અરૂપી છતાં, આત્મન્ તને અપવિત્ર અતિ દેહે કર્યો;
એ રૂપી પોતે, અશુચિ અતિશય ચેતનાગુણ રહિત એ;
એ મલિન કરતો અન્ય સહુને તેથી ધિગ્ ધિગ્ દેહ એ! ૨૦૨

હે આત્મન્! તું સ્વભાવથી શુદ્ધ, સમસ્ત વિષયોનો જ્ઞાતા અને રૂપ, રસ આદિથી રહિત, અરૂપી થઇને પણ તે શરીર વડે અતિશય અપવિત્ર કરાયો છે. એ રૂપી, સદા અપવિત્ર અને જડ એવું શરીર કઇ કઈ વસ્તુને મલિન નથી કરતું? અર્થાત્ ગન્ધ,

સંસાર જેના ગ્રહણથી, ને મુક્તિ જે ત્યાગ્યે બને,
તે દેહ એક જ ત્યાજ્ય ત્યાં પર કલ્પનાથી શું તને ? ૨૦૮

જે શરીરને ધારણ કરવાથી જીવ જન્મવાળો, સંસારી થયો છે, તથા જેને છોડવાથી તે મુક્ત થઈ જાય છે તે શરીરને જ તજી દેવું જોઈએ, અર્થાત્ તેનો મોહ, મમત્વ અત્યંત તજી દેવું જોઈએ, બીજા ક્ષુદ્ર વિચારોથી શું પ્રયોજન સિદ્ધ થવાનું છે ? અર્થાત્ કાંઈ જ નહિ. ૨૦૮

नयेत् सर्वाशुचिप्रायः शरीरमपि पूज्यताम् ।
सोऽप्यात्मा येन न स्पृश्यो दुश्चरित्रं धिगस्तु तत् ॥ २०९ ॥

એવા અશુચિ શરીરને આત્મા પ્રપૂજ્ય બનાવતો,
તેને કરે અસ્પૃશ્ય જે ધિગ્ દેહ કૃતઘ્ની થતો. ૨૦૯

જે આત્મા પ્રાયે સર્વ પ્રકારે અપવિત્ર એવા એ શરીરને પણ પૂજ્ય પદની પ્રાપ્તિ કરાવે છે, એ આત્માને પણ જે શરીર સ્પર્શને યોગ્ય પણ રહેવા દેતું નથી તે શરીરને ધિક્કાર છે.

આત્મા જ્યારે સંયમ–તપને ધારણ કરે છે ત્યારે તેનું શરીર લોકવન્દ્ય બની જાય છે. આમ જે આત્મા એ અશુચિ શરીરને લોકપૂજ્ય બનાવે છે તેનું અનુકરણ નહિ કરતાં એ શરીર એ આત્માને ચંડાળ આદિ પર્યાય પમાડી સ્પર્શને પણ યોગ્ય રહેવા દેતું નથી. આત્મા શરીરને પૂજ્ય બનાવે છે ત્યાં તેના ઉપર ઉપકાર કરે છે. છતાં તે ઉપકારને ન ગણતાં શરીર કૃતઘ્ની બની તેને નિન્દ્ય પર્યાય પ્રાપ્ત કરાવે છે. અર્થાત્ આવા અહિતકર શરીરનો સંબંધ સદાને માટે તજી દેવો જોઈએ. ૨૦૯

रसादिराद्यो भागः स्याज्ज्ञानावृत्त्यादिरन्वतः ।
ज्ञानादयस्तृतीयस्तु संसार्येवं त्रयात्मकः ॥ २१० ॥

રસ આદિ ધાતુ પ્રથમ જ્ઞાનાવરણીય આદિ તે પછી,
જ્ઞાનાદિ ત્રીજો ભાગ જે સંસારી ત્રણ્ય પ્રકારથી. ૨૧૦

સંસારી જીવને રસાદિ સાત ધાતુરૂપ પહેલો ભાગ છે, તે પછી જ્ઞાનાવરણાદિ કર્મરૂપ તેનો બીજો ભાગ છે, તથા તેનો ત્રીજો ભાગ જ્ઞાનાદિરૂપ છે. આ પ્રકારે સંસારી જીવ ત્રણ ભાગ સ્વરૂપ છે. ૨૧૦

भागत्रयमयं नित्यमात्मानं बन्धवर्तिनम्
भागद्वयात्पृथक् कर्तुं यो जानाति स तत्त्ववित् ॥ २११ ॥

એમ ત્રણ્ય ભાગ સ્વરૂપ બંધનયુક્ત આત્મા નિત્ય તો,
બે ભાગથી તેને જુદો કરવાનું જાણે પ્રાજ્ઞ તો. ૨૧૧

આ પ્રકારે એ ત્રણભાગસ્વરૂપ અને કર્મબંધ સહિત નિત્ય આત્માને જે પ્રથમ બે ભાગથી જુદો કરવાની રીત જાણે છે તેને તત્ત્વજ્ઞાની જાણવા.

સંસારી જીવને ઉપર ત્રણભાગ સ્વરૂપ કહ્યો તેમાં પ્રથમ ભાગ સાત ધાતુમય શરીર, બીજો ભાગ કાર્મણ શરીર, એ બે ભાગ આત્મસ્વરૂપથી ભિન્ન જડ અને પૌદ્ગલિક છે તથા ત્રીજો ભાગ જે જ્ઞાનાદિસ્વરૂપ છે તે આત્મસ્વરૂપ ચેતન છે. અને તેજ ઉપાદેય, ગ્રહણ કરવા યોગ્ય છે. આ પ્રમાણે જાણે છે તથા તદનુરૂપ આચરણ પણ કરે છે, તે તત્ત્વજ્ઞ છે. એનાથી વિપરીત જે પ્રથમના બે ભાગોને જ આત્મા જાણે છે અને તેથી જે તેનાથી આત્માને ભિન્ન કરવાનો પ્રયત્ન નથી કરતા તે અજ્ઞાની છે. ૨૧૧

करोतु न चिरं घोरं तपः क्लेशासहो भवान् ।
चित्तसाध्यान् कपायारीन् न जयेद्यत्तदज्ञता ॥२१२॥

ચિર ઘોર તપ ના કર ભલે, તપ કષ્ટ સહવા શક્ય ના,
મનસાધ્ય શત્રુ કષાય જો તું ના જીતે તો અજ્ઞતા. ૨૧૨

જો તું કષ્ટ નહિ સહન કરી શકવાના કારણે ઘોર તપનું આચરણ ન કરી શકતો હોય તો ભલે તે ન કર, પણ જે કષયાદિ મનથી જીતવા યોગ્ય છે તેને પણ જો તું જીતતો નથી તો તે તારી અજ્ઞાનતા છે.

અનશન આદિ તપો તારાથી ન થઈ શકતાં હોય તો તું તે ન કરે તો ભલે પણ રાગ, દ્વેષ, ક્રોધ આદિ આત્માનું અહિત કરનાર છે તેને તો તું સારી રીતે જીતી શકે એમ છે. કારણ કે તે જીતવામાં તો તે તપ જેવું કષ્ટ સહન કરવાનું નથી, તેમ તેમાં બીજી સામગ્રીની પણ જરૂર નથી, માટે તે રાગાદિને તો જીતવા જ જોઈએ. છતાં તું ન જ જીતવા ઈચ્છે તો તે તારું અજ્ઞાન જ છે. એમ કહેવાય. ૨૧૨

हृदयसरसि यावन्निर्मलेऽप्यत्यगाधे
वसति खलु कपायग्राहचक्रं समन्तात् ।
श्रयति गुणगणोऽयं तन्न तावद्विशङ्कं
सयमशमविशेपैस्तान् विजेतुं यतस्व ॥ २१३ ॥

નિર્મલ અતિ ઊંડા હૃદય સરવર વિષે જ્યાં લગી વસે,
ચોમેર શત્રુ કષાયરૂપ મગરો ભયંકર એ દીસે,

તો ક્ષાંતિ આદિ ગુણસમૂહ નિઃશંક ના નજરે ચડે,
તેથી તું કર પુરુષાર્થ જીતવા ચમપ્રશમ ગુણગણ વડે. ૨૧૩

નિર્મળ અને અગાધ હૃદયરૂપ સરોવરમાં જ્યાં સુધી કષાયોરૂપી હિંસક જંતુઓનો [illegible] નિવાસ કરીને રહે છે ત્યાં સુધી નિશ્ચયથી એ ઉત્તમ ક્ષમાદિ ગુણોનો સમુદાય નિઃશંક થઈને તે હૃદયરૂપ સરોવરનો આશ્રય લેતો નથી. એટલા માટે હે ભવ્ય! તું [illegible] સંયમીઓની સાથે તીવ્ર, મધ્યમ અને મંદ ઉપશમના ભેદોથી કષાયોને જીતવાનો [illegible] કર. ૨૧૩.

हित्वा हेतुफले किलात्र सुधियस्तां सिद्धिमामुत्रिकीं
[illegible] स्वयमेव साधनतया शंसन्ति शान्तं मनः ।
[illegible] तदिदं धिग्धिक्कलेः प्राभवं
[illegible] दूरं विपर्यासिताः ॥ २१४ ॥

[illegible] મતિમાન પણ પરલોક-સિદ્ધિ જો ગહે;
[illegible] મનની શાંતિ તે સાધન સદા કહેતા રહે;
[illegible] કળિકાળ મહિમા. ધિક્ એ,
[illegible] ચિત્ત હોંગ [illegible] ૨૧૪

[illegible] મનની શાંતિને [illegible] તેના સાધન સ્વરૂપ શાન્ત મનની પ્રશંસા [illegible] કળિકાળનો પ્રભાવ છે, [illegible] આ લોક તથા પરલોક સંબંધી [illegible]

[illegible]

उपकारिणं [illegible] [illegible]
[illegible] [illegible] किंतु [illegible] ।
[illegible] [illegible]
[illegible] [illegible] ॥२५॥

[illegible] ક્રોધ [illegible] વશ [illegible]
[illegible] [illegible] નહીં;
[illegible] [illegible] નહીં,
[illegible] [illegible] ૨૫

[illegible] [illegible] [illegible] છે, [illegible] દીધા છે, [illegible] [illegible] થયું છે, તો પણ [illegible] [illegible] [illegible] છે, જે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] માટે [illegible] છે, તેને [illegible]

[illegible] हरेण आत्मान्
[illegible] यदि: [illegible] ।
[illegible] न हि येन कृतामवस्थां
[illegible] न कार्यहानिः ॥२६॥

અજ્ઞાનતાથી શિવ [illegible] કામને [illegible] નહીં;
પણ ક્રોધ કરી [illegible] બાળી ત્યાં [illegible];
શિવ તેથી પામ્યા પણ ભયંકર [illegible] દશા અહો!
ક્રોધવશ કોને ન થાયે કાર્યહાનિ તે કહો! ૨૬

જો મહાદેવે ક્રોધને વશ થઈ અજ્ઞાનતાથી ત્રિનેત્ર શિવ પણ કામદેવને નહિ જાણીને તે કામદેવના [illegible] કોઈ બાહ્ય વસ્તુને બાળી દીધી હતી, તે મહાદેવ ઉગ્ર કામદેવ દ્વારા [illegible] ભયાનક અવસ્થાને પામ્યા છે. ક્રોધથી કોના કાર્યની હાનિ નથી થતી? અર્થાત્ તેને ક્રોધ [illegible] કોઈને કાર્યની હાનિ થાય છે.

મહાદેવે જે કામદેવને ક્રોધિત થઈને ભસ્મ કરી દીધો હતો તે તો વાસ્તવમાં કામદેવ નહોતો; ખરો કામદેવ તો તેના હૃદયમાં સ્થિત હતો જેને તે મહાદેવે જાણ્યો પણ નહિ,

वसति भुवि समस्तं सापि संधारितान्यैः
उदरमुपनिविष्टा सा च ते वा परस्य ।
तदपि किल परेषां ज्ञानकोणे निलीनं
वहति कथमिहान्यो गर्वमात्माधिकेषु ॥२१९॥

વસ્તુ સમસ્ત વસે ભૂમિ પર, ભૂમિ પર આધારથી;
ઘનવાત આદિ વલય ત્રણથી સર્વથા ઘેરાયલી;
તે ભૂમિ ને તે વાતવલયો વ્યોમના ઉદરે રહ્યા,
તે સર્વ કેવલી-જ્ઞાનના ખૂણે સમાતા જો કહ્યા;
આવી રીતે જ્યાં એકથી પણ અધિક જગમાં સર્વદા,
ત્યાં ગર્વ શો કરવો બીજાએ, અધિક નિજથી પર યદા. ૨૧૯

જે પૃથ્વી ઉપર સર્વ પદાર્થ રહે છે તે પૃથ્વી પણ બીજાઓ દ્વારા એટલે ઘનોદધિ, ઘનવાત અને તનવાત એ ત્રણ વાતવલયો દ્વારા ધારણ કરવામાં આવી છે. એ પૃથ્વી અને ત્રણેય વાતવલય પણ આકાશની મધ્યમાં પ્રવિષ્ટ છે. અને તે આકાશ પણ કેવલિયોના જ્ઞાનના એક ખૂણામાં વિલીન છે. આવી અવસ્થા છે ત્યાં બીજા આપણાથી અધિક ગુણવાળાના વિષયમાં કેવી રીતે ગર્વને ધારણ કરી શકાય તેમ છે?

અર્થાત્ સર્વત્ર જ્યાં ઉત્કર્ષની તરતમતા જોવામાં આવે છે ત્યાં કોઇ પણ કંઈ પણ બાબતમાં પૂર્ણતાનું અભિમાન કરી શકે તેમ નથી. ૨૧૯

यशो मारीचीयं कनकमृगमायामलिनितं
हतोऽश्वत्थामोक्त्या प्रणयिलघुरासीद्यमसुतः ।
सकृष्णः कृष्णोऽभूत्कपटबटुवेषेण नितरा-
मपि छद्मात्पं तद्विषमिव हि दुग्धस्य महतः ॥२२०॥

મરિચી તણો યશ મલિન થાતો કનકમૃગમાયા વડે;
વળી યુધિષ્ઠર લઘુ થતા, 'અશ્વત્થામા હતો' કહ્યે;
વધી કાલિમા શ્રીકૃષ્ણની બળિને છળ્યો વામન બની;
ત્યાં અલ્પ પણ માયા અતિશય દૂધમાં વિષ સમ ગણી. ૨૨૦

મરિચીએ સુવર્ણમૃગ બનીને માયા કરી તે કપટથી તેણે તેની કીર્તિને મલિન કરી છે, 'અશ્વત્થામા હતઃ' એવા સંદિગ્ધ વચનથી યુધિષ્ઠિર સ્નેહી જનોની વચમાં હીનતાને પામ્યા તથા કૃષ્ણ વામન અવતારમાં કપટપૂર્ણ બાળકનો વેષ ધારણ કરવાથી શ્યામવર્ણવાળા અથવા અપયશરૂપ કાલિમાથી કલંકિત થયા. આમ થોડો પણ કપટવ્યવહાર મહાન દૂધમાં મળેલા વિષની માફક ઘાતક થાય છે. ૨૨૦.

[illegible] ૨૨૨

[illegible] ॥२२३॥

[illegible] ૨૨૩

[illegible]

[illegible] પ્રાપ્ત થાય છે. ૨૨૩

विषयविरतिः संगत्यागः कषायविनिग्रहः
शमयमदमास्तत्त्वाभ्यासस्तपश्चरणोद्यमः ।
नियमितमनोवृत्तिर्भक्तिर्जिनेषु दयालुता
भवति कृतिनः संसाराब्धेस्तटे निकटे सति ॥२२४॥

વિરતિ વિષયમાં, ત્યાગ પરિગ્રહ, કષાયો જે જીતતા,
શમ યમ દમન ને તત્ત્વચિંતન તપ વિષે ઉદ્યત થતા;
નિયમિત મન, જિનભક્તિ, ઉરમાં દયા આદિ ગુણ વસે,
સંસાર સાગર તીર પામ્યા ભાગ્યશાળી એ દીસે. ૨૨૪

ઇન્દ્રિય વિષયોથી નિવૃત્તિ, પરિગ્રહનો ત્યાગ, કષાયોનું દમન, રાગ દ્વેષની શાન્તિ, યમ-નિયમ, ઇન્દ્રિયદમન, સાત તત્ત્વોના વિચાર, તપશ્ચરણમાં ઉદ્યમ, મનની પ્રવૃત્તિ પર નિયંત્રણ, જિન ભગવાનમાં ભક્તિ અને પ્રાણીઓ ઉપર દયાભાવ આ સર્વ ગુણો જે ભવ્યને સંસારરૂપ સમુદ્રનો કિનારો સમીપમાં આવી ગયો છે તેવા પુણ્યાત્માને પ્રાપ્ત થાય છે. ૨૨૪

यमनियमनितान्तः शान्तबाह्यान्तरात्मा
परिणमितसमाधिः सर्वसत्त्वानुकम्पी ।
विहितहितमिताशी क्लेशजालं समूलं
दहति निहतनिद्रो निश्चिताध्यात्मसारः ॥२२५॥

યમનિયમ તત્પર, શાન્ત મન કદી ના ભમે વિષયો વિષે,
નિશ્ચલ સમાધિમગ્ન, પ્રાણી સર્વમાં કરુણા લસે;
ભોજન સદા વિધિયુક્ત હિતમિત નિંદત્યાગી મૂળથી,
અધ્યાત્મસાર પ્રવીણ, દહતા, કલેશ મળ સમૂળથી. ૨૨૫

જે યમ એટલે યાવજ્જીવન ગ્રહણ કહેલાં વ્રત અને નિયમ એટલે પરિમિત કાળ માટે ગ્રહણ કરેલા વ્રતમાં ઉદ્યત છે, જેમનો અંતરઆત્મા, અંતઃકરણ શાંત થઈ બાહ્ય ઇન્દ્રિય વિષયોથી નિવૃત્ત થયેલ છે. જે ધ્યાનમાં, સમાધિમાં નિશ્ચળ રહે છે, સર્વ જીવો ઉપર જેમને અનુકંપા વર્તે છે, આગમોક્ત વિધિપૂર્વક હિતકારક અને પરિમિત ભોજન ગ્રહણ કરે છે, નિદ્રાથી રહિત છે, તથા જે અધ્યાત્મના રહસ્યને જાણી ચૂકયા છે એવા જ્ઞાની પુરુષની આજ્ઞાનુસાર આત્માર્થ સાધી રહેલા આત્માર્થીઓ સમસ્ત કલેશના સમૂહને જડમૂળથી નાશ કરી દે છે. ૨૨૫

समधिगतसमस्ताः सर्वसावद्यदूराः
स्वहितनिहितचित्ताः शान्तसर्वप्रचाराः ।
स्वपरसफलजल्पाः सर्वसंकल्पमुक्ताः
कथमिह न विमुक्तेर्भाजनं ते विमुक्ताः ॥२२६॥

ગુજ્ઞાન તત્ત્વ સમસ્તના, જે પાપ દૂરે ત્યાગતા,
નિજ હિતમાં મનસ્થિર ધરી ઇન્દ્રિય પ્રવૃત્તિ વિરામતા;
વાણી સ્વપર ઉપકારકારી મુક્ત સંકલ્પો થકી;
આવા ગુત્યાગી મુક્તિભાજન કેમ ના હોયે ? નકી. ૨૨૬

જે સમસ્ત હેય એટલે તજવા યોગ્ય અને ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય તત્ત્વને જાણનાર છે, સર્વ પ્રકારની પાપક્રિયાઓથી રહિત છે, આત્મહિતમાં મન જોડીને સમસ્ત ઇન્દ્રિય પ્રવૃત્તિને શાન્ત કરનારા છે, સ્વ અને પરને હિતકારી એવાં વચનનો વ્યવહાર કરનારા છે [illegible] વિકલ્પોથી રહિત થઈ ચૂક્યા છે એવા તે સાધક મુક્તિને યોગ્ય કેમ ન હોય? અવશ્ય તે મુક્ત થઈ જવા યોગ્ય છે. ૨૨૬

[illegible] विषयप्रमोदजनतामात्मापि येषां परम्—
[illegible] कि तत्पुनर्नश्यति ।

मैत्र्यं जयति यस्य भुवनद्योति रत्नत्रयं
आत्मन्नीन्द्रियतस्कराश्च परितस्त्वां सन्तुजागृहि ॥२२७॥

હે કામ લૂંટતિ વિષયના, આત્મા પરાધીન જેમનો;
ગુણ દોષનો ન વિચાર જેનો, હાનિ તેને શી ગણું ?
જય તો તને, તું રત્નત્રય ત્રણભુવન-દ્યોતક ભર્યો,
તસ્કર ઈન્દ્રિય ચોર ભમતા, સાવધાન સદા રહે. ૨૨૭

અત્યન્તભ્રમણ કરીને પણ જો વિષયી જનોનો સંગ કે સહવાસ થાય તો તેવાઓના મન પણ ફરી વિષયોમાં ફસી શકે છે. તેવાઓને ઉપદેશ આપે છે કે ભાઈ! જે વિષયરૂપ ચોરોથી તસ્કર થઈ રહ્યા છે તેનું શું બગડવાનું છે? તે યદિ સાવધાન રહે કે અસાવધાન બની રહે તો પણ તેને શું ડર છે? તેની પાસે રક્ષા કરવા જેવી કોઈ વસ્તુ છે નહિ. ત્યાનું તો શું તેણે પોતાનો આત્મા પણ પરાધીન કરી દીધો છે, ગુણ દોષોનો વિચાર સુદ્ધાં તેના હૃદયમાં રહ્યો નથી. વિષયોને વશ થઈ તેણે પોતાનો જ્ઞાનાદિ નિધિ સર્વથા ખોઈ દીધો છે. હવે તેની પાસે રહ્યું છે શું કે જેની તેણે ચિન્તા કરવાની હોય? જેની પાસે કંઈ એમજ રહ્યું છે તેને કંઈ ડરવા જેવું છે. જેની પાસે થોડી પણ જડ સંપત્તિ હોય છે તે પણ તેને સંભાળીને રાખે છે, તારી પાસે તો અપૂર્વ સંપત્તિ છે જ્ઞાન દર્શન અને ચારિત્ર એ ત્રણ અમૂલ્ય મહારત્નો છે, જે ત્રણ જગતને પ્રકાશિત કરનારા છે. આવાં અપૂર્વ રત્નો જેની પાસે હોય તેણે સદાય સાવધાની પૂર્વક રહેવું જોઈએ. જ્યાં સંપત્તિ છે ત્યાં તેને ચોરી જનાર, લૂંટી જનાર પણ ફરતા હોય છે. તારાં રત્નોને હરવાવાળા ઈન્દ્રિય ચોર તારી આસપાસ ફરી રહ્યા છે. તું થોડો પણ અસાવધ, ગાફેલ રહ્યો કે તે ઈન્દ્રિય ચોરો તારાં જ્ઞાનાદિ રત્નો ચોરી લેશે. માટે તું સારી રીતે સાવધાન રહે, અર્થાત્ તું ઈન્દ્રિયવિષયોમાં ફરી ફરી મોહિત ન થા. નહિ તો જેમ બીજા સંસારી જીવો પોતાનું સર્વસ્વ ગુમાવીને બેઠા છે તેમ તું પણ તારો અમૂલ્ય ખજાનો ખોઈ બેસીશ. જે પોતાનું ગુમાવી ચૂક્યા છે તે બીજાઓનું પણ ગુમાવીને સંતુષ્ટ થવાનું ચાહે છે. માટે તું તેવા વિષયાધીન જનોની સંગતિ પણ ન કર. ભાઈ! તારા રત્નત્રયની રક્ષા કરવામાં સદાય સાવધાન રહે. ૨૨૭

रम्येषु वस्तुवनितादिषु वीतमोहो
मुह्येद् वृथा किमिति संयमसाधनेषु ।
धीमान् किमामयभयात्परिहृत्य भुक्तिं
पीत्वौषधिं व्रजति जातुचिदप्यजीर्णम् ॥२२८॥

તું રમ્ય વનિતા આદિ વસ્તુમાં અહો! વીતમોહ જો;
સંયમ તણાં સાધન વિષે શો કંઈ ઘટે તુજ મોહ તો ?

ફળ જો કદી નહિ મળે તો મારે બાહ્ય જ કાંઇ સહન કરવાનું થશે. પરંતુ એથી વિપરીત એણે નિશ્ચય કરવો ઘટે છે કે તપનું ફળ સ્વર્ગ મોક્ષની પ્રાપ્તિ છે તે મને અવશ્ય મળશે જ; એવી રીતે તેણે સાહસની સાથે ધીરજ પણ રાખવી, રાહ પણ જોવી ઘટે છે. ૨૨૯

दृष्टार्थस्य न मे किमप्ययमिति ज्ञानावलेपादमुं
नोपेक्षस्व जगत्त्रयैकडमरं निःशेषयाशाद्विषम् ।
पश्याम्भोनिधिमप्यगाधसलिलं बाबाध्यते वाडवः
क्रोडीभूतविपक्षकस्य जगति प्रायेण शान्तिः कुतः ॥२३०॥

દૃષ્ટાર્થ હું આશા-અરિ ભય નાંહિ, ગર્વ કરીશ ના,
પણ જગતને ભયરૂપ, કર નિર્મૂળ, પણ અવગણીશ ના;
જળ જ્યાં અગાધ સમુદ્ર પણ વડવાનલે સંતપ્ત જો;
શત્રુ સમીપે જો રહ્યો શી શાન્તિ જગમાં ક્યાંય તો? ૨૩૦

હું પદાર્થોના સ્વરૂપને જાણી ચૂક્યો છું, માટે આશારૂપ શત્રુ મને કંઇ પણ હાનિ કરી શકે તેમ નથી, એવા પ્રકારના જ્ઞાનના અભિમાનથી તું ત્રણેય લોકમાં અતિશય ભય ઉપજાવનારી એ આશારૂપ શત્રુની ઉપેક્ષા નહિ કરતાં તેને નિર્મૂળ, નષ્ટ કરી દે. જુઓ! અથાગ પાણીથી પરિપૂર્ણ ભરપૂર એવા સમુદ્રને પણ વડવાનલ અતિશય બાધા પહોંચાડે છે. માટે જેની ગોદમાં, સમીપમાં શત્રુ સ્થિત છે તેને સંસારમાં પ્રાયે શાન્તિ ક્યાંથી પ્રાપ્ત થઇ શકે એમ છે? ૨૩૦

स्नेहानुबद्धहृदयो ज्ञानचरित्रान्वितोऽपि न श्लाघ्यः ।
दीप इवापादयिता कज्जलमलिनस्य कार्यस्य ॥२३१॥

નહિ સ્નેહબદ્ધ પ્રશસ્ય તો યદિ જ્ઞાન ચરણે યુત છતાં,
તે દીપવત્ કાજલ સમાં દુષ્કર્મનો કર્તા થતાં. ૨૩૧

જેનું હૃદય રાગ, સ્નેહથી બંધાયેલું છે તે જ્ઞાન અને ચારિત્ર સહિત હોય તો પણ સ્નેહ એટલે તેલથી યુક્ત દીવાની માફક કાજલ જેવાં મલિન કર્મોને ઉત્પન્ન કરે છે. માટે તે પ્રશંસવા યોગ્ય નથી.

જેમ દીપક સ્નેહ, તેલનો સંબંધ રાખવાથી નિકૃષ્ટ કાળા કાજળને ઉત્પન્ન કરે છે તેવી રીતે જે સાધુ સ્નેહથી સંબંધ રાખે છે, અર્થાત્ હૃદયથી બાહ્ય વસ્તુઓમાં અનુરાગ રાખે છે, તે જ્ઞાન અને ચારિત્ર યુક્ત હોવા છતાં અનુરાગને વશ થઇને કાજલ સમાન મલિન પાપ કર્મોને ઉત્પન્ન કરે છે. માટે તેની પ્રશંસા કરવામાં આવતી નથી. પરંતુ તે

હે ભવ્ય ! તું નિર્મળ સમ્યગ્દર્શનરૂપ બાનું આપીને પોતાને આધીન કરેલા મોક્ષને સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ પૂરું મૂલ્ય આપીને શીઘ્ર પોતાના હાથમાં સ્વાધીન કરી લે.

વ્યવહારમાં જ્યારે કોઈ કંઈ વસ્તુ ખરીદવા ચાહે છે ત્યારે પહેલાં 'હું આ નિશ્ચયથી ખરીદીશ' એમ એક પ્રકારનો વાયદો કરીને, તે મૂલ્યનો થોડોક ભાગ પહેલાં આપે છે, તે સોદાના સાટા પેટે, અગાઉથી અપાયેલું નાણું, બાનું કહેવાય છે તેથી તે વસ્તુનો સ્વામી બીજાને તે વેચી શકતો નથી. ત્યાર પછી પૂરું મૂલ્ય આપે ત્યારે તે વસ્તુ તેને સ્વાધીન થઇ જાય છે. તેવી રીતે જે ભવ્ય મોક્ષ પ્રાપ્ત કરવા ચાહે છે તેણે પહેલાં બાનારૂપે સમ્યક્ત્વ ધારણ કરવું જોઈએ. સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી અર્ધ પુદ્ગલપરાવર્તન કાળમાં મોક્ષ નિશ્ચિત થઈ જાય છે. એટલા કાળ દરમિયાન જ્યારે પણ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રને જીવ પ્રાપ્ત કરી લે ત્યારે તેને પોતાનો ઇચ્છિત મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. ૨૩૪

अशेषमद्वैतमभोग्यभोग्यं निवृत्तिवृत्त्योः परमार्थकोट्याम् ।
अभोग्यभोग्यात्मविकल्पबुध्या निवृत्तिमभ्यस्यतु मोक्षकांक्षी ॥२३५॥

આ વિશ્વ ભોગ્ય પ્રવૃત્તિલક્ષે, ત્યમ અભોગ્ય નિવૃત્તિએ,
અભ્યાસ મુક્તિકાંક્ષી કરતા ત્યાગી દ્વય સમવૃત્તિએ. ૨૩૫

આ સમસ્ત સંસાર વાસ્તવમાં ભોગ્ય કે અભોગ્યની કલ્પનાથી રહિત એકરૂપ છે. તે પ્રવૃત્તિ કે નિવૃત્તિની અતિશય પ્રકર્ષતામાં પ્રવૃત્તિની અપેક્ષાએ ભોગ્ય, અને નિવૃત્તિની અપેક્ષાએ અભોગ્ય બને છે. જે ભવ્ય જીવ મોક્ષની ઇચ્છા કરે છે, તેણે ભોગ્ય કે અભોગ્ય-રૂપ વિકલ્પબુદ્ધિથી રહિત થવાનો અભ્યાસ કરવો યોગ્ય છે. વિશ્વ એકરૂપ છે. પરંતુ જે જીવ રાગદ્વેષથી સહિત છે તે જેને ઇષ્ટ સમજે છે તેને ગ્રહણ કરવામાં પ્રવર્તે છે અને જેને તે અનિષ્ટ સમજે છે તેને ત્યાગવામાં પ્રવર્તે છે. આ પ્રકારે તે સમસ્ત વિશ્વને ભોગવવા ચાહે છે. પરંતુ જે વિવેકી જીવ રાગદ્વેષથી રહિત થાય છે તેને ઇષ્ટ અનિષ્ટની કલ્પના જ હોતી નથી. તેથી તે માત્ર પોતાના ચૈતન્યરૂપને છોડીને અન્ય સર્વ બાહ્ય વસ્તુઓથી નિવૃત્ત રહે છે. તેને સર્વ અભોગ્ય લાગે છે. આ નિવૃત્તિમાર્ગ ગ્રહણ કરવા યોગ્ય છે. મોક્ષાભિલાષી જીવોએ પ્રવૃત્તિમાર્ગથી દૂર રહી નિવૃત્તિમાર્ગનો જ અભ્યાસ કરવો જોઇએ. ૨૩૫

निवृत्तिं भावयेद्यावन्निवर्त्यं तदभावतः
न वृत्तिर्न निवृत्तिश्च तदेव पदमव्ययम् ॥ २३६ ॥

સંબંધ પરનો ત્યાં નિવૃત્તિ ભાવવી, પણ તે ગયે;
પ્રવૃત્તિ કે નિવૃત્તિ નહિ, પદ એ જ અવ્યય, સમ થયે. ૨૩૬

શુભ અને અશુભ, પુણ્ય અને પાપ તથા સુખ અને દુઃખ એમ આ છ થાય છે. એ છતાં ત્રણ યુગલોમાંથી આદિનાં ત્રણ—શુભ, પુણ્ય અને સુખ—આત્માને હિતકારક હોવાથી આચરવા યોગ્ય છે, તથા બાકીનાં ત્રણ—અશુભ, પાપ અને દુઃખ—અહિતકારક હોવાથી છોડવા યોગ્ય છે. ૨૩૯

तत्राप्याद्यं परित्याज्यं शेषौ न स्तः स्वतः स्वयम् ॥
शुभं च शुद्धे त्यक्त्वान्ते प्राप्नोति परमं पदम् ॥ २४० ॥

પ્રથમ શુભ તેમાંય, તે ત્યાગ્યે સ્વયં બીજાં ટળે;
શુભ-ત્યાગી શુદ્ધ વિષે રહે, મુક્તિ પરમપદ તો મળે ૨૪૦

ઉપરના શ્લોકમાં જે શુભ, પુણ્ય અને સુખ એ ત્રણને હિતકારક કહ્યાં છે, તેમાં પણ પ્રથમ શુભનો પરિત્યાગ કરવો જોઈએ. એમ કરવાથી બાકીના બે પુણ્ય તથા સુખ આપોઆપ રહેશે નહિ. એમ શુભને છોડીને શુદ્ધ સ્વભાવમાં સ્થિત થઈને જીવ અન્તે ઉત્કૃષ્ટ મોક્ષ પદને પ્રાપ્ત કરી લે છે. અથવા અશુભ, પાપ અને દુઃખ એ ત્રણ અહિત-કારક કહ્યાં; તેમાંથી પ્રથમ અશુભનો ત્યાગ કરવો જોઈએ. એમ કરવાથી બાકીનાં બે પાપ અને દુઃખ સ્વયં રહેશે જ નહિ. કારણ કે એનું મૂળ અશુભ છે. એમ જ્યારે મૂળ કારણ એ અશુભ ન રહેતાં તેનું સાક્ષાત્ કાર્યરૂપ પાપ સ્વયમેવ નષ્ટ થઈ જશે, અને પાપ નાશ થતાં તેનું કાર્યભૂત દુઃખ તેની પણ સંભાવના, શક્યતા રહેશે નહિ. એમ અહિતકારક ત્રણેય નષ્ટ થઈ જતાં બાકી રહેલાં ત્રણ શુભ પણ છોડી દેવાં જોઈએ. અને શુદ્ધ ભાવમાં સ્થિતિ કરવી જોઈએ. શુદ્ધોપયોગમાં સ્થિતિ કરવાથી અવ્યાબાધ મોક્ષ-પદની પ્રાપ્તિ થાય છે. જે અનંત કાળ પર્યંત સ્થિર રહેનાર છે. ૨૪૦

તે શુભને પણ ત્યાગી શુદ્ધની પ્રાપ્તિ ક્યારે થાય? ઉપયોગની સ્થિરતા થાય તો. ઉપયોગની સ્થિરતા થવામાં વિઘ્ન કરનાર જગતનાં આકર્ષણો બળ કરીને પણ ટાળવા યોગ્ય છે.

"પ્રદેશે પ્રદેશથી જીવના ઉપયોગને આકર્ષક એવા આ સંસારને વિષે એક સમયમાત્ર પણ અવકાશ લેવાની જ્ઞાની પુરુષોએ હા કહી નથી; કેવળ તે વિષે નકાર કહ્યો છે.

તે આકર્ષણથી ઉપયોગ જો અવકાશ પામે તો તેજ સમયે તે આત્માપણે થાય છે. તે જ સમયે આત્માને વિષે તે ઉપયોગ અનન્ય થાય છે.

એ આદિ જે અનુભવવાર્તા તે જીવને સત્સંગના દૃઢ નિશ્ચય વિના પ્રાપ્ત થવી અત્યંત વિકટ છે.

તે સત્સંગ નિશ્ચયપણે જાણ્યો છે, એવા પુરુષને તે સત્સંગનો યોગ રહેવો એ દુષમ કાળને વિષે અત્યંત વિકટ છે."

—શ્રીમદ્ રાજચન્દ્ર-પત્રાંક ૪૪૬

अस्त्यात्मास्तमितादिबन्धनगतस्तद्बन्धनान्यास्रवैः
ते क्रोधादिकृताः प्रमादजनिताः क्रोधादयस्तेऽव्रतात् ।
मिथ्यात्वोपचितात्स एव समलः कालादिलब्धौ क्वचित्
सम्यक्त्वव्रतदक्षताकलुषतायोगैः क्रमान्मुच्यते ॥ २६२ ॥

છે આત્મા; બંધન અનાદિ; બંધ આસ્રવ જનિત એ.
આસ્રવ કષાયે. તે પ્રમાદે. અવિરતિથી પ્રમાદ એ;
એ અવ્રત મિથ્યાત્વે મલિન. કાળાદિ લબ્ધિયોગથી.
સમ્યક્ત્વ વિરતિ અપ્રમાદ આદિ ક્રમે મુક્ત પ્રયોગથી. ૨૬૨

આત્મા છે. અને તે અનાદિ પરંપરાથી પ્રાપ્ત એવાં બંધનોથી યુક્ત છે. તે બંધન મન વચન કાયાની શુભાશુભ ક્રિયાઓરૂપ આસ્રવોથી પ્રાપ્ત થયાં છે. તે આસ્રવો ક્રોધાદિ કષાયોથી થાય છે. તે ક્રોધાદિ પ્રમાદથી ઉત્પન્ન થાય છે. એ પ્રમાદ મિથ્યાત્વથી પુષ્ટ થયેલી અવિરતિના નિમિત્તથી થાય છે. એ કર્મમળથી સહિત આત્મા કોઈ વિશિષ્ટ પર્યાયમાં કાળાદિ લબ્ધિ પામીને ક્રમથી સમ્યગ્દર્શન, વ્રત, દક્ષતા અર્થાત્ પ્રમાદનો અભાવ, કષાયોનો વિનાશ, અને યોગનિરોધદ્વારા ઉપર્યુક્ત બંધનોથી મુક્તિ પ્રાપ્ત કરે છે.

ચાર્વાક આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરતું નથી. તે એમ માને છે કે કોલસા, અગ્નિ, જળ, વાયુ આદિના સંયોગથી પ્રબળ વરાળ ઉત્પન્ન થાય છે, તે ભારે રેલગાડી આદિને ચલાવવા સમર્થ થાય છે. તેવી રીતે પૃથ્વી આદિ ચાર ભૂતોના સંયોગથી એ શક્તિ ઉત્પન્ન થાય છે કે જે શરીરની ગમનાગમન ક્રિયાઓ તથા પદાર્થોના જાણવા દેખવા આદિમાં સહાયક થાય છે. તેને જ ચેતના કહેવાય છે. અને એ જ્યાં સુધી તે ભૂતોનો સંયોગ રહે છે ત્યાં સુધી એટલે જન્મથી મરણ સુધી રહે છે. પણ તેની પહેલાં કે પછી રહેતી નથી. તેમના એ મતના નિરાકરણ માટે શ્લોકમાં સૌથી પહેલાં 'અસ્ત્યાત્મા' કહી એમ પ્રમાણિત કર્યું છે કે આત્મા નામની પ્રસિદ્ધ કોઈ વસ્તુ અવશ્ય છે.

જો આત્મા હોત નહિ તો ઘણાને પૂર્વ જન્મનું સ્મરણ થાય છે તે થવું ન જોઈએ.

વળી ભૂત પિશાચાદિ પણ પોતાના કે બીજાના પૂર્વ ભવો બતાવતા દેખવામાં આવે છે. તેથી સિદ્ધ થાય છે કે આત્મા નામની કોઈ વસ્તુ અવશ્ય છે, જે વિવક્ષિત જન્મની પૂર્વે પણ હતી અને મરણ પછી પણ રહે છે.

આ પ્રકારે સાંખ્ય આત્માનો સ્વીકાર કરીને પણ તેને સર્વદા શુદ્ધ, કર્મથી અલિપ્ત, અસંગ માને છે. તેના નિરાકરણ માટે અહીં તેને અનાદિ બંધનગત કહ્યો છે. તેનો અભિપ્રાય એવો છે કે શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ જો કે દરેક જીવ કર્મથી અલિપ્ત હોઈને પોતાના જ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અવસ્થિત છે. સ્વભાવથી એક દ્રવ્યનો બીજા દ્રવ્ય ઉપર

ાઈ પ્રભાવ પડતો નથી. જેમ સુવર્ણમાં જો તાંબાનું મિશ્રણ પણ હોય તો પણ સુવર્ણ-
રમાણુ સુવર્ણસ્વરૂપથી અને તાંબાનાં પરમાણુ તાંબારૂપે પોતાની જુદી જુદી સ્વતંત્ર સત્તા
ાખે છે. અને તેથી જ સોની બન્નેને જુદાં કરી શકે છે. પરંતુ તે દ્રવ્યના મૂળ શુદ્ધ
વભાવની અપેક્ષાએ સંભવે છે, નહિ કે વર્તમાન અશુદ્ધ પર્યાયની અપેક્ષાએ. પર્યાયની
અપેક્ષાએ તો આત્મા અનાદિ સંતતિસ્વરૂપથી આવવાવાળાં નવીન નવીન કર્મના બંધનથી
બંધાયેલો જ રહે છે; અને જ્યારે તે પર્યાયની અપેક્ષાએ કર્મબંધનમાં બંધાઇને પોતાના
શુદ્ધ ચૈતન્ય સ્વભાવને છોડીને રાગદ્વેષાદિરૂપ વિભાવમાં પરિણમે છે, ત્યારે તેને પોતાના
શુદ્ધ સ્વભાવમાં સ્થિર રાખવા માટે પ્રયત્ન કરવા, તપશ્ચરણ આદિ કરવાં ઉચિત છે. જો તે
દ્રવ્યની માફક પર્યાય પણ શુદ્ધ હોય તો તપશ્ચરણાદિ વ્યર્થ ઠરે છે. માટે સમજવું જોઇએ
કે આત્મા જેમ સ્વભાવથી શુદ્ધ છે તેમ પર્યાયથી અશુદ્ધ પણ છે.

જ્યારે પર્યાયથી અશુદ્ધ અને કર્મબંધ સહિત છે ત્યારે તે ક્યારથી બંધનમાં છે?
અને ક્યારે છૂટી શકે? એવો પ્રશ્ન થાય. તેનું સમાધાન કરે છે કે આત્મા અનાદિથી
કર્મબંધનમાં છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કર્મને આવવાના
કારણોને આસ્રવો કહ્યા છે. જેવી રીતે બીજ કે અંકુરમાંથી કોઇ એક નષ્ટ થઇ જતાં
મે અનાદિ બીજ અંકુરની પરંપરા નાશ પામી જાય છે, તેવી રીતે મિથ્યાત્વાદિના વિપરીત
મે સમ્યગ્દર્શન, વ્રત, દક્ષતા, (અપ્રમાદતા), અકલુષતા (અકષાય) અને અયોગ અવસ્થા
ામવાથી તે અનાદિ બન્ધપરંપરા પણ નાશ પામી જાય છે. અને આ રીતે આત્મા
ુક્તિને પ્રાપ્ત કરે છે. ૨૪૧

"વેદાંત કહે છે, આત્મા અસંગ છે, જિન પણ કહે છે કે પરમાર્થનયથી આત્મા
તેમ જ છે. એ જ અસંગતા સિદ્ધ થવી, પરિણત થવી તે મોક્ષ છે. પરભારી તેવી અસં-
ગતા સિદ્ધ થવી ઘણું કરીને અસંભવિત છે; અને એ જ માટે જ્ઞાની પુરુષોએ સર્વ દુઃખક્ષય
કરવાની ઇચ્છા છે જેને એવા મુમુક્ષુએ સત્સંગની નિત્ય ઉપાસના કરવી એમ જે કહ્યું છે,
તે અત્યંત સત્ય છે."

—શ્રીમદ્ રાજચન્દ્ર—પત્રાંક ૬૪૦

આત્માના અસ્તિત્વથી માંડી મોક્ષ પર્યંત છપદમાં આત્માના સ્વરૂપનું તથા મોક્ષનું
યથાર્થ નિરૂપણ કરનાર શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્ રાજચંદ્રે આ કાળના જીવોને
મોક્ષમાર્ગ સ્પષ્ટ રીતે ૧૪૨ દોહરામાં જ દર્શાવી આત્માર્થી જગત ઉપર અપાર ઉપકાર કર્યો
છે. મોક્ષાર્થી ભવ્યો આ આત્મસિદ્ધિ શાસ્ત્રનું અવશ્ય પઠન, પાઠન, અનુશીલન કરી સ્વપર
શ્રેય સાધવા સદાય તત્પર રહે છે.

तत्त्वनि[illegible]
कुर्वाणं कि तदन्येन [illegible] ॥ [illegible] ॥

ભવમાં નિમિત્ત બંધન થયાં જે ! [illegible]
પૂર્વે અતિદીન [illegible]
તે બંધનાશાર્થે બને, [illegible]
ક્યાં અનુપમ જ્ઞાનીની કુશળતા ? ક્યાં [illegible] ! [illegible] ? ૨૪૪

સંસારની અંદર બાહ્ય પદાર્થોમાં અતિશય અનુરાગ રાખનાર જીવને પહેલાં જે જે વસ્તુઓ દ્વારા દૃઢ બંધ ઉત્પન્ન થયો હતો તે જ વસ્તુઓ હવે યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થવાથી તથા વૈરાગ્યની અંતિમ હદે પહોંચવાથી તે તે વસ્તુઓ જીવના બંધના નાશનું કારણ બની રહી છે. જ્ઞાન અને વૈરાગ્યનું આ માહાત્મ્ય છે. જ્ઞાનીઓની એ અલૌકિક કુશળતા, કળા અનુપમ છે. ક્યાં એ જ્ઞાનીઓની અદ્ભુત કળા ? અને ક્યાં બંધનું કારણ એવી પહેલાંની અજ્ઞાનતા—દુર્બોધિતા ? અથવા જ્ઞાનીઓની એ અદ્ભુત અનુપમ કળા છે, જે દુર્બોધ છે, અથવા કઠિનતાથી કળાય તેવી છે.

જ્યાં સુધી જીવને આત્માનો અને પરનો વિવેક પ્રગટ થતો નથી ત્યાં સુધી રાગદ્વેષના વિષયભૂત પર વસ્તુઓના નિમિત્તે બન્ધ થયા જ કરે છે. પણ જ્યાં એ વિવેકકળા પ્રગટે છે ત્યાં પૂર્વે જે જે વસ્તુઓ પ્રત્યે રાગદ્વેષ કરીને દૃઢ બંધ થતો હતો તે જ વસ્તુઓ પ્રત્યે ઉપેક્ષા, ઉદાસીનતા, વૈરાગ્ય થાય છે. તેથી ત્યાં તે જ વસ્તુઓના નિમિત્તે ઉક્ત બંધનો નાશ સંવર, નિર્જરા થવા લાગે છે. આ જ જ્ઞાન અને વૈરાગ્યનું માહાત્મ્ય છે. ૨૪૪

सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या ।
यस्माद् ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च
स्वस्मिन्नास्ते विरमति परात् सर्वतो रागयोगात् ।

—શ્રી સમયસાર–ટીકા કળશ

" જગત વિષયના વિક્ષેપમાં સ્વરૂપવિભ્રાન્તિ વડે વિશ્રાન્તિ પામતું નથી.

અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપસ્થ થવું તે જ છે. એ જ હિતકારી ઉપાય જ્ઞાનીએ દીઠો છે.

ભગવાન જિને દ્વાદશાંગી એ જ અર્થે નિરૂપણ કરી છે, અને એજ ઉત્કૃષ્ટતાથી તે શોભે છે, જયવંત છે.

જ્ઞાનીનાં વાક્યના શ્રવણથી, ઉલ્લાસિત થતો એવો જીવ, ચેતન, જડને ભિન્નસ્વરૂપ

યથાર્થપણે પ્રતીત કરે છે, અનુભવે છે, અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે. યથાસ્થિત અનુભવ થવાથી સ્વરૂપસ્થ થવાયોગ્ય છે.

દર્શનમોહ વ્યતીત થવાથી જ્ઞાનીના માર્ગમાં પરમ ભક્તિ સમુત્પન્ન થાય છે.

તત્ત્વપ્રતીતિ વડે શુદ્ધ ચૈતન્ય પ્રત્યે વૃત્તિનો પ્રવાહ વળે છે. શુદ્ધ ચૈતન્યના અનુભવ અર્થે ચારિત્રમોહ વ્યતીત કરવા યોગ્ય છે.

ચારિત્રમોહ, ચૈતન્યના—જ્ઞાની પુરુષના સન્માર્ગના નૈષ્ઠિકપણાથી પ્રલય થાય છે.

અસંગતાથી પરમાવગાઢ અનુભવ થવા યોગ્ય છે.

હે આર્ય મુનિવરો! એજ અસંગ શુદ્ધ ચૈતન્યાર્થે અસંગયોગને અહોનિશ ઇચ્છીએ છીએ. હે મુનિવરો! અસંગતાનો અભ્યાસ કરો.

જે મહાત્માઓ અસંગ ચૈતન્યમાં લીન થયા, થાય છે અને થશે તેને નમસ્કાર. ૐ શાંતિઃ. ”

—શ્રીમદ્ રાજચન્દ્ર–પત્રાંક ૯૦૧

अधिकः क्वचिदाश्लेपः क्वचिद्धीनः क्वचित्समः ।
क्वचिद्विश्लेप एवायं बन्धमोक्षक्रमो मतः ॥ २४५ ॥

છે બંધ ક્યાંક અધિક હીન કે સમ ક્વચિત્ જીવો વિષે;
વળી ક્યાંક બંધ–અભાવ પણ, એ બંધ મુક્તિ ક્રમ દીસે. ૨૪૫

કોઇક જીવને અધિક કર્મબંધ થાય છે, કોઈને અલ્પ કર્મબંધ થાય છે, કોઈને સરખો કર્મબંધ થાય છે અને કોઈને કર્મબંધ ન થતાં માત્ર નિર્જરા જ થાય છે. આ બંધ અને મોક્ષનો ક્રમ મનાય છે.

બંધ અને નિર્જરાની ન્યૂનાધિકતા પરિણામ ઉપર છે. જેમ અભવ્ય જીવનાં પરિણામ હંમેશ સંક્લેશરૂપ રહેતાં હોય છે. તેથી તેને બંધ અધિક અને નિર્જરા ઓછી થાય છે. સમીપમુક્તિગામી આસન્નભવ્યનાં પરિણામ નિર્મળ હોવાથી તેને બંધ ઓછો અને નિર્જરા અધિક થાય છે. દૂરભવ્યને મધ્યમ જાતિનાં પરિણામ હોવાથી તેને બંધ અને નિર્જરા સરખાં, સમાનરૂપમાં હોય છે. તથા જીવન્મુક્ત અવસ્થામાં બંધનો અભાવ થઈ માત્ર નિર્જરા જ થાય છે. આ બંધ અને નિર્જરાનો ક્રમ જુદા જુદા જીવોની અપેક્ષાએ છે. એક જીવની અપેક્ષાએ વિચાર કરીએ તો મિથ્યાત્વ ગુણસ્થાનમાં બંધ અધિક નિર્જરા ઓછી થાય છે, અવિરત સમ્યગદૃષ્ટિ આદિ ગુણસ્થાનોમાં બંધ ઓછો અને નિર્જરા અધિક થાય છે, મિશ્રગુણસ્થાનમાં બંધ અને નિર્જરા બન્ને સમાનરૂપમાં હોય છે, તથા ક્ષીણ

કષાયાદિ ગુણસ્થાનોમાં બંધનો—સ્થિતિ અને અનુભાગ બંધનો—અભાવ થઈ કેવળ નિર્જરા જ થાય છે. ત્યાં જે બંધ થાય છે તે માત્ર એક સાતા વેદનીયનો હોય છે, તે પણ કેવળ પ્રકૃતિ અને પ્રદેશરૂપે. ૨૪૫

यस्य पुण्यं च पापं च निष्फलं गलति स्वयम् ।
स योगी तस्य निर्वाणं न तस्य पुनरास्रवः ॥ २४६ ॥

જે પુણ્ય પાપ ખરી જતાં નિષ્ફળ સ્વયં જે જ્ઞાનીને;
યોગીન્દ્ર તે છે મોક્ષ તેનો, આસ્રવો નહિ તેમને. ૨૪૬

જે વીતરાગને પુણ્ય અને પાપ બન્ને ફળ આપ્યા વિના સ્વયં અવિપાક નિર્જરારૂપે ખરી જાય છે તે યોગી કહેવાય છે. તેમને કર્મોનો મોક્ષ થાય છે પરંતુ આસ્રવ થતો નથી. ૨૪૬.

महातपस्तडागस्य संभृतस्य गुणाम्भसा ।
मर्यादापालिबन्धेऽल्पामप्युपेक्षिष्ट मा क्षतिम् ॥ २४७ ॥

ગુણપાણીથી ભરપૂર એવું મહાતપ સરવર તહીં;
જે પ્રતિજ્ઞારૂપ પાળ તેમાં અલ્પ ત્રુટિ અવગણ નહીં. ૨૪૭

હે સાધક! સદ્‌ગુણરૂપ જળથી પરિપૂર્ણ મહાતપરૂપ તળાવની પ્રતિજ્ઞારૂપ પાળના સંબંધમાં તું થોડી પણ હાનિની ઉપેક્ષા ન કર.

મુનિધર્મ સમ્યગ્દર્શનાદિ ગુણોથી પરિપૂર્ણ હોય છે. જેમ તળાવની પાળ થોડી પણ હાનિ પામે તો તેમાંથી પાણીના બળે પાળ તૂટતાં તળાવનું પાણી સંપૂર્ણ નીકળી જાય અને તળાવ ખાલી થઈ જાય. માટે બુદ્ધિમાન તે પાળને સાવધાનીથી તરત જ સુધારીને [illegible] કરી લે છે. તેમ તળાવરૂપ સંયમ છે. તેમાં ગુણોરૂપી પાણી છે. પ્રતિજ્ઞારૂપી પાળ છે. તે પ્રતિજ્ઞામાં થોડો પણ [illegible] થવા દેવામાં સાધક બેદરકાર રહે તો તે દોષ વધી જઈ [illegible] સર્વ [illegible] હાનિ કરતી દુર્ગતિનું કારણ બને તેમ છે. માટે સાધકે સાવધાન [illegible] જરા પણ ભૂલ કે હાનિ ન થાય તે અવશ્ય સંભાળવા યોગ્ય છે. ૨૪૭.

दृढगुप्तिकपाटसंवृतिर्धृतिभित्तिर्मतिपादसंभृतिः ।
यतिरल्पमपि प्राप्य रन्ध्रं कुटिलैर्विक्रियते गृहाकृतिः ॥ २४८ ॥

દૃઢ [illegible] ધીરતા ધૈર્ય, મતિ પાયા જહીં.
[illegible] નહીં. ૨૪૮

મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ એ ત્રણ દૃઢ ગુપ્તિરૂપ કમાડથી યુક્ત, ધૈર્યરૂપ ભીંતો તથા બુદ્ધિરૂપ પાયાથી પરિપૂર્ણ, એવા ગૃહના આકારને ધારણ કરનારું મુનિપદ થોડાં પણ છિદ્ર પડવાથી કુટિલ રાગદ્વેષાદિરૂપ સર્પો દ્વારા વિકૃત કરી દેવામાં આવે છે.

મુનિપદ એક પ્રકારનું ઘર છે. તેમાં ત્રણ ગુપ્તિ એ ત્રણ કમાડ છે. ધૈર્ય છે તે ભીંતો છે. દૃઢ પાયા જેવી દૃઢ બુદ્ધિ હોય તો તેના આધારે મુનિરૂપી ઘર ટકી શકે માટે બુદ્ધિને પાયા કહ્યા છે. આ પ્રમાણે ઘરના જેવું મુનિપણું કહ્યું છે. ઘરમાં જો નાનું પણ છિદ્ર રહી જાય તો તેમાંથી કુટિલ સર્પાદિ પેસીને ઘરને ભયાનક બનાવી દે. તેવી રીતે મુનિપણામાં, સંયમમાં પણ જો કોઈ નાનો સરખો દોષ રહી જાય તો તેમાં રાગદ્વેષાદિ સર્પો દાખલ થઈ મુનિપણાને, સંયમને નષ્ટ ભ્રષ્ટ કરી દે. માટે મોક્ષાભિલાષી જનોએ અજ્ઞાનથી કે પ્રમાદથી કોઈ દોષ થઈ જાય તો તેને શીઘ્ર નષ્ટ કરી દેવા પ્રયત્ન કરવો જોઈએ. ૨૪૮

स्वान् दोषान् हन्तुमुद्युक्तस्तपोभिरतिदुर्धरैः ।
तानेव पोषयत्यज्ञः परदोषकथाशनैः ॥ २४९ ॥

દુર્ધર તપે ઉદ્યત થયા હણવા સકળ જે દોષને,
તો તે જ દોષો અજ્ઞ પોષે, અન્યનિન્દા ભોજને. ૨૪૯

જે સાધક અતિશય દુષ્કર તપોદ્વારા પોતાના જે દોષો નાશ કરવામાં પ્રવર્તે છે તે અજ્ઞાનતાવશે બીજાના દોષોના કથનરૂપ પરનિન્દારૂપ ભોજનદ્વારા તે દોષોને પુષ્ટ કરે છે.

જે સંયમી રાગાદિ દોષોની શાંતિ માટે ઘોર તપશ્ચરણ તો કરે છે પરંતુ પરનિન્દારૂપ ભોજનને છોડતો નથી; તેથી તેના તે રાગાદિ દોષ કદી નષ્ટ થઈ શકતા નથી. માટે પરનિન્દાનો સર્વથા પરિત્યાગ જ કર્તવ્ય છે. ૨૪૯

दोषः सर्वगुणाकरस्य महतो दैवानुरोधात्क्वचि-
ज्जातो यद्यपि चन्द्रलाञ्छनसमस्तं द्रष्टुमन्धोऽप्यलम् ।
द्रष्टाप्नोति न तावतास्य पदवीमिन्दोः कलङ्कं जगद्
विश्वं पश्यति तत्प्रभाप्रकटितं किं कोऽप्यगात्तत्पदम् ॥ २५० ॥

છે મહાત્મા તો ખાણ ગુણની, દોષ વિધિવશ ત્યાં હુવે,
તો ચન્દ્ર-લાંછન તુલ્ય બુદ્ધિમંદ અંધો પણ જુવે;
પણ દોષ-નિંદાથી ન નિંદક મહાત્મા પદવી લહે;
શશિદોષ નિજ તેજે પ્રગટ જોનાર શું શશિપદ ગ્રહે? ૨૫૦

સમસ્ત ગુણોના આધારભૂત મહાત્માને જો દુર્ભાગ્યવશે કંઈક ચારિત્ર આદિ સંબંધી

તે ખેદને વૈરાગ્યસ્વરૂપમાં પરિણમન કરવો એજ વિચારવાનને કર્તવ્ય છે"

—શ્રીમદ્ રાજચન્દ્ર-પત્રાંક ૭૨૮

"જે દેહ પૂર યુવાવસ્થામાં અને સંપૂર્ણ આરોગ્યતામાં દેખાતાં છતાં પણ ક્ષણભંગુર છે તે દેહમાં પ્રીતિ કરીને શું કરીએ?

જગતના સર્વ પદાર્થ કરતાં જે પ્રત્યે સર્વોત્કૃષ્ટ પ્રીતિ છે એવો આ દેહ તે પણ દુઃખનો હેતુ છે, તો બીજા પદાર્થમાં સુખના હેતુની શી કલ્પના કરવી?

જે પુરુષોએ વસ્ત્ર જેમ શરીરથી જુદું છે, એમ આત્માથી શરીર જુદું છે એમ દીઠું છે, તે પુરુષો ધન્ય છે.

બીજાની વસ્તુ પોતાથી ગ્રહણ થઈ હોય, તે જ્યારે એમ જણાય કે બીજાની છે, ત્યારે તે આપી દેવાનું જ કાર્ય મહાત્મા પુરુષો કરે છે.

દુષમ કાળ છે એમાં સંશય નથી.

તથારૂપ પરમજ્ઞાની આપ્તપુરુષનો પ્રાયે વિરહ છે.

વિરલા જીવો સમ્યગ્દૃષ્ટિપણું પામે એવી કાળસ્થિતિ થઈ ગઈ છે; જ્યાં સહજસિદ્ધ આત્મચારિત્રદશા વર્તે છે એવું કેવળજ્ઞાન પામવું કઠણ છે, એમાં સંશય નથી.

પ્રવૃત્તિ વિરામ પામતી નથી; વિરક્તપણું વર્તે છે.

વનને વિષે અથવા એકાંતને વિષે સહજ સ્વરૂપને અનુભવતો એવો આત્મા નિર્વિષય કેવળ પ્રવર્તે એમ કરવામાં સર્વ ઇચ્છા રોકાણી છે."

—શ્રીમદ્ રાજચન્દ્ર—પત્રાંક ૫૯૨

क्षीरनीरवदभेदरूपतस्तिष्ठतोरपि च देहदेहिनोः ।
भेद एव यदि भेदवत्स्वलं बाह्यवस्तुषु वदात्र का कथा ॥ २५३ ॥

ક્ષીરનીરવત્ જીવશરીર બન્ને એકમેક રહ્યાં છતાં,
છે ભિન્ન, તો જે છેક જુદાં બાહ્ય તેની શી કથા? ૨૫૩

જ્યારે દૂધ અને પાણીની માફક અભેદસ્વરૂપે રહેનાર શરીર અને શરીરધારી આત્મા એ બન્નેમાં જ અત્યંત ભિન્નતા છે ત્યારે ભિન્ન એવી બાહ્ય વસ્તુઓ જેવી કે સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, સંપત્તિ આદિની તો વાત જ શી તે કહો? અર્થાત્ તે તો કેવળ ભિન્ન જ છે. ૨૫૩

तप्तोऽहं देहसंयोगाज्जलं वानलसंगमात् ।
इति देहं परित्यज्य शीतीभूताः शिवैषिणः ॥ २५४ ॥

જલ જ્યમ અનલ સંગે તપે, બહુ હું તપ્યો તન સંગથી;
તજી દેહ એમ શિવાર્થી પામ્યા શાંત સુખમય શિવગતિ. ૨૫૪

જેમ અગ્નિના સંયોગથી જળ સંતપ્ત થાય છે તેવી રીતે હું શરીરના સંયોગથી સંતપ્ત થયો છું; દુઃખી થયો છું. એટલા માટે મોક્ષની અભિલાષાવાળા જીવો શરીરને તજી દઈને શાંત સુખી થયા છે. ૨૫૪

अनादिचयसंवृद्धो महामोहो हृदि स्थितः ।
सम्यग्योगेन यैर्वान्तस्तेषामूर्ध्वं विशुद्ध्यति ॥ २५५ ॥

સંગ્રહ અનાદિથી વધ્યો એ મોહ હૃદયે સ્થિત જો,
તેને સમાધિથી વમ્યો તે ઊર્ધ્વ ગતિમાં સ્થિત તો. ૨૫૫

હૃદયમાં સ્થિત જે મહાન મોહ અનાદિ કાળથી સમાન વૃદ્ધિદ્વારા વૃદ્ધિ પામેલો છે તેને જે મહા પુરુષોએ સમ્યગ્ સમાધિ વડે વમી દીધો છે, નષ્ટ કરી દીધો છે, તેમનો આગળનો ભવ વિશુદ્ધ થાય છે.

જે વ્યક્તિના ઉદરમાં દીર્ઘ કાળથી સંચિત મલની વૃદ્ધિ થઈ ગઈ હોય તો તેનું શરીર અસ્વસ્થ રહે છે. એવી અવસ્થામાં એ બુદ્ધિમાન હોય તો યોગ્ય ઔષધિદ્વારા વમન વિરેચન આદિ કરીને એ સંચિત મલને નષ્ટ કરી દે છે. તેથી તે સ્વસ્થ થાય છે. અને એનો આગળનો સમય પણ સ્વસ્થતા સાથે આનંદપૂર્વક વીતે છે. તેવી રીતે સર્વ સંસારી જીવોને અનાદિ કાળથી મહામોહની વૃદ્ધિ થઈ રહી છે તેથી તે નિરંતર દુઃખી રહે છે. તેમાં જે વિવેકી જીવ છે તે બાહ્ય વસ્તુઓમાંથી રાગ અને દ્વેષને છોડીને તપનું આચરણ કરતાં તે મોહને ઓછો કરે છે. તે પ્રકારે અંતમાં સમ્યગ્ ધ્યાનદ્વારા એ મોહને સર્વથા નષ્ટ કરીને તે ભવિષ્યમાં અવિનાશી અનુપમ સુખનો અનુભવ કરે છે. ૨૫૫

एकैश्वर्यमिहैकतामभिमतावाप्तिं शरीरच्युतिं
दुःखं दुःकृतिनिष्कृतिं सुखमलं संसारसौख्योज्झनम् ।
सर्वत्यागमहोत्सवव्यतिकरं प्राणव्ययं पश्यतां
किं तद्यन्न सुखाय तेन सुखिनः सत्यं सदा साधवः ॥ २५६ ॥

ચક્રીપણું એકાંત, વાંછિત પ્રાપ્તિ તનનો ત્યાગ તે,
જે કર્મકૃત સુખ, દુઃખ તે, સુખ સંસૃતિ સુખત્યાગ એ,
વળી પ્રાણત્યાગ ગણે મહોત્સવ, સર્વ ત્યાગ થકી થતો,
સુખદાયી એવું શું ન તેને? સત્ય સુખી જ્ઞાની જનો. ૨૫૬

જે સર્વ સાધવા પ્રબળ, તજીને સર્વ, એકાકી થયા,
ભ્રાન્તિ રહિત, શરીર સહાયક માગતાં લજ્જિત થતા,
નિજ કાર્ય તત્પર, મોહ હતી, ગિરિગુહા શિલા પરે,
નરસિંહ તે તન નાશ કારણ ધ્યાન દૃઢ આસન ધરે. ૨૫૮

જે યોગીઓએ સર્વ પરિગ્રહ ત્યજન કરવામાં સમર્થ હોવાથી સર્વ બાહ્યાભ્યન્તર પરિગ્રહને તજી દઈને, એકાકી (અસહાય) રહેવાની પ્રતિજ્ઞા કરી લીધી છે, જેમનામાં ભ્રાન્તિ જરા પણ રહેવા પામી નથી, જે શરીર જેવાની પણ સહાય લેવી પડે છે એમ વિચારતાં લજ્જા પામે છે. અર્થાત્ વસ્તુતઃ અસહાયક શરીરને પણ જ્યાં સુધી સહાયક ગણવું પડે છે ત્યાં સુધી લજ્જિત પામે છે, તથા જે પોતાનું મુક્તિ પ્રાપ્ત કરવાનું કાર્ય તેમાં તત્પર થઈ ચૂક્યા છે, તે મનુષ્યોમાં સિંહ સમાન પરાક્રમી મહાત્માઓ મોહથી રહિત થઈને પર્વત, ભયાનક વન, તથા ગુફા જેવાં એકાંત સ્થાનમાં પર્યંક આસને સ્થિત થઈને તે શરીરને નાશ કરવાના ઉપાયનું, રત્નત્રયનું કે પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરે છે. ૨૫૮

येषां भूषणमङ्गसंगतरजः स्थानं शिलायास्तलं
शय्या शर्करिला मही सुविहिता गेहं गुहा द्वीपिना ।
आत्मात्मीयविकल्पवीतमतयस्त्रुट्यत्तमोग्रन्थयः
ते नो ज्ञानधना मनांसि पुनतां मुक्तिस्पृहा निस्पृहाः ॥ २५९ ॥

છે ધૂળ તનપર ભૂષણ જેનું, સ્થાન શિલાતળ અહો !
શય્યા ભૂમિ કંકર સહિત, ઘર ગુફા સિંહતણી લહો;
હું મારું સર્વ વિકલ્પ વિરમ્યા, તમસ ગ્રન્થી વિદારતા,
મુક્તિસ્પૃહા, નિઃસ્પૃહી, ધીધન, મન પુનિત કરો સદા. ૨૫૯

શરીરમાં ચોટેલી ધૂળ જેમનું આભૂષણ છે, શિલાતળ એ જ જેમને બેસવા ઊઠવાનું સ્થાન છે, કાંકરાવાળી ભૂમિ એ જેમની શય્યા છે, સારી રીતે રચાયેલી, સહજ, પ્રકૃતિસિદ્ધ સિંહોની ગુફા એ જ જેમનું ઘર છે, આત્મા કે આત્મીય અર્થાત્ હું કે મારું એ વિકલ્પ-બુદ્ધિ, મમત્વબુદ્ધિથી જે રહિત થઈ ચૂક્યા છે, જેમની અજ્ઞાનરૂપ અંધકારની ગ્રંથી, ગાંઠ તૂટી ગઈ છે, તથા જેમને મુક્તિ સિવાય બીજી કોઈ બાહ્ય ઇચ્છા રહી નથી, એવા નિઃસ્પૃહ, જ્ઞાનરૂપ ધનના ધારક મહાત્મા અમારા મનને પાવન કરો. ૨૫૯.

दूरारूढतपोऽनुभावजनितज्योतिः समुत्सर्पण-
रन्तस्तत्त्वमदः कथं कथमपि प्राप्य प्रसादं गताः ।

कृत्वाधः शुभमेव सोऽप्यभिमतो यस्तूभयोच्छित्तये
सर्वारम्भपरिग्रहग्रहपरित्यागी स वन्द्यः सताम् ॥ २६२ ॥

જે કર્મ શુભ-અશુભ સંચિત પ્રાણીએ ગતભવ માંહીં,
તે દૈવ, તેના ઉદયથી સુખ દુઃખ અનુભવતાં અહીં;
શુભ આચરે તે શ્રેષ્ઠ, પણ જે ઉભય છેદન કારણે,
આરંભ પરિગ્રહ સર્વ ત્યાગે, વન્દ્ય તે સજ્જન ગણે. ૨૬૨

જીવે પૂર્વ ભવમાં જે પુણ્ય કે પાપકર્મનો સંચય કર્યો છે તેને દૈવ કહેવાય છે. તેની ઉદીરણાથી પ્રાપ્ત થયેલા દુઃખ અથવા સુખનો અનુભવ કરતાં જે બુદ્ધિમાન શુભને જ કરે છે, પાપ કાર્યોને છોડીને કેવળ પુણ્ય કાર્યોને જ કરે છે તે પણ પ્રશંસા યોગ્ય છે; પરંતુ જે વિવેકી આત્મા તે પુણ્ય-પાપ બન્નેને નષ્ટ કરવા માટે સમસ્ત આરંભ પરિગ્રહરૂપ પિશાચને છોડીને શુદ્ધ ઉપયોગમાં સ્થિત થાય છે તે તો સજ્જનોને પૂજ્ય, વંદનીય છે. ૨૬૨

सुखं दुःखं वा स्यादिह विहितकर्मोदयवशात्
कुतः प्रीतिस्तापः कुत इति विकल्पाद्यदि भवेत् ।
उदासीनस्तस्य प्रगलति पुराणं न हि नवं
समास्कन्दत्येष स्फुरति सुविदग्धो मणिरिव ॥ २६३॥

સુખ દુઃખ જે આવે અહીં તે સર્વ કૃતકર્મોદયે,
ત્યાં પ્રીતિ કે સંતાપ શા? એ ભાવના ઉરમાં ધરે;
જે ઉદાસીન તેને ખરે છે, પૂર્વ કર્મો, નૂતન ના;
એ કર્મબંધ ગયે સુશોભે મણિ અતિ ઉજ્જવલ યથા. ૨૬૩

સંસારમાં પૂર્વકૃત કર્મના ઉદયથી જે કંઇ સુખ કે દુઃખ આવે છે તેમાં પ્રીતિ પણ શા માટે? અને ખેદ પણ શા માટે? એવા વિચારથી જીવ જ્યારે ઉદાસીન થાય છે, રાગ દ્વેષથી રહિત થાય છે, ત્યારે તેનાં જૂનાં કર્મ તો નિર્જીર્ણ થાય છે, ખરી જાય છે, અને નવીન કર્મ નિશ્ચયથી બંધાતાં નથી. આવી અવસ્થામાં તે સંવર અને નિર્જરા સહિત આત્મા અતિશય સ્વચ્છ, નિર્મળ મણિ સમાન પ્રકાશમાન થાય છે. અર્થાત્ સ્વ અને પરને પ્રકાશિત કરનાર કેવળજ્ઞાન વડે સુશોભિત થાય છે.

પૂર્વે શુભ અથવા અશુભ કર્મનો બંધ કર્યો છે, તેનો ઉદય આવે ત્યારે સુખ કે દુઃખ જીવને પ્રાપ્ત થાય છે. અજ્ઞાની જીવ પુણ્યના ફળરૂપ સુખમાં અનુરાગ કરે છે અને પાપના ફળરૂપ દુઃખમાં દ્વેષ, અણગમો કરે છે. તેથી તેને ફરી નવાં કર્મ બંધાય છે. પરંતુ જે વિવેકી આત્મા એમ વિચારે છે કે પૂર્વે કરેલા પુણ્યના ઉદયથી આ સુખ મળ્યાં છે તે

અસ્થાયી છે, સદા રહેનારાં નથી, માટે તેમાં અનુરાગ કરવો ઉચિત નથી. તેવી જ રીતે દુઃખ પાપ કર્મના ઉદયથી થાય છે. જો પૂર્વમાં પાપ કર્મનો સંચય કર્યો છે તો તેના ફળને ભોગવવું જ પડશે. તો પછી તેમાં ખેદ શા માટે કરવો? આ પ્રકારના વિચારે વિવેકી આત્મા સુખ કે દુઃખમાં હર્ષ કે ખેદથી રહિત થાય છે. તેથી તેને નવીન કર્મનો બંધ થતો નથી અને પૂર્વ કર્મની નિર્જરા થાય છે. આ પ્રકારે તે સંવર અને નિર્જરાને પામી સમસ્ત કર્મોથી રહિત મુક્ત થઈ શાશ્વત સુખને પામે છે ૨૬૩

" જહાં રાગ અને વળી દ્વેષ,
તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ,
સકળ દુઃખનો ત્યાં છે નાશ.
સર્વ કાળનું છે ત્યાં જ્ઞાન,
દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા,
રામ ધામ આવીને વસ્યા. "

—શ્રીમદ્ રાજચંદ્ર

सकलविमलबोधो देहगेहे विनिर्यन्
ज्वलन् इव स काष्ठं निष्ठुरं भस्मयित्वा ।
पुनरपि तदभावे प्रज्वलत्युज्ज्वलः सन्
भवति हि यतिवृत्तं सर्वथाश्चर्यभूमिः ॥ २६४ ॥

જયમ અગ્નિ બાળી કાષ્ઠને પછી પણ રહે જ પ્રકાશતી,
ત્યમ તનગૃહે પ્રગટેલ નિર્મળ જ્યોતિ કેવલ જ્ઞાનની,
કરી નષ્ટ તન સંપૂર્ણ પછી પણ જ્યોતિ ઉજ્જવલ ઝળકતી,
એ સર્વથા આશ્ચર્યકારી જ્ઞાનીની ચર્યા અતિ. ૨૬૪.

જેવી રીતે લાકડામાં પ્રગટેલો અગ્નિ, નિર્દયતા પૂર્વક તે લાકડાને બાળી ભસ્મ કરી દઇ પછી તેના અભાવમાં પણ નિર્ધૂમ, ધુમાડા વગર બળતો રહે છે, તેવી રીતે સંપૂર્ણ નિર્મળ જ્ઞાન, કેવળજ્ઞાન, શરીરરૂપ ગૃહમાં પ્રગટ થઇ પછી તેજ શરીરને સંપૂર્ણ રીતે નષ્ટ કરીને તેના અભાવમાં પણ નિર્મળતાથી પ્રકાશમાન રહે છે. ખરેખર જ્ઞાની મહાત્માઓનાં ચરિત્ર સર્વ પ્રકારે આશ્ચર્યજનક છે.

જેમ લાકડામાં લાગેલો અગ્નિ જ્યાં સુધી તે લાકડું રહે ત્યાં સુધી તો બળતો રહે છે, પરંતુ તે લાકડું નિઃશેષ થઇ ગયા છતાં તે પછી પણ તે અગ્નિ નિર્મળતાથી બળતો

રહે છે. એવી રીતે શરીરમાં પ્રગટેલું કેવળજ્ઞાન જ્યાં સુધી શરીર રહે ત્યાં સુધી અર્હન્ત અવસ્થામાં પ્રકાશિત રહે છે તથા શરીર નષ્ટ થઈ ગયા પછી સિદ્ધાવસ્થામાં પણ તે સ્પષ્ટતાથી અનંત કાળ પર્યંત પ્રકાશિત રહે છે. આ ક્ષીણકષાય તથા અયોગી જિનના તે યથાખ્યાત ચારિત્રનો પ્રભાવ છે, જે સર્વ જીવોને આશ્ચર્ય ઉત્પન્ન કરનાર છે. ૨૬૪.

गुणी गुणमयस्तस्य नाशस्तन्नाश इष्यते ।
अत एव हि निर्वाणं शून्यमन्यैर्विकल्पितम् ॥ २६५ ॥

જે ગુણી ગુણમય, નાશ ગુણનો, ત્યાં જ નાશ ગુણી તણો,
તો અન્યમતી નિર્વાણને કહે શૂન્ય, કલ્પિત એ ગણો. ૨૬૫

ગુણવાન આત્મા ગુણસ્વરૂપ છે, ગુણથી અભિન્ન છે. તેથી ગુણનો નાશ માનવો તે જ ગુણીનો નાશ માનવા બરાબર છે. માટે અન્ય વાદીઓ(બૌદ્ધો)એ આત્માના નિર્વાણને શૂન્ય સમાન કલ્પિત કર્યો છે. તથા વીતરાગીઓ તે નિર્વાણને અન્ય રાગદ્વેષાદિ વિભાવોથી શૂન્ય માન્યો છે.

નૈયાયિક અને વૈશેષિક ગુણ અને ગુણીમાં સર્વથા ભેદનો સ્વીકાર કરે છે. તેમના મત પ્રમાણે ગુણીમાં ગુણ સમવાય સંબંધથી રહે છે. તે સમવાય નિત્ય વ્યાપક અને એક છે. તે મુક્તાવસ્થામાં આત્માનાં બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, અને સંસ્કાર એ નવ ગુણોનો નાશ માને છે.

પરંતુ ઉપર પ્રકારે ગુણ અને ગુણીમાં સર્વથા ભેદ માનવો યોગ્ય નથી. કારણ કે તેવું માનવાથી આત્મા સ્વરૂપથી જ્ઞાનાદિ ગુણ રહિત હોવાના કારણે જડ (અચેતન) સિદ્ધ થાય છે, જે યોગ્ય નથી. એટલા માટે આત્માને જ્ઞાનાદિ ગુણોથી અભિન્ન માનવો જોઈએ. અને તે આત્મા જ્યારે જ્ઞાનાદિ ગુણોથી અભિન્નસિદ્ધ છે ત્યારે મુક્તાવસ્થામાં તે જ્ઞાનાદિ ગુણોનો નાશ સ્વીકાર કરવાથી આત્માનો પણ નાશ કેમ ન સ્વીકારવો પડે ? પરંતુ તે બૌદ્ધોની માફક વૈશેષિકોને ઇષ્ટ નથી. એવી મુક્તિ તો બૌદ્ધો સ્વીકારે છે. તેમનું કહેવું છે કે જેમ તેલ બળીને પૂરું થતાં વિનષ્ટ થયેલો દીપક નથી કોઈ દિશામાં જતો કે નથી કોઈ વિદિશામાં જતો, ન પૃથ્વીમાં જાય છે કે ન આકાશમાં પણ જાય છે. પરંતુ તે કેવળ શાંતિને, શૂન્યતાને પામે છે. આ પ્રકારે તેઓ જીવના નિર્વાણને પ્રદીપના નિર્વાણ સમાન શૂન્યરૂપ માને છે.

માટે ગુણ અને ગુણીમાં કથંચિદ્ ભેદાભેદનો સ્વીકાર કરવો જોઈએ, નહિ તો ઉપર પ્રમાણે બૌદ્ધમતનો પ્રસંગ દુર્નિવાર બને. ૨૬૫.

अजातोऽनश्वरोऽमूर्तः कर्ता भोक्ता सुखी बुधः ।
देहमात्रो मलैर्मुक्तो गत्वोर्ध्वमचलः प्रभुः ॥ २६६ ॥

[illegible] અવિનાશી, [illegible], [illegible], [illegible] [illegible] [illegible]
તનમાત્ર, [illegible], [illegible] [illegible] [illegible] ૨૬૬

આત્મા દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ જન્મથી અને મરણથી પણ રહિત હોવાથી અનાદિનિધન છે. તે શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ અમૂર્ત હોવાથી રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી રહિત છે. તે વ્યવહારની અપેક્ષાએ શુભ કે અશુભ કર્મોનો કર્તા તથા નિશ્ચયથી પોતાના ચેતન ભાવોનો જ કર્તા છે. એવી રીતે તે વ્યવહારથી પૂર્વકૃત કર્મના ફળભૂત સુખ કે દુઃખનો ભોક્તા તથા નિશ્ચયથી તે જ્ઞાનાદિ ગુણોનો ભોક્તા છે. તે સ્વભાવથી સુખી અને જ્ઞાનમય છે વ્યવહારથી [illegible] હીનાધિક શરીરપ્રમાણ તથા નિશ્ચયથી તે અસંખ્યાત પ્રદેશી લોકપ્રમાણ છે. તે જ્યારે કર્મમલ રહિત થાય છે ત્યારે સ્વભાવથી ઊર્ધ્વ ગમન કરીને ત્રણલોકના અગ્ર થતાં સિદ્ધશિલા ઉપર સ્થિત થઈ જાય છે. ૨૬૬

स्वाधीन्याद्दुःखमप्यासीत्सुखं यदि तपस्विनाम् ।
स्वाधीनसुखसंपन्ना न सिद्धाः सुखिनः कथम् ॥ २६७ ॥

સ્વાધીનતાથી દુઃખ પણ સુખ જો તપસ્વીઓ જુવેઃ
સ્વાધીન સુખસંપન્ન સિદ્ધો કેમ સુખી તે ના હુવે? ૨૬૭

તપસ્વીઓ જે સ્વાધીનતાપૂર્વક કાયક્લેશાદિ કષ્ટને સહન કરે છે તે દુઃખ પણ તેમને સુખ લાગે છે તો પછી જે સ્વાધીન સુખથી સંપન્ન છે તે સિદ્ધ ભગવંતો સુખી કેમ ન હોય? અર્થાત્ અવશ્ય હોય.

એમ શંકા થાય કે સિદ્ધ થયા પછી ત્યાં સુખ કેવી રીતે સંભવે? કારણ કે સુખના સાધનભૂત સંપત્તિ ત્યાં નથી. તેના ઉત્તરમાં કહે છે કે પરાધીનતાનો જે અભાવ છે તે જ વાસ્તવમાં સુખ છે. અને તે સિદ્ધોને પૂર્ણ રીતે વિદ્યમાન છે. સંપત્તિ આદિના સંયોગથી જે સુખ થાય છે તે પરાધીન છે. તેથી તેને અનુરૂપ એવા પુણ્યના ઉદયથી જ્યાં સુધી તે પદાર્થોની અનુકૂળતા રહે ત્યાં સુધી તે સુખ રહી શકે છે. તે પછી તે નષ્ટ જ થઈ જનાર છે. પરંતુ સિદ્ધોને, મુક્તાત્માઓને જે સ્વાધીન સુખ છે તે અવિનાશી છે, શાશ્વત છે.

તપસ્વીઓ કાયક્લેશાદિ અનેક પ્રકારનાં દુઃખો સહે છે, છતાં તે સ્વાધીનતાથી સહે છે તેથી તેમને દુઃખરૂપ લાગતાં નથી, પણ તેમ કરતાં તેમને સુખનો જ અનુભવ થાય છે. આમ સ્વાધીનતાથી સહવામાં આવતાં દુઃખ પણ જ્યારે સુખરૂપ પ્રતિભાસિત થાય છે તો પછી પ્રાપ્ત થયેલાં તે સ્વાધીન સુખથી સિદ્ધાત્માઓ કેમ સુખી ન હોય? સર્વકર્મ બંધનોથી મુક્ત થયેલા, અનંત ચતુષ્ટયને પામેલા તેઓ અવશ્ય સર્વોત્તમ અનંત અતીંદ્રિય સુખમાં બિરાજતા ત્રિકાળ જયવંત વર્તે છે. ૨૬૭

"પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.

સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું. એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું. શાંતિઃ શાંતિઃ શાંતિઃ

—શ્રીમદ્ રાજચન્દ્ર-પત્રાંક ૮૩૩

इति कतिपयवाचां गोचरीकृत्य कृत्यं
रचितमुचितमुच्चैश्चेतसां चित्तरम्यम् ।
इदमविकलमन्तः संततं चिन्तयन्तः
सपदि विपदपेतामाश्रयन्ते श्रियं ते ॥ २६८ ॥

અહીં અલ્પવાણી વિષય કરીને ગ્રન્થ રચના લભ્ય જે,
આ યોગ્ય કાર્ય ઉદાર મનના સંતને અતિ રમ્ય તે;
પરિપૂર્ણતા આ પામતું, તે સતત ચિંતન જો કરો,
ઝટ દૂર થાય વિપત્તિ સઘળી, મોક્ષ લક્ષ્મી તો વરો. ૨૬૮

આ પ્રકારે કંઈક થોડાં વચનોને વિષય કરીને—વચનોનો આશ્રય લઈને—જે યોગ્ય કાર્ય, આ આત્માનુશાસન ગ્રન્થ રચવામાં આવ્યો છે, તે અહીં પૂર્ણતા પામે છે. ઉદાર ચિત્તવાળા અર્થાત્ ઉત્તમ વિચારવાળા સંતોના ચિત્તને તે આનંદ દેનાર છે. જે ભવ્ય જીવ એનું નિરંતર ચિંતવન મનન અનુશીલન કરે છે તે સમસ્ત વિપત્તિઓથી મુક્ત થઈ શીઘ્ર મોક્ષલક્ષ્મીનો આશ્રય કરે છે, અર્થાત્ અનંત સુખસ્વરૂપ અનંત ચતુષ્ટયયુક્ત આત્મલક્ષ્મીને પામી સદાય મોક્ષપદમાં, નિજ સહજાત્મસ્વરૂપમાં, અનંત સમાધિ સુખમાં વિરાજમાન થઈ કૃતાર્થ થઈ જાય છે. ૨૬૮

"અહો! સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ!
સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,
પડતી વૃત્તિને સ્થિર રાખનાર,
દર્શનમાત્રથી પણ નિર્દોષ
અપૂર્વ સ્વભાવને પ્રેરક;

[illegible]

[illegible] ૨૬૬

આત્મા દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ [illegible] અનાદિનિધન છે. તે શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ અમૂર્ત હોવાથી રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી રહિત છે. તે વ્યવહારની અપેક્ષાએ [illegible] કર્મોનો કર્તા તથા નિશ્ચયથી પોતાના ચેતન ભાવોનો જ કર્તા છે. એવી રીતે તે વ્યવહારથી પૂર્વકૃત કર્મના ફળભૂત સુખ કે દુઃખનો ભોક્તા તથા નિશ્ચયથી તે અનંત સુખનો ભોક્તા છે. તે સ્વભાવથી સુખી અને જ્ઞાનમય છે. વ્યવહારથી પ્રાપ્ત હીનાધિક શરીરપ્રમાણ તથા નિશ્ચયથી તે અસંખ્યાત પ્રદેશી લોકપ્રમાણ છે. તે જ્યારે કર્મમળ રહિત થાય છે ત્યારે સ્વભાવથી ઊર્ધ્વ ગમન કરીને ત્રણલોકના પ્રભુ થતાં સિદ્ધશિલા ઉપર સ્થિત થઈ જાય છે. ૨૬૬

स्वाधीन्याद्दुःखमप्यासीत्सुखं यदि तपस्विनाम् ।
स्वाधीनसुखसंपन्ना न सिद्धाः सुखिनः कथम् ॥२६७॥

સ્વાધીનતાથી દુઃખ પણ સુખ જેત તપસ્વીઓ જુવે:
સ્વાધીન સુખસંપન્ન સિદ્ધો કેમ સુખી તે ના હુવે? ૨૬૭

તપસ્વીઓ જે સ્વાધીનતાપૂર્વક કાયક્લેશાદિ કષ્ટને સહન કરે છે તે દુઃખ પણ તેમને સુખ લાગે છે તો પછી જે સ્વાધીન સુખથી સંપન્ન છે તે સિદ્ધ ભગવંતો સુખી કેમ ન હોય? અર્થાત્ અવશ્ય હોય.

એમ શંકા થાય કે સિદ્ધ થયા પછી ત્યાં સુખ કેવી રીતે સંભવે? કારણ કે સુખના સાધનભૂત સંપત્તિ ત્યાં નથી. તેના ઉત્તરમાં કહે છે કે પરાધીનતાનો જે અભાવ છે તે જ વાસ્તવમાં સુખ છે. અને તે સિદ્ધોને પૂર્ણ રીતે વિદ્યમાન છે. સંપત્તિ આદિના સંયોગથી જે સુખ થાય છે તે પરાધીન છે. તેથી તેને અનુરૂપ એવા પુણ્યના ઉદયથી જ્યાં સુધી તે પદાર્થોની અનુકૂળતા રહે ત્યાં સુધી તે સુખ રહી શકે છે. તે પછી તે નષ્ટ જ થઈ જનાર છે. પરંતુ સિદ્ધોને, મુક્તાત્માઓને જે સ્વાધીન સુખ છે તે અવિનાશી છે, શાશ્વત છે.

તપસ્વીઓ કાયક્લેશાદિ અનેક પ્રકારનાં દુઃખો સહે છે, છતાં તે સ્વાધીનતાથી સહે છે તેથી તેમને દુઃખરૂપ લાગતાં નથી, પણ તેમ કરતાં તેમને સુખનો જ અનુભવ થાય છે. આમ સ્વાધીનતાથી સહવામાં આવતાં દુઃખ પણ જ્યારે સુખરૂપ પ્રતિભાસિત થાય છે તો પછી પ્રાપ્ત થયેલાં તે સ્વાધીન સુખથી સિદ્ધાત્માઓ કેમ સુખી ન હોય? સર્વકર્મ બંધનોથી મુક્ત થયેલા, અનંત ચતુષ્ટયને પામેલા તેઓ અવશ્ય સર્વોત્તમ અનંત અતીંદ્રિય સુખમાં બિરાજતા ત્રિકાળ જયવંત વર્તે છે. ૨૬૭

"પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર. તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.

સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું. એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ. પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું. શાંતિઃ શાંતિઃ શાંતિઃ

—શ્રીમદ્ રાજચન્દ્ર—પત્રાંક ૮૩૩

इति कतिपयवाचां गोचरीकृत्य कृत्यं
रचितमुचितमुच्चैश्चेतसां चित्तरम्यम् ।
इदमविकलमन्तः संततं चिन्तयन्तः
सपदि विपदपेतामाश्रयन्ते श्रियं ते ॥ २६८ ॥

અલ્પ વાણી વિષય કરીને ગ્રન્થ રચના લભ્ય જે,
આ યોગ્ય કાર્ય ઉદાર મનના સંતને અતિ રમ્ય તે;
પરિપૂર્ણતા આ પામતું, તે સતત ચિંતન જો કરો,
ઝટ દૂર થાય વિપત્તિ સઘળી, મોક્ષ લક્ષ્મી તો વરો. ૨૬૮

આ પ્રકારે કંઈક થોડાં વચનોને વિષય કરીને—વચનોનો આશ્રય લઈને—જે યોગ્ય કાર્ય, આ આત્માનુશાસન ગ્રન્થ રચવામાં આવ્યો છે, તે અહીં પૂર્ણતા પામે છે. ઉદાર ચિત્તવાળા અર્થાત્ ઉત્તમ વિચારવાળા સંતોના ચિત્તને તે આનંદ દેનાર છે. જે ભવ્ય જીવ એનું નિરંતર ચિંતવન મનન અનુશીલન કરે છે તે સમસ્ત વિપત્તિઓથી મુક્ત થઈ શીઘ્ર મોક્ષલક્ષ્મીનો આશ્રય કરે છે, અર્થાત્ અનંત સુખસ્વરૂપ અનંત ચતુષ્ટયયુક્ત આત્મલક્ષ્મીને પામી સદાય મોક્ષપદમાં, નિજ સહજાત્મસ્વરૂપમાં, અનંત સમાધિ સુખમાં વિરાજમાન થઈ કૃતાર્થ થઈ જાય છે. ૨૬૮

"અહો! સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ!
સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,
પડતી વૃત્તિને સ્થિર રાખનાર,
દર્શનમાત્રથી પણ નિર્દોષ
[illegible]ને પ્રેરક,

સ્વરૂપપ્રતીતિ,

અપ્રમત્ત સંયમ, અને

પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત;—

છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી

અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર !

ત્રિકાળ જયવંત વર્તો !

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ"

—શ્રીમદ્ રાજચંદ્ર-પત્રાંક ૮૭૫

जिनसेनाचार्यपादस्मरणाधीनचेतसाम् ।
गुणभद्रभदन्तानां कृतिरात्मानुशासनम् ॥ २६९ ॥

જિનસેન સૂરિ ચરણસ્મરણે ચિત્તવૃત્તિ જેમની;
ગુણભદ્ર સ્વામીની કૃતિ આત્માનુશાસન નામની. ૨૬૯

જિન ભગવાનની સેનારૂપ સાધુઓના આચાર્યરૂપ જે ગણધર દેવ છે તેના ચરણોના સ્મરણમાં ચિત્તને જોડનાર તથા કલ્યાણકારી અનેક ગુણોથી યુક્ત એવા પૂજ્ય આચાર્યોની આ આત્મસ્વરૂપના વિષયમાં શિક્ષા દેનારી કૃતિ (રચના) છે; અથવા શ્રી જિનસેનાચાર્યના ચરણના સ્મરણમાં ચિત્તને અર્પિત કરનાર ગુણભદ્રાચાર્યની આ આત્માનુશાસન નામની કૃતિ, ગ્રન્થરચના છે. ૨૬૯

ऋषभो नाभिसूनुर्यो भूयात्स भविकाय वः ।
यज्ज्ञानसरसि विश्वं सरोजमिव भासते ॥ २७० ॥

શ્રી ઋષભ નાભિપુત્ર થાઓ ભવિક જનને શ્રેયદા,
આ વિશ્વ જેના જ્ઞાન-સરમાં પદ્મસમ શોભે સદા. ૨૭૦

અંત મંગળમાં ગ્રન્થકર્તા આશીર્વાદ આપે છે:

શ્રી નાભિરાજાના પુત્ર શ્રી ઋષભદેવ કે જેમના જ્ઞાનસરોવરમાં આ સર્વ જગત એક કમલ સરખું ભાસે છે, તે હે ભવ્યો! તમારા કલ્યાણને માટે થાઓ! અર્થાત્ હે ભવ્યો! તેમનો આશ્રય ગ્રહણ કરી, તેમણે દર્શાવેલા માર્ગે ચાલી, તેમના ઉપદેશને આધારે તમો તમારું શ્રેય સાધો અને પરિણામે અભીષ્ટ, કલ્યાણ, મંગળ, શુભ, પરમાનંદસ્વરૂપ સર્વોત્કૃષ્ટ સુખ, કે આત્મસિદ્ધિ પામીને કૃતાર્થ થઈ જાઓ!

અનુવાદકની પ્રશસ્તિ

હરિગીત છંદ

આ અવનીતલ ભૂષણ સમું સત્શાંતિધામ વિરાજતું;
શાશ્વત સનાતન માર્ગ મુક્તિનો પ્રગટ ઝળકાવતું;
અધ્યાત્મ રસકલ્લોલથી ભવ પાપતાપ શમાવતું,
શ્રી રાજચન્દ્રાશ્રમ શિરોમણિ તીર્થ આજે ગાજતું. ૧

શ્રી **રાજ** સદ્‌ગુરુ શરણમાં, લઘુ**રાજ** ચરણોમાં વસી,
નિજ સાધનામાં પ્રીતિ ભક્તિ ભાવના ઉર ઉલ્લસી;
અધ્યાત્મ રંગ અભંગ સંગે, જાગી સત્‌શ્રુતમાં રતિ,
પદ્યાનુવાદ સમાપ્ત આ એ ગુરુકૃપા માનું અતિ. ૨

દ્વિસહસ્ર ઓગણત્રીસ સંવત, પૂર્ણિમા આષાડની;
મોક્ષાર્થી જનમનમાં ઉછળતી ઉર્મિ જ્યાં આહ્લાદની;
અનુવાદ આ પૂરણ થયો, ક્ષતિ ત્યાં યદિ કંઈ ભાસતી,
કરજો ક્ષમા તો સુજ્ઞ સજ્જન અલ્પ મુજ ગણિને મતિ. ૩

સત્‌શ્રુત તપનાં ફળરૂપે વૈરાગ્ય ઉપશમ પામીને;
આજ્ઞા કૃપાળુ જ્ઞાનીની ઉલ્લાસથી આરાધીને;
સહજાત્મપદમાં પ્રીતિ ભક્તિ ભાવના વધતાં સદા,
પરભાવ છેદી સતત સ્વરૂપે રમણતા મુક્તિપ્રદા. ૪

શાસન પ્રવર્તે કર્મનું, ત્યાં જીવ કારાગૃહ વિષે,
પરવશપણે ભવભવ ભમે, દુઃખનો ન પાર તહીં દીસે;
નિજ જ્ઞાન દર્શન સૌખ્ય વીર્યાદિ અમિત ઐશ્વર્ય એ,
ગઈ રિદ્ધિસિદ્ધિ શાંતિ શાશ્વત સર્વ ક્યાં ? આશ્ચર્ય એ ! ૫

એ કર્મશાસનને હઠાવી, આત્મશાસન સ્થાપવા,
સ્વાતંત્ર્યના સંગ્રામમાં નિજ વિજય ધ્વજ ફરકાવવા;
અજ્ઞાન રાગાદિ અનાદિ કર્મ અરિ ઉચ્છેદવા,
પામી સુદર્શન ચક્ર જ્ઞાનીથી, અરિ સંહારવા. ૬

આત્માનુશાસન પામીને, ઐશ્વર્ય નિજ પ્રગટાવવા,
આ યોગ દુર્લભ સફળ કરીને સતત અંતર્મુખ થવા;
બોધિ સમાધિ શાંતિ સિદ્ધિ સાધી સ્વરૂપે ઠરી જવા,
રાજેશ વચને જીવન્મુક્તિ પામવી, સાર્થક થવા. ૭

સદ્ગુરુ કૃપાળુ **રાજ** અંતરમાં સદા જો રાજતા,
સહજાત્મ શુદ્ધ અખંડ રમણે, ભાવ ભવિના ગાજતા;
ચૈતન્યરામી, પરવિરામી, શાંતિધામી સ્વામી એ,
રાજેશ વચને જીવન રંગી સિદ્ધિ શાશ્વત પામીએ. ૮

શ્રી આત્માનુશાસન

સમાપ્ત.